BB 3066

# સંસાર અને ધર્મ

કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળા

500
11
62

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

SOCIO
UNIVERSITY LIBRARY
THE M. S. UNIVERSITY OF BARODA
THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA
सत्यं शिवं सुन्दरम्

# સંસાર અને ધર્મ

કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળા

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

મુદ્રક અને પ્રકાશક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, કાળુપુર, અમદાવાદ

Gift
BK-3.066

B
29
.M2S2

પહેલી આવૃત્તિ, પ્રત ૩,૨૦૦

THE UNIVERSITY LIBRARY
The Maharaja Sayajirao University
of Baroda
Call No. B
29
.M2S2
BK-3066

બે રૂપિયા

એપ્રિલ, ૧૯૪૮

## પ્રસ્તાવના

આ પુસ્તકનો લેખક હું એકલો જો ગણાઉં તો તે કેવળ નિમિત્ત-કારણના અર્થમાં જ. ગુરુદેવ પરમ પૂજ્ય નાથજીએ તેનો 'પૂર્તિ' ખંડ લખી તેના છૂટા છૂટા લેખોને એક સૂત્રમાં ગૂંથ્યા છે એટલું જ નહીં પણ તેમાં સંપૂર્ણતા આણી છે. અને મુ. પં. સુખલાલજીએ પોતાની 'વિચારકણિકા' દ્વારા તેને વિશદ કર્યાં છે. આ વિચારોમાં જે કાંઈ વિશિષ્ટતા હોય તેનું શ્રેય ઘણે ભાગે પૂજ્ય નાથજીને જ છે. જે વખતે હું 'શું સાચું?' ની શોધમાં અને કયે માર્ગે વળવું તે વિષે મૂંઝવણમાં પડ્યો હતો ત્યારે તેમણે મને વિચારની અટપટી ગલી-કૂંચીઓમાંથી કાઢી સીધા વિચારના રાહ પર ચડાવી દીધો. એમાંથી જે પરિણામો નીપજતાં આવ્યાં, તે હું અવારનવાર પ્રજા આગળ મૂકતો આવ્યો છું.

પંડિતજીએ 'વિચારકણિકા'માં જણાવ્યા મુજબ આ પુસ્તકના ઘણા લેખો આગળ પ્રસિદ્ધ થઈ ચૂકેલા છે. પણ મારી સાધારણ ટેવ એ રહેલી છે કે પુસ્તકરૂપે છપાય ત્યારે તે વિચારોને તથા ભાષાને ફરીથી તપાસવાં અને જરૂર લાગે તો સુધારવાં. એ રીતે કેટલાક જૂના લેખોમાંયે ક્યાંક નાના-મોટા ફેરફારો જોવામાં આવશે.

આ પુસ્તકની હાથપ્રત તૈયાર કરવાનો તથા પ્રૂફો વગેરે સુધારવાનો ભાર શ્રી. રમણિકલાલભાઈ મોદીએ ઉપાડી લઈ મારું કામ ઘણું હળવું કરી મૂક્યું. નવજીવન કાર્યાલયના પ્રૂફ વાંચનારાઓની મદદ તો હમેશાં જ મળતી રહી છે. આમ ઘણાના સહયોગથી આ 'સંસાર અને ધર્મ'ની ઉત્પત્તિ થઈ છે; અને તેમાં અદૃશ્યરૂપે 'ઈશ્વર' વચ્ચે રહેલો છે. આ જ જીવનનો નિયમ કે સત્ય પણ છે. એ સર્વનો હું ઋણી છું.

વર્ધા, ૮-૪-'૪૮ — કિશોરલાલ ઘ. મશરૂવાળા

# વિચારકણિકા

પ્રસ્તુત પુસ્તક અનેક લેખોનો સંગ્રહ છે. એમાં શ્રદ્ધાસ્પદ મશરૂવાળાના ત્રીસ અને પૂજ્ય નાથજીના ત્રણ—કુલે તેત્રીસ લેખો છે. ત્રણ ખંડમાં વહેંચાયેલ ત્રીસ લેખો પૈકી તેવીસ તો જુદે જુદે સમયે જુદા જુદા પત્ર-પત્રિકાઓમાં પ્રસિદ્ધ થએલ છે, જ્યારે સાત પહેલી જ વાર પ્રસિદ્ધ થાય છે. પૂર્તિ-પત્ર રૂપ છેલ્લા ત્રણ લેખો પણ પહેલી જ વાર પ્રસિદ્ધ થાય છે. જોકે આ સંગ્રહમાંના તેવીસ લેખો બીજી વાર છપાય છે છતાં જેણે તે વાંચ્યા હોય તેને માટે પણ તેમાંથી નવીનતા જરાય ઓછી થતી નથી એમ હું સ્વાનુભવથી જોઈ શકું છું. લેખો એટલા ગંભીર તેમ જ સૂક્ષ્મ ચિંતનથી ભરપૂર છે કે તેને જેટલી વાર વાંચીએ તેટલી વાર (જો વાંચનાર જિજ્ઞાસુ અને સમજદાર હોય તો) તેમાંથી નવનવતા અનુભવાય છે અને આવરણના સ્થૂલ સ્તરો દૂર થતાં જ. એક જાતની ચૈતસિક જાગૃતિ અનુભવાય છે. એટલે ખરી રીતે આખો સંગ્રહ જ નવો છે. ઘણા લોકો એક વાર પ્રસિદ્ધ થયેલ અને વાંચેલ લખાણોને જૂનું અને વાસી ગણી ઉવેખે છે. એમનું એ વલણ સાવ ખોટું તો નથી જ. પણ આ લેખો કદી વાસી ન થાય એવા છે.

ગુજરાતમાં શ્રી કિશોરલાલભાઈને ન જાણે એવો સમજદાર કોઈ ભાગ્યે જ હોય. ગુજરાત બહાર પણ બધા જ પ્રાન્તોમાં તેમનું નામ ઓછેવત્તે અંશે જાણીતું છે. એનું મૂલ કારણ તેમનાં અનેક ભાષાઓમાં લખાયેલાં અને અનુવાદિત થયેલાં લખાણોનું વાચન છે અને કેટલાકે કરેલ તેમનો પ્રત્યક્ષ સમાગમ પણ છે. પૂ. નાથજીને જાણનાર વર્ગ પ્રમાણમાં નાનો છે. કારણ કે તેમણે બહુ ઓછું લખ્યું છે અને લખ્યું હોય તે પણ પૂરેપૂરું પ્રસિદ્ધિમાં આવ્યું નથી. છતાં જે વર્ગ તેમને જાણે છે તે પણ કાંઈ નાનોસૂનો કે સાધારણ કોટિનો નથી. પૂ. નાથજીના પ્રત્યક્ષ પરિચયમાં જે આવ્યો

ન હોય તેને એમના સૂક્ષ્મ, સ્પષ્ટ, સયુક્તિક અને માનવતાપૂર્ણ વિચારોની કલ્પના જ આવી ન શકે.

તત્ત્વનું તલસ્પર્શી ચિંતન, જીવનનું સ્વ-પર-લક્ષી શોધન અને માનવતાની સેવા એ એવા એક જ રંગથી રંગાયેલ ગુરુશિષ્યની આ જોડી જે કાંઈ લખે ને બોલે છે તે અનુભવસિદ્ધ હોઈ પ્રત્યક્ષ કોટિનું છે. આની પ્રતીતિ આ સંગ્રહમાંના લેખો વાંચનારને થયા વિના કદી નહીં રહે. મેં પ્રસ્તુત લેખોને એકથી વધારે વાર એકાગ્રતાથી સાંભળ્યા છે અને થોડાઘણા અન્ય સુપ્રસિદ્ધ ભારતીય તત્ત્વચિંતકોનાં લખાણો પણ સાંભળ્યાં છે. હું જ્યારે તટસ્થ ભાવે આવાં ચિંતનપ્રધાન લખાણોની તુલના કરું છું ત્યારે મને નિઃશંકપણે એમ લાગે છે કે આટલો અને આવો ક્રાન્તિકારી, સચોટ અને મૌલિક વિચાર કરનાર કદાચ ભારતમાં વિરલ જ છે.

આખો સંગ્રહ સાંભળતાં અને તે ઉપર જુદી જુદી દૃષ્ટિએ વિચાર કરતાં મને આની અનેકવિધ ઉપયોગિતા સમજાઈ છે. જ્યાં જુઓ ત્યાં સાંપ્રદાયિક-અસાંપ્રદાયિક માનસવાળા બધા જ સમજદાર લોકોની એવી માગણી છે કે ઊગતી પ્રજાને તત્ત્વ અને ધર્મના સાચા અને સારા સંસ્કારો મળે એવું કોઈ પુસ્તક શિક્ષણક્રમમાં હોવું જોઈએ, જે નવયુગના ઘડતરને સ્પર્શતું હોય અને સાથે સાથે પ્રાચીન પ્રણાલિકાઓનું રહસ્ય પણ સમજાવતું હોય. હું જાણું છું ત્યાં લગી માત્ર ગુજરાતમાં જ નહીં પણ ગુજરાત બહાર પણ આ માગણીને યથાવત્ સંતોષે એવું આના જેવું કોઈ પુસ્તક નથી. કોઈ પણ સંપ્રદાયનું વિદ્યાલય હોય કે છાત્રાલય હોય અગર અસાંપ્રદાયિક કહી શકાય એવા આશ્રમો હોય, સરકારી કે ગેરસરકારી શિક્ષણસંસ્થાઓ હોય …યાં સર્વત્ર ઉચ્ચ કક્ષાના વિદ્યાર્થીઓને તેમની યોગ્યતા ધ્યાનમાં રાખી … સંગ્રહ પૈકી તે તે લેખ સમજાવવામાં આવે તો હું માનું છું કે …ની જ માતૃભાષામાં તત્ત્વ અને ધર્મ વિષેની સાચી વ્યાપક સમજણ …ી રહે અને વારસાગત જમાનાજૂની ગ્રન્થિનો ભેદ પણ થવા પામે. વિદ્યાર્થીઓ ઉપરાંત શિક્ષકો અને અધ્યાપકો માટે પણ આ સંગ્રહમાં એટલી બધી વિચારપ્રેરક અને જીવનપ્રદ સામગ્રી છે કે તેઓ



આ પુસ્તક વાંચીને પોતાના સાક્ષરજીવનની માત્ર કૃતાર્થતા જ નહીં અનુભવે પણ વ્યાવહારિક, ધાર્મિક અને તાત્ત્વિક અનેક પ્રશ્નો પરત્વે તેઓ નવેસર વિચાર કરતા થશે, તેમ જ સાક્ષરજીવનની પેલી પાર પણ કાંઈક પ્રજ્ઞાગમ્ય વિશ્વ છે એવી પ્રતીતિથી વધારે વિનમ્ર અને વધારે શોધક થવા મથશે. વિદ્યાર્થી અને અધ્યાપક સિવાય પણ એવો બહુ મોટો વર્ગ છે, કે જે હમેશાં તત્ત્વ અને ધર્મના પ્રશ્નો સમજવાનો ઊંડો રસ ધરાવતો હોય છે. આવા લોકો તત્ત્વ અને ધર્મને નામે મળતા ભળતા જ રૂઢિગત શિક્ષણ અને પ્રવાહમાં તણાતા રહે છે અને તેટલા માત્રથી સંતોષ અનુભવી પોતાની સમજણમાં ક્યાં ભૂલ છે, ક્યાં ક્યાં ગૂંચ છે અને ક્યાં ક્યાં વહેમનું રાજ્ય છે તે સમજવા પામતા નથી. તેવાઓને તો આ લેખો નેત્રાંજનશલાકાનું કામ આપશે એમ હું ચોક્કસ માનું છું. જુદી જુદી ભાષાઓમાં એક તેમ જ અનેક ધર્મોનું અને એક સંપ્રદાય કે અનેક સંપ્રદાયના તત્ત્વજ્ઞાનનું શિક્ષણ આપવામાં મદદ કરે એવાં અનેક પુસ્તકો છે. પણ મોટે ભાગે તે બધાં પ્રણાલિકાઓ અને માન્યતાઓનું વર્ણન કરતાં હોય છે. એવું ભાગ્યે જ કોઈ પુસ્તક જોવામાં આવશે, જેમાં આટલાં ઊંડાણ અને આટલી નિર્ભયતા તેમ જ સત્યનિષ્ઠાથી તત્ત્વ અને ધર્મના પ્રશ્નો વિષે આવું પરીક્ષણ અને સંશોધન થયું હોય. જેમાં એક તરફથી કોઈ પણ પંથ, કોઈ પણ પરંપરા કે કોઈ પણ શાસ્ત્રવિશેષ વિષે અવિચારી આગ્રહ નથી અને જેમાં બીજી બાજુથી જૂના કે નવા આચાર-વિચારના પ્રવાહોમાંથી જીવનસ્પર્શી સત્ય તારવવામાં આવ્યું હોય એવું મારી જાણ પ્રમાણે આ પહેલું જ પુસ્તક છે. તેથી ગમે તે ક્ષેત્રના યોગ્ય અધિકારીને હું આ પુસ્તકને વારંવાર વાંચી જવા ભલામણ કરું છું, તેમ જ શિક્ષણકાર્યમાં રસ ધરાવનારાઓને સૂચવું છું કે તેઓ ગમે તે સંપ્રદાય કે પંથના હોય તોય આમાં બતાવેલી વિચારસરણીને સમજી પોતાની માન્યતાઓ અને સંસ્કારોનું પરીક્ષણ કરે.

એમ તો આ સંગ્રહમાંનો પ્રત્યેક લેખ ગહન છે. પણ કેટલાક લેખો તો એવા છે કે ભારેમાં ભારે વિદ્વાન કે વિચારકનીયે બુદ્ધિ

અને સમજણની પૂરેપૂરી કસોટી કરે. વિષયો વિવિધ છે. દષ્ટિબિંદુઓ અનેકવિધ છે. સમાલોચના મૂલગામી છે. તેથી આખા પુસ્તકનું રહસ્ય તો તે તે લેખો વાંચીવિચારીને જ પામી શકાય. છતાંયે બંને લેખકોના પ્રત્યક્ષ પરિચય અને આ પુસ્તકના વાચનથી હું તેમની જે વિચારસરણી સમજ્યો છું અને જેણે મારા મન ઉપર ઊંડી છાપ પાડી છે તેને લગતા કેટલાક મુદ્દાની મારી સમજ પ્રમાણે અહીં ચર્ચા કરું છું. આ મુદ્દાઓ તેમનાં લખાણોમાં પણ એક અથવા બીજી રીતે ચર્ચાયેલા જ છે. તે મુદ્દા આ છે:

૧. ધર્મ અને તત્ત્વચિંતનની દિશા એક હોય તો જ બંને સાર્થક બને.

૨. કર્મ અને તેના ફલનો નિયમ માત્ર વૈયક્તિક ન હોઈ સામૂહિક પણ છે.

૩. મુક્તિ, કર્મના વિચ્છેદમાં કે ચિત્તના વિલયમાં નથી પણ બંનેની ઉત્તરોત્તર શુદ્ધિમાં છે.

૪. માનવતાના સદ્‌ગુણોની રક્ષા, પુષ્ટિ અને વૃદ્ધિ એ જ પરમ ધ્યેય છે.

તત્ત્વજ્ઞાન એટલે સત્યશોધનના પ્રયત્નમાંથી ફલિત થયેલા અને ફલિત થતા સિદ્ધાંતો, ધર્મ એટલે એવા સિદ્ધાંતોને અનુસરીને જ નિર્માણ થયેલો વૈયક્તિક તેમ જ સામૂહિક જીવનવ્યવહાર. એ ખરું છે કે એક જ વ્યક્તિ કે સમૂહની યોગ્યતા તેમ જ શક્તિ સદા એકસરખી નથી હોતી. તેથી ભૂમિકા અને અધિકારભેદ પ્રમાણે ધર્મમાં અંતર હોવાનું, એટલું જ નહીં પણ ધર્માચરણ વધારે પુરુષાર્થની અપેક્ષા રાખતું હોવાથી તે ગતિમાં તત્ત્વજ્ઞાનથી પાછળ પણ રહેવાનું. છતાં જો આ બંનેની દિશા જ મૂળમાં જુદી હોય તો તત્ત્વજ્ઞાન ગમે તેટલું ઊંડું અને ગમે તેવું સાચું હોય છતાં ધર્મ એના પ્રકાશથી વંચિત જ રહે અને પરિણામે માનવતાનો વિકાસ અટકે. તત્ત્વજ્ઞાનની શુદ્ધિ, વૃદ્ધિ અને પરિપાક જીવનમાં ધર્મને ઉતાર્યા સિવાય સંભવી જ ન શકે. એ જ રીતે તત્ત્વજ્ઞાનના આલંબન વિનાનો ધર્મ, જડતા તેમ જ વહેમથી મુક્ત થઈ ન શકે. એટલા માટે બંનેમાં દિશાભેદ હોવો ઘાતક છે. આ વસ્તુને એકાદ ઐતિહાસિક દાખલાથી સમજવી સહેલી પડશે. ભારતીય તત્ત્વજ્ઞાનના ત્રણ યુગ સ્પષ્ટ છે. પહેલો યુગ આત્મવૈષમ્યના સિદ્ધાન્તનો, બીજો આત્મસમાનતાના સિદ્ધાન્તનો અને ત્રીજો આત્માદ્વૈતના સિદ્ધાન્તનો. પહેલા સિદ્ધાન્ત પ્રમાણે એમ મનાતું કે દરેક જીવ મૂળમાં સમાન નથી. પ્રત્યેક સ્વકર્માધીન છે અને દરેકના કર્મ વિષમ અને ઘણી વાર વિરુદ્ધ હોઈ તે પ્રમાણે જ જીવની સ્થિતિ અને તેનો વિકાસ હોઈ શકે. આવી માન્યતાને લીધે બ્રાહ્મણકાળના જન્મસિદ્ધ ધર્મો અને સંસ્કારો નક્કી થયેલા છે. એમાં કોઈ એક વર્ગનો અધિકારી પોતાની કક્ષામાં રહીને જ વિકાસ કરી શકે પણ તે કક્ષા બહાર જઈ વર્ણાશ્રમધર્મનું આચરણ કરી ન શકે. ઇન્દ્રપદ કે રાજ્યપદ મેળવવા માટે અમુક ધર્મ આચરવો જોઈએ, પણ તે ધર્મ હરકોઈ આચરી ન શકે અને હરકોઈ તેને આચરાવી પણ ન શકે. આનો અર્થ એ જ થયો કે કર્મકૃત વૈષમ્ય સ્વાભાવિક છે અને જીવગત સમાનતા હોય તોય તે વ્યવહાર્ય તો નથી જ. આત્મસમાનતાના બીજા સિદ્ધાન્ત પ્રમાણે ઘડાયેલો આચાર આથી સાવ ઊલટો છે. એમાં ગમે તે અધિકારી અને જિજ્ઞાસુને ગમે તેવા કર્મસંસ્કાર દ્વારા વિકાસ કરવાની છૂટ છે. એમાં આત્મૌપમ્યમૂલક અહિંસાપ્રધાન યમનિયમોના આચરણ ઉપર જ ભાર અપાય છે. એમાં કર્મકૃત વૈષમ્યની અવગણના નથી પણ સમાનતાસિદ્ધિના પ્રયત્નથી તેને નિવારવા ઉપર જ ભાર અપાય છે. આત્માદ્વૈતનો સિદ્ધાન્ત તો સમાનતાના સિદ્ધાન્તથી પણ આગળ જાય છે. તેમાં વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે કોઈ વાસ્તવિક ભેદ છે જ નહીં. તે અદ્વૈતમાં તો સમાનતાનો વ્યક્તિભેદ પણ ગળી જાય છે. એટલે તે સિદ્ધાન્તમાં કર્મસંસ્કારજન્ય વૈષમ્ય માત્ર નિવારવા યોગ્ય જ નથી મનાતું, પણ તે તદ્દન કાલ્પનિક મનાય છે. પણ આપણે જોઈએ છીએ કે આત્મસમાનતા અને આત્માદ્વૈતના સિદ્ધાન્તને કટ્ટરપણે માનનારા સુધ્ધાં જીવનમાં કર્મવૈષમ્યને જ સાહજિક અને અનિવાર્ય માની વર્તે છે. તેથી જ તો આત્મસમાનતાનો અનન્ય પક્ષપાત ધરાવનાર જૈન કે તેવા બીજા પંથો જાતિગત ઊંચનીચભાવને

જાણે શાશ્વત માનીને જ વર્તતા હોય એમ લાગે છે. તેને લીધે સ્પર્શાસ્પર્શનું મરણાન્તિક ઝેર સમાજમાં વ્યાપ્યા છતાં તે ભ્રમથી મુક્ત નથી થતા. તેમનો સિદ્ધાન્ત એક દિશામાં છે અને ધર્મ-જીવનવ્યવહારનું ગાડું બીજી દિશામાં છે. એ જ સ્થિતિ અદ્વૈત સિદ્ધાન્તને માનનારની છે. તેઓ દ્વૈતને જરા પણ નમતું આપ્યા સિવાય વાતો અદ્વૈતની કરે છે અને આચરણ તો સંન્યાસી સુધ્ધાં પણ દ્વૈત તેમ જ કર્મવૈષમ્ય પ્રમાણે કરે છે. પરિણામે આપણે જોઈએ છીએ કે તત્ત્વજ્ઞાનનો અદ્વૈત સુધી વિકાસ થયા છતાં તેનાથી ભારતીય જીવનને કશો લાભ થયો નથી. ઊલટું તે આચરણની દુનિયામાં ફસાઈ છિન્નભિન્ન થઈ ગયું છે. આ એક જ દાખલો તત્ત્વજ્ઞાન અને ધર્મની દિશા એક હોવાની જરૂરિયાત સિદ્ધ કરવા માટે પૂરતો છે.

૨. સારીનરસી સ્થિતિ, ચડતીપડતી કલા અને સુખદુઃખની સાર્વત્રિક વિષમતાનો પૂર્ણપણે ખુલાસો કેવળ ઈશ્વરવાદ કે બ્રહ્મવાદમાંથી મળી શકે તેમ હતું જ નહીં. એટલે સ્વાભાવિક રીતે જ પરાપૂર્વથી ચાલ્યો આવતો વૈયક્તિક કર્મફલનો સિદ્ધાન્ત ગમે તે પ્રગતિશીલ વાદ સ્વીકાર્યા છતાં વધારે ને વધારે દૃઢ થતો જ ગયો. 'જે કરે તે જ ભોગવે,' 'દરેકનું નસીબ જુદું,' 'વાવે તે લણે', 'લણનાર ને ફલ ચાખનાર એક અને વાવનાર બીજો તે અસંભવ,'- આવા આવા ખ્યાલો કેવળ વૈયક્તિક કર્મફલના સિદ્ધાન્ત ઉપર રૂઢ થયા અને સામાન્ય રીતે પ્રજાજીવનના એકેએક પાસામાં એટલાં ઊંડાં મૂળ ઘાલી બેઠા છે કે કોઈ એક વ્યક્તિનું કર્મ માત્ર તેનામાં જ ફલ કે પરિણામ ઉત્પન્ન નથી કરતું પણ તેની અસર તે કર્મ કરનાર વ્યક્તિ ઉપરાંત સામૂહિક જીવનમાં જ્ઞાત-અજ્ઞાત રીતે પ્રસરે છે એમ જો કોઈ કહે તો તે સમજદાર ગણાતા વર્ગને પણ ચોંકાવી મૂકે છે. અને દરેક સંપ્રદાયના વિદ્વાનો કે વિચારકો એની વિરુદ્ધ પોતાના શાસ્ત્રીય પુરાવાઓનો ઢગલો રજૂ કરે છે. આને લીધે કર્મફલનો નિયમ વૈયક્તિક હોવા ઉપરાંત સામૂહિક પણ છે કે નહીં અને ન હોય તો કઈ કઈ જાતની અસંગતિઓ અને અનુપપત્તિઓ ઊભી થાય છે અને હોય તો તે દૃષ્ટિએ જ સમગ્ર માનવજીવનનો વ્યવહાર ગોઠવવો



જોઈએ, એ બાબત ઉપર કોઈ ઊંડો વિચાર કરવા થોભતું નથી. સામૂહિક કર્મફલના નિયમની દૃષ્ટિ વિનાના કર્મફલના નિયમે માનવજીવનના ઇતિહાસમાં આજ લગી કઈ કઈ મુશ્કેલીઓ ઊભી કરી છે અને તેનું નિવારણ કઈ દૃષ્ટિએ કર્મફલનો નિયમ સ્વીકારી જીવનવ્યવહાર ઘડવામાં છે, એ બાબત ઉપર કોઈ બીજાએ આટલો ઊંડો વિચાર કર્યો હોય તો તે હું નથી જાણતો. કોઈ એક પણ પ્રાણી દુઃખી હોય તો હું સુખી સંભવી જ ન શકું, જ્યાં લગી જગત દુઃખમુક્ત ન હોય ત્યાં લગી અરસિક મોક્ષથી શો લાભ? એવા વિચારની મહાયાન ભાવના બૌદ્ધ પરંપરામાં ઉદય પામેલી. એ જ રીતે દરેક સંપ્રદાય સર્વ જગતના ક્ષેમ-કલ્યાણની પ્રાર્થના કરે છે અને આખા જગત સાથે મૈત્રી બાંધવાની બ્રહ્મવાર્તા પણ કરે છે; પરંતુ એ મહાયાન ભાવના કે બ્રહ્મવાર્તા છેવટે વૈયક્તિક કર્મફલવાદના દૃઢ સંસ્કાર સાથે અફળાઈ જીવન જીવવામાં વધારે ઉપયોગી સાબિત થઈ નથી. પૂ. નાથજી અને મશરૂવાળા બંને કર્મફલના નિયમને સામૂહિક જીવનની દૃષ્ટિએ વિચારે છે. મારા જન્મગત અને શાસ્ત્રીય સંસ્કાર વૈયક્તિક કર્મફલ-નિયમના હોવાથી હું પણ એ જ રીતે વિચાર કરતો. પરંતુ જેમ જેમ તે ઉપર ઊંડો વિચાર કરતો ગયો તેમ તેમ મને લાગ્યું કે કર્મફલનો નિયમ સામૂહિક જીવનની દૃષ્ટિએ જ વિચારવો ઘટે અને સામૂહિક જીવનની જવાબદારીના ખ્યાલથી જ જીવનનો પ્રત્યેક વ્યવહાર ગોઠવવો તેમ જ ચલાવવો ઘટે. એક કાળે વૈયક્તિક દૃષ્ટિ પ્રધાનપદ ભોગવતી હોય ત્યારે તે જ દૃષ્ટિએ તે કાળના ચિંતકો અમુક નિયમો બાંધે. તેથી તે નિયમોમાં અર્થવિસ્તાર સંભવિત જ નથી એમ માનવું તે દેશકાળની મર્યાદામાં સર્વથા જકડાઈ જવા જેવું છે. સામૂહિક દૃષ્ટિએ કર્મફલનો નિયમ વિચારીએ કે ઘટાવીએ ત્યારે પણ વૈયક્તિક દૃષ્ટિનો લોપ તો થતો જ નથી; ઊલટું સામૂહિક જીવનમાં વૈયક્તિક જીવન પૂર્ણપણે સમાઈ જતું હોવાથી વૈયક્તિક દૃષ્ટિ સામૂહિક દૃષ્ટિ સુધી વિસ્તરે છે અને વધારે શુદ્ધ બને છે. કર્મફલના કાયદાનો સાચો આત્મા તો એ જ છે કે કોઈ પણ કર્મ નિષ્ફળ જતું નથી અને

કોઈ પણ પરિણામ કારણ વિના ઉત્પન્ન થતું નથી. જેવું પરિણામ તેવું જ તેનું કારણ હોવું જોઈએ. સારું પરિણામ ઇચ્છનાર સારું કર્મ ન કરે તો તે તેવું પરિણામ પામી શકે નહીં. કર્મફલ-નિયમનો આ આત્મા સામૂહિક દૃષ્ટિએ કર્મફલનો વિચાર કરતાં લેશ પણ લોપાતો નથી. માત્ર તે વૈયક્તિક સીમાના બંધનથી મુક્ત થઈ જીવનવ્યવહાર ઘડવામાં સહાયક બને છે. આત્મસમાનતાના સિદ્ધાન્ત પ્રમાણે કે આત્માદ્વૈતના સિદ્ધાન્ત પ્રમાણે ગમે તે રીતે વિચાર કરીએ તોય એક વાત સુનિશ્ચિત છે કે કોઈ વ્યક્તિ સમૂહથી સાવ અળગી છે જ નહીં, અને રહી શકે પણ નહીં. એક વ્યક્તિના જીવન-ઇતિહાસના લાંબા પટ ઉપર નજર નાખી વિચાર કરીએ તો આપણને તરત દેખાશે કે તેના ઉપર પડેલ અને પડતા સંસ્કારોમાં સીધી કે આડકતરી રીતે બીજી અસંખ્ય વ્યક્તિઓના સંસ્કારોનો હાથ છે, અને તે વ્યક્તિ જે સંસ્કાર નિર્માણ કરે છે તે પણ માત્ર તેનામાં જ મર્યાદિત ન રહેતાં સમૂહગત અન્ય વ્યક્તિઓમાં સાક્ષાત્ કે પરંપરાથી સંક્રમણ પામ્યે જ જાય છે. ખરી રીતે સંમૂહ યા સમષ્ટિ એટલે વ્યક્તિ કે વ્યષ્ટિનો પૂર્ણ સરવાળો.

જો પ્રત્યેક વ્યક્તિ પોતાના કર્મ અને ફલ માટે પૂર્ણપણે જવાબદાર હોય અને અન્ય વ્યક્તિઓથી તદ્દન સ્વતંત્ર હોઈ તેના શ્રેય-અશ્રેયનો વિચાર માત્ર તેની જ સાથે સંકળાતો હોય તો સામૂહિક જીવનનો શો અર્થ? કારણ કે સાવ નિરાળી, સ્વતંત્ર અને પરસ્પર અસરથી મુક્ત એવી વ્યક્તિઓનો સામૂહિક જીવનમાં પ્રવેશ એ તો માત્ર આકસ્મિક જ હોઈ શકે. જો સામૂહિક જીવનથી વૈયક્તિક જીવન સાવ અલગ રીતે જિવાતું નથી, એ અનુભવ થતો હોય તો તત્ત્વજ્ઞાન પણ એ જ અનુભવને આધારે કહે છે કે ગમે તેટલો વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે ભેદ દેખાતો હોય છતાં, તે દરેક વ્યક્તિ કોઈ એવા એક જીવનસૂત્રથી ઓતપ્રોત છે કે તે દ્વારા તે બધી વ્યક્તિઓ આસપાસ સંકળાયેલી જ છે. જો આમ હોય તો કર્મફલનો નિયમ પણ આ દૃષ્ટિએ જ વિચારવો અને ઘટાવવો જોઈએ. અત્યાર લગી આધ્યાત્મિક શ્રેયનો વિચાર પણ દરેક સંપ્રદાયે વૈયક્તિક દૃષ્ટિએ જ કર્યો છે.

વૈયક્તિક [illegible]
[illegible] ઓતપ્રોત છે.



વ્યાવહારિક લાભાલાભનો વિચાર પણ એ જ દૃષ્ટિ પ્રમાણે થયો છે. આને લીધે જે સામૂહિક જીવન જીવ્યા વિના ચાલતું નથી તેને લક્ષી શ્રેય કે પ્રેયનો મૂળગત વિચાર કે આચાર થવા પામ્યો જ નથી. ડગલે ને પગલે સામૂહિક કલ્યાણની ઘડાતી યોજનાઓ એ જ કારણને લીધે કાં તો પડી ભાંગે છે અને કાં તો નબળી પડી નિરાશામાં પરિણમે છે. વિશ્વશાંતિનો સિદ્ધાંત નક્કી થાય છે; પણ તેની હિમાયત કરનાર દરેક રાષ્ટ્ર પાછું વૈયક્તિક દૃષ્ટિએ જ વિચારે છે. તેથી નથી વિશ્વશાંતિ સિદ્ધ થતી કે નથી રાષ્ટ્રીય આબાદી સ્થિરિતા પામતી. આ જ ન્યાય દરેક સમાજમાં પણ લાગુ પડે છે. હવે જો સામૂહિક જીવનની વિશાળ અને અખંડ દૃષ્ટિનો ઉન્મેષ કરવામાં આવે અને તે દૃષ્ટિ પ્રમાણે જ પ્રત્યેક વ્યક્તિ પોતાની જવાબદારીની મર્યાદા વિકસાવે તો તેનાં હિતાહિતો અન્યનાં હિતાહિત સાથે અથડામણમાં ન આવે. અને જ્યાં વૈયક્તિક ગેરલાભ દેખાતો હોય ત્યાં પણ સામૂહિક જીવનના લાભની દૃષ્ટિ તેને સંતોષ આપે. તેનું કર્તવ્યક્ષેત્ર વિસ્તૃત બને અને તેના સંબંધો વધારે વ્યાપક બનતાં તે પોતામાં એક ભૂમા નિહાળે.

૩. દુઃખથી મુક્ત થવાના વિચારમાંથી જ તેના કારણ મનાયેલ કર્મથી મુક્તિ પામવાનો વિચાર આવ્યો. એમ મનાયું કે કર્મ, પ્રવૃત્તિ કે જીવનવ્યવહારની જવાબદારી એ પોતે જ સ્વતઃ બંધનરૂપ છે. એનું અસ્તિત્વ હોય ત્યાં લગી પૂર્ણ મુક્તિ સંભવી જ ન શકે. આ ધારણામાંથી કર્મમાત્રની નિવૃત્તિના વિચારે શ્રમણપરંપરાનો અનગાર-માર્ગ અને સંન્યાસપરંપરાનો વર્ણકર્મધર્મસંન્યાસ માર્ગ અસ્તિત્વમાં આવ્યો. પણ એ વિચારમાં જે દોષ હતો તે ધીરે ધીરે જ સામૂહિક જીવનની નિર્બળતા અને બેજવાબદારી વાટે પ્રગટ થયો. જેઓ અનગાર થાય કે વર્ણકર્મધર્મ છોડે તેઓને પણ જીવવું તો હતું જ. બન્યું એમ કે તે જીવન વધારે પ્રમાણમાં પરાવલંબી અને કૃત્રિમ થયું. સામૂહિક જીવનની કડીઓ તૂટવા અને અસ્તવ્યસ્ત થવા લાગી. આ અનુભવે સુઝાડ્યું કે માત્ર કર્મ એ બંધન નથી, પણ તેની પાછળ રહેલ તૃષ્ણાવૃત્તિ અગર દૃષ્ટિની સંકુચિતતા અને ચિત્તની અશુદ્ધિ જ

બંધનરૂપ છે. માત્ર એ જ દુ:ખ આપે છે. આ જ અનુભવ અનાસક્ત કર્મવાદ દ્વારા પ્રતિપાદિત થયો છે. આ પુસ્તકના લેખકોએ એમાં સંશોધન કરી કર્મશુદ્ધિનો ઉત્તરોત્તર પ્રકર્ષ સાધવા માટે જ ભાર આપ્યો છે, અને તેમાં જ મુક્તિનો અનુભવ કરવાનું તેમનું પ્રતિપાદન છે. પગમાં સોય વાગે અને પછી તેને કોઈ બહાર કાઢી ફેંકી દે તો સામાન્ય રીતે એને કોઈ ખોટું ન કહે; પણ જ્યારે સોય ફેંકનાર પાછો સીવવા અને બીજા કામ માટે નવી સોય શોધે અને ન મળતાં અધીરો થઈ દુ:ખ અનુભવે ત્યારે સમજદાર માણસ એને જરૂર કહે કે તેં ભૂલ કરી. પગમાંથી સોય કાઢવી એ તો બરાબર છે, કેમ કે તે અસ્થાને હતી. પણ જો તેના વિના જીવન ચાલતું જ નથી તો તેને ફેંકી દેવામાં ભૂલ અવશ્ય છે. તેનો યથાવત્ ઉપયોગ કરવા માટે યોગ્ય રીતે તેનો સંગ્રહ કરવો એ જ પગમાંથી સોય કાઢવાનો સાચો અર્થ છે. જે ન્યાય સોય માટે તે જ ન્યાય સામૂહિક કર્મ માટે છે. માત્ર વૈયક્તિક દૃષ્ટિએ જીવન જીવવું એ સામૂહિક જીવનની દૃષ્ટિમાં સોય ભોંકવા બરાબર છે. એ સોયને કાઢી તેનો યથાવત્ ઉપયોગ કરવો એટલે સામૂહિક જીવનની જવાબદારી સમજપૂર્વક સ્વીકારી જીવન જીવવું તે. આવું જીવન વ્યક્તિની જીવનમુક્તિ છે. જેમ જેમ પ્રત્યેક વ્યક્તિ પોતાની વાસનાશુદ્ધિ દ્વારા સામૂહિક જીવનનો મેલ ઓછો કરતી જાય તેમ તેમ સામૂહિક જીવન દુ:ખમુક્તિ વિશેષ અનુભવતું જ જવાનું. આ રીતે વિચારીએ એટલે કર્મ એ જ ધર્મ બની જાય છે. અમુક ફળ એટલે રસ ઉપરાંત છાલ પણ. છાલ ન હોય તો રસ ટકે કેમ? અને રસ વિનાની છાલ એ પણ ફળ તો નહીં જ. તે જ રીતે ધર્મ એ તો કર્મનો રસ છે. અને કર્મ એ માત્ર ધર્મની છાલ છે. બંને યથાવત્ સંમિશ્રિત હોય તો જ એ જીવનફળ પ્રગટાવે. કર્મના આલંબન વિના વૈયક્તિક તેમ જ સામૂહિક જીવનની શુદ્ધિરૂપ ધર્મ રહી જ ક્યાં શકે? અને એવી શુદ્ધિ ન હોય તો તે કર્મનું છાલથી વધારે મૂલ્ય પણ શું? આ જાતનો કર્મધર્મ-વિચાર એમનાં લખાણોમાં ઓતપ્રોત છે. સાથે વિશેષતા એ છે કે મુક્તિની ભાવના પણ તેમણે સામુદાયિક જીવનની દૃષ્ટિએ જ વિચારી અને ઘટાવી છે.



કર્મ-પ્રવૃત્તિઓ અનેક જાતની છે. પણ તેનું મૂળ ચિત્તમાં છે. ક્યારેક યોગીઓએ વિચાર કર્યો કે જ્યાં લગી ચિત્ત હોય ત્યાં લગી વિકલ્પો ઊઠવાના. વિકલ્પો ઊઠે તો શાંતિ ન જ અનુભવાય, તેથી 'मूले कुठारः' ન્યાયે ચિત્તનો વિલય કરવા તરફ જ ઝૂક્યા. અને ઘણાએ માની લીધું કે ચિત્તવિલય એ જ મુક્તિ છે, અને એ જ પરમ સાધ્ય છે. માનવતાના વિકાસનો વિચાર જ બાજુ ઉપર રહી ગયો. આ પણ બંધન લેખે કર્મ ત્યાગવાના વિચારની પેઠે ભૂલ જ હતી. એ વિચારમાં બીજા અનુભવીઓએ સુધારો કર્યો કે ચિત્તવિલય એ મુક્તિ નથી; પણ ચિત્તશુદ્ધિ એ જ મુક્તિ છે. બંને લેખકોનું વક્તવ્ય એ છે કે ચિત્તશુદ્ધિ એ જ શાંતિનો એકમેવ માર્ગ હોવાથી તે મુક્તિ અવશ્ય છે; પણ માત્ર વૈયક્તિક ચિત્તની શુદ્ધિમાં પૂર્ણ મુક્તિ માની લેવી એ વિચાર અધૂરો છે. સામૂહિક ચિત્તની શુદ્ધિ વધારતા જવી એ જ વૈયક્તિક ચિત્તશુદ્ધિનો આદર્શ હોવો જોઈએ અને એ હોય તો કોઈ સ્થાનાન્તરમાં કે લોકાન્તરમાં મુક્તિધામ માનવા કે કલ્પવાની જરાય જરૂર નથી. એવું ધામ તો સામૂહિક ચિત્તની શુદ્ધિમાં પોતાની શુદ્ધિનો ફાળો આપવો એ જ છે.

૪. દરેક સંપ્રદાયમાં સર્વભૂતહિત ઉપર ભાર અપાયો છે. પણ વ્યવહારમાં માનવસમાજના હિતનો પણ પૂર્ણપણે અમલ ભાગ્યે જ જોવામાં આવે છે. તેથી પ્રશ્ન એ છે કે પ્રથમ મુખ્ય લક્ષ્ય કઈ દિશામાં અને કયા ધ્યેય તરફ આપવું. બંને લેખકોની વિચારસરણી સ્પષ્ટપણે પ્રથમ માનવતાના વિકાસ ભણી લક્ષ્ય આપવા અને તે અનુસાર જીવન જીવવા કહે છે. માનવતાનો વિકાસ એટલે તેણે આજ સુધી જે જે સદ્‌ગુણો જેટલા પ્રમાણમાં સાધ્યા હોય તેની પૂર્ણપણે રક્ષા કરવી અને તેની મદદથી તે જ સદ્‌ગુણોમાં વધારે શુદ્ધિ કેળવવી અને નવા સદ્‌ગુણો ખીલવવા, જેથી માનવ-માનવ વચ્ચે દ્વંદ્વ અને શત્રુતાનાં તામસ બળો પ્રગટવા ન પામે. જેટલા પ્રમાણમાં આ રીતે માનવતા-વિકાસનું ધ્યેય સધાતું જશે તેટલા પ્રમાણમાં સમાજજીવન સંવાદી અને સૂરીલું બનતું જવાનું. તેનું પ્રાસંગિક ફળ સર્વભૂતહિતમાં જ આવવાનું. તેથી દરેક સાધકના પ્રયત્નની મુખ્ય દિશા તો માનવતાના

સદ્દગુણોના વિકાસની જ રહેવી જોઈએ. આ સિદ્ધાન્ત પણ સામૂહિક જીવનની દૃષ્ટિએ જ કર્મફલનો નિયમ ઘટાવવાના વિચારમાંથી જ ફલિત થાય છે.

ઉપરની વિચારસરણી ગૃહસ્થાશ્રમને કેન્દ્રમાં રાખીને જ સામુદાયિક જીવન સાથે વૈયક્તિક જીવનનો સુમેળ રાખવાનું સૂચન કરે છે. ગૃહસ્થાશ્રમમાં જ બાકીના બધા આશ્રમોના સદ્દગુણો સાધવાની તક મળી રહે એવું એ સૂચન છે, કેમ કે તેમાં ગૃહસ્થઆશ્રમનો આદર્શ જ એવો બદલાઈ જાય છે કે તે કેવળ ભોગનું ધામ ન રહેતાં ભોગ અને યોગના સુમેળનું ધામ બની જાય છે. એથી ગૃહસ્થાશ્રમથી વિચ્છિન્નપણે અન્ય આશ્રમોનો વિચાર કરવાપણું રહેતું નથી. ગૃહસ્થાશ્રમ જ ચતુરાશ્રમના સમગ્ર જીવનનું પ્રતીક બની જાય છે. તે કેવળ નૈસર્ગિક પણ છે.

શ્રી મશરૂવાળાનું એક નિરાળું વ્યક્તિત્વ એમનાં લખાણોથી સૂચિત થાય છે. એ લખાણો વાંચી-વિચારીને મારી ખાતરી થઈ છે કે એમનામાં કોઈ અન્તઃપ્રજ્ઞાની અખંડ સેર વહ્યા કરે છે. ચિત્તશુદ્ધિની સાધનાની અમુક ભૂમિકામાં પ્રગટ થતો એ સત્યમુખી પ્રજ્ઞોદય છે. એમની કેટલીક લાક્ષણિકતા તો આંજી નાખે તેવી છે. જ્યારે તેઓ તત્ત્વચિંતનના ઊંડા પ્રદેશમાં ઊતરી પોતાના વક્તવ્યને સ્ફુટ કરવા કોઈ ઉપમા વાપરે છે ત્યારે તે પૂર્ણોપમાની કોટિની હોય છે અને તે સ્થળનું લખાણ ગંભીર તત્ત્વચિંતનપ્રધાન હોવા છતાં સુંદર અને સરળ સાહિત્યિક નમૂનો પણ બની જાય છે. આના બે-એક દાખલા સૂચવું. પૃ. ૩૭ પર ગંગાના પ્રવાહને અખંડ રાખવા માટે પોતાના જીવનનું બલિદાન આપનાર જલકણનું દૃષ્ટાન્ત. અને ચિત્તસ્થિતિનો ચિતાર આપવા પ્રસંગે વાપરેલ જંગલમાં ઊગી આવેલ ઝાડીઝાંખરાંનું દૃષ્ટાન્ત પૃ. ૧૨૬. આવાં તો અનેક દૃષ્ટાન્તો વાચકને મળશે અને તે ચિંતનનો ભાર હળવો કરી ચિત્તને પ્રસન્નતા પણ આપશે. જ્યારે તેઓ કોઈ પદ્ય રચે છે ત્યારે એમ લાગે છે કે જાણે તે માર્મિક કવિ હોય. આનો દાખલો પૃ. ૪૬માં મળી આવશે. ‘जगमें जीना दो दिनका’ એ બ્રહ્માનંદની કડીનું કટાક્ષપૂર્વક રહસ્ય ખોલતાં જે નવું ભજન તેમણે



રચ્યું છે તેનો ભાવ અને ભાષા જે જોશે તે મારા કથનની યથાર્થતા સમજી શકશે. પ્રાચીન ભક્તો કે પ્રાચીન શાસ્ત્રોના ઉદ્દગારોના ઊંડા મર્મ તેઓ કેવી રીતે દર્શાવે છે એનો નમૂનો પૃ. ૩૫ પર મળશે. એમાં ‘હંસલો નાનો ને દેવળ જૂનું તો થયું’ એ મીરાંની ઉક્તિનું એટલું બધું ગંભીર રહસ્ય પ્રગટ કર્યું છે અને તેને ગીતાના ‘आपूर्यमाणमचलप्रतिष्ठं’ એ શ્લોકના રહસ્ય સાથે સંવાદી બનાવ્યું છે કે વાંચતાં અને વિચારતાં તૃપ્તિ જ થતી નથી. ફરી ફરી એના સંવાદનો રણકાર ચિત્ત ઉપર ઊઠ્યા જ કરે છે.

શ્રી મશરૂવાળાનાં બધાં લખાણોમાં નજરે ચડે એવી નીરક્ષીર-વિવેકી લાક્ષણિકતા એ છે કે તેઓ વારસાગત કે બીજી કોઈ પણ પરંપરામાંથી સાર-અસારને બહુ ખૂબીથી તારવી કાઢે છે અને સાર ભાગને જેટલી સરળતાથી અપનાવી લે છે તેટલી કઠોરતાથી અસાર ભાગના મૂળ ઉપર કુઠારાઘાત કરે છે.

આવું તો અત્રે ઘણું દર્શાવી શકાય, પણ છેવટે તો વિરામ લીધે જ છૂટકો.

અમદાવાદ, ૨૮ માર્ચ, ૧૯૪૯ **સુખલાલ**

# શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨૨ | ૧૮ | અવિરોધી | અવરોધી |
| ૩૧ | ૧૪ | કોઈક જાતની જીવનની કોઈક | જીવનની કોઈક જાતની |
| ૩૮ | નીચેથી ૫ | પહોંચાડવાનો | પહોંચવાનો |
| ૧૦૯ | નીચેથી ૭ | फ़क़त | फ़क़त |
| ૧૧૫ | ૧૫ | પુરાનેનો | પુરાતનો |
| ૧૩૭ | ૧૭ | શ્રતિ | શ્રુતિ |
| ૧૯૮ | ૧ | चेतनाका | चेतनका |
| ૨૨૦ | શ્લોક ૫મો | मिष्ट | मिष्टं |
| ૨૨૨ | શ્લોક ૨૨મો | अभिहिताः | अभिहिता |

# અનુક્રમણિકા


પ્રસ્તાવના . . . ૩
વિચારકણિકા પં. સુખલાલજી . . . ૫

ખંડ ૧ લો

સંસાર

૧. તત્ત્વજ્ઞાનના મૂળ પ્રશ્નો . . . ૩
૨. જીવનનો અર્થ . . . ૧૬
૩. સંસારમાં રસ . . . ૨૪
૪. જીવનમાં મૃત્યુનું સ્થાન . . . ૩૦
૫. મૃત્યુ પર જીત . . . ૩૩
૬. જીવન સુખમય કે દુઃખમય? . . . ૩૯

પરિશિષ્ટ

'जगमें जीना दो दिनका' . . . ૪૬

ખંડ ૨ જો

ઈશ્વર

૧. અવતારભક્તિ . . . ૪૯
૨. બે દૃષ્ટિઓ . . . ૫૩
૩. ઉપાસનાશુદ્ધિ . . . ૬૩
૪. ઈશ્વરનિષ્ઠાનું બળ . . . ૭૨
૫. પરોક્ષ પૂજા . . . ૭૫
૬. ખોટી ભાવિકતા . . . ૭૮
૭. ઈશ્વર વિષે કેટલાક ભ્રમો . . . ૮૩

ખંડ ૩ જો

ધર્મ

૧. ધર્મનું નવનિર્માણ . . . ૯૧
૨. નવી દૃષ્ટિ . . . ૯૩

૩. શાસ્ત્રદૃષ્ટિની મર્યાદા . . . ૯૮
૪. શાસ્ત્રવિવેક . . . . ૧૦૨
૫. ધર્મસંમેલનની મર્યાદા . . . ૧૦૫
૬. સંકલ્પસિદ્ધિ . . . . ૧૨૦
૭. જપ . . . . ૧૨૫
૮. यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् । . . . ૧૩૪
૯. બ્રહ્મચર્ય અને અપરિગ્રહ . . . ૧૩૯
૧૦. ખોટી તિતિક્ષા . . . . ૧૪૩
૧૧. સાત્ત્વિક તિતિક્ષા . . . . ૧૪૯
૧૨. ત્યાગનો આદર્શ . . . . ૧૫૩
૧૩. લાચારીનો ખોરાક અને આદર્શ ખોરાક . . ૧૬૫
૧૪. સેવકો, સાવધાન ! . . . . ૧૬૮
૧૫ કમજોર સાત્ત્વિકતા . . . ૧૭૨
૧૬. કર્મક્ષય અને પ્રવૃત્તિ . . . . ૧૮૧
૧૭. ધર્મ અને તત્ત્વજ્ઞાન . . . ૧૮૫
પરિશિષ્ટ
સ્વકર્મયોગ . . . . ૨૨૦

ખંડ ૪ થો

પૂ. નાથજીની પૂર્તિ

૧. તત્ત્વજ્ઞાનનું સાધ્ય . . . ૨૨૭
૨. ઈશ્વરની ભાવના . . . . ૨૪૧
૩. ધ્યેયનિર્ણય . . . . ૨૪૯

# સંસાર અને ધર્મ

## ખંડ ૧લો

## સંસાર

## ૧

# તત્ત્વજ્ઞાનના મૂળ પ્રશ્નો[1]

માઘ, સુદ ૧૩, શુક્ર.
(૬–૨–૧૯૨૫)

**ભાઈશ્રી નગીનદાસ,**[2]

તમારો લેખ અને કાગળ વાંચી ગયો. તમારા સવાલોનો જવાબ આપું, તેના કરતાં તત્ત્વજ્ઞાન વિષેની મારી દૃષ્ટિ સ્પષ્ટ કરું, અને તે ઉપરથી તમારા પ્રશ્નોનો ઉત્તર તમે શોધી લો એ વધારે ઠીક એમ મને જણાય છે. એમાં તમારા પ્રશ્નોનો જવાબ આવી રહેશે એમ હું ધારું છું.

તમારા બંને પ્રશ્નોના મૂળમાં એક વસ્તુ સમાનપણે ગ્રહણ કરેલી જણાય છે. તે એ કે તત્ત્વજ્ઞાનની ઉત્પત્તિ જીવનની નિષ્ફળતામાંથી થયેલી છે, પછી એ તત્ત્વજ્ઞાન એણે આશ્વાસન મેળવવા કરેલી કલ્પના હોય કે શોધેલું સત્ય હોય.

મને આ પૂર્વગ્રહ ખોટો લાગે છે. જેને જગદ્દૃષ્ટિએ પરિપૂર્ણ સફળ મનુષ્ય કહીએ તે જ, જો સાથે સાથે ઊંડાં અવલોકન, તુલના અને વિવેક કરનારો હોય તો, તત્ત્વજ્ઞાનનો શોધનારો કે વધારનારો થઈ શકે છે. જેમ ભૌતિક પ્રકૃતિગત નિયમોની શોધ માટે જુદી જુદી દૃષ્ટિએ કરેલા પ્રયોગોમાંથી જ પદાર્થવિજ્ઞાન, રસાયન ઇત્યાદિક શાસ્ત્રોની ઉત્પત્તિ છે, જેમ ચિત્તપ્રકૃતિના નિયમોની શોધમાંથી યોગશાસ્ત્રની ઉત્પત્તિ છે, તેમ જુદી જુદી દૃષ્ટિએ પ્રકૃતિમાત્રનો અંત શોધવાના પ્રયાસમાંથી તત્ત્વજ્ઞાનની ઉત્પત્તિ છે. જેમ પદાર્થવિજ્ઞાન

---

૧. વિદ્યાર્થીઓ તરફથી પુછાયેલા સવાલનો લેખકે આપેલો જવાબ.
૨. શ્રી નગીનદાસ પારેખ, તે કાળે ‘સાબરમતી’ માસિકના તંત્રી.

ઇત્યાદિક ભૌતિક શાસ્ત્રોનું તથા યોગશાસ્ત્રનું વધારે ખેડાણ ક્રમશઃ થયું છે અને થયે જાય છે, તેમ તત્ત્વજ્ઞાનનું પણ ખેડાણ થયું છે, થયે જાય છે અને થયા કરવું જોઈએ. ભૌતિક વિદ્યા કે યોગશાસ્ત્રનું વધારે ખેડાણ પદાર્થવિજ્ઞાન કે ચિત્તને સમજી જ ન શકે એવો મનુષ્ય કરી શકે? તેમ તત્ત્વજ્ઞાનનું વધારે ખેડાણ પણ જીવનને સમજી જ ન શકે, અને જીવનને બરાબર ધાર્યા પ્રમાણે વાળી જ ન શકે તે કેમ કરી શકે? શંકરાચાર્ય, બુદ્ધ, સૉક્રેટીસ, જનક, યાજ્ઞવલ્કય, શ્રીકૃષ્ણ, વ્યાસ ઇત્યાદિક તત્ત્વજ્ઞાનમાં મોટામાં મોટો ફાળો આપનારામાંથી કોનું જીવન જગદ્દૃષ્ટિએ નિષ્ફળ ગયેલું હતું? એટલે હું તો એમ કહું છું કે જેનામાં જગદ્દૃષ્ટિએ સફળ થવાની લાયકાત છે, તે જ — ઊંડો વિચારક હોય તો — તત્ત્વજ્ઞાનનો અધિકારી થઈ શકે; કારણ એ જ અતિશય પુરુષાર્થી અને આત્મવિશ્વાસી છે. સ્વામી રામદાસ કહે છે તેમ જેને સીધો પાધરો પોતાનો વ્યવહાર સંભાળતાંયે ન આવડ્યો તે પરમાર્થ શું સાધવાનો હતો? ( જોકે બીજી જગાએ જે સંસારના દુઃખથી અત્યંત તપ્ત થયેલો છે તે પરમાર્થનો અધિકારી થાય છે એમ પણ એમણે કહ્યું છે. )

પણ, આપણા દેશમાં જીવનમાં નિષ્ફળ થયેલા એવા જ ઘણાઓનો તત્ત્વજ્ઞાન આધાર થયું છે એ વાત સાચી છે. સ્ત્રી ખરાબ નીકળી, દ્રવ્યનો નાશ થઈ ગયો, મિત્રોએ દગો દીધો, આપ્તજન મરી ગયાં, પ્રવૃત્તિ નિષ્ફળ નીવડી, — ત્યારે હવે ચાલો પ્રભુને શરણે — એ વૃત્તિથી ઘણા ઈશ્વરમાર્ગે અથવા તત્ત્વજ્ઞાનને માર્ગે વળ્યા છે એ ખોટું નથી. એ કારણથી પણ એમને જીવન વિષે કેટલુંક વિચારવાનું થયું, અને કેટલુંક સમજાયું. એથી એમને કાંઈક સત્યની શોધ લાગી અથવા આશ્વાસન મળ્યું એ પણ સાચું. પણ જેમણે તત્ત્વજ્ઞાનનું ખેડાણ કર્યું, એમાં શુદ્ધિ-વૃદ્ધિ કરી તે એ નહીં. રસાયનશાસ્ત્રનો કે યોગનો સામાન્ય અભ્યાસ કરેલો અને એનો શોધક એ બેમાં જેટલો ભેદ છે તેટલો આ બે પ્રકારના તત્ત્વજ્ઞાનીમાં ભેદ છે. એકનો પ્રયત્ન અત્યાર સુધી થયેલી શોધોને સમજી લેવાનો છે, બીજાનો એ સમજી એને આગળ વધારવાનો છે.



આ રીતે તત્ત્વજ્ઞાન એ જીવનનાં મૂળ અને અંતની શોધનું અનુભવો લઈ લઈને રચાયેલું શાસ્ત્ર છે. જેમ ભૌતિક વિદ્યાના સિદ્ધાન્તોની આખર કસોટી પ્રત્યક્ષ પ્રયોગરૂપે અનુભવમાં પાર ઊતરવાથી થાય, તેમ તત્ત્વજ્ઞાનના સિદ્ધાન્તોની કસોટી પણ પ્રત્યક્ષ અનુભવથી લેવાની છે. જેમ ભૌતિક વિદ્યાના સિદ્ધાન્તોની સત્યતાની સાબિતી દરેક જણ માગી અને મેળવી શકે, તેમ તત્ત્વજ્ઞાનના સિદ્ધાન્તોની સાબિતી દરેક જણ માગી અને મેળવી શકે. જેમ ભૌતિક શાસ્ત્રોમાં પ્રયોગ સિદ્ધ કરવા માટે અધ્યાપકનો આશ્રય અને તેની ઉપર શ્રદ્ધા — એટલે પ્રયોગ સિદ્ધ કરવા માટે લેવાના ઉપાયોની યોજના માટે એનાં વચનો ઉપર વિશ્વાસ —, તેમ તત્ત્વજ્ઞાનના સિદ્ધાન્ત અનુભવવા માટે ગુરુનો આશ્રય તથા તેની ઉપર શ્રદ્ધા.

હવે તત્ત્વજ્ઞાન એ કાલ્પનિક આશ્વાસન છે કે સત્ય સિદ્ધાન્ત એ પ્રશ્ન વિચારવાનો રહ્યો.

દરેક શાસ્ત્રને બે પ્રકારની ક્રિયાઓનો વિચાર કરવો પડે છે. ઇંદ્રિયગોચર ક્રિયા અને ઇંદ્રિયાતીત ક્રિયા. ક્ષારના કણમાંથી વીજળી પસાર થતી નથી, પણ તેને પાણીમાં ઓગાળવાથી તેમાંથી વીજળી પસાર થાય છે; તેજનાં કિરણો સૂર્યથી અહીં સુધી આવે છે, અમુક વસ્તુઓમાંથી પાર જાય છે, અમુકમાંથી નથી જતાં, અમુક વસ્તુમાંથી પાછાં થડકે છે, અમુકમાં વાંકાં થતાં માલૂમ પડે છે, અમુકમાંથી એક ગોઠવણીથી પસાર થાય છે, બીજીથી નથી થતાં; શબ્દનો અવાજ દૂરથી આવીને અથડાય છે — આ બધી ક્રિયાઓ ઇંદ્રિયગોચર છે; આ બધી ક્રિયાઓનું અવલોકન થયું. કેટલા પાણીમાં કયા પ્રકારનો કેટલો ક્ષાર ઓગાળવાથી વીજળીનો પ્રવેશ બહુ સારી રીતે થઈ શકે છે, કેટલા વેગથી કિરણો આવે છે, શામાંથી પાર જાય છે, શાના પરથી પાછાં થડકે છે, ક્યાં કેટલાં વાંકાં બને છે, કઈ ગોઠવણીમાં કિરણોનો પ્રતિબંધ ( polarisation ) થાય છે; ધ્વનિની ગતિઓ કેવા પ્રકારની છે, એ બધાના નિયમો પણ ઇંદ્રિયગોચર પ્રયોગોથી શોધી અને સાબિત કરી શકાય છે. પણ ક્ષારના દ્રવણમાંથી વીજળી શું કામ પસાર થાય

છે, અને ક્ષારને પાણીમાં ઓગાળવાથી એમાં શું કામ અને કેવો ફેરફાર થાય છે, વીજળી એ કયા પ્રકારની શક્તિ છે, તેજના કિરણનું રૂપ શું છે, ધ્વનિનું રૂપ શું છે—આ બધી ક્રિયાઓ અને શક્તિઓ ઇંદ્રિયાતીત છે; એટલે એકલી અથવા સાધનોની મદદ વડે પણ એ ક્રિયાઓ કે શક્તિઓને પ્રત્યક્ષ કરી શકાતી નથી, (નિદાન આજ સુધી પ્રત્યક્ષ કરી શકાઈ નથી).

માનવબુદ્ધિને એક વસ્તુનો નિશ્ચય થઈ ગયો છે. જે કાંઈ ક્રિયા થાય છે, શક્તિનું જે કાંઈ દર્શન થાય છે, તેની પાછળ કાર્યકારણભાવ રહેલો જ હોવો જોઈએ. એટલે, જે ઇંદ્રિયાતીત ક્રિયાઓ થાય છે તેમાં પણ કાર્યકારણભાવ કલ્પ્યા વિના બુદ્ધિની આકાંક્ષા તૃપ્ત થતી નથી. જે કાંઈ ગોચર થયું છે તેના અવલોકનને આધારે એનાં અગોચર કારણોને એ—માનવ બુદ્ધિની ભૂખ ભાંગે એવી કોઈ સયુક્તિક રીતે કલ્પવા મથે છે, અને એ કલ્પના કેટલે અંશે સયુક્તિક છે તે જોવા માટે કેટલે અંશે એ પ્રત્યેક ઇંદ્રિયગોચર ક્રિયાને સમજાવી શકે છે તે નિહાળે છે. આવી કાર્યકારણભાવને સમજાવનારી, અથવા વિવિધ શક્તિઓનાં સ્વરૂપને વર્ણવનારી કલ્પના એ વાદ (hypothesis, theory) કહેવાય. આ રીતે રસાયનનો અણુવાદ (atomic theory), વિદ્યુદણુવાદ (ionic theory), વિદ્યુત્કણવાદ (electron theory), સૂર્યમંડળવાદ (solar system theory), તેજ તથા વીજળીનો તરંગવાદ (vibration theory), શબ્દનો લોલવાદ (undulation theory) વગેરે વાદો છે. અમુક ઇંદ્રિયગોચર ક્રિયાઓનાં કાર્યકારણભાવને સમજાવવાને રચેલા એ બુદ્ધિવાદો છે, કલ્પનાઓ છે. એ એમ જ છે એવી કોઈ સાબિતી આપી શકાતી નથી. જ્યાં સુધી એ કલ્પનાથી સર્વ પ્રત્યક્ષ ક્રિયાઓનો બુદ્ધિને સંતોષનારો ઉકેલ મળી શકે, ત્યાં સુધી તે તે વિજ્ઞાનના શાસ્ત્રીઓ તેનો ઉપયોગ કરે છે. જ્યારે એવી કોઈક ક્રિયાનો ઉકેલ મળતો નથી, ત્યારે એ કલ્પનાને છોડી, વિશેષ સયુક્તિક કલ્પના કરવા એ મથે છે. પણ એવા ગમે તે વાદનો આધાર વિજ્ઞાનશાસ્ત્રી લે, તોપણ એ કદી વાદને સાબિત થયેલી વસ્તુ માનવાની



ભૂલમાં પડતો નથી. અમુક એક વાદને એવી હઠથી ગ્રહણ કરતો નથી કે જરૂર પડે એનો તે ત્યાગ ન કરે.

જે ભૌતિક શાસ્ત્રો વિષે સાચું છે, તે તત્ત્વજ્ઞાન વિષે પણ સાચું છે. જીવનની કેટલીક હકીકતો અને એનાં કારણો આપણે પ્રત્યક્ષ અનુભવથી જાણીએ છીએ; કેટલીક હકીકતો આપણે જાણીએ છીએ, પણ એનાં કારણો અપ્રકટ રહે છે. એ અપ્રકટ કારણોનાં સ્વરૂપ શોધવા મથનારી બુદ્ધિમાંથી વિવિધ પ્રકારના વાદો નિર્માણ થાય છે. આ રીતે માયાવાદ, લીલાવાદ, વિવર્તવાદ, પુનર્જન્મવાદ, આનુવંશવાદ, વિકાસવાદ, બંધન—મોક્ષવાદ—વગેરે સર્વે વાદો જીવનમાં જણાતી પ્રત્યક્ષ હકીકતોનાં અપ્રત્યક્ષ કારણોને સમજાવનારી કલ્પનાઓ છે. જેટલે અંશે જે વાદ વધારેમાં વધારે હકીકતોને સયુક્તિકપણે અને બનતી સરળતાથી સમજાવે તેટલે અંશે તે વાદ વધારે ગ્રાહ્ય ગણાય; પણ ગમે તેટલો કાળ એ વાદ ગ્રાહ્ય રહે તોપણ એ **વાદ** જ છે એ ભૂલવું ન જોઈએ; અને જેમ રસાયનશાસ્ત્રનો વાદ પ્રત્યેક રસાયનક્રિયાનો જ્યાં સુધી ઉકેલ આપી શકે ત્યાં સુધી જ ગ્રાહ્ય રહે, અને એનો સ્વીકાર પ્રત્યક્ષ ક્રિયાઓને સમજવા અને લાગુ પાડવા માટે જ રસાયનશાસ્ત્રી કરે તથા એની દૃષ્ટિ એ વાદના પ્રત્યક્ષ પુરાવા મેળવી એને સિદ્ધાંતરૂપે સ્થાપિત કરવા તરફ રહે, તેમ તત્ત્વજ્ઞાનના વાદો પણ પ્રત્યક્ષ જીવનની હકીકતને સમજાવવામાં ઉપયોગી થાય અને પ્રત્યક્ષ જીવનને સમાધાનપૂર્વક લાગુ પાડી શકાય ત્યાં સુધી અને તેટલા માટે જ સ્વીકારવા યોગ્ય છે.

આટલે સુધી ભૌતિક વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન વચ્ચે સમાનતા બતાવી. પણ તત્ત્વજ્ઞાનના ખેડાણમાં કેટલીક બીજી મુશ્કેલીઓ નડે છે, જે ભૌતિક વિજ્ઞાનના ખેડાણમાં નડતી નથી. આનું કારણ એ કે ભૌતિક વિજ્ઞાનનો સંબંધ સીધી રીતે બાહ્ય પદાર્થો સાથે છે. સુવર્ણને એક સ્વતંત્ર તત્ત્વ માનો કે કોઈક એક તત્ત્વ અને વિદ્યુત્કણ (electron)નું સૂર્ય—મંડળ માનો એથી સીધી રીતે આપણી અને સુવર્ણની વચ્ચેના વ્યવહારમાં ફરક પડતો નથી. પણ તત્ત્વજ્ઞાનને જીવન સાથે સીધો સંબંધ છે. જો તમે ચાર્વાકવાદ માનો તો જીવન અમુક રીતે

રચાવાનું, માયાવાદ માનો તો બીજી રીતે, લીલાવાદ માનો તો ત્રીજી રીતે; સમવાદ માનો તો એક રીતે, વિષમવાદ માનો તો બીજી રીતે; કર્મવાદ માનો તો એક રીતે, નિષ્કર્મવાદ માનો તો બીજી રીતે; એમ જે વાદ તમે સ્વીકારો તદનુસાર તમારા જીવનની રચના મોડી વહેલી પણ થવાની. એના ઉપર તમારાં સુખ, ભોગ, ઐહિક ઉન્નતિ વગેરેનો જ નહીં, પણ તમારા ચિત્તની સમતા અને શાંતિનો આધાર પણ રહેવાનો.

સુવર્ણની માફક જીવનને એક બાહ્ય પદાર્થ ગણીને એનું અવલોકન અને અધ્યયન કરી શકાતું નથી. એટલે જીવનના તત્ત્વની શોધ અતિશય કપરી થાય છે. અનેક દુસ્ત્યાજ્ય વૃત્તિઓ, વાસનાઓ, સંસ્કારો, લાલસાઓ, ભયો વગેરેથી જીવન એટલું રંગાયેલું હોય છે કે ભૌતિકશાસ્ત્રીની માફક કેવળ તટસ્થપણે એને વિષેનું સત્ય શોધવાનું થઈ શકતું નથી; જીવન વિષે સત્ય તત્ત્વજ્ઞાન શું છે એ જાણવાને બદલે બુદ્ધિનું વલણ નિરંતર પોતાની દુસ્ત્યાજ્ય વૃત્તિઓ, વાસનાઓ વગેરેને સયુક્તિક અને યોગ્ય ઠરાવે એવું તત્ત્વજ્ઞાન શોધવા તરફ હોય છે. આને પરિણામે ઉપર ગણાવેલી કાર્યકારણ ભાવોને સમજાવવા મથનારી વાદોની કલ્પનાઓ ઉપરાંત અનેક પ્રકારની ચિત્તાકર્ષક કલ્પનાઓ ઉત્પન્ન થાય છે અને તે તત્ત્વજ્ઞાનમાં ખપે છે. સ્વર્ગલોક, તપોલોક, ગોલોક, વૈકુંઠ, અક્ષરધામ, એક એકથી ચડિયાતાં સ્વર્ગો, પ્રલયકાળે થનારો ન્યાય, વગેરેની વિવિધ પ્રકારની કલ્પનાઓ આવી ચિત્તના રંગથી રંગાયેલી કલ્પનાઓ છે. એ કલ્પનાઓ રમ્ય છે, પણ એ તત્ત્વજ્ઞાન નથી અને સત્ય નથી એટલું જ નહીં, પણ સત્યને જાણવામાં વિઘ્નરૂપ છે. પણ આવી કલ્પનાઓ એક રીતે નિર્દોષ છે; કારણ કે એનો સંબંધ આજના પ્રત્યક્ષ અને વ્યક્ત જીવન સાથે સીધી રીતે નથી, પણ મરણ પછીની સ્થિતિ સાથે બહુધા સંબંધ રાખે છે, અને તેને લીધે એ કલ્પનામાં શ્રદ્ધા રાખનારને કંઈક આશાવંત કરનારી પણ થાય છે, અને એમાં જેટલી નિર્મળતા હોય તેટલી એને ઉન્નત કરનારી પણ થાય છે. વળી એનો તત્ત્વજ્ઞાન સાથે દૂરાન્વય પણ છે,



કારણ કે મરણ પછીની સ્થિતિ વિષેનો તત્ત્વદૃષ્ટિએ અનુમાન કરવાનો એમાં પ્રયત્ન છે. આવા કલ્પનાયુક્ત તત્ત્વજ્ઞાન વિષે એમ કહી શકાય કે એ એક મનોરમ સ્વપ્ન છે. પણ આવી જ ચિત્તના રંગથી રંગાયેલી અને તત્ત્વજ્ઞાનમાં ખપતી એવી પણ કલ્પનાઓ છે જેનો સંબંધ પ્રત્યક્ષ અને વ્યક્ત જીવન સાથે હોવાથી એટલી નિર્દોષ કહી શકાતી નથી. ઉદાહરણાર્થ, સુખ, ઐશ્વર્ય, ઋદ્ધિસિદ્ધિ, સૌંદર્ય, આનંદ વગેરેની લાલસા; એ પણ ચિત્તની દુસ્ત્યાજ્ય વૃત્તિઓ છે, અને બુદ્ધિનું વળણ એ બધાંને ન્યાય્ય અને યોગ્ય ઠરાવે એવું તત્ત્વજ્ઞાન શોધવા તરફ હોય છે. સત્યને શોધી તેમાં જેટલાં શિવ, સૌંદર્ય અને આનંદ હોય એટલાથી એને સંતોષ નથી. પણ ચિત્તને જે શિવ, સુંદર અને આનંદરૂપ લાગે છે તે સત્ય પણ છે એમ ઠરાવવા એ પ્રયત્નશીલ રહે છે. એના સિદ્ધાન્તો પણ તત્ત્વ-જ્ઞાનમાં ખપે છે, પણ એ અક્ષરધામની કલ્પના કરતાંયે સત્યથી વધારે વંચિત રાખનારા છે; કારણ કે એમાં સત્યની જિજ્ઞાસા કે શોધ નથી, પણ પૂર્વગ્રહોને ન છોડવાનો આગ્રહ રહેલો છે.

આ ઉપરાંત તત્ત્વજ્ઞાનની શુદ્ધિ-વૃદ્ધિમાં એક બીજો પણ પૂર્વગ્રહ નડતો હોય છે. ભૌતિક વિદ્યાનો સંશોધક પોતાને એવી રીતે બાંધી નથી લેતો કે હું એનું સંશોધન અંગ્રેજી પુસ્તકો દ્વારા જ કરીશ, અથવા સંસ્કૃત શાસ્ત્રો દ્વારા જ કરીશ; અથવા એમાં ડૉલ્ટનના મતને કે કેલ્વિનના મતને એવાં પ્રમાણભૂત માનીશ કે એમના કહેલા એક પણ શબ્દની સત્યાસત્યતા તપાસવાનું હું સાહસ કે પાપ નહીં કરું; અથવા અમુક એક પુસ્તકે એ વિદ્યાનું પૂર્ણ સંશોધન કરી નાખ્યું છે, એટલે હવે એ પુસ્તકોનું અધ્યયન કરવું, એના અર્થ બેસાડવા, અને એને સમજાવવા ભાષ્યો રચવાં એ જ મારું કર્તવ્ય રહે છે. પણ ભૌતિકશાસ્ત્રી એમ કહે છે કે હું ભાષા કે નીતિનું અભિમાન કરવા નથી બેઠો, પણ પદાર્થો તપાસવા બેઠો છું, હું મતોની પૂજા કરવા નથી બેઠો પણ સત્યની શોધ કરવા બેઠો છું, અને શાસ્ત્રોને ખેડવા નથી બેઠો, પણ વિદ્યાને ખેડવા બેઠો છું, માટે હું દરેક પુસ્તકનું દરેક વાક્ય વાંચીશ,

વિચારીશ, પણ પુરાવા વિના નહીં માની લઉં. તત્ત્વજ્ઞાનના વિષયમાં આપણી વૃત્તિ એથી ઊલટી હોય છે. દરેક પ્રજાએ પોતાના તત્ત્વજ્ઞાન વિષે એમ માન્યું છે કે એમાં પૂર્વના મુનિઓ કે પેગંબરોએ બધું પૂરું કરી રાખ્યું છે, એમાં હવે સુધારો–વધારો કરવાનો અવકાશ જ નથી; એમના વચનોને કસોટીએ ચડાવવાનાં જ નથી. હવે જે કરવાનું છે તે એમનાં વાક્યોનો અસંબંધ જણાય ત્યાં સુસંબંધ થાય એવા અર્થો કાઢવાનું, વિસ્તારથી સમજાવવાનું, બને તો બધાનો મત એક જ છે એમ સિદ્ધ કરવાનું, નહીં તો કોઈક એકનો સ્વીકાર કરી તેનું દર્શન સ્વીકારવાનું. આ રીતે તત્ત્વજ્ઞાન એ ખીલતી ફાલતી વિદ્યા મટી કેવળ શાસ્ત્રાર્થ કરવાનો વિષય બની જાય છે. હું ડૉલ્ટન મતનો રસાયનશાસ્ત્રી છું અને હું કેલ્વિન મતનો રસાયનશાસ્ત્રી છું એમ કોઈ વિજ્ઞાનશાસ્ત્રી નથી કહેતો; પણ તત્ત્વજ્ઞાની પોતાને શાંકર, રામાનુજી, ઇસ્લામી, ખ્રિસ્તી વગેરે મતોનો જ કહેવડાવવામાં અભિમાન માને છે. જો એ બધાનો મત એક હોય તો અમુકનો કહેવડાવવામાં અર્થ નથી; અને બધાનો મત એક ન હોય, તો એમાંના દરેકનો મત સત્ય ન હોઈ શકે, અને કદાચિત્ સર્વેના મતમાં કાંઈક ભૂલ અને કાંઈક સત્ય દૃષ્ટિ રહી હોવી જોઈએ એ દેખીતું છે. તો સત્યના શોધક તરીકે તત્ત્વજ્ઞાનીનો એ જ ધર્મ હોઈ શકે કે દરેકના મતને કસોટીએ ચડાવવો. પૂર્વનાં શાસ્ત્રો અને તેના પ્રણેતાઓ વિષે સંપૂર્ણ આદર છતાં એ કોઈના પણ વાક્યને કસોટીએ ચડાવી જ ન શકાય એ રીતે એ પોતાને બાંધી ન લઈ શકે. છતાં તત્ત્વજ્ઞાનના વિષયમાં એવું બન્યું છે. આપણા દેશમાં ઉપનિષત્કાળ પછી જાણે એ વિદ્યાની સમાપ્તિ કરી દીધી છે. પછી કેવળ વેદ અને ઉપનિષદ્ વિદ્યા પર સૂત્રો રચવાં, ભાષ્યો કરવાં, ટીકાઓ કરવી, એનું વિવરણ કરવા પુરાણો રચવાં, કથાઓ જોડવી, અને એનું અધ્યયન કરી કરી જુદા જુદા અર્થોની સમાલોચના કરવી એમાં જ તત્ત્વજ્ઞાનીઓએ કે પંડિતોએ પોતાની કૃતકર્તવ્યતા સમજી લીધી છે. વિદ્યાની શુદ્ધિ–વૃદ્ધિ લગભગ અટકી પડી છે; કારણ કે શોધનની



વૃત્તિમાં જ નાસ્તિકતા સમજાઈ છે; અને કોઈકે કાંઈક ઉમેર્યું છે તો તે પાછલે બારણે; એટલે જૂનામાંથી જ પોતાને અનુકૂળ ધ્વનિ નીકળે છે એવું બતાવવાનો પ્રયાસ કરીને. જેવું આપણા દેશમાં છે, તેવું જ મુસલમાન કે ખ્રિસ્તી ધર્મોમાં પણ છે. જેમ ભૌતિક વિદ્યાઓ કોઈ દેશ કે ધર્મની ખાસ મિલકત નથી, તેમ તત્ત્વજ્ઞાન પણ સાર્વજનિક વિદ્યા છે એ સ્વીકારાયું નથી. આથી તત્ત્વજ્ઞાનની શુદ્ધિ–વૃદ્ધિ અટકી પડી છે, એટલું જ નહીં, પણ જીવ હંમેશાં એટલો ભ્રમયુક્ત જ રહે છે.

ભૌતિક વિદ્યાઓ દિવસાનુદિવસ આગળ વધતી જાય છે પણ એનો અર્થ એ નથી કે પુરાતન કાળની ભૌતિક વિદ્યા તદ્દન જ અસત્ય ઠરે છે. પ્રકૃતિના કેટલાક નિયમોનું જ્ઞાન જરૂર એટલા જૂના કાળથી શોધાયેલું છે કે એ જ્ઞાન ભૂલભરેલું છે એમ સૈકાઓની પ્રગતિ પછી પણ કહેવાનો પ્રસંગ આવતો નથી; અને ઊલટું એની સત્યતા વિષે જેમ જેમ કાળ જાય છે તેમ તેમ વધારે ખાતરી જ થાય છે. જેટલું સત્ય આ રીતનું હોય છે તેમાં કશો સુધારો–વધારો કરવાપણું રહેતું નથી; પણ એ વિદ્યાની શુદ્ધિ–વૃદ્ધિ એટલે પૂર્વની શોધોમાં રહેલી ભૂલની શુદ્ધિ અને અણખેડાયલા ક્ષેત્રનું ખેડાણ એમ સમજવું. એ જ પ્રમાણે તત્ત્વજ્ઞાનમાંયે કેટલાંક સનાતન સત્યોની શોધ એટલા લાંબા કાળથી થઈ છે કે જેમ જેમ કાળ જાય છે તેમ તેમ એની પ્રતીતિ દૃઢ જ થતી જાય છે. એ શોધમાં સુધારો–વધારો કરવાનો અવકાશ નથી રહેતો. પણ એના ક્ષેત્રમાં આવતા કેટલાક વિષયોમાં ભૂલ અને અજ્ઞાન હોવાનો સંભવ છે જ. એ ભૂલની શુદ્ધિ અને અજ્ઞાત વિષયોનું શોધન એ તત્ત્વજ્ઞાનની શુદ્ધિ–વૃદ્ધિ છે.

તત્ત્વજ્ઞાનના વિષયમાં એક બીજો પણ વહેમ વસે છે, જેને લીધે સામાન્ય માણસો તત્ત્વજ્ઞાનીને વિષે વિચિત્ર ભ્રમણાઓ ધરાવે છે અને તત્ત્વજ્ઞાનમાંયે વિચિત્ર કલ્પનાઓ પેસી જાય છે. રસાયનશાસ્ત્રી જ્યારે હીરાને અને કોલસાને એક તત્ત્વ કહે છે, ત્યારે કોઈને એમ નથી લાગતું કે એની દૃષ્ટિએ હીરો કાળો અથવા કોલસો સફેદ

દેખાતો હશે, અથવા એ હીરાને કોલસાને મૂલે ખરીદવા કે વેચવા તૈયાર હશે. પણ જ્યારે તત્ત્વજ્ઞાની જગતનું તત્ત્વ એક જ છે એમ કહે છે, અથવા દૃશ્ય જગતનું સ્વરૂપ માયા કે કલ્પના છે એમ કહે છે, ત્યારે સામાન્ય માણસો એમ માને છે કે એને હીરો અને કોલસો એક જ સરખા દેખાતા હશે, અથવા એને નજર આગળની ભીંત દેખાતી જ નહીં હોય! અલબત્ત, આવો ખ્યાલ બાંધવા માટે તત્ત્વજ્ઞાનની નિરૂપણ–પદ્ધતિ જ જવાબદાર છે; અને આવો ખોટો ખ્યાલ ઉત્પન્ન થઈ શકે છે, માટે જ એમાં શુદ્ધિ–વૃદ્ધિને અવકાશ છે એમ હું કહું છું. વસ્તુતઃ જેમ રસાયનશાસ્ત્રી પોતાનાં ઊંડાં અવલોકન, પ્રયોગ અને વિચારથી સામાન્ય માણસની ઉપરછલી દૃષ્ટિએ ન જણાતી અત્યંત ભિન્ન દેખાતા હીરા અને કોલસા વચ્ચેની એકરૂપતા જુએ છે, તેમ તત્ત્વજ્ઞાની વિષે પણ છે. રસાયનશાસ્ત્રીને જણાતી હીરા અને કોલસાની એકતત્ત્વતા કાલ્પનિક નથી, અથવા એના શબ્દ ઉપર શ્રદ્ધા રાખો તો જ તમે પણ એને જોઈ શકો એમ નથી; પણ એ તમને પ્રયોગો વડે એ એકરૂપતા સાબિત કરી આપે. એ જ પદ્ધતિ તત્ત્વજ્ઞાન વિષે પણ છે અને હોવી જોઈએ. ઉપરછલી દૃષ્ટિએ જે ધર્મો નથી શોધી શકાતા તે ઊંડાં અવલોકનથી શોધી કાઢવા અને એ અવલોકનના પરિણામોને પદ્ધતિસર દર્શાવવાં એનું નામ શાસ્ત્ર. તત્ત્વજ્ઞાન વિષે આ નથી સમજાયું તેને લીધે જ શ્રદ્ધાનો ભલતો જ અર્થ કરવામાં આવ્યો છે, અને સર્વના અનુભવમાં ન આવતી અને ન આવી શકતી કેટલીક કલ્પનાઓને શ્રદ્ધાના ભલતા જ પ્રયોગથી સિદ્ધ કરવા પ્રયત્ન થયા છે. આવું આવું જેટલું તત્ત્વજ્ઞાનમાં ભળેલું છે તે શાસ્ત્ર નથી પણ (ઘણી વાર ચિત્તાકર્ષક) કલ્પના છે.

ભૌતિકશાસ્ત્રો અને તત્ત્વજ્ઞાન વચ્ચે ઉત્તર–દક્ષિણના જેવો વિરોધ છે એવું આપણે ત્યાં કહેવાનો પ્રચાર છે. આને હું ભૂલ સમજું છું. ભૌતિકશાસ્ત્રો પ્રકૃતિના કોઈ એક વચલા સ્થાનેથી વિસ્તાર ભણી પોતાની શોધો ચલાવે છે, તત્ત્વજ્ઞાન એ સ્થાનથી પાછળ જઈ મૂળ સુધી શોધ લઈ જવા મથે છે એટલો જ એમાં



ભેદ છે. સાંખ્ય, વેદાંત, જૈન ગમે તે દર્શન લો; એનો વિચાર કરતાં જણાશે કે એ બધામાં ૯૯/૧૦૦ ભાગ ભૌતિકશાસ્ત્ર (અને આજની વૈજ્ઞાનિક દૃષ્ટિએ ઘણી વાર ભૂલભરેલું ભૌતિકશાસ્ત્ર) છે. તત્ત્વજ્ઞાનના સાધકના એક હજાર દિવસમાંથી ૯૯૯ દિવસ પ્રકૃતિને જ સમજવામાં જતા હશે. આ અનિવાર્ય જ છે. કારણ કે પ્રકૃતિને સમજ્યા વિના તત્ત્વજ્ઞાન સમજાતું નથી, અને જેટલી પ્રકૃતિને સમજવામાં ભૂલ રહે છે તેટલી ભૂલ તત્ત્વજ્ઞાનમાંયે દાખલ થયા વિના રહેતી નથી. તત્ત્વજ્ઞાન એ કાલ્પનિક શાસ્ત્ર છે, એમ માન્યતા થવાનું કારણ આવી ભૂલો છે.

હવે તમારો એક પ્રશ્ન રહ્યો. ભોગોનું—વાસનાઓનું નિયમન કરવું ઘટે કે વાસનાઓનો ઉચ્છેદ કરવો જોઈએ? હીરા વિષે તમારે રાસાયનિક સત્ય જાણવું હોય તો તમે હીરાને રાખવાનો પણ લોભ રાખો અને સત્ય પણ શોધો એ બે બનશે? હિમાલયને શિખરે પહોંચવું હોય અને હિમાલય સહેવો ન હોય એ બે બનશે? બીજને વપરાવા ન દેવું અને પાક મેળવવો એ બે બનશે? તેમ જીવન વિષેના સત્યની શોધ કરવી, અને તેને માટે જીવનને કસોટીએ ન ચડાવવું એ બે કેમ બને? તમારા ભોગ–વિલાસો કાયમ રહે, કામનાઓ ફાલતી રહે અને તમને જીવન વિષેનું સત્ય મળે—એ જીવનને પ્રયોગશાળામાં લેવાનો ઇન્કાર કરી જીવન સમજવા મથવા બરાબર છે. કોઈ સામાન્ય ભાવનાને સિદ્ધ કરવી હોય, તોયે જીવનની ભોગની તૃષ્ણાને અંકુશમાં રાખવી પડે છે. પૈસો કમાવાની વૃત્તિને પોષવા માટે પણ માણસ દૂર દેશાવર ખેડે છે, કુટુંબથી વિખૂટો થાય છે, ટાઢતડકા, ભૂખતરસ વેઠે છે, કરકસર, સંયમ પાળે છે; સ્વાતંત્ર્ય માટે માણસ જાનમાલને કુરબાન કરે છે; પાતિવ્રત્યની ભાવનાને શિખરે પહોંચવા સ્ત્રી ચિતામાં બળી મરે છે; તો સર્વ વિદ્યાથી અતિશય ગહનવિદ્યા, અવિચળ શાંતિનો જે ઉપર આધાર રહ્યો છે, તે સહેલાઈથી કેમ પ્રાપ્ત થઈ શકે? ભૌતિક વિદ્યાઓનો સંશોધક આખું જીવન એને જ સમર્પી દે છે ત્યારે જીવનને અંતે એકાદ બે અવિચળ નિયમોની શોધ માંડ કરી શકે છે. જો તત્ત્વજ્ઞાનીએ જીવન

સમજવું હોય, તો એણે ઓછામાં ઓછું એટલું સમર્પણ તો કરવું જ જોઈએ કે નહીં? અને જીવન એ બાહ્ય પદાર્થ નથી, એમાં જેટલા પૂર્વગ્રહને વળગી રહીએ તેટલા તત્ત્વજ્ઞાનથી વેગળા જ થઈએ, તત્ત્વજ્ઞાન જીવનના વિકાસના પ્રશ્ન સાથે જ મજબૂત રીતે જોડાયલું છે એ વસ્તુઓ ખ્યાલમાં રાખીએ તો વાસનાઓનો અંત લાવવાના નિર્ણય પર આવ્યા વિના છૂટકો ન થાય. જીવન વિષેના સત્યની પ્રાપ્તિ એ ઉત્તરધ્રુવની શોધ છે; ઉત્તરધ્રુવ એ જ ધ્યેય; ત્યાં જતાં સુખ આવશે, દુઃખ આવશે, જીવતાં અવાશે કે ખપી જવાશે એ વિચાર અસ્થાને છે. તેમ સત્યની પ્રાપ્તિને જ જે ધ્યેય રાખે, તેને તે પ્રાપ્તિમાં સુખ આવે કે દુઃખ, આયુષ્ય વધે કે ઘટે, આનંદ થાય કે શોક એ વિચારો જ અસ્થાને છે.

પણ વાસનાઓનો અંત આણવાની રીત છે. હાથને માટી વળગી હોય અને તેને ખંખેરી કે ધોઈ નાખીએ તેમ વાસના ખંખેરી કે ધોઈ નાખી શકાતી નથી; અથવા જેમ રોપાને મૂળમાંથી ઉખેડી નાખીએ તેમ એનો ઉચ્છેદ થઈ શકતો નથી. પણ (જ્યારે સાબુ વપરાતો નહીં ત્યારે) જેમ ઘાસલેટની વાસ કાઢી નાખવાને નાગરવેલના પાનને હાથ ઉપર ચોળવામાં આવતાં, તેમ મલિન તથા સ્વસુખની જ વાસનાઓને શુદ્ધ તથા પરોપકારની વાસનાઓમાં ફેરવવી, અને એવી શુભ વાસનાઓની વિવેકથી શુદ્ધિ કરવી; તથા તેને એટલી પોષવી કે એ વાસનારૂપે રહે જ નહીં, પણ એ કેવળ સાત્ત્વિક પ્રકૃતિરૂપે સહજ ગુણ બનીને રહે. એવો વાસનાનો અંત લાવવાનો માર્ગ થઈ શકે.

એટલે વાસનાનો ઉચ્છેદ એવા શબ્દો હું નથી વાપરતો, પણ વાસનાની ઉત્તરોત્તર શુદ્ધિ કરવી એમ કહું છું. અશુભ વાસનાનો શુભ વાસના વડે ત્યાગ કરવો, અને શુભ વાસનાને નિર્મળ કરતા જવું. જેમ અત્યંત ઝીણું કરેલું અંજન આંખમાં ખૂંચતું નથી, જેમ ફૂલનો સૂક્ષ્મ પરાગ વાતાવરણને બગાડતો નથી, તેમ વાસનાનું અત્યંત નિર્મળ સ્વરૂપ ચિત્તને કે જગતને અશાંતિકર થતું નથી. નિર્વાસનિકતા અને આની વચ્ચે ભેદ નથી.



જીવન અને જગત દુઃખરૂપ કે મિથ્યા છે એવો પણ તમારો ગ્રહ બંધાયેલો જણાય છે. બુદ્ધનાં ચાર આર્ય સત્યોમાં આ પહેલું આર્ય સત્ય છે એમ તમે જણાવ્યું છે. હું એ જાણતો નથી. શ્રી કોસંબીજીનાં પુસ્તકો પરથી હું એ જુદી રીતે સમજ્યો છું, અને તેનો જેવો અર્થ હું કરું છું, તેવો 'બુદ્ધ અને મહાવીર'[૧] માં સમજાવ્યો છે. વસ્તુતઃ જીવન અને જગત દુઃખરૂપ છે કે સુખરૂપ છે એવો એકાંતિક સિદ્ધાંત કરવો જ શક્ય નથી. બૌદ્ધ પરિભાષામાં કહું તો વ્યક્ત જીવનમાં અનુકૂળ વેદનાઓ પણ થાય છે અને પ્રતિકૂળ વેદનાઓ પણ થાય છે; પ્રતિકૂળ વેદનાઓ થાય જ નહીં એ સ્થિતિએ પહોંચવું અસંભવિત છે. આવી વેદનાઓ પૈકી કેટલીક નૈસર્ગિક કારણોને લઈને અનુકૂળ પ્રતિકૂળ લાગે છે, કેટલીક આગ્રહપૂર્વક પોષેલી રસવૃત્તિની કલ્પનાઓને લઈને તેમ લાગે છે. અગ્નિ ચામડીને લાગે ત્યારે જે પ્રતિકૂળ વેદના થાય છે, તે નૈસર્ગિક કારણને લીધે છે; પોતે માનેલી ફૅશન પ્રમાણે ન થયેલું પહેરણ પહેરવાથી થતી પ્રતિકૂળ વેદના કલ્પનાના બળને લીધે છે. આ અંતિમ દૃષ્ટાન્તો છે; પણ સર્વ વેદનાઓના આવા બે વિભાગ પાડી શકાય. જ્યાં સુધી ભાન છે ત્યાં સુધી નૈસર્ગિક વેદનાઓની અનુકૂળતા–પ્રતિકૂળતા જણાયા વિના ન રહે; એને ધૈર્યથી સહન કરવાની, અને પ્રતિકૂળ હોય તો નિવારવાના ઉપચારો કરવાના. કલ્પનાપોષિત વેદનાઓથી થતાં સુખ–દુઃખ કેવળ વિવેક વિચાર હોય તો દૂર થઈ જાય.

આ રીતે મારી વિચારસરણી છે. એથી તમારું કેટલું સમાધાન થશે તે હું કહી શકતો નથી. જેટલું ઉપયોગી જણાય તેટલું લેશો.

---

૧. ભારતીય સાહિત્ય સંઘ તરફથી પ્રકાશિત.

## ૨

# જીવનનો અર્થ[1]

સ્વામી આનંદ એક જણનો કિસ્સો કહે છે:

એક ગોરક્ષાપ્રચારક હતા. જે પ્રસંગ મળે તેમાં ગાયના મહિમા પર ભાષણ આપતા, ચિત્રવિચિત્ર દલીલો કરતા. દા. ત. ચૂનો ધોળો કેમ છે? કેમ કે, ગાયનું દૂધ ધોળું છે. બગલો ધોળો કેમ છે? કેમ કે, ગાયનું દૂધ ધોળું છે. ખાદી ધોળી કેમ છે? કેમ કે, ગાયનું દૂધ ધોળું છે; વગેરે વગેરે.

આ દલીલો આપણને કાંઈક ચસકેલા મગજની નિશાનીરૂપ લાગશે.

જીવનનો અર્થ શું એ સવાલનો જવાબ આપતાં આવી જ દલીલો થવાનો ભય છે. નીચે મુજબ એક પ્રશ્નોત્તરી કલ્પી શકાય.

પ્ર૦ — માનવજીવનના વિસ્તારનો અર્થ શું?

ઉ૦ — જે બીજા સૂક્ષ્મ કીટાણુથી માંડી સિંહ—હાથી સુધીના જીવનનો છે તે જ.

પ્ર૦ — તેમના જીવનનો શો અર્થ છે?

---

૧. પ્રખ્યાત અમેરિકન વિદ્વાન વિલ ડ્યુરેન્ટે જગતના કેટલાક સમર્થ પુરુષોને નીચેના પ્રશ્નો પૂછ્યા હતા:

"આ માનવી જીવનનો શું અર્થ છે? આ સમસ્ત સંસારનો પસારો નિરર્થક નથી લાગતો શું?

"જ્ઞાનવિજ્ઞાનની આટલી શોધો છતાં માનવસુખની ક્યાંય ઝાંખી નથી થતી તો દમ દબાવીને જ્ઞાનની પાછળ શા માટે દોડવું?

"આ માનવી જીવનનું અંતિમ તત્ત્વ શું છે? તમને કાર્ય કરવાની પ્રેરણા શેમાંથી મળે છે? તમારી શ્રદ્ધા શેમાં છે? ધર્મનો તમને આધાર મળે છે કે? તમારી શાંતિ, સમાધાન અને વિસામો કોના ઉપર નિર્ભર છે? તમે કોના આધારે જીવનનો આ મહાન આરંભસમારંભ કરો છો?"

મુંબઈના સાપ્તાહિક 'યુગાન્તર'ની વિનંતિથી એ પ્રશ્નનો લેખકે આપેલો જવાબ.



ઉ૦ — પૃથ્વીની ઉત્પત્તિનો છે તે જ.

પ્ર૦ — પણ તેનોય શો અર્થ છે?

ઉ૦ — સમગ્ર બ્રહ્માંડનો જે છે તે જ.

પ્ર૦ — પણ શા માટે આ બધો બ્રહ્માંડનો વિસ્તાર?

ઉ૦ — કોઈ માને છે કે એ બધી ભગવાનની લીલા છે; કોઈ માને છે કે આ બધું દેખાય છે તે કેવળ માયા છે; અજ્ઞાનને લીધે દેખાતો ભાસ છે. કોઈ કહે છે કે ભગવાનનો વિવિધ રૂપે આવિષ્કાર છે.

પ્ર૦ — પણ એ બધામાં સાચું શું? તમે શું માનો છો? અને શા માટે એ લીલા, માયા, આવિષ્કાર, વગેરે જે કહો તે છે.

ઉ૦ — એ વિશ્વના આત્માનો સ્વભાવ જ છે.

પ્ર૦ — પણ શા અર્થે એના આત્માનો આવો સ્વભાવ છે? એ સ્વભાવનું પ્રયોજન શું છે?

આમ અખૂટ પ્રશ્નમાળા ચલાવતાં રહેવાય, અને છતાં જ્યાં હતા ત્યાં ને ત્યાં જ રહેલા હોઈએ.

કારણ કે, એ પ્રશ્નનો સાચો ઉત્તર એ છે કે "જાણતા નથી."

પણ "જાણતા નથી" એમ કહેવાથી તૃપ્તિ થતી નથી. જે અનુભવથી નથી જાણતા, તેને વિષે કલ્પના કરવાની ચળ આવે છે; "કાંઈ ખુલાસો આપી શકતા નથી," એમ કહેતાં સ્વાભિમાનને ધક્કો લાગે છે. પછી શાણા માણસો જુદી જુદી કલ્પનાઓ કરી તેનો જવાબ શોધે છે. ઉપરની પ્રશ્નોત્તરીમાં છેવટનો ઉત્તર હતો, "આત્માનો એ સ્વભાવ જ છે." ખરું જોતાં, એ "જાણતા નથી"-નો જ અનુવાદ છે. કારણ કે છેલ્લા પ્રશ્નનો ઉત્તર એટલો જ આપી શકાય કે "સ્વભાવનો અર્થ જ એ છે કે પદાર્થથી છૂટો ન પાડી શકાય એવો તેની સાથે જોડાયેલો ગુણ." ગાયને ગળે ઝાલર કેમ છે? કારણ કે તે ગાય છે, ઝાલર ન હોત તો તે ગાય ન કહેવાત. તેમ ઊપજવું–ઉપજાવવું, ફેલવું–ફેલાવું, સંકેલવું–સંકેલાવું વગેરે વિશ્વના મૂળમાં રહેલા તત્ત્વનો સ્વભાવ જ છે. એવો એનો સ્વભાવ ન હોત તો તે તત્ત્વનું અસ્તિત્વ જ શું હોત?

મતલબ કે, વ્યક્તિનું જીવન, માનવ જીવન, ઇતર જીવન કે જડ સૃષ્ટિ — સૌ કાંઈ વિશ્વજીવનનો એક અંશ જ છે, અને તે ઉત્પત્તિ–સ્થિતિ–પ્રલયના ચક્રમાં ચાલ્યા કરે છે, એ આપણો તેના વિષેનો અનુભવ છે. આ ચક્ર કોઈ હેતુથી ચાલતું હોય, તો તે હેતુ વિષે આપણે નિશ્ચયપણે કશું જાણતા નથી. અને હેતુ ન જાણતા હોવાથી, તે વિષે કલ્પના કરવાને બદલે તે એનો સ્વભાવ જ છે એમ કહેવું વધારે યોગ્ય છે.

મનુષ્ય જન્મે છે, જીવે છે અને મરે છે. જીવન દરમ્યાન તેઓ સમાજો અને સભ્યતાઓ ઉપજાવે છે, વિસ્તારે છે અને સંકેલે છે, અથવા તેના ઉત્પત્તિ, વિસ્તાર અને સંકેલનાં નિમિત્ત થાય છે. છેવટે તેઓ જાતેયે સંકેલાઈ જાય છે. આમ અનેક વાર બની ગયાનું ઇતિહાસમાં સાંભળ્યું છે. તે પરથી "ઘાંચીનો બળદ સો ગાઉ ચાલે તોયે જ્યાં ને ત્યાં" એવું ઘણી વાર લાગે છે. અને તેથી આ બધી ઘડભાંગની આખર મતલબ શું છે એ પ્રશ્ન ઊઠ્યા કરે છે. તેના ઉત્તરરૂપે નિશ્ચિત જ્ઞાન તો મળતું નથી, કેવળ કોઈક કલ્પના ઉત્પન્ન થાય છે. તેથી કેટલાકને તાત્કાલિક સમાધાન ભલે થાય, પણ છેવટનું સમાધાન થતું નથી. કારણ છેવટનું સમાધાન કલ્પનામાં નથી, અનુભવસિદ્ધ જ્ઞાનમાં છે. અને તેની શક્યતા ન હોય તો વસ્તુના સ્વભાવ તથા તે સ્વભાવના નિયમોને જાણી તેમાંથી જીવનને ઘડવાના નિયમો શોધવામાં છે.

*

વ્યક્તિ પોતે જન્મને નોતરીને લાવતો નથી. નિદાન એમ કર્યાનું એને સ્મરણ નથી. તે આપણને અણમાગ્યું મળ્યું છે. અને છતાં, ક્વચિત જ કોઈ મરણને નોતરવા ઇચ્છે છે. કેટલાક ક્ષણિક આવેશમાં ભલે તેમ કરે, પણ ઘણાખરા માણસો તો અનિચ્છાએ જ મરે છે.

એક જમાનામાં હજાર–બેહજાર કે તેથીયે વધુ વર્ષનું સામાન્ય આવરદા હતું એમ પુરાણોમાં છે. વાતો ખરી હશે એમ માની લઈએ, તોયે તેનોયે અંત તો આવ્યો જ. પાંચ હજાર વર્ષ જીવનારા પણ વધારે જીવવાની ઇચ્છા નહીં ધરાવતા હોય



એમ ખાતરી નથી. કેટલાકને ધનની કદી તૃપ્તિ થતી નથી પણ અમુક હદ પછી તેથી સંતુષ્ટ થનારા ઘણા મળશે. પણ વધારે આવરદાનાં વર્ષો ન ઇચ્છનારા થોડા હોય છે.

અણમાગી મળેલી ચીજને છોડવી ન ગમે તો તે મનભાવતી બક્ષિસ જ લાગે છે એમ કહેવું જોઈએ. ત્યારે જીવન શું કામ છે, એ પ્રશ્ન જ અપ્રસ્તુત છે; એ તમને ગમે છે એટલું બસ છે. ન ગમતું હોય તો તેને છોડી દેવાનો માર્ગ સૌને માટે ખુલ્લો છે.

પણ જીવન ગમે છે તેથી તે સદાયે રહે એમ પણ બનવાનું નથી. કેટલાક ચિરંજીવ છે, એમ કથાઓ કહે છે. પણ આપણે કદી તેમને મળ્યા નથી, કે આપણા પરિચિતોમાંથી કોઈને મળેલાની વિશ્વાસ લાયક સાબિતી નથી. આ વાંચનારમાંથી કોઈ ચિરંજીવ રહેવાની ઉમેદ સેવતો હશે કે કેમ તે શંકા જ છે. એટલે આ અણમાગી ભેટ પાછી છોડવી પડવાની જ છે એમ માનીને ચાલીએ. રોગ, ઘસારો* કે હિંસાથી નહીં, તો કોઈક દિવસ અકસ્માતથીયે તેને છોડ્યે જ છૂટકો છે. જે ધરતી પર આપણે ઊભા છીએ, તે જ નાશ પામશે, તો પછી આપણી પોતાની શી વાત?

વધારેમાં વધારે માણસ એટલી શોધખોળ કરી શકે કે રોગ, ઘસારો કે હિંસાથી મરણ ન આવે. એ સિદ્ધિ હજુ સૌને માટે સુલભ થઈ નથી. ઊલટું, મનુષ્ય જે રીતે જીવન જીવે છે, તે જાણે, રોગ, ઘસારો તથા મૃત્યુ બીજાઓને પહોંચાડવાનો જ તેનો ઉદ્દેશ હોય તેવી રીતનું છે.

ખરું પૂછતાં, જીવનનો અર્થ શું, એ સવાલનો કાલ્પનિક ખુલાસો મેળવવાનાં ફાંફાં મારવા કરતાં, જે એક માર્ગ આપણી પાસે ખુલ્લો છે તે જ ખેડીએ એ વધારે મહત્ત્વનું છે. તે એ કે આ અણમાગી ભેટનું આપણે સ્વરૂપ તપાસીએ, તેના અચળ કે

* ઘડપણને બદલે ઘસારો શબ્દ ઇરાદાપૂર્વક વાપર્યો છે. વયના પરિણામરૂપ ઘસારો સૃષ્ટિના નિયમાનુસાર કદાચ અનિવાર્ય પણ હોય. તે ઘડપણની જરા. પણ તે ઉપરાંત ભૂખમરો, અતિશ્રમ, સ્વચ્છંદ કે, નિયમહીન જીવન વગેરેને લીધે ગમે તે વયે ઉત્પન્ન થતી જરા તે ઘસારો.

ચળ નિયમો જાણીએ, અને તેનો વધારેમાં વધારે તથા સારામાં સારો ઉપયોગ કરવાનો, તથા તે ભેટને છેલ્લી ક્ષણ સુધી બને તેટલી તાજી અને નવા જેવી રાખવાનો પ્રયાસ કરીએ.

જીવનને નવી વણેલી ચાદર સાથે સરખાવીને કબીર કહે છે :

સો ચાદર સુર–નર મુનિ ઓઢી,
ઓઢી કે મેલી કિની ચદરિયા,
દાસ કબીર જતનસે ઓઢી,
જ્યોં કી ત્યોં ધરિ દિની ચદરિયા.

*

માણસ બુદ્ધિમાન હોવાનો ફાંકો રાખે છે પણ એ ફાંકો તો બે વર્ષનું બાળક દીવાસળીની પેટી ગજવામાં રાખવાનો અને તેને સળગાવતાં આવડવાનો ફાંકો રાખે, તેના જેવો છે. દીવાસળીની પેટી તેની પાસે છે, અને તેને એ સળગાવતાં આવડે છે તે કરતાં વધારે મહત્ત્વની વસ્તુ દીવાસળીનો ઉપયોગ ક્યાં કરવો તેનો વિવેક તેને છે કે નહીં તે છે; તેમ માણસ બુદ્ધિ ધરાવે છે એટલે કે તરેહ તરેહની વૈજ્ઞાનિક માહિતી અને યુક્તિઓ જાણે છે અને શોધી શકે છે, તે કરતાં તેનો કેવો ઉપયોગ કરવો તે આવડવું તે વધારે મહત્ત્વનું છે.

આજે આપણને આપણી પોતાની પ્રગતિ પ્રત્યે અહો–અહો થઈ રહ્યું છે. જોતજોતામાં કેટલું વિજ્ઞાન ખેડાયું છે, અને ઝપાટાબંધ ખેડાતું જાય છે! પંદર મિનિટમાં સૃષ્ટિમાં ભયંકર ઉલ્કાપાત મચાવી શકાય તેટલે સુધી વિજ્ઞાનનો વિકાસ થશે એવા ભણકારા વાગે છે. પુરાણોએ ભગવાનનો મહિમા ગાતાં કહ્યું છે કે "તેની ભ્રૂકુટિના વિલાસમાત્રથી બ્રહ્માંડોનો પ્રલય થાય છે." આ સિદ્ધિ તો આજે માણસના હાથમાં આવવા લાગી છે. ચંદ્ર અને મંગળ, અને ગુરુ તથા શનિ સાથેયે સંપર્ક સાધવાની કળા વૈજ્ઞાનિક શોધી કાઢશે એવી એને ઉમેદ આવી છે. ભોગસિદ્ધિ અને રોગના પણ અનેક ઇલાજો શોધાઈ રહ્યા છે. હિંસા કરવાના અને તેની સામે બચવાના પણ નવા નવા માર્ગો ખોળાય છે.



પણ રોગ, ઘસારો અને હિંસાને જીવનમાં સ્થાન જ ન મળે, ન પોતાને લાગે ન બીજાને પહોંચે, એવી જાતના જીવનના નિયમોને શોધવા અને તેને અનુકૂળ સંસ્કૃતિને ખીલવવાની બુદ્ધિ હજુ શોધાઈ નથી.

*

જીવન શું કામ મળ્યું છે, તે આપણે જાણતા નથી. પણ જીવન સાથે જીવતાં રહેવાની વાસના પણ મળેલી છે એટલું જ અનુભવપૂર્વક જાણીએ છીએ. એમ પણ કહી શકાય કે માનવને જીવનની અભિલાષા સાથે ઓછામાં ઓછાં પાંચ બીજાં તત્ત્વો પણ અનુભવમાં આવે છે. તે જિજ્ઞાસા, કલ્પનાશીલતા, સર્જકતા, સંકલ્પ અને શ્રદ્ધામય આશા; પ્રાણી માત્રને અણમાગ્યા મળેલા જીવન સાથે, મનુષ્યને આ વધારાની ભેટો છે. એ પણ અણમાગી ભેટો છે, અને શું કામ છે તે ચોક્કસપણે કહી શકતા નથી. એટલે એ મનુષ્યત્વનાં સ્વભાવભૂત અંગો છે એટલું જ કહી શકાય.

જીવનની જેમ જ આ અણમાગી મૂડી પણ સ્થૂળપણે અનંત નથી. એ સર્વે ખપી જાય છે. આથી, એનો અર્થ અને પ્રયોજન શોધવા કરતાં એ ખપી જાય તે પહેલાં તેનો સારામાં સારો ઉપયોગ કરી લેવાનું અને વધારેમાં વધારે સંતોષ આપનારો નફો તેમાંથી મેળવી લેવાનું ડહાપણ ખોળવું, તેને અનુકૂળ સંજોગો નિર્માણ કરવા, અને બને તો તેનો બીજાઓને પણ માર્ગ દેખાડવો એ મહત્ત્વનું છે.

એટલું તો નક્કી કહી શકાય કે આ પાંચ પ્રકારની શક્તિઓને અનિયંત્રિતપણે વહેતી મૂકવી એ માનવસુખશાંતિ કે સમાધાનનો ઉપાય નથી જ. એટલે સંયમ તો જોઈશે જ. જિજ્ઞાસા, કલ્પનાશીલતા, સર્જકતા, સંકલ્પ અને આશા, તથા તેને પરિણામે ઉત્પન્ન થતા ભોગો અને પ્રવૃત્તિઓ સર્વે પર સંયમ જોઈશે.

*

સંયમ જોઈશે એટલે વિવેક જોઈશે. કોઈક નિશ્ચિત ધોરણે શું યોગ્ય અને શું અયોગ્ય તેની પારખ અને પસંદગી કરવાની શક્તિ જોઈશે.

વળી, સંયમ અને વિવેક જોઈશે, એટલે થયેલી પારખ અને પસંદગીને અનુસરી તે રીતે વર્તવાની ટેવો પાડવી જોઈશે. કેવળ બુદ્ધિથી સમજી લઈને ચાલશે નહીં.

ટેવ પડવા-પાડવામાં મહેનત પડશે, બધું સહેલુંસટ નહીં થઈ શકે. જેમ જેમ વય વધશે, તેમ તેમ વધારે કઠણ થતું જશે. સમજણ પ્રમાણે વર્તી ન શકવાની નબળાઈ પગલે પગલે સાલ્યા કરશે, અને એ ક્યારેય શાંતિ-સંતોષનો અનુભવ થવા નહીં દે.

માટે, સંયમ અને વિવેકપૂર્વક જીવવાની ટેવ પાડવાની મહેનત શરૂઆતથી જ કરવી-કરાવવી એને જીવનના પાયાનો નિયમ કહી શકાય. એ મહેનત કડવી ન લાગે એવી રીતો ખોળવાનો ભલે પ્રયાસ થાય, પણ કડવી લાગે તોયે તેનો ઉપાય નથી.

*

આપણે ઉપર જોયું કે સામાન્યપણે માણસ જીવવા જ ઇચ્છે છે, મરવા નથી ઇચ્છતો. છતાં, જાણે રોગ, ઘસારો અને હિંસાને જાત પર નોતરવા અને બીજાને પહોંચાડવા એ જ જીવનનો હેતુ હોય તેમ એ વર્તતો દેખાય છે.

आत्मवत् सर्वभूतेषु — એવો વર્તનનો નિયમ બતાવવામાં આવે છે; પણ કોઈક વાર એ નિયમ બહુ માર્ગદર્શક થતો નથી.

વ્યસન સેવનાર બીજાનેયે વ્યસનનો ચેપ લગાડવા પ્રયત્ન કરે છે, અને પ્રેમથી કરે છે. એ 'પોતા જેવો અન્યને કરી જાણે'-નું પાલન કરનાર કહી શકાય ખરો. પણ તે રોગ અને ઘસારાને અવિરોધી કર્મ નથી.

તેથી, 'સમાજના હિતાર્થે' એટલે કે બીજાને રોગ કે ઘસારો કે ઈજા ન થાય એવું વર્તન એવો નિયમ હોવો જોઈએ.

રોગ અને ઘસારો લાગ્યા પછી તેને સુધારવાના ઇલાજો શોધવા આવશ્યક હોઈ શકે; પણ એથીયે વધારે મહત્ત્વની વાત તેને નિર્માણ થતાં અટકાવવાની છે. તેમ જ હિંસાનું.

પણ તે નિર્માણ કરવા પાછળ જ આપણી રાતદિવસ પ્રવૃત્તિ ચાલી રહી છે. તેને જ આપણે વિજ્ઞાન અને સુધારો માની બેઠા છીએ: એક બાજુથી વધુ ને વધુ આનંદ-ઉપભોગ માટે ફાંફાં મારીએ છીએ, તે માટે જોઈએ તેટલી મારફાડ કરીએ છીએ, અને બીજી બાજુથી કાળના મુખમાં ધસીએ છીએ અને બીજાને



વેગથી ધકેલીએ છીએ. પછી એક દિવસ નિરાશા વ્યાપે અને જીવન નિરર્થક લાગે તેમાં શું આશ્ચર્ય ?

*

જીવન શા માટે છે તેનો નિઃશંક ઉત્તર મળવાનો હશે ત્યારે મળી રહેશે. તેને સમાધાનવાળું કરવાનો નિયમ "સામા જીવના હિતાર્થે જીવવું" એ છે. એટલે કે ભોગમાં સંયમ રાખવો, ભોગ-પ્રાપ્તિનાં સાધનો મેળવવામાં સામા જીવના હિતને અવિરોધી હોય એવો સદાચાર પાળવો, રોગ, ઘસારો અને હિંસાનાં કારણો દૂર કરવાના વિજ્ઞાનને ખેડવું ઇત્યાદિ.

વળી, સમાધાન માટે મનમાં એ પણ દૃઢ કરવાની જરૂર છે કે આ અણમાગ્યા જીવનનો અંત પણ આવશે જ. એ પણ અણધાર્યો અને કદાચ અણમાગ્યો હશે. તેને માટે સદાયે તૈયાર રહેતાં અને સામા જીવના હિતાર્થે હસતે મોઢે સામે જઈનેયે ભેટતાં શીખવું જોઈએ.

જો આ આપણે સમજીએ અને જીવનમાં ઉતારી શકીએ તો જીવન શા માટે મળે છે, નભે છે, અને અંત પામે છે, તથા આ બધું કઈ દિશામાં જઈ રહ્યું છે, તેની કલ્પના કરવાનું બહુ કુતૂહલ પણ ન રહે. પૃથ્વી પૂછતી નથી કે હું શા માટે સૂર્યની આજુબાજુ ફર્યા જ કરું છું. ગુલાબ ને પારિજાતક પૂછતાં નથી કે શા માટે અમારે સવારે ખીલવું, સુગંધ ફેલાવવી અને સાંજ પડે કરમાઈ જવું પડે છે. ચકલાં પૂછતાં નથી કે શા માટે અમારે માળા બાંધવા, ઈંડાં મૂકવાં, સેવવાં, અને બચ્ચાંને પાંખ ફૂટે એટલે એમને છોડી દેવાં. તેમ આપણેયે પૂછવાની જરૂર નથી કે શા માટે અમારે જીવવું, સમાજ રચવાં, સંસ્કૃતિઓ વિકસાવવી, કુરબાનીઓ આપવી, અને નીતિનિયમો જાળવવા. પોતપોતાનાં કર્મ બરાબર રીતે કરવામાં જ પ્રાણીમાત્ર સંતોષ અનુભવે છે.

૩૧-૧-'૪૬

## ૩

# સંસારમાં રસ*

"અવિનાશી, પ્રમાતીત, નિત્યદેહી તણાં કહ્યાં
શરીરો અંતવાળાં આ. . . ." (ગીતા ૨–૧૮)

नाऽहं जातो जन्ममृत्यु कुतो मे ?
नाऽहं चित्तं शोकमोहौ कुतो मे ?
(શંકરાચાર્ય, आत्मपञ्चक–૬)

અર્થાત્, આત્મા અજર-અમર છે, તથા એક જ અમર આત્માનાં આ સર્વે શરીરો છે, અને મારું સ્વરૂપ તે આત્મા છે, શરીર નહીં: આવો ઉપદેશ આપ્યા છતાં એ જ કે એવા જ ગ્રંથો એમ પણ કહે છે —

"જન્મ-મૃત્યુ-જરા-વ્યાધિ-દુઃખ-દોષોનું દર્શન. . . . .
"આ કહેવાય છે જ્ઞાન, તેથી અજ્ઞાન ઊલટું."
(ગીતા, ૧૩–૮, ૧૧)

पुनरपि जननं, पुनरपि मरणं, पुनरपि जननी जठरे शयनम्
(શંકરાચાર્ય, चर्पटपञ्जरिका-स्तोत्र–૮)

આ વિચાર હિંદુ ધર્મમાં જ નથી. બધાયે ધર્મોના સંતોએ મરણરૂપી અવશ્ય થનારા બનાવનો સંસાર પ્રત્યે વૈરાગ્ય ઉપજાવવા માટે ઉપયોગ કરી લીધો છે.

* 'જીવનશોધન'ની પહેલી આવૃત્તિ ઈ. સ. ૧૯૨૯માં બહાર પડી તે પહેલાં તેનું: 'મરણોત્તર સ્થિતિ'વાળું પ્રકરણ લખાયું હતું. પ્રકરણ ૩, ૪ અને ૫માં આવેલા વિચારો પ્રથમ ૧૯૪૨માં મને સૂઝ્યા હતા અને બે લેખોમાં તેને ખીલવ્યા હતા. આ પ્રકરણોમાં એ બે લેખોનો ઘણો ભાગ આવવા ઉપરાંત એ વિચારનો અધિક વિકાસ છે. જી. શો. અને આ લેખોમાં મૃત્યુ વિષે જ વિચારો હોવા છતાં બંનેમાં જુદી જુદી દૃષ્ટિએ વિચાર છે એ દેખાઈ આવશે.



"જાવું જરૂર મરી, મેલીને સર્વે જાવું જરૂર મરી."
(નિષ્કુળાનંદ)

"કર પ્રભુ સંગાથે દૃઢ પ્રીતડી રે, મરી જાવું મેલી ધનમાલ,
"અંતકાળે સગું નહીં કોઈનું રે." (દેવાનંદ)
"આ તનરંગ પતંગ સરીખો જાતાં વાર ન લાગેજી."
(બ્રહ્માનંદ)

"ઇસ તનધનકી કૌન બડાઈ, દેખત નૈનોંમેં મિટ્ટી મિલાઈ,
"અપને ખાતર મહેલ બનાયા,
આપ હી જાકર જંગલ સોયા;

"કહત કબીરા સુનો મેરે ગુનિયા,
આપ મુએ પીછે ડુબ ગઈ દુનિયા."

"ઐ મુસાફિર કૂચકા સામાન કર,
ઇસ જહાંમેં હૈ બસેરા ચંદ રોજ,

"યાદ કર તૂ ઐ નઝીર કબરોંકે રોજ,
જિન્દગીકા હૈ ભરોસા ચંદ રોજ."

"મિટ્ટી ઓઢાવન મિટ્ટી બિછાવન,
મિટ્ટીસે મિલ જાના હોગા." (કમાલ)

વગેરે વગેરે સેંકડો સંતોના આવા સેંકડો ઉદ્‌ગારો ઉતારી શકાય. મારી પોતાની મનોવૃત્તિ પણ આથી જુદા પ્રકારની નહોતી. કોઈ માણસે મરણ પર્યંત સંસારનાં કામોમાં રસ લેવો એ મને બરાબર લાગતું નહીં. તેમાં અજ્ઞાન તો છે જ એમ લાગ્યા કરતું. હંમેશાં એક એવો ખ્યાલ રહેતો કે જેમ દક્ષ મુસાફર આગગાડી આવતાં પહેલાં પોતાનો સરસામાન તૈયાર રાખે છે, તેમ માણસે પોતાનાં કામો મરણ હમણાં આવી પહોંચવાનું હોય એ રીતે આટોપેલાં રાખવાં. જીવનના છેલ્લા દિવસોમાં સંસારનાં કામોમાંથી ખસી જવું, નવી જવાબદારીઓ ન ઉઠાવવી અને નિવૃત્તિ પકડી શાંત બેસી જવું એવી મનોવૃત્તિ પોષેલી હતી.

બીજી તરફથી ઘણાં માણસોનાં જીવનના અવલોકન ઉપરથી એવો પણ અનુભવ આવતો દેખાયો છે કે માણસની વધારે જીવવાની અભિલાષા અને સંસાર વિષેની ચિંતા જેમ જેમ ઉંમર વધતી જાય છે તેમ તેમ ઘટવાને બદલે વધતી જાય છે. પચ્ચીસ વર્ષની ઉંમરે પચાસ કે પંચાવન વર્ષે નિવૃત્ત થઈ જ જવું છે, અથવા બહુ લાંબું જીવવું ઠીક નથી એમ નિશ્ચયથી કહેવાવાળા, અને પચાસ પંચાવન વર્ષના માણસને ‘ડોસો’ કે ‘ડોસી’ કહેનારા, એ ઉંમરે પહોંચે ત્યારે બીજાં થોડાં વર્ષ વધારે જીવવાની ઇચ્છા રાખે છે અને કોઈ તેને વૃદ્ધ કહે તો નારાજ થાય છે. અને આ અભિલાષા ઉંમર સાથે વધતી જ જાય છે. આ લાગણી અજ્ઞાનીની હોય છે એમ પણ નહીં. સંસારને સારી પેઠે ‘માયા’, ‘સ્વપ્ન’, ‘મિથ્યા’ સમજનારાની પણ હોય છે. શરીરની અશક્તિને લીધે ભલે નિવૃત્ત થવું પડે કે મરવું પડે. પણ તે ગમતું નથી. સો પૂરાં કરવાની ઇચ્છા ચાળીસમે વર્ષે હોય તે કરતાં એંશીમે વર્ષે વધારે તીવ્ર હોય છે. પોતાની પછી પોતાની પ્રવૃત્તિઓ અને પોતે રચેલી ‘માયા’ની વ્યવસ્થા કેવી રીતે થવી જોઈએ, તે વિષે પણ તેમના આગ્રહો અને અભિલાષો હોય છે. અત્યંત પછાત આદિવાસીથી માંડીને અતિશય વિદ્વાન તત્ત્વજ્ઞાની સુધી કોઈનુંયે જીવન તપાસો. દરેકના મનમાં પોતાના શરીરના નાશ પછી રહેનારા આ જગત માટે કાંઈ ને કાંઈ રસ રહેલો દેખાશે. એક જણ સંતતિ દ્વારા પોતાનો જીવન-વેલો ચાલુ રાખવા ઇચ્છે છે; (સંતતિનો અર્થ જ વિસ્તાર થાય છે) બીજો, પોતાનું બાળક ન હોવાથી દત્તક લઈને તે સંતોષ મેળવવા પ્રયત્ન કરે છે. ત્રીજો, દાન ધર્માદિથી પોતાને અમર કરવા માગે છે. ચોથો, પોતાના ગ્રંથો અને કળા દ્વારા. પાંચમો, પોતાનાં વીરકર્મો દ્વારા. છઠ્ઠો, એવી સંસ્થાઓ સ્થાપીને કે જે પોતાના મરણ પછી સંસારમાં પ્રકાશ અને આશ્વાસન ફેલાવવાનું કામ કરે. સાતમો, પોતાના ઉપદેશો દ્વારા આવી બધી પ્રવૃત્તિઓને અજ્ઞાનભરી અને જગતને ઝાંઝવાનાં જળ જેવી અસત્ય સમજાવે છે ખરો; છતાં, તે પણ આ જ જગતમાં એ જ સિદ્ધાન્તોનો પેઢી દર પેઢી પ્રચાર થાય તે માટે સંપ્રદાયો



સ્થાપી જાય છે. આ બાબતમાં હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી, પારસી, આસ્તિક, નાસ્તિક, ગોરો, કાળો, પીળો, લાલ કોઈ નો પણ અપવાદ નથી. જ્ઞાનીઓએ સાધના અને ભાવના કરી કરીને એ રસનો નાશ કરવા પ્રયત્ન કર્યો છે. પણ જેણે બહુ જોરથી સાધના કરી છે તે જ વધારે કીર્તિ કે સંપ્રદાયો કે શિષ્યો મૂકી ગયા છે!

આવો વિરોધ કેમ? ધર્મ અને તત્ત્વજ્ઞાનની સામાન્ય માન્યતાઓ આનો સંતોષકારક ખુલાસો આપી શકતી નથી. જે રીતે આપણે સાધારણ રીતે જગતના ધર્મો અને તત્ત્વજ્ઞાન સમજીએ છીએ તે પરથી આપણે એમ માન્યું છે કે શરીર તો મરે છે અને મરવાનું જ છે; પણ દરેકનો જીવાત્મા, એટલે વ્યક્તિત્વ અમર છે. હિંદુધર્મો પ્રમાણે તે અમર જીવાત્મા ફરી જન્મ અને ફરી મરણની ઘટમાળમાં પડે છે. એનો એક મોક્ષરૂપી અવધિ છે ખરો; પણ તે તો ‘કોઈ સિદ્ધ યતિને’ માટે જ છે. અહિંદુધર્મો પ્રમાણે તે અમર જીવાત્માને શરીરના નાશ પછી કયામતની રાહ જોતો કબરવાસ કરવો પડે છે. પણ એમાંની એકેયે માન્યતા એવી કોઈ આશા નથી આપતી કે તે જીવાત્મા પોતાના શરીર દરમ્યાનના સંસાર સાથે કોઈ રીતે જોડાયેલો રહેશે જ. પુનર્જન્મની માન્યતા પ્રમાણે તો મરનારનો પહેલો નિવાસ પ્રેતલોક કે સ્વર્ગલોક કે નરકમાં થવાનો; અને પછી પોતાના કર્માનુસાર કઈ સારીનરસી યોનિમાં તે જન્મશે તે કહી શકાય એમ નથી. કીટાણુથી માંડી બ્રહ્મા સુધી ગમે ત્યાં ઉદ્ભવે. પોતાના પરિચિત સંસાર સાથેનો સંબંધ રહેવાની તેને જરાયે ખાતરી નથી.

આ રીતે જીવાત્માનું વ્યક્તિત્વ અમર છે એ સિદ્ધાંતથી આ સંસાર માટેના મરણ પછીના તેના રસનો ખુલાસો મળતો નથી. અને એ રસ તો સર્વમાં કોઈ ને કોઈ રીતે વસેલો દેખાય જ છે.

આ માટે આપણે મનુષ્યની ચિત્તશક્તિનો વધારે ઊંડો અભ્યાસ કરવાની જરૂર છે. આત્મા કે પરમાત્માનું સ્વરૂપ બરાબર સમજતાં કે સમજાવતાં આવડે કે ન આવડે, મનુષ્યનું ચિત્ત (મન અને બુદ્ધિ)

સૌના પરિચયની વસ્તુ છે. જેમ જેમ એ ખીલે છે, તેમ તેમ તેના રસો અને કાર્યોમાં કેવો ફરક પડતો જાય છે તે આપણે જોઈ શકીએ છીએ. ખીલીને બાલ્યાવસ્થામાંથી તારુણ્યમાં આવે છે ત્યારે કેવો ફરક પડે છે, અને સંકુચિતતામાંથી વિશાળતા તરફ જાય છે ત્યારે કેવો ફરક પડે છે તે આપણે તપાસી શકીએ છીએ. તે પરથી આપણે જોઈએ છીએ કે મનુષ્યને પોતાના શરીર પર ગમે તેટલો મોહ હોય, તેને બળવાન, સુખી અને દીર્ઘાયુ કરવા તે ગમે તેટલો પ્રયત્ન કરતો હોય તોપણ જેમ જેમ તેની દૃષ્ટિ (બુદ્ધિ) અને રસો (મન) ખીલતાં જાય છે અને વિશાળ થતાં જાય છે, તેમ તેને, જાણે, એમ લાગતું હોય છે કે પોતાનું એક પ્રાણવાન શરીર જ પોતાનું જીવન નથી, પણ સમગ્ર સૃષ્ટિનો જેટલો અંશ તે પોતાનો કરી શકે તે બધો, જાણે, પોતાનું જ જીવન છે, શરીરો તો ઊપજે છે અને મરે છે, તેમ પોતાનુંયે શરીર ક્યારેક મરશે જ; પણ જગત તો ચાલ્યા જ કરશે અને તેના જે અંશમાં પોતાનું મમત્વ છે, તે અંશ પણ હશે. તેના મન-બુદ્ધિના વિકાસ અને શુદ્ધિના પ્રમાણમાં આ અંશ દેશ, કાળ તેમ જ ગુણના વધારે ભાગને વ્યાપે છે; અર્થાત્ વધારે મોટા ભાગની સાથે તેને આત્મીયતા લાગે છે, તે વધારે લાંબી દૃષ્ટિએ જુએ છે, અને વધારે ઊંચા તથા વિવિધ ગુણોનો ખ્યાલ કરે છે. વળી, તે વિકાસના પ્રમાણમાં જ, તે પોતાનાં શરીર કે સુખ માટે જે કરે, તે કરતાંયે પોતાની પાછળ રહેનારા જગતના સુખ માટે વધારે લાગણી ધરાવે છે, અને તે લાગણી એવી બળવાન પણ બને છે કે, પ્રસંગ આવ્યે, તે તેને પોતાના વ્યક્તિગત સુખોનું અને શરીરનુંયે બલિદાન કરવાની શક્તિ આપે છે.

ક્યારેક માણસ જીવનની મર્યાદા પોતાના શારીરિક આયુષ્ય પર્યંતની જ બાંધે છે ખરો. પણ બુદ્ધિનો વિકાસ થવા માંડ્યા પછી, કોઈ પણ મનુષ્ય જીવનને સદાયે તેટલી જ મર્યાદામાં રહેલું સમજતો નથી. શાસ્ત્રોને આધારે તે સ્વર્ગ, નરક, મોક્ષ વગેરે પરલોકોમાં તથા ત્યાં પોતાના અલગ અસ્તિત્વને ટકેલું જોવાની શ્રદ્ધા રાખે છે ખરો. તેમ જ સ્વપ્ન, નિદ્રા, મૂર્છા વગેરે શારીરિક



અવસ્થાઓના ભેદને લીધે સંસારને મિથ્યા, માયા, ઇન્દ્રજાળ, ભાસમાત્ર વગેરે માનવાનો પ્રયત્ન કરે છે. કદીક યોગાભ્યાસ કરી સમાધિમાંયે જાય છે. પણ જાગ્રત જીવનમાં અનુભવાતા વિશ્વવ્યાપી જીવનને આયુષ્ય દરમ્યાન — અને ચિત્તભ્રમ ન થયો હોય તો કાયમ — ભૂલી જવામાં એ કદી સફળ થતો નથી. એ વ્યાપક જીવન વિષેની એની દૃષ્ટિ અલ્પ હોય એમ બને; પણ શરીરથી પર અને શરીર પાછળ રહેનારા સંસારમાં તે પસર્યા વિના રહેતી નથી. ભલે સંસાર ક્ષણે ક્ષણે બદલાયા કરતો હોય છતાં, જેમ નદીનાં પાણી, કિનારા, પ્રવાહના વેગ અને માર્ગ પણ સદૈવ બદલાઈ જાય, છતાં તે પ્રવાહની અખંડિતતાની જેમ પ્રતીતિ અને રસ રહે છે, તેમ સદૈવ બદલાતા સંસારમાંયે તે પ્રવાહની અખંડતા જુએ છે, અને તેથી સંસારમાંથી તેનો રસ હઠી શકતો નથી. પોતાના સંસારની મર્યાદા અને તેના હિતાહિતનો વિચાર કરવાની શક્તિ અલ્પ હોય અને તેના રસો અશુદ્ધ હોય એમ બને; અને તેથી તે એક નાનકડા ક્ષેત્રને જ આખી દુનિયા અને અલ્પ હિતને જ સમગ્ર હિત માને. એ અલ્પતા અને અશુદ્ધિના દોષ જ્ઞાન અને યોગ્ય કેળવણી દ્વારા તથા અનુકૂળ પરિસ્થિતિ ઊભી કરવાથી ઓછા થાય. પણ મનુષ્યત્વનો વિકાસ આ રસનો નાશ કરવાના પ્રયત્નમાં નથી, પણ તેને યોગ્ય પ્રકારનું પોષણ આપવામાં છે.

૪

# જીવનમાં મૃત્યુનું સ્થાન

"જાણજે અવિનાશી તે જેથી વિસ્તર્યું આ બધું;
તે અવ્યય તણો નાશ, કોઈયે ના કરી શકે."

"ન જન્મ પામે ન કદાપિ મૃત્યુ,
ન્હોતો ન તે, કે ન હશે ન પાછો;
અજન્મ, તે નિત્ય, સદા, પુરાણ,
હણ્યે શરીરે ન હણાય તે તો."

"અવ્યક્ત આદિ ભૂતોનું, મધ્યમાં વ્યક્ત ભાસતું;
વળી, અવ્યક્ત છે અંત, તેમાં ઉદ્વેગ જોગ શું?"

"સદા અવધ્ય તે દેહી સઘળાના શરીરમાં;
કોઈયે ભૂતનો તેથી તને શોક ઘટે નહીં."

(ગીતા ૨–૧૭, ૨૦, ૨૮, ૩૦)

વિશ્વના પસારામાં તથા તેની ઘડભાંગમાં દેખાતું વ્યાપક જીવન વ્યક્તિગત જીવન જેટલું જ જીવનનું મહત્ત્વનું રૂપ છે. એ વ્યાપક જીવન જેમ શરીરનાં ધારણપોષણ અને ચિત્તના વિકાસ દ્વારા ઘડાય છે, તેમ જ તેના નાશ દ્વારાયે ઘડાય છે. દાખલા તરીકે, અસાધ્ય રોગ, ઘડપણ કે ગાંડપણથી અયોગ્ય બનેલું શરીર તેના ધારણ કરનારને જ ભારરૂપ નથી, પણ તેની આજુબાજુ ફેલાયેલા જીવનનોયે માર્ગ રોકે છે. તેના મરણથી ક્ષણિક ખેદ થાય કે ગોઠવાયેલી કેટલીક ઘડીઓ ભાંગી પડે, તોયે પરિણામે મરનારને તેમ જ આજુબાજુના જીવનને તે રાહતરૂપ અને આગળના ઘડતરમાં પગથીરૂપ પણ થાય છે. અનિચ્છાએ અથવા કહેવાતાં 'કુદરતી કારણોથી' મરણ થાય ત્યારે પણ આમ બને છે. બળાત્કારે થયેલા મૃત્યુનાં પરિણામ આથીયે વધારે દેખીતાં હોય છે. એમ ન હોય તો ખૂન કે લડાઈઓ કદી કરવાની વૃત્તિ જ થાય નહીં. જીવતાં પ્રાણીઓને મારવામાં આવે છે, કારણ કે — સાચી રીતે કે ખોટી



રીતે — મારનારને લાગે છે કે મરનારના દેહધારણ કરતાં તેના દેહ-નાશથી પાછળ રહેનારાનું જીવન — એટલે વ્યાપક જીવન — વધારે સારી રીતે ઘડાશે. આ સહેજે સમજાય એવી વાત છે. દા. ત., મરણ જાતે એક રોજ બનનારી ઘટના હોવા છતાં જો કોઈક સંજોગથી એકાદ મહાયુદ્ધના કોઈક મુખ્ય પાત્રનું મરણ થાય, તો યુદ્ધમાં થયેલી બધી લડાઈઓ ભેગી કરતાંયે તેની વિશાળ જીવન પર જે અસર પડે તે કરતાં એ મરણની અસર વધી જાય. તે જ પ્રમાણે સ્વેચ્છાએ આણેલું કે વહોરી લીધેલું મરણ પણ જીવન દરમ્યાન તે પ્રાણીઓએ કરેલી પ્રવૃત્તિઓની જેમ જ વ્યાપક જીવનને ઘડવા અને ચડાવવાનું બળવાન સાધન બની શકે છે. કોઈક એવા પણ પ્રસંગો કલ્પી શકાય કે જ્યારે જીવતાં પ્રાણીઓની અતિ બુદ્ધિભરી અને તીવ્ર પ્રવૃત્તિ કરતાંયે તેમના મરણનું બળ વધારે અસર-કારક થાય. આવો અનુભવ ન થતો હોત તો શહીદ થવામાં કોઈ ને ઉત્સાહ કે શ્રદ્ધા પેદા જ ન થાય. આવા પ્રસંગે મરણ કોઈક જાતની જીવનની કોઈક ગુપ્ત અથવા રૂંધાઈ રહેલી શક્તિને પ્રગટ કે મુક્ત કરતું હોય એમ જણાય છે. તે શક્તિ દેહ ધારણ દરમ્યાન બધા પ્રયત્નો છતાં યશસ્વી થઈ શકતી નહોતી; પણ દેહ છૂટ્યા પછી થોડા વખતમાં જીવનની પ્રગતિને અટકાવનારી અડચણ ખસેડી દે છે.

પ્રાણી મૃત્યુને જીવનનો દુશ્મન જ સમજે છે. પણ જીવનનો અનુભવ દરેકને ધીમે ધીમે સમજાવે છે કે તે જીવનનો મિત્ર પણ છે. યોગ્ય કાળે મૃત્યુ ન થાય તો તે પ્રાણી પોતાને તેમ જ બીજાને અકારું અને ભારરૂપ થઈ પડે છે, તથા બીજાઓના વિકાસમાં આડખીલી પણ થાય છે. બહુ થોડા એવા ભાગ્યશાળી હોય છે, જે પોતાની ઉપયોગિતા પૂરી થતાં જ ઊપડી જાય છે. પણ મરણની આ સેવા તેની ઘટના સમયે નજરે આવતી નથી. આથી પ્રિયજનો પર તે વખતે તો શોકની છાયા પસરે છે. પણ ધીમે ધીમે અનુભવ આવતો જાય છે કે મરણે જે કામ કર્યું તે દશ વર્ષના વધારે આવરદાથી કદાચ થઈ શક્યું ન હોત. વિશાળ જીવનને ઉન્નત કરવા માટે મરણ કેટલી જબરદસ્ત શક્તિ નિર્માણ કરી શકે છે તેનાં

કેટલાંક દૃષ્ટાંતરૂપે ઈશુ ખ્રિસ્ત તથા તેના પહેલા શિષ્યોનાં, શીખગુરુઓ પૈકી કેટલાકનાં, તથા સાધુ ટેલેમૅકસનાં આત્મબલિદાનોને રજૂ કરી શકાય. એ બધાંએ માનવજીવનનો પ્રવાહ કેટલોયે બદલી નાંખ્યો.

આમ તટસ્થપણે વિચારતાં મરણ જીવતી દશાના જેવું જ જીવનને ઘડનારું માલૂમ પડે છે. જ્યારે કોઈને એમ સાફ જણાઈ આવે કે કોઈક કારણસર પોતાની પ્રાણશક્તિ સચોટપણે કાર્ય કરી શકતી નથી, અથવા આસપાસના જીવનમાં યોગ્ય શક્તિ નિર્માણ કરવામાં નિષ્ફળ થાય છે અને જીવનની ઉન્નતિ માટે તેવી શક્તિ નિર્માણ થવી જરૂરી છે, ત્યારે સ્વેચ્છાએ મરણને નોતરવાનું કર્તવ્ય થઈ શકે. મોક્ષ અથવા સ્વર્ગપ્રાપ્તિ જેવા કોઈ વ્યક્તિગત લાભની દૃષ્ટિએ તે પગલું ભરાવાની જરૂર નથી, અથવા ન હોય. ગૂમડા પર નસ્તર મૂકવાના જેવી શારીરિક શસ્ત્રક્રિયાની જેમ જ એનો નિશ્ચય હોય. વ્યાપક જીવન સાથે અત્યંત આત્મીયતા અનુભવાય ત્યારે જ એવો નિશ્ચય થઈ શકે.

એ નિશ્ચય હોય તો જ એ સ્થિતિ આવે કે —

"પ્રાણો રહ્યા–ગયા તેનો જ્ઞાનીઓ શોક ના કરે,"

(ગીતા ૨–૧૧)

અને

"આ છે બ્રહ્મદશા, એને પામ્યે ના મોહમાં પડે;
"અંત કાળેય તે રાખી બ્રહ્મ નિર્વાણ મેળવે."

(ગીતા ૨–૭૨)

# ૫

## મૃત્યુ પર જીત

હવે વિચારવા જેવો પ્રશ્ન એ છે કે જો મૃત્યુ પણ જીવનનું જ એક રચનાત્મક બળ અને જીવનને ઘડનારું સાધન હોય, અને કોઈ પ્રાણીએ પોતાનું મૃત્યુ કદી જોયું જ નથી એ સાચું હોય તો પ્રાણીમાત્રને મૃત્યુનો અણગમો અને ડર કેમ છે? પ્રાણધારણ પર સાચો વૈરાગ્ય કેમ ભાગ્યે જ આવી શકે છે? સંસાર દુ:ખરૂપ જ છે એમ કહેનારો અને સંસારમાં દુ:ખનો જ જેને ઘણો અનુભવ થયો હોવાથી મૃત્યુની વારંવાર ઇચ્છા પ્રગટ કરનારો માણસ પણ આત્મહત્યાનો પ્રયત્ન કર્યા બાદ પણ, મૃત્યુ આવીને ઊભું રહે ત્યારે એ ક્ષણ પણ વધારે જિવાય તો સારું એમ ઇચ્છા રાખતો અને તણખલું પકડવાનેયે ફાંફાં મારતો જણાય છે.* પોતાનો સ્નેહીજન મંદવાડમાંથી ઊઠી શકે એમ છે જ નહીં, કેવળ પીડાયા કરે છે; તેની ઉંમર વગેરે જોતાં મરે તો યોગ્યકાળે જ ગયો લેખાશે — એમ સમજતા છતાં દાક્તરો અને સગાંવહાલાં એની આયુષ્યદોરીને એ કલાક પણ વધારે લંબાવવાની ખટપટ કર્યા જ કરે છે અને તેમ કરવામાં જ સ્વધર્મ માને છે. શાસ્ત્રો ભલે કહે કે જીવ અજર અમર છે અને ફરી ફરી જન્મે છે, એટલે કે પોતાનું વ્યક્તિત્વ કાયમ રાખે છે, છતાં વર્તન તો એવી જ શ્રદ્ધા પ્રગટ કરતું જણાય છે કે આપણું જીવન એટલે આયુષ્ય, અને આયુષ્ય એટલે જીવન; અને

---

* એક વાચનમાળાની વાત યાદ આવે છે. એક ઘરડો દરિદ્ર કઠિયારો લાકડાની ભારી લઈને જંગલમાંથી આવતો હતો. રસ્તામાં થાકી જવાથી ભારી જમીન પર નાંખી, "હે ભગવાન, હવે તો મૃત્યુ આવે તો સારું!" એમ નિસાસો નાંખી બેઠો. તુરત જ સામે એક પુરુષ આવીને ઊભો અને પૂછવા લાગ્યો, "કેમ, ભાઈ, મને કેમ યાદ કર્યો?" કઠિયારાએ પૂછ્યું, "તું કોણ છે?" એણે કહ્યું, "મૃત્યુ — તેં હમણાં યાદ કર્યો તે!" કઠિયારો ભોંઠો પડી ગયો, પણ ચાલાકી વાપરી બોલ્યો, "એ તો આ ભારી જરા માથા પર ચડાવી દો ને, ભાઈ!"

આયુષ્યને અંતે વ્યક્તિત્વનો નાશ અને વ્યક્તિત્વનો નાશ એટલે અંધારું. આમ મરનારને કે સ્નેહીઓને મરણથી સમાધાન નથી આનું કારણ શું?

અસમાધાનનું એક કારણ પરસ્પર સ્નેહ છે એ ખરું. વિયોગનું દુઃખ લાગે છે, અને તે લાગવું સ્વાભાવિક છે, પણ જેની સાથે સ્નેહનો કોઈ સંબંધ ન હોય તેનેયે મરણથી બચાવવા આપણ પ્રયત્ન કરીએ છીએ અને મરતો જોઈ ખેદ પામીએ છીએ. આ સમભાવ છે. અને તેની પાછળ એક જ શ્રદ્ધા કામ કરતી જણાય છે. તે એ કે "જીવતો નર ભદ્રા પામે" મરતો નહીં. "મરવું તે મંગળ" જણાય એ બહુ કપરું લાગે છે.

તત્ત્વજ્ઞાનના સિદ્ધાન્ત કરતાં આવી ઊલટી મનોવૃત્તિ હોવાનું કારણ કેવળ અજ્ઞાન જ છે એમ માનવું બરાબર લાગતું નથી. જેનો મહાવરો નથી તેનો ડર લાગે એ એક કારણ હોઈ શકે ખરું. અંધારાનો મહાવરો ન હોય તેને અંધારાનો ડર લાગે; જંગલનો મહાવરો ન હોય તેને જંગલનો અને શહેરનો ન હોય તેને શહેરનો; પાણીમાં પ્રવાસનો મહાવરો ન હોય તેને સ્ટીમરનો ડર લાગે છે. મરણનો કદી પૂર્વે અનુભવ થયાનું કોઈને યાદ જ નથી, તો તેનો મહાવરો તો હોય જ ક્યાંથી? એ વસ્તુ પરિણામે સુખપ્રદ અને સારી હોય, તોયે જેમ અંધારામાં અથવા પહેલી વાર પાણીમાં અથવા પૅરેશૂટ લઈને હવામાં કૂદકો મારતાં ડર લાગે તેમ આ ડર હોવાનો સંભવ છે.

પણ તેથીયે ઊંડું એક બીજું અને મહત્ત્વનું કારણ તેની પાછળ રહેલું છે. તે મરનાર વ્યક્તિની અસિદ્ધ રહેલી કામના છે. જ્યાં સુધી પ્રાણીને એમ લાગે છે કે કાંઈક જાણવાનું, ભોગવવાનું કે કરવાનું બાકી રહી ગયું છે, અને તે પહેલાં જ શરીરયંત્ર અટકી પડવાની ધાસ્તી ઊભી થઈ છે, ત્યાં સુધી શ્રદ્ધાળુ ભક્ત હોય, વેદાંતી જ્ઞાની હોય, કે સાચો નાસ્તિક હોય તેની જીવવાની અભિલાષા જઈ શકતી નથી. પ્રવાસ બાકી રહ્યો હોય અને મોટરનું પેટ્રોલ ખૂટી



જાય કે પૈડાંમાં કાણાં પડે તો પ્રવાસી જ્ઞાની હોય કે અજ્ઞાની, તેને નિરાશાની લાગણી ન ઊઠે એમ કેમ બને? પ્રવાસ પૂરો થયા બાદ મોટરનું ગમે તે થાય તેનો શોક ન લાગે એમ બને.

જીવવાની અભિલાષા એ કામના અને શરીરયંત્ર વચ્ચે મેળના અભાવનું પરિણામ છે. મીરાંબાઈ કહે છે તેમ "મારો હંસલો નાનો ને દેવળ જૂનું તો થયું." એટલે કામનાઓ બાકી રહી અને શરીર તેને સિદ્ધ કરવા લાયક ન રહ્યું અને તે પહેલાં જ ભાંગવા લાગ્યું. કોઈક વાર એથી ઊલટું થાય ત્યારે શરીર–ધારણ ભારરૂપ થતું જણાય એવોયે અનુભવ આવે છે. પોતે જે કાંઈ કરવાનો ઉમંગ ધરાવતો તે કર્યું, હવે વધારે વિચારવાની કે કામના સેવવાની શક્તિ પણ નથી રહી, શરીર જર્જરિત તો થયું જ છે; પણ હૃદયનો માંસપિંડ એવો કંઈ મજબૂત છે કે તેને બંધ પડવા દેતો નથી અને વર્ષો સુધી શરીરને ટકાવી રાખે છે. એને કુંભારના ચાકની ગતિ સાથે સરખાવી શકાય ખરું. 'હંસલો' નાનો રહે અને 'દેવળ' જૂનું થાય તે કરતાં એ સ્થિતિ ઊલટી ગણી શકાય.

પણ, 'હંસલો'યે નાનો અને બળવાન હોય અને 'દેવળ' પણ મજબૂત હોય છતાં દેવળને તોડી નાંખવા કે તૂટવા દેવાનો એટલે કે મૃત્યુને ભેટવાનો પ્રસંગ આવે, ત્યારે પણ હિંમત અને સમાધાન રહે, ત્યારે "મૃત્યુ મરી ગયું રે લોલ" ગાવાની લાયકાત આવી કહેવાય. એ ક્યારે થાય?

જ્યારે કોઈ મનુષ્યના જીવનનું ધ્યેય એવું દીર્ઘકાલીન અને નિઃસ્વાર્થ હોય કે તે પોતાના જ આયુષ્ય દરમ્યાન પૂરેપૂરું સિદ્ધ થવું શક્ય ન હોય; ઊલટું તેની સાર્વજનિકતા અને કઠણાઈને લીધે અનેક વ્યક્તિઓનાં સમગ્ર જીવન-કર્મ અને બલિદાનોનીયે અપેક્ષા રાખતું હોય; તેવું ધ્યેય પ્રમાણમાં પૂરતું ઉદાત્ત ન હોય તોયે તેની સાથે ઓતપ્રોત થનાર વ્યક્તિને પોતાના શરીરને હિંમત અને સમાધાનપૂર્વક જતું કરવાની શક્તિ આપે છે. એ માણસને તે ધ્યેયની સિદ્ધિ માટે જીવવાનીયે હોંશ રહે છે, અને તે માટે જો મરવું જરૂરી હોય તો મરવાનીયે હિંમત આવે છે. પણ જો ધ્યેય

ગમે તેટલું ઉદાત્ત અને કરુણ હોય, પણ સાર્વજનિક ન હોય, એટલે કે સમષ્ટિના જીવનને વ્યાપનારું ન હોય, પણ તે માણસની વ્યક્તિગત કામના જ હોય, — જેમ કે, મોક્ષની — તો તે માણસ સાચી કે ખોટી રીતે ધ્યેયની સિદ્ધિ નહીં જુએ ત્યાં સુધી સમાધાન અને હિંમતપૂર્વક મૃત્યુને આવકાર આપી શકશે નહીં. શરીર થાકે અને હવે તો અનશન કરીને તેનો અંત લાવવો સારો એમ જાણી તેનો આરંભ કરે, તોયે તેમાંથી તે પાછો ડગવા સંભવ રહે છે.

જેનું ધ્યેય સાર્વજનિક હોવા છતાં તેની સિદ્ધિ પોતાની આંખે જોવાની વ્યક્તિગત કામના પણ સાથે રાખતું હોય, તે મનુષ્ય પણ સમાધાનપૂર્વક શરીરનો અંત જોઈ શકવા સંભવ નથી.

પણ જેનું ધ્યેય પ્રમાણમાં ઓછું ઉદાત્ત – આધ્યાત્મિક કરતાં આધિભૌતિક ગણાય એવું હોય, પરંતુ જ્ઞાનપૂર્વક અથવા માત્ર પરંપરાગત સંસ્કારોથી કે જડતાથીયે સાર્વજનિક હોય, તે વ્યક્તિ — જીવનનાં બીજાં ક્ષેત્રોમાં મામૂલી માણસ લાગતો હોય તોયે — તે ધ્યેયની સિદ્ધિ માટે જરૂર જણાય તો વધારે હિંમત અને સમાધાનથી મરી શકે છે.

વ્યક્તિગત મોક્ષ માટે ઘણા સાધુપુરુષોએ ઘણો પુરુષાર્થ અને ત્યાગ કર્યો છે, અને સિદ્ધિ પહેલાં જ મરણ પણ પામ્યા છે. પણ જો તે મોક્ષ કાલ્પનિક જ હોય તો મોક્ષસિદ્ધિ જેવું લાગ્યા પછી થોડા કાળમાં મર્યા હોય તો તો સમાધાનપૂર્વક મર્યા છે; પણ તે પછી લાંબો કાળ જીવતા રહ્યા, તો મરણ વખતે જીવવાનો પ્રયત્ન કરતાં જોવામાં આવ્યા છે. કારણ કે કાલ્પનિક મોક્ષની કૃતાર્થતા ઓસરી ગયા પછી કોઈ બાકી રહેલી કામના કે વધારે આગળ જવાની કામના નવું ધ્યેય બને છે, અને તે જીવવાની અભિલાષા કાયમ રાખે છે.

પણ જેના જીવનનું ધ્યેય, જાણે અજાણ્યે, વિશ્વના જીવનને કોઈક દિશામાં આગળ સમૃદ્ધ કરે એવું હોય છે, અને તેમાં જ જે પોતાનુંયે વ્યક્તિગત શ્રેય પણ સમજે છે, તેને તે ધ્યેય માટે



જીવતા રહેવું પણ પ્રયોજનરૂપ લાગે છે, અને મરવાની જરૂર હોય ત્યારે મરવુંયે પ્રયોજનરૂપ લાગે છે, તથા કામ કરતાં કરતાં કુદરતી મરણ આવે ત્યારે પણ શાંતિ અને સમાધાન રહે છે. આમ ઘણી વાર કોઈક ધર્મના સ્થાપક કરતાં તેના પ્રચારકોએ વધારે હિંમત અને સમાધાનથી પોતાનાં આત્મબલિદાન કરેલાં જોવામાં આવે છે. લડાઈ, સમાજસેવા, સ્વામીભક્તિ, દેશભક્તિ વગેરે સર્વે ક્ષેત્રોમાં આવો અનુભવ થાય છે.

મૃત્યુને જીતવાનો આ જ નિશ્ચિત માર્ગ લાગે છે. જીવનનું ધ્યેય સ્વલક્ષી નહીં, વ્યક્તિગત નહીં, પણ વિશ્વલક્ષી, સાર્વજનિક કરવું; તેને ધ્યેય માનો કે પોતાના શ્રેયનું સાધન માનો; અથવા પોતાના શ્રેયને ધ્યેય માનો અને તેનું અનિવાર્ય સાધન સાર્વજનિક જીવનની સમૃદ્ધિ માનો; જો પોતાનું શ્રેય અને વિશ્વજીવનની સમૃદ્ધિ વચ્ચે વિરોધ નહીં પણ મેળ સાધ્યો હશે; જો એ ધ્યેયનો કોઈ અંશ પોતાની જ હયાતી દરમ્યાન અને પોતાને જ હાથે કે રીતે સિદ્ધ કરવાનો આગ્રહ ન રાખતાં, એટલું લાંબું અને સાર્વલૌકિક હશે કે અનેકને હાથે અને દીર્ઘકાળે જ તેની સિદ્ધિ શક્ય હશે, તો તેવા ધ્યેયને માટે જીવવું તેમ જ મરવું સમાધાનકારક થવાનો ઘણો મોટો સંભવ છે. કોઈ બીજું ધ્યેય તે પરિણામ લાવી શકશે નહીં.

ગંગોત્રીમાંથી નીકળી સમુદ્ર તરફ વધતા ગંગાના પ્રવાહ જેવું વિશ્વજીવન છે. વ્યક્તિઓ તેના પાણીના એક એક ટીપા જેવી છે. સર્વે ટીપાંઓ એકબીજા સાથે ભળી, અને સતત ભળેલાં રહી, એક સરખાં આગળ ને આગળ ચાલતાં રહે છે; પાછળથી આવતાં ટીપાંઓનો ધોધ આગળ ગયેલાંને ધકેલતો રહે છે, અને પાછળનાં તેમ જ આગળનાં ટીપાં પૃથ્વીના ગુરુત્વાકર્ષણથી સમુદ્ર તરફ વેગપૂર્વક દોડતાં જ રહે છે. આમ થાય છે તો જ ગંગા મોટી નદીરૂપ બને છે અને તેને સમુદ્રપર્યંત પહોંચવાની સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

પણ તે ગંગાના દરેક ટીપાની જુદી જુદી વાત વિચારીએ તો? દરેક ટીપું સમુદ્ર સુધી પહોંચે છે જ એમ ન કહેવાય. કેટલાંયે

આજુબાજુની અને નીચેની જમીનમાં ચુવાઈ જાય છે; કેટલાંને વનસ્પતિઓ ચૂસી લે છે કે જીવજંતુઓ પી જાય છે; કેટલાંક અધવચ જ સુકાઈ વરાળ બની જાય છે; કેટલાંક અનેક પદાર્થો સાથે ભળી રાસાયનિક દ્રવ્યોમાં ગોઠવાઈ જાય છે. આમ કરોડો મણમાં તોળી શકાય એટલાં બિંદુઓ સમુદ્રપર્યંત પહોંચવા પામતાં જ નથી. બીજી બાજુએ, જેને આપણે ગંગાનો પ્રવાહ કહીએ છીએ તેને પોતાની સમૃદ્ધિ અને સિદ્ધિ જમના, શોણ, સરયૂ, ગંડકી, ગોમતી જેવી કેટલીક મોટી મોટી નદીઓ અને સેંકડો નાનાં નદીનાળાંના પોતાના વ્યક્તિત્વનો નાશ કરનારા સ્વાર્પણથી થઈ છે. એ કરોડો મણ બિંદુઓનું અને એ સેંકડો નદીનાળાંઓનું આ રીતનું સતત બલિદાન ન થયા કરતું હોય તો ગંગાના પ્રવાહને સમુદ્રમાં પહોંચવાની સિદ્ધિ પ્રાપ્ત ન થાય; અથવા, તે થાય તોયે તેની જગતને ઝાઝી કિંમત ન લાગે. કારણ કે ગંગા આપણને ભવ્ય અને માતા સમી પોષનારી લાગે છે તે એના સમુદ્ર પર્યંત પહોંચતા જળપ્રવાહ કરતાં, તેના ચુવાઈ, ચુસાઈ, પિવાઈ, સુકાઈ અને રસાયન બનતાં ટીપાંઓને લીધે તેમ જ અનેક નદીનાળાંઓને પોતામાં સમાવી લેવાની શક્તિને લીધે લાગે છે.

છતાં, સમુદ્ર સુધી પહોંચનારું કે ન પહોંચનારું દરેક ટીપું અને નદીનાળું સંપૂર્ણપણે પાણી જ છે જ ને? એ સમુદ્રમાં પહોંચ્યું નથી કે જુદા જુદા પ્રવાહ રૂપે વહેતું નથી, અને તેમનું વ્યક્તિત્વ રહ્યું નથી તેથી શું તેના અને સમુદ્રના બિંદુઓના સ્વરૂપમાં રજ જેટલોયે ફરક છે કે? અથવા સમુદ્ર સુધી ન પહોંચવાને કે ત્યાં પહોંચતાં સુધી નિરાળું વ્યક્તિત્વ ન રાખી શકવાને કારણે, શું તેમનું જળત્વ ઓછું કૃતાર્થ કે સિદ્ધ થયેલું લેખાય કે? પણ જો કોઈ ટીપું કે નાળું જાતે જ વ્યક્તિત્વ જાળવીને સમુદ્ર સુધી પહોંચાડવાનો આગ્રહ રાખે તો તેને કૃતાર્થતા નહીં લાગે. તટસ્થ ન્યાયાધીશ એ તેનો મૂઢાગ્રહ સમજશે.

જો આપણને વ્યક્તિગત સિદ્ધિઓ પ્રાપ્ત કરવાનો તથા આપણું વ્યક્તિત્વ સદાય માટે નિરાળું જળવાયેલું રાખવાનો આગ્રહ ન હોય,



તો આપણને જીવન અને મરણ વચ્ચેનો ભેદ ટળી જઈ શકે. અનાસક્તિ અને અલિપ્તતાની સિદ્ધિ આ વિના સંભવનીય લાગતી નથી એમ કહો, અથવા આ સ્થિતિની પ્રાપ્તિને જ અનાસક્તિ કે અલિપ્તતા કહો. આ જ અર્થમાં નીચેના શ્લોકો ચરિતાર્થ થઈ શકશે :

"સદા ભરાતા અચલપ્રતિષ્ઠ
સમુદ્રમાં નીર બધાં પ્રવેશે;
જેમાં પ્રવેશે સહુ કામ તેમ,
તે શાંતિ પામે નહિ કામકામી.
છોડીને કામના સર્વે ફરે જે નર નિઃસ્પૃહ,
અહંતા-મમતા મૂકી, તે પામે શાંતિ, ભારત"
(ગીતા ૨-૭૦-૭૧)

## ૬

## જીવન સુખમય કે દુઃખમય?

न जाने संसारः किममृतमयः किं विषमयः ॥
(ભર્તૃહરિ, વૈરાગ્યશતક, ૮૮)

સંસાર—જીવન દુઃખમય જ છે એવો સર્વે ધર્મો અને દર્શનોનો અને સામાન્ય રીતે ગંભીરપણે પોતાનો અનુભવ પ્રગટ કરનાર મનુષ્યોનો નિશ્ચિત મત માલૂમ પડે છે. સાંખ્યકારિકામાં કહ્યું છે કે—

"(ઊર્ધ્વ, મધ્ય અને અધઃ — ત્રણે લોકોમાં) ચેતન પુરુષ જરા—મરણથી થતું દુઃખ ભોગવે છે. . . આથી દુઃખ સ્વભાવથી જ છે." (કા. ૫૫)

યોગસૂત્રો પણ કહે છે કે—

"સુખો પણ અસ્થિરતા, ચિંતા અને સંસ્કારોનાં દુઃખોવાળાં, તથા ગુણ અને વૃત્તિઓના વિરોધવાળાં હોવાથી, વિવેકી પુરુષ સર્વને દુઃખરૂપ જ માને છે." (૨—૧૫)

ગીતા પણ એ જગ્યાએ આને ટેકો આપે છે: નવમા અધ્યાયમાં કહ્યું છે કે,

“દુઃખી, અનિત્ય આ લોકે પામેલો ભજ તું મને” (૯–૩૩) તથા તેરમા અધ્યાયમાં “જન્મ–મૃત્યુ–જરા–વ્યાધિ–દુઃખ–દોષોનું દર્શન” (૧૩–૮) એને જ્ઞાનનું એક લક્ષણ બતાવ્યું છે.

બૌદ્ધ, જૈન વગેરે ધર્મો અને દર્શનોનો પણ એ જ અભિપ્રાય છે. ખ્રિસ્તી અને મુસલમાન સંતોએ પણ એ જ વિચાર પોષ્યા છે. વૈરાગ્ય અને સંન્યાસ માર્ગની ઉત્પત્તિ એ અભિપ્રાયમાંથી જ છે.

સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક વગેરે દર્શનો સુખના અસ્તિત્વનો જ નિષેધ કરતાં લાગે છે. દુઃખનો આત્યંતિક નાશ થાય, તે જ સુખ. બાકી સુખ તથા આનંદની પ્રાપ્તિ કે શોધ એ ફાંફાં જ છે. ઘણા અદ્વૈત વેદાંતીઓએ પણ આત્માનું સ્વરૂપ જણાવનારા ત્રણ શબ્દો સત્, ચિત્ અને આનંદ, અસત્, અચિત્ અને શોકનો નિરાસ કરવા પૂરતા જ માન્યા છે; એટલે કે અસત્ નહીં માટે સત્, જડ નહીં માટે ચેતન, શોકરૂપ નહીં માટે આનંદરૂપ. આત્મા તો સુખનો અને આનંદનો સાગર છે, તેમાં નિરતિશય આનંદ છે વગેરે વર્ણનો પ્રત્યેક વેદાંતીને માન્ય નથી.

પુરાણોમાં માર્કંડેય મુનિની વાત છે કે એ ચિરંજીવ મુનિ અનેક સૃષ્ટિઓમાં ફર્યા તથા તેમણે અનેક સૃષ્ટિઓનાં ઉત્પત્તિ, સ્થિતિ તથા પ્રલયો જોયા, પણ ક્યાંયે જીવન સુખમય છે એવો એમને અનુભવ ન આવ્યો.

માત્ર સુભાષિતોમાં ભર્તૃહરિ જ ક્યાંક આનંદ, ક્યાંક દુઃખના દેખાવો જોઈ શંકા પ્રગટ કરે છે કે એકંદરે આ સંસારમાં અમૃત ભર્યું છે કે ઝેર, તે કંઈ સમજાતું નથી.

ભર્તૃહરિની શંકા એકી વખતે પણ જુદી જુદી જગ્યાએ સુખદુઃખ બંનેના દેખાવો જોઈ ઊભી થઈ છે. એટલે કે સમગ્ર સંસારની બાબતમાં એ શંકા છે. પણ પોતાનું વ્યક્તિગત કે સમષ્ટિનું જીવન એકંદરે સુખરૂપ છે કે દુઃખરૂપ એ પણ વિચારવા જેવી બાબત છે.



શું સાચે જ દરેકનો એવો અનુભવ છે કે સંસાર અથવા જીવન સદાયે દુઃખરૂપ જ જણાયું છે? એનાં સુખો પણ દુઃખ દેનારાં અને દુઃખો પણ દુઃખ દેનારાં જ હમેશાં નીવડ્યાં છે? શું એની સંસાર વિષેના અનુભવોની સ્મૃતિ ભૌતિક, માનસિક, બૌદ્ધિક, આધ્યાત્મિક કોઈ પણ જાતના સુખના અંશ વિનાની જ હમેશાં છે? શું એણે દુઃખ સાથે સુખ પણ અનુભવ્યું નથી? શું દરેક સુખ પાછળથી દુઃખરૂપ જ જણાયું છે? કે એની સ્મૃતિ દુઃખ જ ઉપજાવે છે? ઊલટું, એમ પણ નથી બન્યું કે કેટલાંક દુઃખો પણ પાછળથી સુખકારક નીવડેલાં અથવા દુઃખકારક છતાં સ્મૃતિરૂપે સુખ આપનારાં માલૂમ પડ્યાં છે?

અને એવા કેટલા માણસો આપણે જોયા છે કે જેમણે જીવનને દુઃખરૂપ માન્યા પછીયે તેમાંથી સુખ મેળવવાની કે તેને સુખકર કરવાની આશા સેવી જ નથી? કંઈક પ્રયત્ન કરવા જેવો ઉપાય જણાયો હોય, અને તે અજમાવવાની શક્યતા હોય, તોયે અજમાવ્યો નથી? ઉપાય ન જણાતો હોય તો તેની શોધ કરવાનું યોગ્ય માન્યું નથી? અને જેઓ કહે કે એમણે તો જીવનમાં દુઃખ, દુઃખ ને દુઃખ જ જોયું છે, અને જીવનથી સાવ કંટાળી ગયા છે, તેમની સામે જ કોઈ તેમને તત્કાળ ગોળીથી ઉડાવવા તૈયાર થાય, તો તેમાંના કેટલા તેને આભારપૂર્વક આવકાર આપનારા મળશે? બળવાન વિરોધી સંજોગોને લીધે, આળસને લીધે કે પુરુષાર્થ કરવાની શક્તિને અભાવે, નિષ્ફળતાને લીધે અથવા ધારેલી સફળતા ન મળવાથી, ઘણા દુઃખમાં સબડ્યા કરે છે, અને પોતાના નસીબને દોષ દે છે અથવા સંસાર દુઃખમય જ છે એવો બોધ લે છે ખરા. પણ તે નિરાશાનું પરિણામ છે. અને નિરાશાનો સ્વભાવ જ એવો છે કે ગમે તેટલો ટીપી ટીપીને તેનો સંસ્કાર મજબૂત કરો, તોયે તે આશા કરતાં અલ્પજીવી જ રહે છે. જેમ ગાઢ અંધકાર નાનકડી દીવાસળીનીયે સામે ટકી શકતો નથી, તેમ નિરાશા આશાના કિરણ આગળ ટકી શકતી નથી.

પણ અંધકારને દૂર કરવા માટે તમે એક પછી એક દીવાસળી જ સળગાવ્યા કરો, તો એવો અનુભવ આવવાનો કે અંધકાર જ ગાઢ

છે અને દીવાસળીથી તેને દૂર કરવાના પ્રયત્ન મિથ્યા ફાંફાં છે. તેને બદલે મીણબત્તી ફાનસ કે મશાલનો પ્રયત્ન વધારે સફળ થશે. પણ મીણબત્તી ખલાસ થયા પછી શું, ફાનસનું તેલ ખપી જાય પછી શું? જો આવા જ પ્રશ્નો 'વિવેકી' પુરુષ ઊભા કરે તો મને લાગે છે કે તે વિવેકના નથી. એ તો બીજી મીણબત્તી કે મશાલ ઊભાં કર્યે જ છૂટકો છે, એમ સમજીને જ ચાલવું જોઈએ.

બુદ્ધે પહેલું આર્યસત્ય એ ગણાવ્યું કે જરા, વ્યાધિ, મૃત્યુ, અપ્રિયનો યોગ અને પ્રિયનો વિયોગ એ પાંચ દુઃખો પ્રાકૃતિક છે. વાત સાચી છે. તે સિવાય બીજાં બધાં દુઃખો તૃષ્ણાજન્ય હોઈ તૃષ્ણા છોડવાથી દૂર કરી શકાય તેવાં છે. પણ તૃષ્ણ જ ક્યાં દૂર કરવાથી છૂટી જાય તેવી છે? આપણે જીર્ણ થઈને મરી જઈએ, અને સર્વે સત્પુરુષોનાં જ્ઞાનામૃતને રાતદિવસ પીતા રહીએ છતાં તે નિર્મૂળ નથી થઈ એમ એક દિવસ ઓચિંતું માલૂમ પડી આવે છે.

અને જે પાંચ પ્રાકૃતિક દુઃખો કહ્યાં, તે સાથે જન્મ, યુવાવસ્થા, આરોગ્ય, પ્રિયનો યોગ અને અપ્રિયનો નાશ એ પાંચ આનંદોને પણ પ્રાકૃતિક જ કાં ન કહીએ? અને તૃષ્ણાની સિદ્ધિને કાળે તેનું સુખ પણ મળે છે એમ પણ કાં ન કહીએ?

વાસ્તવિક રીતે સંસાર અને જીવન પ્રત્યે જોવાની આપણી દૃષ્ટિ અને તે વિષેની આપણી અપેક્ષામાં જ દોષ છે.

ગીતાના અ૦ ૨ નો શ્લો૦ ૧૪મો સંસારના સ્વરૂપને વધારે સાચી રીતે પ્રગટ કરે છે.

"સ્પર્શાદિ વિષયો જાણ શીતોષ્ણ—સુખદુઃખદા,
અનિત્ય, જાય ને આવે, તેને અર્જુન, લે સહી."

જીવનમાં સુખ તેમ જ દુઃખ બન્ને અનિત્ય છે, સુખરૂપ તેમ જ દુઃખરૂપ બન્ને પ્રકારના વિષયો આવે છે ને જાય છે. બેઉને સહન કરી લે. અનિત્યમાં નિત્યની આશા કરવી, અને પછી કહેવું કે સુખ અનિત્ય છે, માટે દુઃખ જ નિત્ય છે, તો તે સંસારનો જે સ્વભાવ નથી, તેની તે પાસેથી આશા રાખવાથી થનારી નિરાશા



છે. ગરમ પાણીથી શરીર બળી શકે છે, માટે તેને અગ્નિ પર નાંખી તેને વધારે ભડકાવવાની આશા કરીએ, અને તેમ ન થાય ત્યારે કહીએ કે ગરમ પાણી બાળી શકે છે એ સાવ ખોટું જ છે, તેના જેવું એ છે. પાણી બાળી શકે છે તે સાચું છે, પણ તે અમુકને જ. એથી વધારે આશા રાખો, તો વાંક આશા રાખનારનો છે, પાણીનો નહીં. તેમ સંસારમાં સુખ પણ અમુક માત્રામાં અને સંજોગોમાં જ છે; તેથી વધારેની આશા રાખનાર ભૂલ કરે છે. જેમ સુખનું તેમ જ દુઃખનું.

સુખ અને દુઃખ વચ્ચે એક બીજો પણ ફેર છે ખરો. જો સંસાર વિષે આપણે એવી કલ્પના કરી રાખીએ કે તે વગર પ્રયત્ને અને નિરાંતે નીચે લપસતા લપસતા આવી શકાય એવા ઢાળ જેવો હોવો જોઈએ, તો તે નિરાશા જ કરાવશે. સંસારનો એ સ્વભાવ જ નથી. કારણ કે અનિત્ય સંસાર અને નિત્ય આત્મા વચ્ચે ગમે તેટલો ભેદ લાગતો હોય તોયે સંસાર આત્મામાંથી ઊગેલો છે, અને હાથમાંથી છૂટતાં જ ધબ દઈને નીચે પડી જનારો પથરા જેવો આત્મા નથી, પણ સદા ઊંચે ઊંચે ઊડવા મથનારા ગરુડ જેવો છે; અને ઊડવાની ક્રિયા જ એવી છે કે એમાં પ્રયત્ન અને મહેનત વિના ચાલી શકતું નથી. તેમ સંસારમાં સતત પુરુષાર્થ, મહેનત એ જીવનને આગળ જવાની અનિવાર્ય શરત છે. એ શરત ન પાળો તો નીચે પડવાનું જ થાય; તે તો દુઃખમય જ હોય. એ શરત પાળો તોયે કદાચ નિષ્ફળતા આવે અને દુઃખ થાય; પણ સફળતાયે મળે અને સુખ પણ થાય. આમ હોવાથી સુખ સંજોગવશ તથા પ્રયત્નાધીન, અને દુઃખ સ્વભાવસિદ્ધ જણાય છે. પણ તેનો અર્થ એ નથી કે સંસાર કેવળ દુઃખમય જ છે. હિમાલય પર ચડવામાં સતત પરિશ્રમ કરવો પડે છે; નીચે પડવામાં સતત પરિશ્રમની જરૂર નથી; વગર પરિશ્રમે—અનિચ્છાએ પણ—કદીક થઈ શકે. ચડવાનો પરિશ્રમ કરીનેયે નિષ્ફળતા મળે એમ બને. પણ તેથી પૃથ્વીને ખીણો અને પર્વતો બંનેવાળી ન કહેતાં માત્ર ખીણો અને ખાડાઓવાળી જ કોઈ કહે તો તે બરાબર નથી.

અને, બહુ વિચારવા જેવી બાબત તો એ છે કે સંસાર દુઃખરૂપ જ છે એવો તત્ત્વસિદ્ધાન્ત હોવા છતાં, પ્રાણીના હૃદયમાંથી સંસારને સુખરૂપ કરવાની આશા અને પ્રયત્નોનો કદી ઉચ્છેદ જ થતો નથી, તેનું કારણ શું છે? આનો એવો ઉત્તર અપાય છે કે, આત્મા-સુખરૂપ છે, અને તે આત્મસુખનો સંસારને લાગેલો પાશ અજ્ઞાનથી સંસારમાં સુખનો ભાસ કરાવે છે; વાસ્તવિક રીતે, પોતામાં રહેલા સુખના અનુભવને તે બહારથી આવે છે એમ ભૂલમાં કલ્પે છે. પોતાની નાભિમાં રહેલી કસ્તૂરીને જેમ હરણ બહાર ખોળે છે, તેના જેવી આ ભૂલ છે. મને લાગે છે કે આ ખુલાસો અધૂરો છે, મારી દૃષ્ટિએ એમ લાગે છે કે આત્મામાંથી જ આ સંસારનો ઉદ્‌ભવ છે, અને આત્મા તથા સંસારના સ્વરૂપમાં પરસ્પર વિરોધ કલ્પવામાં ભૂલ થાય છે. આત્મા અનંત શક્તિમાન છે, તેથી સંસાર પણ અનંતરૂપી છે; આત્મા સતત ક્રિયાવાન, ગતિમાન છે, તેથી સંસાર પણ સતત ફેરફાર પામનારો છે; આત્મા સતત જ્ઞાનરૂપ છે, માટે સંસાર સતત નવા નવા અનુભવોથી ભરેલો છે. ટૂંકામાં, નિરંતર નવાં નવાં રૂપોમાં પોતાને પ્રકટ થયેલો જોવો એ આત્માના સ્વરૂપમાંથી ઉદ્‌ભવતો અવશ્ય સ્વભાવ છે. આ અનંત રૂપો અર્થાત્, એક સરખાં નથી હોઈ શકતાં; પરસ્પર વિરોધી પણ હોય; અને તેથી કદીક સુખની વેદના કરાવવાવાળાં, કદીક દુઃખની વેદના કરાવવાવાળાં થાય છે. સુખની વેદના કરીને ત્યાં સ્થિર રહેવું એ આત્માના સ્વભાવમાં નથી; તેથી નવી વેદના વધારે સુખની થાય કે ઓછા સુખની અથવા દુઃખનીયે થાય. દુઃખની વેદના કરીને, તેથી સંતોષ પામવો કે કાયમના નિરાશ થઈને બેસી જવું એ પણ આત્માનો સ્વભાવ થઈ શકતો નથી. કારણ કે એક જ ઠેકાણે, અને તેમાંયે નિષ્ફળ સ્થળે સ્થિર રહેવું એ તેના જ્ઞાનક્રિયાશીલ સ્વભાવથી વિરુદ્ધ છે. માટે જ્યાં જ્યાં દુઃખનો અનુભવ થાય, ત્યાં ત્યાં તેની સામે ઝઘડવું અને તેમાંથી નીકળવા મથવું, અને સુખનો થાય ત્યાં તેને સમૃદ્ધ કરવા મથવું, એ તેના સ્વભાવના પરિણામરૂપ ધર્મ છે. એના સ્વભાવને વિરોધી તત્ત્વજ્ઞાનનો ગમે તેટલો પ્રચાર થાય, અને કોઈક વિરલ યોગી તેવા



તત્ત્વજ્ઞાનમાં દૃઢપણે સ્થિર થયેલો લાગે, તોયે તેવું તત્ત્વજ્ઞાન કદી જગતમાં જામેલું માલૂમ પડશે નહીં. આથી જરા, મૃત્યુ, રોગ, અપ્રિય પરિસ્થિતિઓના યોગ અને પ્રિય પરિસ્થિતિઓના વિયોગનાં અનિવાર્ય દુઃખોને દૂર કરવાં; અને બળ, આરોગ્ય, દીર્ઘાયુષ્ય, પ્રિય પરિસ્થિતિઓના યોગ અને અપ્રિયના વિયોગથી પ્રાપ્ત થનારાં સુખોને સિદ્ધ કરવા મથવું એ જ યોગ્ય પુરુષાર્થ અને જીવનનું ધ્યેય હોઈ શકે. અર્થાત્, તેમાં વિવેક જોઈએ જ; એટલે કે, જ્ઞાન જોઈએ. જ્ઞાનની ખામીને લીધે પુરુષાર્થ નિષ્ફળ જવાના વારંવાર પ્રસંગ આવવાના. વળી, વિવેક જોઈએ, એટલે તે પ્રયત્નો તથા તેનાં પરિણામો વિષે ખોટી આશા સેવવી ન જોઈએ: નહીં તો નિરાશા આવે જ. ખોટી આશાઓ તે આવી: પ્રયત્નને ધાર્યો યશ મળવો જ જોઈએ; તે પ્રયત્ન તથા તેનું પરિણામ સુખરૂપ જ હોવું જોઈએ; દુઃખરૂપ ન જ થવું જોઈએ; તેમાં પરિશ્રમ ન જ થવો જોઈએ અથવા બહુ થોડો થવો જોઈએ. આવી આવી ખોટી આશાઓ તે જ ફલાસક્તિ.

પણ ખોટી આશાઓ ન સેવીએ, છતાં એટલું જાણીએ કે આત્મા સત્યકામ, સત્યસંકલ્પ હોવાથી, જે સ્થિતિને તે વિવેકપૂર્વક પ્રગટ કરવા મથે અને તેની પાછળ બરાબર મંડ્યો રહે તો તે યોગ્ય કાળે સિદ્ધ થાય જ. માટે સંસારને સંશુદ્ધ, સમૃદ્ધ અને નિર્દોષ કરનારો પુરુષાર્થ સતત કર્યા કરવો અને તેમ કરવામાં સુખ-દુઃખ, લાભ-હાનિ, યશ-અપયશ, વગેરે જે આવી પડે તે સહન કરવાને તૈયાર રહેવું, તે માટે જીવનને ટકાવવા જેવું અને જરૂર પડે તો ચડાવી દેવા જેવુંયે સમજવું — એમાં જ વિવેકી અને પુરુષાર્થી માણસ માટે પોતાના તેમ જ વિશ્વના જીવનનું શ્રેય તથા ધ્યેય પ્રાપ્ત થાય એમ છે. એમાંથી જ માનવધર્મ અને વ્યક્તિનું સ્વકર્મ સાંપડશે.

## परिशिष्ट

# 'जगमें जीना दो दिनका'?

जब मैं सन् १९४२में रायपुर जेलमें क़ैदी था, मेरे वार्डके बाजूमें ही स्त्रियोंका वार्ड था. वहाँसे दोनों शाम प्रार्थनाकी आवाज़ सुनाअी देती थी. अुसमें अेक भजन हर रोज़ गाया जाता था; अुसका ध्रुवपद था — 'जगमें जीना दो दिनका'. मेरा खयाल है कि वह ब्रह्मानंद-भजनमालाका भजन है. अिसी भावके हमारे भक्ति-साहित्यमें सैकड़ों भजन हैं. कबीरजीका 'इस तन धनकी कौन बड़ाई' प्रसिद्ध ही है. अिन भजनोंमें सत्यांश और बोध लेने लायक़ कुछ भाग तो है. फिर भी मुझे ये विचार कुछ अखरते थे. कअी दिनों तक अुसे सुनते रहने पर मेरे साथ रहते हुअे श्री. तुकड़ोजी महाराजको मैंने अेक दिन विनोदसे कहा — "ये बहनें कैसे मान सकती हैं कि जगमें जीना दो दिनका? मास-डेढ़-मास हमें ही सुनते-सुनते हो गया!" खैर, यह तो मज़ाक थी, लेकिन अुसके प्रत्युत्तररूप नीचेका भजन है:

क्यों कहो जी साधो, जगमें जीना दो दिनका?
गलत खयाल न बांधो, जगमें जीवन दो दिनका।
तन लघुजीवी, जग चिरजीवी
अविनाशी जीवनका;
जगके कार्यालयमें तन है,
साधन केवल जीवनका। — क्यों०
देह मरे दो दिन या युगमें,
अन्त नहीं वह ज़ीवनका;
न कार्य ही नाश सभी होता,
किया जो तनने जीवनका। — क्यों०
चरित – बुद्धि – वीर्य – मृत्युसे
विकास जगके जीवनका;
गुण – विद्या – कीर्ति – धन – वंशज
दान है तनके जीवनका। — क्यों०
तन जानेसे डूब गअी दुनिया,
सत्य नहीं यह जीवनका;
तन जावे और जगत् डूबे, पर,
तू स्वरूप अक्षय जीवनका। — क्यों०

# સંસાર અને ધર્મ

## ખંડ ૨જો

## ઈશ્વર

૧

# અવતારભક્તિ

જડ યા ચેતન—એવી કઈ વસ્તુ છે કે જે પરમાત્માથી ભિન્ન છે? ખરેખર, દરેક સત્ત્વ પરમાત્મા જ છે. છતાં સનાતની હિંદુ દરેક સત્ત્વની ઉપાસના યા ભક્તિ નથી કરતા; પ્રતાપવાન અને પ્રતાપહીન સત્ત્વનો ભેદ પાડે છે અને થોડાં પ્રતાપવાન સત્ત્વોમાં વિશેષ રૂપે પરમાત્માના ભાવની પ્રતિષ્ઠા કરે છે; જેમ કે, અવતાર યા પોતાના સદ્ગુરુ આદિમાં. તેમની તે પરમાત્મા રૂપે ઉપાસના તથા ભક્તિ કરે છે.

બહુ-જનસમાજ અવતારમાં પરમાત્મભાવ રાખે છે, અને શિષ્ય પોતાના સદ્ગુરુમાં.

સાધારણ રીતે લોકમત એવી વ્યક્તિને અવતારપદ આપે છે કે જેનો પ્રતાપ બહુ વ્યાપક અને મશહૂર હોય તથા જેની દ્વારા લોકકલ્યાણ બહુ થયું હોય. સદ્ગુરુનો પ્રતાપ પોતાના શિષ્યમંડળ બહાર બહુ ફેલાયેલો નથી હોતો. એના હાથે થયેલું લોકકલ્યાણ એક જ ક્ષેત્રમાં અને તે પણ મર્યાદિત હોય છે. છતાં બંને પરમાત્માની બરોબરીમાં ઉપાસના અને ભક્તિને પાત્ર મનાય છે.

પરમાત્માની ઉપાસના — ભક્તિ તો ખ્રિસ્તી, મુસલમાન પારસી વગેરે બધા ઈશ્વરવાદી ધર્મોને પણ માન્ય છે. છતાં તે લોકો કોઈ પણ સત્ત્વને પરમેશ્વર સમાન ગણતા નથી, તેમ જ કોઈની આવી ભાવના યા ભક્તિથી ઉપાસના પણ કરતા નથી.

પ્રશ્ન એ છે કે અવતાર યા સદ્ગુરુની પરમાત્મારૂપે ઉપાસના — ભક્તિ કરવી યોગ્ય છે? શું રામ, કૃષ્ણ, શંકર આદિ ઐતિહાસિક યા રૂપકાત્મક અવતાર યા દેવને યા પોતાના સદ્ગુરુને 'साक्षात् परब्रह्म' સમજવા અને તેમનાં એ ભાવનાથી ઉપાસના કે ધ્યાન-ભજન કરવાં યોગ્ય છે?

હું અદ્વૈત સિદ્ધાન્તને માનનારો છું, સદ્‌ગુરુ દ્વારા લાભ મેળવ્યો છે અને ગુરુભક્તિ રાખું છું. તોપણ હું એ કહેવા ઇચ્છું છું કે ઉપાસના કરવાની આ રૂઢિ અને કોઈમાં આવી શ્રદ્ધા મૂકવાના સંસ્કાર છોડવા યોગ્ય છે. તત્ત્વ તેમ જ પ્રત્યક્ષ પરિણામ — બન્ને દૃષ્ટિઓએ આવી જાતની ઉપાસના દોષિત છે.

તત્ત્વથી — કારણ કે, સત્ત્વમાત્ર — પદાર્થમાત્રમાં પરમેશ્વરની અંશમાત્ર શક્તિનું જ દર્શન થાય છે. કોઈ પૂર્ણ નમૂનો થઈ જ નથી શકતો. ફક્ત મનુષ્યને જ લો, તોપણ મનુષ્યતાનું પણ પૂર્ણ અને સર્વકાળને માટે પૂર્ણ સ્વરૂપ કોઈ એક સત્ત્વમાં નથી આવી શકતું. અને માણસ તો જડ–ચેતન સૃષ્ટિનું એક અણુમાત્ર અંગ છે. विष्टम्याऽहमिदं **कृत्स्नमेकांशेन** स्थितो जगत् । (આ આખા સંસારને મેં **એક અંશ દ્વારા** જ ધારણ કરી રાખ્યું છે : ગીતા ૧૦–૪૨). આમાં રામ, કૃષ્ણ વગેરે બધા આવી જાય છે.

પ્રત્યક્ષ પરિણામની દૃષ્ટિએ, અવતાર યા ગુરુ દ્વારા સગુણોપાસના બહુ કલ્પનાપ્રધાન, ભ્રામક અને વિપરીત માર્ગમાં તણાયેલી જોવામાં આવી છે.

હજારો વર્ષો પહેલાં થઈ ગયેલા આ અવતારોનાં ખરાં ચરિત્ર આપણે જાણતા નથી. જે ગ્રંથોમાં તેમના પૂરા યા અધૂરા અંશો મળે છે તે ક્ષેપકોથી ભરપૂર છે, ખાસ ઉદ્દેશથી તેમાં વધારાઘટાડા થયેલા છે. આ અંશો પરસ્પરવિરોધી વાતોથી ભરપૂર છે અને તેને દિવ્યતાનો જામો પહેરાવવામાં આવ્યો છે. આ કારણે એ પુરુષો ખરેખર કેવા હતા તેનો સાચો ખ્યાલ નથી આવી શકતો. દરેક સંપ્રદાય કે ભક્ત પોતાની કલ્પનાના રામ કૃષ્ણ આદિ બનાવી તેને પૂજે છે. અને, ફક્ત પૂજે જ છે. તેના અનુયાયી, એના ચરિત્ર પ્રમાણે પોતાનું ચારિત્ર નથી બનાવતા.

ભૂતકાળમાં બનેલ કૃષ્ણના કોઈ ભક્ત સ્વયં પુરુષ હોવા છતાં કોઈ ગોપી બનવાની કલ્પના કરે છે, કોઈ ઉદ્ધવ અને કોઈ માતા યશોદા. કૃષ્ણની કાલ્પનિક મૂર્તિને સત્ય સ્વરૂપ માનીને તે તેના પ્રત્યક્ષ દર્શન કરવાની સાધના કરે છે. પ્રત્યક્ષ જીવનનાં કર્તવ્યોને અને



પ્રત્યક્ષ માતા, પિતા, બાળક, પતિ તથા સમાજ આદિને મિથ્યા — જૂઠાં માને છે અને આ કાલ્પનિક પતિ યા બાળકને માટે રડે છે, હસે છે, નાચે છે અને નૈવેદ્ય ધરે છે, અને માને છે કે આ જ ભક્તિ છે, સાધના છે અને મોક્ષની સીડી છે.

કોઈ પણ પ્રતાપી સત્ત્વમાં તે જ પરમાત્મા છે એવી જાતની શ્રદ્ધા રાખવાથી જે ભક્તિમાર્ગ પેદા થયો છે તેમાં બહુ જ કૃત્રિમતા આવી ગઈ છે, અને ઘણી વાર તો તે ખૂબ ભૂંડું રૂપ ધારણ કરી બેસે છે. પુરાણા કૃષ્ણના નામની સાથે ગોપીઓના વ્યવહારોની વાતો, નિર્દોષ બાળક્રીડાઓ હતી કે શૃંગારરસથી રંગેલ કોઈ રૂપક હતાં, કે પ્રતાપ અને વિલાસ બન્ને ભાવો રાખનાર એક રાષ્ટ્ર-પુરુષનું સાચું જીવન હતું, તેની આપણને પાકી ખબર નથી. સંભવ છે કે ત્રણે રંગ એ વાતોમાં હોય. પણ જે એક સંસ્કાર અવતાર–ગુરુભક્ત સંપ્રદાયોમાં સ્થિર થયો છે તે એ છે કે જે કોઈનામાં આવી જાતની શ્રદ્ધા બેસે તેનાં કાર્યો અને વર્તનને વિવેકદૃષ્ટિએ તપાસી જોવાય જ નહીં, અને તેની ગમે તે માગણી પૂરી કરવી તે જ નિઃસંશય ભક્તિનું લક્ષણ છે. સ્ત્રીઓ પોતાનાં શીલ સુધ્ધાં અર્પણ કરી દે એ હદ સુધીની શ્રદ્ધા આમાં આવી ગઈ છે, અને એનાં શરીર યા મૂર્તિને જાતજાતના ભોગ ચઢાવવા એમાં જ ભક્તિ સમાઈ ગઈ છે.

આવી જાતની ભક્તિએ અંધશ્રદ્ધા, પંગુતા અને પુરુષાર્થ-હીનતાને બહુ વધારી છે. અવતાર કે ગુરુ પરમાત્માનું જ સ્વરૂપ છે, એ સિદ્ધાંત એટલે જ અંશે સાચો છે કે જે કાંઈ છે તે પરમાત્મ-સ્વરૂપ છે, તેથી જેને અવતાર કે ગુરુ માનીએ છીએ તેનોયે તેમાં અપવાદ થઈ શકતો નથી. પણ જેમ આપણે બીજાં સત્ત્વોનો આશ્રય લઈ પરમાત્માની ઉપાસના નથી કરતા, તેમ જ ગમે તેટલો પ્રતાપી, વિભૂતિ, ઐશ્વર્ય, પરાક્રમ તથા બીજા અનેક ગુણોવાળો તથા જ્ઞાની અને તત્ત્વદર્શી પુરુષ કાં ન હોય, તેના આશ્રયે પરમાત્માની ઉપાસના ભક્તિ કરવી અયોગ્ય છે. અહીં આશ્રય એટલે મદદ નહીં પણ તેને ઉપાસ્ય માનવો તે.

એમ ન સમજવું કે આ વિચારો દ્વારા હું સગુણ ભક્તિનો નિષેધ કરું છું. અવતાર કે ગુરુ–રૂપ ઈશ્વરમાં ન માનતાં છતાં ઇસ્લામ વગેરે ધર્મોમાં સામાન્યપણે પરમાત્માની દૃષ્ટિ સગુણથી પર ગઈ નથી. ઇસ્લામ, ખ્રિસ્તી, જૈન, બૌદ્ધ, શીખ વગેરે પોતપોતાના પેગંબર, મસીહા, તીર્થંકર, ગુરુ વગેરેમાં અવતાર કે સદ્‌ગુરુવાદી હિંદુના જેટલી જ શ્રદ્ધા, ભક્તિ અને તારકબુદ્ધિ રાખતાં છતાં, તેમને એમ લાગતું નથી કે તેઓ પોતાના પેગંબર વગેરેની પરમાત્મા સમજીને ધ્યાન–ઉપાસના કરે. કોઈ એમ તો નહીં જ કહે કે સામાન્ય મુસલમાન કે શીખ કરતાં સામાન્ય હિંદુ વધારે મંદબુદ્ધિનો કે 'પામર' હોય છે, અને તેથી જે અન્ય ધર્મી સામાન્ય માણસ કરી શકે છે તે એ ન કરી શકે.

પણ હિંદુ ધર્મના પ્રવર્તકો જ્ઞાની હોવા છતાં ઘણુંખરું ભારે કલ્પનાપ્રધાન કવિ થઈ ગયા. રમ્ય કલ્પનાઓ, રૂપકો, રસભરપૂર વર્ણનો અને સૂક્ષ્મ અમૂર્ત તત્ત્વોને મૂર્ત રૂપ આપ્યા વિના તેમને ચેન પડ્યું નહીં. કલ્પનાવિલાસ તેમનો સ્વભાવ જ હતો. તેમણે ધર્મગ્રંથોને નામે જાતજાતની નવલકથાઓ નિપજાવી. એવી કથાઓ લોકમનોરંજની થાય એમાં આશ્ચર્ય નથી. તેથી તેઓ એ કથાઓ દ્વારા લોકોનાં મન આકર્ષવામાં સફળ થયા, પણ લોકો પર તેની શી અસર થઈ? લોકોએ કલ્પનાઓ અને રૂપકો વગેરેને ઇતિહાસ — સાચી ઘટનાઓનાં વર્ણનો — માન્યાં. રાહુનું ગ્રહણ, બલિનો પાતાલ-વાસ, રાવણનાં દશ માથાં ને વીસ ભુજા, નરસિંહનું માણસ અને સિંહનું મિશ્ર રૂપ, કૃષ્ણનું ચતુર્ભુજ સ્વરૂપ વગેરેને તેઓ એવી જ સાચી બીનાઓ સમજે છે, જેવી વર્તમાન યુદ્ધની કોઈ ઘટના. આ સંસ્કારે હિંદુ જનતાની બુદ્ધિનો વિકાસ કરવાને બદલે તેને કલ્પનાસેવી બનાવી દીધી છે.

આ કારણથી હું કોઈ પણ સત્ત્વની પરમાત્માને નામે ઉપાસના–ભક્તિ કરવાની પ્રથાનો નિષેધ કરું છું. આ સાચો માનવ-ધર્મ નથી.

સેવાગ્રામ તા. ૧૧–૮–'૪૫ ('પ્રસ્થાન', ૧૯૪૫)

૨

# બે દૃષ્ટિઓ

ત્રીજા વર્ગના એક લાંબા ડબ્બામાં બેઠો હતો. નીચે પ્રમાણે હારમાં માણસો બેઠેલા હતા.

૧ ૨ — ૧–૨ મુસલમાન મા–દીકરો

૩ ... ૪ — ૩ એક પંડિત; ૪ હું

૫ — ૫ એક વયોવૃદ્ધ મુસલમાન

આ ઉપરાંત બીજા ઘણા મુસાફરો હતા. પણ તેમને આ વાતમાં સ્થાન નથી.

મા–દીકરા વચ્ચે કંઈ રકઝક ચાલતી હશે એમ લાગે છે. મારું જ્યારે તેમના પ્રત્યે ધ્યાન ખેંચાયું ત્યારે પંડિત દીકરાને ઉદ્દેશીને કહેતો હતો:

"જોને, ભાઈ! ખુદા–ખુદા તો બધા કરે છે, પણ ખુદાને કોઈ થોડો જ જોઈ શકે છે? એ તો અગોચર છે. તેથી, જોઈ શકાય, પૂજી શકાય એવા ખુદાનો વિચાર કરવો જોઈએ. પુત્રને માટે એવો ખુદા મા છે, અને સ્ત્રીને માટે એનો પતિ છે. માટે માની તરફ તારે ખુદાની દૃષ્ટિ રાખવી જોઈએ."

આ તો હું ટૂંકાણમાં લખું છું. એણે તો ઠીક વિસ્તારથી ઉપદેશ કર્યો હતો, અને એ માદીકરાને એ વાતો સારી લાગતી પણ જણાતી હતી. એમને એમાં આઘાત લાગ્યો હોય એમ જણાયું નહીં.

પણ એની પાછળ બેઠેલા વૃદ્ધ મુસલમાનને આ નિરૂપણ બહુ વિચિત્ર લાગ્યું. થોડી વાર તો એ સાંભળી રહ્યો. પણ પછીથી

એનાથી રહેવાયું નહીં, અને કાંઈક રોષપૂર્વક એણે પંડિતને ઊધડો લેવા માંડ્યો :

"કંઈ ખુદાઈ કિતાબ વાંચી પણ છે કે માત્ર બોલબોલ કરતાં જ આવડ્યું છે? ખુદા તે કંઈ શાકબજારનો ભાજીમૂળો છે કે એને વિષે જેના મનમાં જેમ આવે તેમ તે બોલી શકે? ખુદા એટલે કોણ? જે આખી આલમને બનાવી શકે છે અને તોડી શકે છે, જેનામાં જાન પેદા કરવાની તેમ જ મારવાની શક્તિ છે તે ખુદા. જેનામાં ઉપજાવવાની અને નાશ કરવાની શક્તિ નથી તેને ખુદા કેમ કહેવાય? બચ્ચાને માટે મા અને ઓરતને માટે એનો ખાવિંદ ખુદા છે — એ કેવી બેહૂદી, કેટલી નાદાનીની વાત કરો છો?"

આ ચર્ચા જરા તીખી થઈ જવાની ધાસ્તી હતી. પણ એક ટીખળી મુસાફરે સમયસૂચકતા વાપરી મિયાં સાહેબને આડીઅવળી દલીલોમાં મૂંઝવીને મૂગા કરી દીધા અને તેમનું સ્ટેશન આવતાં સુધીમાં એમને રીઝવીને વિદાય કરી દીધા. આ રીતે એ ચર્ચા ત્યાં જ અટકી.

ચર્ચા તો બંધ થઈ. પણ એ નાનકડી વાત મને રહસ્યમય લાગી અને હું વિચારમાં પડી ગયો. હિંદુને ગુરુ, માતા, પિતા, પતિ વગેરેમાં ઈશ્વરબુદ્ધિ રાખવાનો વિચાર કાંઈ પણ દલીલ વિના સ્વીકારી લેવાય એટલો સીધો અને સરળ લાગે છે. પણ મુસ્લિમબુદ્ધિને એ નાસ્તિકતાના વેણ જેવો આઘાત પહોંચાડનારો લાગે છે. મા, બાપ, ગુરુ, પતિ ઇત્યાદિ પ્રત્યે માણસને ગમે તેટલી ભક્તિ લાગતી હોય અને ફરજે અદા કરવાની હોય, છતાં એ ઈશ્વર છે કે ઈશ્વરનું પ્રત્યક્ષ સ્વરૂપ છે એમ કહેવું, એ સત્ય, સનાતન, સર્વ કર્તાહર્તા પરમેશ્વરની કેવી બદનક્ષી છે!

આ બે બુદ્ધિમાં ક્યાં ભૂલ થાય છે? અથવા બંને સાચી છે તો એકને બીજાનો વિચાર સાંભળી આઘાત કેમ પહોંચે છે?

હિંદુ વેદાંતી કદાચ કહી દેશે કે મુસલમાનને આઘાત પહોંચવાનું કારણ એની જડતા છે; બીજું કશું નથી. એને પરમાત્માના સ્વરૂપનું સાચું જ્ઞાન નથી તેથી એ ગૂંચવણમાં પડે છે.



હિંદુયે અજ્ઞાની હોય તો તેનેયે આવી વાત સાંભળી આઘાત થતો જોવામાં આવે છે. તુકારામને જ્યાં સુધી ભક્તિમાર્ગમાં જ રસ લાગતો હતો, ત્યારે કોઈ વેદાંતીએ એમને તત્ત્વમસિનો ઉપદેશ આપવા માંડ્યો, ત્યારે એમને પણ પેલા વૃદ્ધ મુસલમાન જેવો જ આઘાત પહોંચ્યો હતો, અને રોષ આવ્યો હતો. પણ પાછલી ઉંમરે તેઓ પણ વેદાંત ઉચ્ચારવા અને સર્વત્ર પરમેશ્વરને જ જોવા લાગ્યા હતા. આથી હિંદુના વિચારમાં કાંઈ સુધારવા જેવું લાગતું નથી.

પણ, જરા વધારે ઊંડા ઊતરીએ. જ્યારે આપણે કહીએ છીએ કે ગુરુ, માતાપિતા, પતિ વગેરે એમનાં શિષ્ય, બાળક કે પત્નીના પરમેશ્વર છે, ત્યારે આપણે એ સત્ય છે એમ અક્ષરશઃ કહેવા માગીએ છીએ કે લાક્ષણિક અર્થમાં અથવા આલંકારિક ભાષામાં જ? દેખીતું છે કે આપણે એને અક્ષરશઃ સત્ય તરીકે તો સમજાવવા નથી ઇચ્છતા; કારણ કે, મારા ગુરુ તે તમારે માટે પરમેશ્વર નથી; મારાં માતાપિતા તમને પરમેશ્વર નથી; મારી મોટી બહેનના પતિ નાની બહેનને પરમેશ્વર નથી એટલું જ નહીં એને તો એ પર-પુરુષ એટલે ત્યાજ્ય પુરુષ છે. પરમેશ્વર — એટલે પ્રાણીમાત્ર માટે એક સર્વસામાન્ય ઈશ્વર — જેને કહી શકાય તે આ લોકો નથી એટલું તો નક્કી જ. તે છતાં જ્યારે એમને પરમેશ્વર કહેવામાં આવે ત્યારે, અર્થાત્, કેવળ લક્ષણાથી કે અલંકારથી જ છે એમ માનવું જોઈએ. લક્ષણાથી, એટલે એ અર્થમાં કે તેઓ દિવ્યાંશ છે માટે, અંશને પૂર્ણને નામે ઓળખાવીને; અલંકારથી, એટલે તેમની અને પરમેશ્વરની વચ્ચે રૂપક, ઉપમા, ઉત્પ્રેક્ષા વગેરે યોજીને. સાંભળનારના મનમાં ભ્રમ ઉત્પન્ન ન થાય એ રીતે બોલવું હોય તો આપણે વધારેમાં વધારે એટલું જ કહેવા માગીએ છીએ કે "પોતાના ગુરુ, માતાપિતા કે પતિનો સાચો ભક્ત પરમેશ્વર-ભક્ત જેટલો જ પવિત્ર છે." અથવા "તેમની ભક્તિ દ્વારા પરમેશ્વરભક્તનું સંપૂર્ણ ફળ મળી શકે છે," અથવા "ગુરુ વગેરેનો દ્રોહ કરનાર પરમેશ્વરભક્ત થઈ શકતો નથી," અથવા "તે પરમેશ્વરનો પણ દ્રોહ કરે છે."

આ રીતે જો કોઈ માતાપિતા વગેરેની ભક્તિનો મહિમા વર્ણવે તો તે સામે કોઈ મુસલમાનને વાંધો ઊઠવા સંભવ નથી.

૨

પણ કોઈ કહેશે કે :—

"વેદ તો એમ વદે, શ્રુતિ–સ્મૃતિ શાખ દે કનક કુંડલ વિષે ભેદ ન્હોયે,
ઘાટ ઘડયા પછી નામ–રૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોયે."

એટલે કે, જેમ કડું એ સોનું છે, કુંડળ એ સોનું છે — એ વાક્યો અક્ષરશઃ સત્ય છે, તેમ જ ગુરુ, માતાપિતા આદિ પરમેશ્વર જ છે એમ કહેવું એ અક્ષરશઃ સત્ય છે; એમાં લક્ષણા કે અલંકાર જ નથી.

પણ આ વાત કે આ દૃષ્ટાંત સંપૂર્ણપણે બંધ બેસતાં કે બરાબર નથી. કડું કે કુંડળ એ સાપેક્ષ સોનું નથી. એટલે કે એકને માટે સોનું ખરું, પણ બીજાને માટે નહીં એમ નથી. બધાયે લોકોને માટે એ સોનું જ છે. ઉપલા મનુષ્યો માટે એમ કહેવાનો દાવો કરવામાં આવતો નથી. ઉપાસનાના વહેવારુ પ્રશ્ન માટે એમને સર્વને માટે સરખાં પૂજ્ય મનાવવાનો પ્રયત્ન નથી. એમાં કડા–કુંડળ જેવા રૂપભેદ ઉપરાંત બીજા સંબંધદર્શક ભેદોનો પણ ખ્યાલ રહેલો છે. એને માટે કદાચ પહેરણ ચોળીનું દૃષ્ટાંત આપી શકાય. પહેરણ પણ કપડું છે, ચોળી પણ કપડું છે; પણ એક પુરુષને માટે છે; બીજું સ્ત્રી માટે છે. પુરુષને ચોળી નકામી છે; સ્ત્રીને પહેરણનો ઉપયોગ નથી. તેમ એકેએક વ્યક્તિ તત્ત્વતઃ પરમેશ્વર જ હોય છતાં વિશેષ સંબંધોથી બતાવાયેલી વ્યક્તિ તે સંબંધથી બંધાયેલા લોકો માટે જ ઇષ્ટ કે પૂજનીય બને છે, સર્વે માટે નહીં.

વળી, કડું અને કુંડળ બંને સોનું છે એમ આપણે કહીએ છીએ ખરા; પણ તેમાંયે થોડું અધ્યાહૃત રહે છે. કડું અને કુંડળ બંને સોનું છે એમાં આપણે સોના વિષેનો થોડો પક્ષ જ રજૂ કરીએ છીએ; પૂરો નહીં. જો એનો અર્થ કોઈ એમ કરે કે કડું અને કુંડળ એટલું જ સોનું, બીજું બધું સોનું નહીં, તો આપણે તુરત



કહીશું કે આપણો એમ કહેવાનો આશય છે જ નહીં. સોનું તો અતિ અધિક છે; કડું–કુંડળ તો એની બે જ નાનીશી આકૃતિઓ છે; એવી તો સોનાની અસંખ્ય આકૃતિઓ થાય, અને છતાં નામ ન પાડી શકાય એવી આકૃતિઓમાં રહેલું અપાર સોનું હોય. એટલે કે કડું અને કુંડળ સંપૂર્ણપણે સોનું હોવા છતાં, આપણે એવો ખ્યાલ થવા દેવા ઇચ્છતા નથી કે એ બેમાં જ સોનાની અથેતિ કોઈ માની લે. એ જ વાત વ્યક્તિઓને પરમેશ્વર કહેતી કે માનતી વખતે ખ્યાલમાં રાખવાની છે. ગુરુ, માબાપ, પતિ વગેરે પરમેશ્વર છે, કે સૂર્ય–ચંદ્ર વગેરે પરમેશ્વર છે એમ બોલીએ કે માનીએ ત્યારે એમ સમજવાનું નથી કે એમાં પરમેશ્વરનાં અથેતિ આવી જાય છે. પરમેશ્વરનાં અપાર રૂપોમાંથી આ થોડાં કેટલાકને પ્રિય કે ઇષ્ટ લાગતાં રૂપો છે એટલું જ.

સારાંશ કે, સમગ્રતા અને તાત્ત્વિક પૂર્ણતા એ બે જુદી બાબતો છે. પરમેશ્વર સમગ્ર પૂર્ણ તત્ત્વ છે; પણ એનું કોઈ વિશિષ્ટ-રૂપ ગણાવીએ તો તે તત્ત્વથી ભલે પૂર્ણપણે તે જ હોય, સમગ્રતાની દૃષ્ટિએ તે એ વસ્તુ નથી. નાનકડું ટીપું અને સમુદ્ર બંને તત્ત્વથી પૂર્ણપણે જળ છે. પણ જળની સમગ્રતા ટીપામાં નથી, સમુદ્રમાંયે નથી. બીજી રીતે કહીએ તો ટીપું જળ છે, સમુદ્ર જળ છે; પણ જળ કેવળ ટીપું નથી, કેવળ સમુદ્ર નથી. સોનું, જળ વગેરે માટે આપણી પાસે એવા શબ્દો નથી કે જે એની તાત્ત્વિકતા તેમ જ સમગ્રતા બન્નેના વાચક હોય. 'આજન્મ' જેવા શબ્દની જેમ 'આ' (= સમગ્ર) ઉપસર્ગ લગાડીને કહીએ તો એમ કહી શકાય કે ટીપું, સમુદ્ર ઇ૦ જળ છે, પણ આજળ નથી, કડું, કુંડળ ઇ૦ સુવર્ણ છે, પણ આસુવર્ણ નથી. ઈશ્વર વિષે આપણી પાસે ઈશ્વર–પરમેશ્વર, બ્રહ્મ–પરબ્રહ્મ, આત્મા–પરમાત્મા, પુરુષ–પુરુષોત્તમ, દેવ–મહાદેવ વગેરે શબ્દ-જોડીઓ છે. નાની વસ્તુને મોટું નામ અપાયું છે એમ જ્યારે જોવામાં આવ્યું ત્યારે પર અને સૂક્ષ્મ વસ્તુ માટે પાછલા શબ્દો ઉત્પન્ન થયા હોય એમ જણાય છે. પહેલાં તો દેવ જ હતો. પણ જ્યારે કોઈ અલ્પ સત્ત્વ દેવના નામે ઓળખાવા લાગ્યો, અથવા

જેને દેવને નામે ઓળખતા તેના કરતાં વધારે સૂક્ષ્મ તત્ત્વની શોધ થઈ ત્યારે મહાદેવ શબ્દ ઉત્પન્ન થયો. એ જ પ્રમાણે પરમેશ્વર, પરબ્રહ્મ, પરમાત્મા વગેરે શબ્દો. એનો ઠીક ઉપયોગ કરાય તો એમ કહી શકાય કે વ્યક્ત પદાર્થ દેવ છે, મહાદેવ નથી; ઈશ્વર છે, પરમેશ્વર નથી; બ્રહ્મ છે, પરબ્રહ્મ નથી. પણ એ રીતે વિવેકથી ભાગ્યે જ આ બધા શબ્દોનો ઉપયોગ થાય છે. એ બધા પર્યાય-વાચક હોય તેમ જ ઘણુંખરું વપરાય છે. આથી, ભૂલ થતી એક વાર અટકાવવી હોય તો, એમ કહેવું જોઈએ કે વ્યક્તરૂપો દેવ છે, પણ આદેવ નથી, બ્રહ્મ છે પણ આબ્રહ્મ નથી, સત્ય છે પણ આસત્ય નથી, પુરુષ છે પણ આપુરુષ નથી વગેરે.

વળી, એક બીજી વાત સ્પષ્ટ હોવી જોઈએ. મનુષ્યને શ્રેય માટે ગુરુ, માબાપ વગેરેની ભક્તિ ગમે તેટલી સાધનરૂપ અને આવશ્યક હોય અને તેથી તેમને વિષે એ દેવબુદ્ધિ રાખે, છતાં આદેવ — સમગ્રદેવ — માં નિષ્ઠા અને ભક્તિ રાખ્યા વિના ચાલે નહીં. તેથી, એમ કહેવું કે બાળક કે શિષ્યને માતાપિતા કે ગુરુ એ જ ઈશ્વર છે એ અતિશયોક્તિભરેલું છે. એમાંથી એમણે આગળ વધવું જોઈશે જ. માટે પહેલાંથી જ એમ કહેવું જોઈએ કે ગુરુ, માતાપિતા વગેરેની ભક્તિ સ્તુત્ય છે, પણ એ આભક્તિ — સમગ્ર ભક્તિ નથી; એ તો આદેવમાં જ હોવી જોઈએ.

પેલા વૃદ્ધ મુસલમાનની ભાષામાં ખુદા શબ્દનો એક જ અર્થ હતો: આદેવ, આસત્ય. આથી, જ્યારે હિંદુ પંડિતે કહ્યું કે બાળકને માટે મા અને સ્ત્રીને માટે પતિ એનો ખુદા છે, ત્યારે માતા અને પતિને એ સમગ્ર સત્ય કહેવા માગે છે એમ માની, એવા નિંદાત્મક વાક્યથી એને આઘાત પહોંચે એમાં શી નવાઈ?

અપર પદાર્થોને પરતાવાચક શબ્દો લાગુ કરી દેવાની હિંદુઓમાં એબ રહેલી છે. આથી પરશબ્દોના અર્થો ઊતરતા જ જાય છે, અને નવા આચાર્યોને નવા શબ્દો દાખલ કરવા પડે છે. દેવ અને સ્વર્ગ એક કાળે પરમતત્ત્વ અને પરગતિનો નિર્દેશ કરતા; પણ એ શબ્દોની આજુબાજુ બંધાયેલી કલ્પના આગળના વિચારકને



અસંતોષકારક લાગી. એણે એમ ન કહ્યું કે દેવ અને સ્વર્ગ વિષેની પ્રચલિત કલ્પના પ્રાકૃત અને સ્થૂળ છે; પણ એણે કહ્યું કે એ કલ્પનાઓ પણ સાચી; પરંતુ એથી વધારે ઊંચી કલ્પનાવાળાં પરમતત્ત્વ અને ગતિયે છે, અને તે માટે એણે ઇંદ્ર–ઇંદ્રલોક, બ્રહ્મા–બ્રહ્મલોક વગેરે નવા શબ્દો યોજ્યા. આગળના વિચારકને એ કલ્પનાઓમાંયે વિચારની ખામી લાગી. એણેયે કેવળ કલ્પના સુધારવાને બદલે નવા દેવ અને લોક ઉમેર્યા. એમ વિષ્ણુ–વૈકુંઠ, મહાદેવ–કૈલાસ, કૃષ્ણ–ગોલોક, પુરુષોત્તમ–અક્ષરધામ વગેરે ઉત્તરોત્તર તત્ત્વો અને ગતિઓનો ઉમેરો થતો જ ગયો, અને દરેક પંથવાળાને માટે જુદું પરમતત્ત્વ અને જુદા પ્રકારની પરાગતિ ઊપજ્યાં. દરેક પંથવાળાની વેદાંત પરિભાષામાંયે આમ માયા–મહામાયા, પ્રકૃતિ–મહાપ્રકૃતિ, કાળ–મહાકાળ, કારણ–મહાકારણ, બ્રહ્મ–મહદ્બ્રહ્મ–પરબ્રહ્મ, ક્ષરપુરુષ–અક્ષરપુરુષ–પુરુષોત્તમ, અને પુરુષોત્તમ પણ અધૂરો પડ્યો ત્યારે પૂર્ણ પુરુષોત્તમ, પ્રકટ પુરુષોત્તમ ઇત્યાદિ શબ્દો ઉત્પન્ન થતા જ ગયા. આ રીતે ઉપર સૂચવેલા આદેવ, આબ્રહ્મ, આસત્ય વગેરે શબ્દોની પણ એ જ વલે થવા પૂરેપૂરો સંભવ છે. આથી વધારે સારો તો ઇસ્લામનો જ નિયમ લાગે છે કે કોઈ પણ નામ-રૂપને ખુદા કહેવાય જ નહીં. તત્ત્વજ્ઞાનીઓ ભલે તત્ત્વથી નામરૂપ અને ખુદામાં અભેદ જુએ, પણ ભાષામાં એ કોઈ પણ નામરૂપને ખુદા તરીકે ન વર્ણવે. વધારેમાં વધારે એને ખુદાનું નૂર, અથવા હિંદુ ગ્રંથોની પરિભાષામાં એનો અંશ કહે; પણ મૂળ શબ્દોમાં સમગ્રતાનો ભાવ હોવાથી મૂળ શબ્દ ન જ વાપરે.

આદમ ખુદા નહીં, ખુદા આદમ નહીં;
લેકિન ખુદાકે નૂરસે આદમ જુદા નહીં.

એટલે કે મનુષ્ય સમગ્રદેવ નથી, સમગ્રદેવ મનુષ્ય નથી; પણ સમગ્રદેવના તત્ત્વથી મનુષ્ય જુદો નથી. દેવને સમગ્રતા વિનાનો વિચારી શકાય જ નહીં એમ સમજી સમગ્ર શબ્દ કાઢી નાંખીએ તો એમ કહેવું જોઈએ કે મનુષ્ય દેવ નથી, દેવ મનુષ્ય નથી; પણ દેવના તત્ત્વથી મનુષ્ય જુદો નથી.

૩

પેલા વૃદ્ધ મુસલમાને કહ્યું કે ખુદામાં તો સૃષ્ટિનાં ઉત્પત્તિપ્રલય કરવાની શક્તિ રહેલી છે. કોઈ પણ માનવીને એ શબ્દ કેમ લાગુ કરી શકાય? બ્રહ્મસૂત્રોમાંયે બ્રહ્મનિષ્ઠ અને બ્રહ્મ વચ્ચેના આ ભેદ ઉપર जगद्व्यापारवर्जम् એમ કહી ભાર મૂક્યો છે એમ યાદ આવે છે.

એ જ પ્રમાણે,

सत्यपि भेदाऽपगमे नाथ तवाऽहं न मामकीनस्त्वम् ।
सामुद्रो हि तरङ्गः क्वचन समुद्रो न तारङ्गः ॥

(षट्पदीस्तोत्र - ३)

એમ કહેતી વખતે શંકરાચાર્યને આ વાતનો ખ્યાલ હતો. પણ ભક્તિમાર્ગી સંપ્રદાયોમાં આ વિચારનું વિસ્મરણ થયું છે. અને તેને પરિણામે લગભગ સર્વે હિંદુ સંપ્રદાયો

गुरुर्ब्रह्मा गुरुर्विष्णुर्गुरुर्देवो महेश्वरः ।
गुरुः साक्षात् परब्रह्म तस्मै श्रीगुरवे नमः ॥

એ શ્લોકનું ઉચ્ચારણ કરે છે, અને ઘણાખરા સંપ્રદાયોમાં પ્રત્યક્ષ અથવા એક કાળના ગુરુ કે આચાર્ય જ પરમેશ્વરની અવેજીમાં સ્થાન લે છે. આ શ્લોકને મેં આજ સુધી માન્ય રાખ્યો હતો. પણ પેલા વૃદ્ધ મુસલમાનને પહોંચેલા આઘાત પર વિચાર કરતાં મને લાગ્યું કે પોતાના બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ પ્રત્યે ગમે તેવી ઉત્કટ ભક્તિ હોય છતાં આ શ્લોકમાં દર્શાવેલી ભાવના કરવી બરાબર નથી. વિદ્વાનોની સૂક્ષ્મ તાર્કિક બુદ્ધિ કરતાં એની વાંકું જોવા ના પાડનારી સરળ એકમાર્ગી બુદ્ધિ વધારે સાચી છે.

જે વિચાર ગુરુને લાગુ પડે છે, તે મા-બાપ-ધણીને વિશેષે લાગુ પડે છે એમાં સમજાવવાપણું નથી. કારણ, તેમની બાબતમાં માનવી ગુણોનીયે પૂર્ણતાનો દાવો કરવામાં આવતો નથી. એમને હંમેશાં નરોત્તમ પણ કહી શકાતા નથી, તો પરમેશ્વર તો ક્યાંથી જ કહેવાય? તેઓ કેવળ ઉત્કટ પ્રેમના દાવાથી જ આરાધ્ય બને છે. પણ જે ન્યાય ગુરુને લાગુ પડે છે તે જ અવતારો, પેગંબરો, તીર્થંકરો, બુદ્ધો



વગેરેને પણ લાગુ પડે છે. કોઈ નેયે — ઘાસના તણખલાનેયે — સમગ્રદેવના અવતાર — તેના तेजोंऽशसंभव વ્યક્તરૂપ — કહી શકાય, પણ સમગ્રદેવ — આદેવ — ન કહી શકાય. પરમાત્મા રામ, કૃષ્ણ વગેરે છે; પણ રામ-કૃષ્ણ પરમાત્મા નથી.

હિંદુ ઉપાસના અને વિચારમાં આટલી શુદ્ધિ થવાની જરૂર છે.

૪

હિંદુધર્મમાં પરસ્પરવિરોધી લાગનારા અનેક સંપ્રદાયો ઉત્પન્ન થવાનું એક કારણ ઉપલો કુતર્ક છે. હું હિમાલય છું; હું ગંગા છું; હું રામ છું, કૃષ્ણ છું, શંકર છું, અર્જુન છું વગેરે આપણે ગીતામાં વાંચીએ છીએ. પણ હિમાલય પરમાત્મા છે; ગંગા પરમાત્મા છે; રામ, કૃષ્ણ, શંકર, અર્જુન વગેરે પરમાત્મા છે એવું ગીતામાંયે કહ્યું નથી.* એ વેદાંતે — એટલે કે જુદા જુદા મતના વેદાંતી ગુરુઓએ શીખવ્યું. પહેલાં, સંપ્રદાયના ઇષ્ટદેવને વિષે શીખવ્યું અને, આગળ જતાં, પોતાને વિષે એમ માનતાં શીખવ્યું. આમ ઘરઘરના જુદા પરમેશ્વર માનવાનો ચીલો પડ્યો. એમાં માયાવાદીએ માયાવાદની, લીલાવાદીએ લીલાવાદની, અનુગ્રહવાદીએ અનુગ્રહવાદની સહાયતા લીધી. એમાં કોણ કોને ખોટો કહે? એટલે સર્વધર્મસમભાવના દુરુપયોગથી જેમનું સ્થાન જામી ગયું હોય તે બધા જ સાચા.

સાંપ્રદાયિક પાખંડોનું મૂળ આ કુતર્કમાં રહ્યું છે. ત્યારે, વિચારશીલ માણસે સમજવું જોઈએ કે — પરમેશ્વરનાં સર્વે રૂપો છે; પણ એકેય રૂપ કે સર્વે રૂપો મળીને એ પરમેશ્વર બનતો નથી. માટે, ભલે, રામ કે કૃષ્ણ કે ક્ષને પરમેશ્વરનાં રૂપ, વિભૂતિ કે અંશ કહો; એ વિષે પૂજ્યભાવ રાખો; પણ એમ ન કહેવું કે માનવું ઘટે કે રામ કે કૃષ્ણ કે ક્ષ પરમેશ્વર છે. એ બધાં ભેગાં

---

* સાગર કહે કે હું જ તરંગ છું, પરપોટો છું, તો તે એક થયું; એ બરાબર છે. પણ તરંગ કે પરપોટો કહે કે હું જ સાગર છું તો તે બરાબર નથી. એ ભેદ અહીં સૂચવ્યો છે. (૮-૯-'૪૭)

મળીનેયે પરમેશ્વર નથી. પરમેશ્વર સર્વે નામરૂપોથી એકેએક બાબતમાં અને દૃષ્ટિએ અનંતગણો વધારે છે. એ કોઈ એક રૂપમાં પોતાને સમગ્રપણે સમાવી શકે એમ છે જ નહીં. સર્વશક્તિમાનની એ અશક્તિ છે એમ કહો તોયે હરકત નથી. આથી, અમુક પૂર્ણાવતાર છે, અમુકમાં પરમાત્માની સોળે કળા છે, અમુક પ્રકટ પુરુષોત્તમ છે, અમુક અવતારોના અવતારી છે વગેરે ભાષાઓ શબ્દજાળો — સાંપ્રદાયિક માયાઓ છે. વિશ્વમાં આજ સુધી કોઈ એવો પ્રગટ્યો નથી અને ભવિષ્યમાં પ્રગટશે નહીં કે જેને સમગ્રદેવ કહી શકાય.

માતા, પિતા, ગુરુ વગેરે સર્વે વંદનીય, પૂજનીય, સેવનીય છે; એમની ધર્મયુક્ત આજ્ઞાઓનું પાલન કરવામાં કલ્યાણ છે. પણ એ એમના બાળક કે શિષ્ય માટે પરમેશ્વર છે એ ભાષા અતિશયોક્તિની છે, એટલે કે અજાણ્યેયે અસત્ય છે. એ ભાષા અને એવા શ્લોકો છોડી દેવાં ઘટે છે.

એ સમગ્રદેવને નામરૂપમાં આણવા અને સાકારપણે એનું ધ્યાન કરવા પ્રયત્ન કરવો જ યોગ્ય નથી. જે પ્રયત્ન કરશો તે એને મર્યાદિત કરનારો થશે. નીચેના શ્લોકો દ્વારા એની કલ્પના કે ધ્યાન કરવાં હોય તો ભલે :

> અનાદિ તે પરંબ્રહ્મ, છે ન કહેવાય, ના નથી;
> સર્વત્ર હાથ ને પાય, સર્વત્ર શિર ને મુખ;
> સર્વત્ર આંખને કાન, સર્વને આવરી રહ્યું;
> નિરિંદ્રિય છતાં ભાસે, સર્વે ઇંદ્રિયના ગુણો;
> નિર્ગુણ, ગુણભોક્તાયે, ભર્તા તોય અસક્ત તે;
> બહાર-માંહ્ય ભૂતોની, ચાલતું ને અચંચળ,
> સૂક્ષ્મ તેથી જણાયે ના, સમીપે, દૂરમાં વળી;
> અખંડ તોય ભૂતોમાં, જાણે ખંડપણે રહ્યું;
> ભૂતોને જન્મ દે, પોષે, ગળેયે તેમ જ્ઞેય તે;
> જ્યોતિઓનુંય તે જ્યોતિ, પર તે અંધકારથી;
> જ્ઞાન, જ્ઞેય, જ્ઞાનગમ્ય, સર્વેના હૃદયે વસ્યું.

ગીતા ૧૩, ૧૨–૧૭.



એનાં કોઈ પ્રિયરૂપ, મૂર્તિ કે વિભૂતિનાં ભલે તમે વંદન-કીર્તન કરો; એમનું અને એમનાં ચરિત્રોનું વારંવાર સ્મરણ કરી મનને પવિત્ર રાખવા અને ઉન્નત કરવા પ્રયત્ન કરો. પણ એ માટે એમને પરમેશ્વર કહેવાની જરૂર નથી; માટે એમ ન કહો. એ પરમેશ્વર નથી જ. એને વળગીને તમે અમુક હદ સુધી કદાચ ચઢી શકશો; પણ ત્યાર પછી તો એને છોડીને જ આગળ વધી શકાશે.

('પ્રસ્થાન', જુલાઈ–ઑગસ્ટ ૧૯૩૭)

## ૩

# ઉપાસનાશુદ્ધિ*

મારા મત પ્રમાણે જીવન ધાર્મિક થવા માટે અનેક ધર્મગ્રંથોનો, અથવા પોતાનો જે એક ઇષ્ટ ધર્મગ્રંથ હોય તેનોયે, અતિશય પાંડિત્યભર્યો અભ્યાસ કરવાની જરૂર નથી. નામદેવ, તુકારામ, નરસિંહ મહેતો વગેરે સંતો બહુ વિદ્વત્તા પ્રાપ્ત કરીને ધાર્મિક થયા હતા અથવા વિશેષ પ્રકારની ધાર્મિક દૃષ્ટિ પ્રાપ્ત કરી શક્યા હતા એમ દેખાતું નથી. કમમાં કમ મારી ધાર્મિક પ્રગતિ એ રીતે થઈ નથી.

ધાર્મિક ગ્રંથોનો અને જુદા જુદા ધર્મના ગ્રંથોનો મેં જરાયે અભ્યાસ કર્યો નથી એમ મારું કહેવું નથી. પણ એકે ધર્મનો — હિંદુધર્મના ગ્રંથોનો સુધ્ધાં — મેં પાંડિત્યયુક્ત અભ્યાસ કર્યો નથી. હું સત્યાગ્રહાશ્રમમાં રહેવા ગયો ત્યારે મારી ઉંમર ૨૭–૨૮ વર્ષની હતી. ૧૭મે કે ૧૮મે વર્ષે મેં પહેલી વાર ગીતા વાંચી. મિશનરી સંસ્થાઓમાં ભણેલો હોવાથી બાઇબલના કેટલાક ભાગોનું મને ફરજિયાત વાચન થયું હતું. પણ એ બે પુસ્તકો બાદ કરીએ તો, જે સંપ્રદાયમાં મારો જન્મ થયો હતો તે સંપ્રદાયના ગ્રંથો સિવાય અનેક ધર્મગ્રંથો જોવાની હું આશ્રમમાં રહેવા આવ્યો ત્યાં સુધી મને હોંશ જ થઈ નહોતી. સ્વામી રામતીર્થ અને સ્વામી વિવેકાનંદનાં

* વર્ધાના કેટલાક ગ્રામસેવકો આગળ એક વ્યાખ્યાન.

પુસ્તકો મારી પાસે હતાં ખરાં; પણ તેમાંનાં બેચાર વ્યાખ્યાનો સિવાય મારું અધિક વાચન થયું હોય એમ મને યાદ આવતું નથી. 'ગીતારહસ્ય' છપાતાં જ મેં એ ખરીદ્યું હતું, અને વાંચી પણ કાઢ્યું હતું; પણ તે વાંચીને 'કાઢ્યું' હતું, 'પચાવ્યું' હતું એમ નહીં કહી શકાય. એ પચાવવા જેટલી મારામાં તે કાળે શક્તિ પણ નહોતી. આશ્રમમાં આવ્યા પછી ત્યાં લેવાતા વર્ગોમાં મને ઉપનિષદો, બ્રહ્મસૂત્ર વગેરે ગ્રંથોનો પરિચય અનાયાસે થયો.

સારાંશ કે, અનેક શાસ્ત્રોનું અધ્યયન કરીને મારી વૃત્તિ ધાર્મિક થઈ નથી, અને આજે પણ મને લાગે છે કે ધાર્મિક વૃત્તિના પોષણ માટે અનેક ગ્રંથોનું અને અનેક ધર્મોનું વિદ્વત્તાભર્યું અધ્યયન આવશ્યક નથી. એટલું જ નહીં, પણ ઘણી વાર એવા અધ્યયનનો શોખ ધાર્મિક વૃત્તિને બાધક પણ થાય છે. સંગીતશાસ્ત્ર વિષે મારો જે મત છે તે જ ધર્મશાસ્ત્ર વિષે છે. એકાદ ભજન કે ધૂન શાસ્ત્રીય સંગીતમાં અનેક પ્રકારના આલાપ વગેરે સાથે બોલવામાં આવે તો ભેગું થયેલું મંડળ નાચવાડોલવા લાગે છે એ મેં ઘણી વાર જોયું છે ખરું. એથી ભજનમંડળી ગાનલીન થાય છે ખરી, પણ ભક્તિલીન થાય છે જ એમ ખાતરી નથી. 'અઁખિયાઁ હરિદર્શન કી પ્યાસી' બહુ સરસ રીતે ગવાય તો કરુણરસનો આનંદ ઉત્પન્ન થાય ખરો, પણ એ રસ હરિદર્શનની પ્યાસ ઉત્પન્ન કરી અથવા છિપાવી શકશે નહીં. એથી ઊલટું, જેને એ પ્યાસ લાગેલી હોવાથી એ ભજન ગાય છે તેના ગાવામાં સંગીતનું ખૂન થતું જણાય તોયે તે એ ભજનમાં લીન થઈ શકે છે. એ જ રીતે ધાર્મિક જીવન માટે પહેલી વ્યાકુળતા હોય તો એકાદ બે ગ્રંથોનું નિત્ય અનુશીલન તેને આવશ્યક થાય છે ખરું, પણ એવા એક બે ગ્રંથ તેને માટે પૂરતા થાય છે. એવી વ્યાકુળતા ન હોય તો ધાર્મિક ગ્રંથોનો અભ્યાસ કરવાની રુચિ કેવળ એક પ્રકારનો બૌદ્ધિક રસ હોય છે, ધર્મની તૃષા નથી હોતી.

હું હિંદુ છું એમ તમને કહેવાની જરૂર છે શું? એક સંયમ-પ્રધાન વૈષ્ણવ સંપ્રદાયમાં જન્મ્યો હોઈ, ઉંમરનો મોટો ભાગ મેં



તેમાં નિષ્ઠાપૂર્વક ગાળ્યો છે. દશેક વર્ષથી જ મેં એ સંપ્રદાયનું અભિમાન છોડ્યું છે. પણ સંપ્રદાયનું અભિમાન છોડીનેયે મેં એ સંપ્રદાયમાંથી પ્રાપ્ત થયેલા ઘણા આચાર, વિચાર તથા સંસ્કારને છોડ્યા નથી, અને આશ્રમમાં પળાય છે તે કરતાં મારા પોતાના વૈયક્તિક આચાર, વિચાર, સંસ્કાર આજે પણ વધારે સનાતની અને મરજાદી છે. તે છતાં આજે હું પોતાને સનાતની હિંદુ કહેવડાવવા તૈયાર નથી. આજના હિંદુધર્મ વિષે તેમ જ હિંદુ-ધર્માભિમાની શાસ્ત્રી, પંડિત, વેદાંતી વગેરે વિષે કઠોર ભાષામાં બોલવાની મને લાગણી થાય છે. એ કઠોર ભાષાના મૂળમાં હિંદુસમાજની સેવા કરવાની ઇચ્છા છે, હિંદુપ્રજા સાથેનો આત્મભાવ છે, હિંદુપણા વિષે તિરસ્કાર કે દ્વેષ નથી.

હિંદુધર્મમાં હાલતાં ને ચાલતાં, જેટલો સત્ય અને બ્રહ્મચર્યનો મહિમા ગવાય છે તેટલો કદાચ બીજા ધર્મોમાં ગવાતો નહીં હોય. કોઈ વાર મને એમ પણ લાગે છે કે આપણા ધર્મોના સંતોને આપણા સમાજમાં બીજા સમાજ કરતાં આ ગુણોનું અસ્તિત્વ ઓછું લાગ્યું હશે, તેથી જ તેમને એના પર વારંવાર ભાર મૂકવો પડ્યો હશે. જે ગુણો સમાજમાં સારી પેઠે ખીલ્યા હોય તે ઉપર બોલવાની જરૂર પડતી નથી. જે ગુણ હોવા જોઈએ પણ નથી દેખાતા તેમનું પ્રતિપાદન કરવું પડે છે.

પણ, હિંદુધર્મમાં સત્ય અને બ્રહ્મચર્ય પર ગમે તેટલો ભાર મુકાયો હોય છતાં મને લાગે છે — અને દુઃખપૂર્વક લાગે છે — કે હિંદુધર્મની ઈશ્વરોપાસના ઘણે અંશે અસત્યનિષ્ઠ અને વ્યભિચારી છે. આ શબ્દો તમને કડક લાગશે. પણ તે હું આવેશમાં આવી વાપરતો નથી. દીવાની જ્યોત કોઈ વાર એવી સ્થિતિમાં હોય છે કે એ બળે છે કે ઓલવાયો છે એ આપણે ખાતરીપૂર્વક કહી શકતા નથી. એ જ પ્રમાણે આપણા ધર્મમાં સત્યોપાસના ઓલાઈ ગઈ છે કે ભલે મંદ થઈ હોય પણ જાગ્રત છે એ કહેવું મુશ્કેલ છે.

'બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા,' એવું સૂત્ર શંકરાચાર્યે કાઢ્યું. એવો તેમનો પ્રામાણિક મત થયો હશે એમ માનવાને હરકત નથી.

પણ 'જગત મિથ્યા'ના આ પાંડિત્યનો આપણા દેશમાં વિચિત્ર રૂપમાં જ વિકાસ થયો છે. જ્યાં આખું જગત જ મિથ્યા ઠરાવ્યું ત્યાં જગતના વ્યવહારોમાં કે ઈશ્વરોપાસનામાંયે સત્યાસત્યવિવેક કરવાને સ્થાન જ ક્યાં રહ્યું? એટલે જગતના કોઈ પણ પદાર્થ, ભાવના, નીતિ અથવા વ્યવહારનું સગવડ પ્રમાણે અસત્ય તરીકે ખંડન કરવામાં, કે સત્ય તરીકે મંડન કરવામાં, કે તેમાં સત્યાસત્યનું મિશ્રણ કરવામાં હરકત જ રહેતી નથી. જેમને જેવું ગમે તેવું પુસ્તક લખે, ગમે તેના નામે પ્રસિદ્ધ કરે, એમાં ગમે તે રીતે સંકલના કરે, ગમે તેવાં વિધાનો કરે, તત્ત્વો પ્રતિપાદન કરે, તેને માટે ગમે તેવી કથાઓ જોડી કાઢે, તથા ગમે તે પુસ્તકોમાં ક્ષેપકો નાંખે; અને એ બધું સમાજના કલ્યાણ માટે, ધર્મના ઉત્કર્ષ માટે છે એમ કહી આત્મસંતોષ માને! અને જે ગ્રંથ વિષે આવી ઘાલમેલ થઈ છે એવી અમારી પાકી ખાતરી થઈ હોય, જે ઉપાસના કેવળ કપોલકલ્પિત છે એવો અમારો અભિપ્રાય થયો હોય, તેનાં પણ અમારે ગુણગાન કરતાં રહેવાં! અવતારી કે સત્પુરુષોનાં ચરિત્રોમાંયે પાયા વિનાની ખોટી વાતો દાખલ કરવામાં સાધુ તરીકે ખ્યાતિ પામેલા લેખકોને પણ ભાગ્યે જ દોષ લાગ્યો છે. મહાભારત, વાલ્મીકિ રામાયણ, તુલસી રામાયણ, મનુસ્મૃતિ, પુરાણો ગમે તે ગ્રંથ લો. એક પણ ગ્રંથ ક્ષેપક વિનાનો માલૂમ પડશે નહીં. આખી ભગવદ્‌ગીતા પણ એક જ માણસની રચના હશે કે કેમ એવી શંકા ઉત્પન્ન થાય એવાં કારણો છે. યોગવાસિષ્ઠ જેવા કેટલાક ગ્રંથ તો કોઈ સંપ્રદાયપ્રવર્તકે લખી કોઈ બીજા પ્રસિદ્ધ મુનિને નામે ચડાવી દીધા છે! આ જગદ્રૂપી માયા કરતાં ધર્મપ્રચારકોની માયા એટલી બળવાન છે કે 'અસત્યોમાંહેથી, પ્રભુ, પરમ સત્યે તું લઈ જા' એ પ્રાર્થના, પ્રકૃતિગત અસત્ય કરતાં, શાસ્ત્રોનાં અસત્યોમાંથી સત્ય પ્રત્યે લઈ જવા માટે ઉચ્ચારવાનું મન થાય છે.

બહુમાન્ય થયેલી આપણી ગીતા જ લો. ગમે તે કારણથી તેના લેખકની કવિકલ્પનાને લાગ્યું કે એણે પોતાનો આધ્યાત્મિક મત ધૃતરાષ્ટ્ર-સંજયના સંવાદમાં કૃષ્ણાર્જુનનો ઉપસંવાદ રચી



સમજાવવો. આગળ જતાં ઇતિહાસસંશોધકોએ અનુમાન કાઢ્યું કે કૌરવ-પાંડવનું યુદ્ધ કોઈક વર્ષની માગશર સુદ અગિયારસે શરૂ થયું હોવું જોઈએ. થયું; પછી આ બેની સાંકળ જોડી દેવાને શી હરકત? કૃષ્ણ અને અર્જુનનો સંવાદ એક ઐતિહાસિક ઘટના છે એમ લોકોની માન્યતા તો છે જ. એ માન્યતાનો ઉપયોગ કરી લઈ માગશર સુદ અગિયારસને ગીતાજયંતીનો તહેવાર બનાવવાનો કાર્યક્રમ તૈયાર થયો. ભલેને કાલ્પનિક હોય તેને નિમિત્તે ગીતાનો મહિમા તો વધારાય છે એવા હિસાબોમાં આપણે પડીએ છીએ. હિંદુધર્મની બહુ જ મોટી જનસંખ્યાને માન્ય અથવા આદરણીય થઈ શકનારો જે એક ધર્મગ્રંથ બાકી રહ્યો છે, તેની જોડે પણ આવો ધતિંગનો વ્યવહાર આપણે કરીએ છીએ, તો બીજા ગ્રંથોનું શું કહેવું?

આ રીતે ધર્મના પ્રતિપાદનમાં આપણા દેશમાં સત્યનો ઘણો દ્રોહ થયેલો છે. પછી હિંદુઉપાસનામાં ઊતરીએ તો બ્રહ્મચારિણી ભક્તિ ઘણે અંશે લુપ્ત થઈ જઈ, વ્યભિચારિણી ભક્તિ — એ જ જાણે સનાતન હિંદુધર્મની વખાણવા જેવી વિશેષતા થઈ બેઠી છે. બ્રહ્મચારિણી — એટલે બ્રહ્મમાં વિચરનારી — ભક્તિ તો રહી નથી જ, પણ સગુણોપાસનામાંયે કોઈ પણ એક જ સ્વરૂપ પર નિષ્ઠા રાખવી એ આપણને શીખવવામાં જ આવતું નથી. આજ રામનવમી છે, માટે રામની મૂર્તિ સ્થાપી રામનામની ધૂન લગાવીએ; આજે ગોકળઆઠમ છે, માટે બાળકૃષ્ણ કે મુરલીધરને બેસાડી ગોપાળ-કૃષ્ણની ધૂન જગાવીએ; આજે ગણપતિચોથ આવી એટલે वक्रतुण्ड महाकाय કરી તું જ અમને નિર્માણ કરનારો દેવ છે કહી હાથ જોડીએ, આજે ગુરુવાર છે, આજે દત્તાત્રેયને યાદ કરવા જ જોઈએ. આમ નાગપંચમી, દુર્ગાષ્ટમી વગેરે જે તહેવાર આવે તે દરેક માટે એક જુદી આકૃતિ, જુદું નામ, જુદું ચરિત્ર, જુદો કર્મકાંડ ધરાવનાર દેવ છે જ. અને જો આ બધી ઉપાસના યોગ્ય ગણીએ તો બાપડા ભંગીઓની 'મેલડી માતા' કે રાનીપરજના ખેતરની પાદરે તથા ઝાડ નીચે રહેનારા દેવોનો કાં નિષેધ કરવો? જો વેદાંત-વિચારથી ગણપતિ, લક્ષ્મી, પાર્વતી, શંકર, ઇંદ્રાવરુણ

વગેરે દેવોનો સમન્વય કરી શકાય, તે એકેએક ખેતર અને ઝાડમાં રહેનારા દેવ, ભૂત, પ્રેત વગેરેનો સમન્વય કરવા સમર્થ છે. ‘બધું કાલ્પનિક, માયિક, જૂઠ, અસત્ય છતાં બધું શિવ અને સુંદર છે’ એ કેવો સરસ અને સગવડભર્યો સમન્વય છે?

આવો સમન્વય ભલે કરી શકાતો હોય. પણ ઉપાસના, ભક્તિ અથવા શ્રદ્ધાનો આવો પ્રકાર કોઈ પણ સાધક કે સમાજને ચડાવી શકશે નહીં. કેટલાક વૈષ્ણવ સંપ્રદાયોમાં કહ્યા પ્રમાણે આ સાચે જ વ્યભિચારી ભક્તિ છે, અનન્ય અવ્યભિચારી ભક્તિ નથી, અને બ્રહ્મચારિણી ભક્તિ તો મુદ્દલ જ નથી.

જે દંપતી પરસ્પર મન, કર્મ વચનથી અવ્યભિચારી અને એકનિષ્ઠ રહે છે તેમને આપણે સજ્જન અને સતી — એટલે સત્યયુક્ત પુરુષ તથા સ્ત્રી — કહીએ છીએ. બ્રહ્મચારી તથા બ્રહ્મચારિણીની ભૂમિકા એમની ઉપરની. એમાં પુરુષ તેમ જ સ્ત્રી બંને નિરાલંબ છે. ઉપાસનામાં પણ આપણે પ્રથમ એકનિષ્ઠ અને અવ્યભિચારી થવું આવશ્યક છે. તમને સગુણ — અથવા કેવળ સગુણ જ નહીં પણ સાકાર સગુણ — ના અવલંબનની જરૂર લાગતી હોય તોયે હરકત નથી. પણ અનેક દેવદેવીઓની પાછળ લાગી અને તેમની પૂજાવિધિના ખટાટોપમાં પડી તમારું કદી શ્રેય થઈ શકશે નહીં; આપણો ધર્મ કદી શુદ્ધ કે પ્રાણવાન થઈ શકશે નહીં.

અમેરિકાનો એક કારખાનદાર એક વાર વિલાયતનું એક કારખાનું જોવા ગયો હતો. અંગ્રેજ વ્યવસ્થાપક તેને કારખાનું બતાવતો હતો. એક યંત્ર જોઈને અમેરિકનને કુતૂહલ થયું, અને તે વિષે પૂછપરછ કરી. વ્યવસ્થાપકે કહ્યું કે, એ યંત્ર ઘણા વર્ષનું જૂનું હતું, અને જોકે બહુ સારું કામ નથી આપતું છતાં જૂનું હોવાથી તેને કાઢી નાંખ્યું નહોતું. ‘અમારાં કારખાનાંમાં ઘણાંખરાં યંત્રો બહુ જૂનાં છે.’ એમ એણે અભિમાનથી કહ્યું, અમેરિકને એટલા જ અભિમાનથી ઉત્તર વાળ્યો, કે ‘અમારા કારખાનામાં ભાગ્યે જ કોઈ યંત્ર બેત્રણ વર્ષથી વધારે જૂનું હશે. અમે તો નવી શોધ થાય કે જૂનાં યંત્રોને



કચરામાં કાઢી નાંખીએ છીએ.’ આપણી હિંદુલોકોની વૃત્તિ આ અંગ્રેજ વ્યવસ્થાપકના જેવી ઘણે અંશે છે. હિંદુધર્મને આપણે એક પ્રાચીન નમૂનાઓના સંગ્રહાલય જેવો કરી મૂક્યો છે.

પણ આ વિષયાંતર થશે. મારું કહેવું એ છે કે તમને સાકાર સગુણોપાસનાની જરૂર ભાસતી હોય તો ભલે તે કરો. પણ નિદાન કોઈ એક જ દૈવત પર અનન્યપણે નિષ્ઠા મૂકો. આવી સચ્ચારિણી ભક્તિમાંથી જ બ્રહ્મચારિણી — બ્રહ્મમાં વિચરનારી — નિરાલંબ ભક્તિ પ્રત્યે તમે વળી શકશો.

મને નિશ્ચિતપણે લાગે છે કે મને જીવનમાં જે કાંઈ એક જાતનું સમાધાન છે તેનું કારણ એ નથી કે મેં ધર્મગ્રંથોનો બહુ ઊંડો અભ્યાસ કર્યો છે. પણ નાનપણથી જ મારા પર અનન્ય — અવ્યભિચારી ભક્તિના સંસ્કાર પડ્યા હતા. અનેક દેવદેવીઓ પ્રત્યે મને કદી જ ભક્તિ ઊપજી નથી. રામ, કૃષ્ણ વગેરે સૌ એક જ ઈશ્વરના અવતારો છે એવી સાંપ્રદાયિક માન્યતા હોવા છતાં મને કુટુંબમાંથી જે એક દેવની ઉપાસના મળી હતી તેના સિવાય બીજા કોઈ અવતારો પ્રત્યેયે મને બહુ રુચિ નહોતી; ધર્મગ્રંથોનીયે નહીં. મેં જ્યારે ગીતાનો અનુવાદ કર્યો, ત્યારે શ્રી વિનોબાના ‘ગીતાઈ’ની જેમ એને ‘ગીતામાતા’ એવું નામ આપવા એક મિત્રે મને સૂચના કરેલી. પણ મેં કહ્યું કે શ્રી વિનોબાએ તે નામ આપ્યું છે તે એમને માટે યોગ્ય છે, મને યોગ્ય ન થાય. મારા જીવનમાં ગીતાએ માતાનું કામ કર્યું નથી. એવું નામ હું આપું તો તે અસત્ય થાય. તેથી, મેં સંસ્કૃત ગીતાનો આમાં ધ્વનિ છે એમ સૂચવનારું સાદું ‘ગીતાધ્વનિ’ નામ પસંદ કર્યું.

મારું કહેવું એમ નથી કે ધર્મગ્રંથોનું અનુશીલન આવશ્યક નથી. પોતાનો એક પ્રિય ગ્રંથ હોવો ઉપયુક્ત છે. એનું નિરંતર વાચન-ચિંતન હોવું જોઈએ. એના ઉપદેશ પ્રમાણે પોતાનું જીવન ઘડવાનો સદૈવ પ્રયત્ન હોવો જોઈએ. તે ઉપરાંત સાધુસંતોનાં ચરિત્રો અને ભજનો વાંચવા તથા બોલવાનોયે વ્યાસંગ હોવો જોઈએ. પણ તે ગ્રંથો અને ચરિત્રો સત્યને જાળવીને રચાયેલાં હોવાં જોઈએ. આ

ઉપરાંત કોઈ ગ્રંથ હાથમાં આવે તો આદરથી વાંચવો, પણ પોતાની નિષ્ઠા એક જ દેવ પર હોવી જોઈએ, અને આપણા આધ્યાત્મિક ખોરાક તરીકે એકાદ બે ગ્રંથ જ પૂરતા લાગવા જોઈએ. ઇતર વાચન અથાણાંચટણી જેમ અથવા ક્વચિત્ થનારા નવા પ્રકારના ભોજનના જેવું હોય.

મુસલમાન ધર્મનું જે વિશેષ તત્ત્વ મને પસંદ પડે છે તે એ જ કે તેમાં એકેશ્વરભક્તિ પર ખૂબ જ ભાર મૂકેલો છે. ઇસ્લામમાં બ્રહ્મચર્યને કે અવ્યભિચારી દંપતીધર્મને બહુ મહત્ત્વ નથી અપાતું, એમ લાગવાનો સંભવ છે ખરો. પણ ઉપાસનાની બાબતમાં એમની નિષ્ઠા સાવ બ્રહ્મચારિણી ન હોય તોયે ઘણે અંશે સચ્ચારિણી છે.

સહજપણે મેં સત્ય અને બ્રહ્મચર્યના જરા જુદા અર્થો તમારી આગળ મૂક્યા છે. સત્ય એટલે અવ્યભિચારિત્વ — વફાદારી, બ્રહ્મચર્ય એટલે પરમ તત્ત્વમાં વિચરણ. સામાન્યપણે આપણે જે વ્રતને બ્રહ્મચર્યને નામે ઓળખીએ છીએ તે એ પરમ બ્રહ્મચર્યના સાધનરૂપે એક વ્રત છે.

ભિન્નભિન્ન ધર્મોની જે કાંઈ થોડી માહિતી મને છે તે તમારી આગળ રજૂ કરવામાં મને ઉત્સાહ નથી લાગતો. તેનું એક બીજું કારણ પણ છે. मने आजे एवो विश्वास नथी के जगतमां आजे जे धर्मो के तेना संप्रदायो चालु छे ते पैकी एक पण आपणो उद्धार करवा समर्थ छे. બધા ધર્મોનો અભ્યાસ કરી, દરેકનો કાંઈક અંશ લઈ, ચાર પંડિતો કે મુત્સદીઓએ મળી એકાદ નવા ધર્મની સ્થાપના કરવી જોઈએ એમ કોઈ કહે તો તેને પણ હું વ્યર્થ પ્રયત્ન માનું છું. નવધર્મની સ્થાપના આ પ્રમાણે થઈ શકતી નથી. પંડિતો દ્વારા ધર્મનો પ્રચાર (પ્રૉપેગૅન્ડા) થઈ શકે ખરો; પણ ધર્મસ્થાપના એ પંડિતોનો વિષય નથી. ધર્મસ્થાપના એટલે પાછલા ધર્મોનો સમન્વય કે કાપકૂપ નથી; તે અનેક ધર્મોનો સંકર નથી, નવા ભાષ્યની રચના નથી, જૂના વૃક્ષ પર નવી કલમ બેસાડવાની કળા નથી. બુદ્ધ અને મહંમદે જે ધર્મો સ્થાપ્યા તેને પરિણામે તેમની પૂર્વેનાં ધર્મશાસ્ત્રો રદ અને નિઃશેષ થયાં. જેમ કોઈ પરાક્રમી પુરુષથી નવા વંશની સ્થાપના થયેલી ગણવામાં આવે છે, અને જાણે તેને



કોઈ પૂર્વજો જ નહોતા એમ લાગવા માંડે છે, તેમ જ્યારે કોઈ સ્વતંત્ર દૃષ્ટિ પ્રાપ્ત થયેલો પુરુષ ઉત્પન્ન થાય છે ત્યારે નવધર્મની સ્થાપના થાય છે. તેના ધર્મમાં પૂર્વના ધર્મોનાં તત્ત્વો હોતાં જ નથી એમ નહીં, પણ તેની પ્રમાણભૂતતા જૂના ગ્રંથોથી નહીં, પણ એ પુરુષનાં પોતાનાં વચન — અનુભવથી હોય છે. જ્ઞાનેશ્વરે અમૃતાનુભવમાં કહ્યું છે તેમ, “આજ મત શિવે શિવસૂત્રમાં અને કૃષ્ણે ગીતામાં રજૂ કર્યો છે; પરંતુ શિવે કે કૃષ્ણે એ મત દર્શાવ્યો છે માટે હું તે કહેતો નથી, પણ મારો પોતાનો એ અનુભવ છે માટે કહું છું.” એક રાજાની વાત સાંભળી હશે. તેણે એક બીજા રાજાની દીકરી માટે માગું મોકલ્યું. દીકરીના બાપે તેની વંશાવળી પૂછી. રાજાએ કહેવડાવ્યું, “હું મારા ખડ્ગમાંથી ઉત્પન્ન થયો છું; મારું ખડ્ગ મારો આદિપુરુષ છે.” નવધર્મની સ્થાપના આ પ્રમાણે થાય છે. જેમ એકાદ સંપૂર્ણ કાયદો (code) પસાર થાય એટલે તેની પૂર્વેના છૂટકછૂટક કાયદાઓ જોવા પડતા નથી, તેમ નવધર્મસ્થાપક નિર્માણ થયા બાદ વેદ, કુરાન, બાઇબલ વગેરે સર્વે ધર્મશાસ્ત્રોને નિરુપયોગી કરનારું શાસ્ત્ર નિર્માણ થશે. એવા સ્થાપકની હું અપેક્ષા કરું છું.

મારું આ કહેવું તમને આજે ગળે ઊતરશે જ એવી મને ખાતરી નથી. એની બીજી બાજુ રજૂ કરી તમને સારી પેઠે ગૂંચવાડામાં નાખી દે એવી દલીલો કરવી અશક્ય નથી. પણ હું તમને આટલું ખાતરીથી કહું છું કે હું જે કહું છે તે જ્યાં સુધી તમારે ગળે ન ઊતરે ત્યાં સુધી તમારા ચિત્તનો મોક્ષ થવાનો નથી. પછી “नाऽहं चित्तं बंधमोक्षौ कुतो मे ?” એવું બોલી ભલે તમે સમાધાન માની લો.

(‘પ્રસ્થાન’, ઑક્ટોબર ૧૯૩૫)

## ૪

# ઈશ્વરનિષ્ઠાનું બળ*

ભાષામાં એવા ઘણા શબ્દો છે, જેનો ઉપયોગ દરેક જણ કરે છે, છતાં તેના અર્થ વિષે કોઈ એ દર્શનો, સંપ્રદાયો કે કદાપિ વ્યક્તિઓનો પણ એકમત હોતો નથી. 'ઈશ્વર' એવા કઠણ શબ્દોમાંનો એક થઈ પડ્યો છે. થોડા વખત પર ગાંધીજીએ જ્યારે એમ કહ્યું કે 'સત્યાગ્રહીની ઈશ્વરમાં શ્રદ્ધા હોવી જ જોઈએ', ત્યારે ઘણા રાજકીય કાર્યકર્તાઓના મનમાં મૂંઝવણ ઊભી થઈ હતી. ઈશ્વરના અસ્તિત્વ વિષે કે તેને પોતાનો આધાર કરવા વિષે કેટલાક શંકાશીલ છે; કેટલાક શંકાશીલ જ નહીં, પણ ખાતરીથી ઈશ્વરનો ઇન્કાર કરે છે, છતાં સત્યાગ્રહની ધગશ રાખે છે. તેમને ગાંધીજીના આ શબ્દો ખૂંચે છે. વળી, જો સત્યાગ્રહી થવા માટે ઈશ્વરનિષ્ઠા આવશ્યક હોય તો એ સવાલ પણ ઊભો થાય છે કે કોના અથવા કયા ઈશ્વરમાં? જ્ઞાની–સૂફીઓના? સ્માર્તના? વૈષ્ણવના? આર્યસમાજીના? મુસલમાનના? ખ્રિસ્તીના? પારસીના? સગુણમાં? નિર્ગુણમાં? કે ગાંધીજીનો 'સત્યરૂપી ઈશ્વર' સમજી લઈ તેમાં જ? અને પછી નિરીશ્વરવાદી સાંખ્ય, જૈન, બૌદ્ધોનું શું? શું તેમને માટે સત્યાગ્રહનો માર્ગ બંધ સમજવો?

આ વસ્તુ સમજવા માટે ધર્મ અને તત્ત્વજ્ઞાનની ઝીણી ચર્ચાઓ કરવામાં આવે છે. પણ એ ચર્ચાઓ સ્પષ્ટતા કરતાં ગૂંચવાડો જ વધારે છે. મારી દૃષ્ટિએ વિચારવાની વસ્તુ આ છે:

દુનિયાના ઇતિહાસમાં આપણને સેંકડો ઉદાહરણો એવાં મળે છે કે જેમાં એકલવાયી વ્યક્તિ — કોઈક વાર બાળક જેટલી નાની — કોઈની મદદ વિના જબરદસ્ત શક્તિઓની સામે નીડરપણે દૃઢતાથી મુકાબલો કરવા ઊભી થાય છે. એ શક્તિને થોડું નમતું આપવાથી પોતાનો જીવ બચે એમ હોય તથા લાભ પણ થાય એમ હોય, છતાં

* ૧૯૩૯ના 'હરિજનબંધુ'માંના એક લેખને આધારે.



નમવા કરતાં તૂટવાનું પસંદ કરે છે. એવી વ્યક્તિના હૃદયમાં એવી કઈ વસ્તુનો અનુભવ છે કે જે તેને એવું બળ આપે છે? એવી કઈ વસ્તુનો પ્રહ્લાદને પોતાના હૃદયમાં અનુભવ થતો હતો કે જેને બળે તે પોતાના બાપની કઠોર સતામણીને અવગણી શક્યો? કે સુધન્વા તેલમાં તળાવાનું, ગુરુ ગોવિંદસિંહના બાળક પુત્રો ભીંતમાં જીવતાં ચણાઈ જવાનું, રોમનો તરુણ સળગતી મશાલમાં પોતાનો હાથ ધરી દેવાનું સંતોષપૂર્વક સહન કરી શક્યા? જીવ અને જીવનનાં સુખો વિષે આવી બેપરવાઈ બતાવવાનું બળ આપનાર, તથા શારીરિક જીવન કરતાં કોઈ અશરીરી વસ્તુ સાથે વધારે આત્મીયતાનો અનુભવ કરાવનાર એ કઈ વસ્તુ છે?

આમ વર્તવા કોઈ જબરદસ્ત 'લાગણી'નો અનુભવ થવો જોઈએ એમ અનીશ્વરવાદીનેયે સ્વીકાર્યા વિના ચાલશે નહીં. સામાન્ય ઇંદ્રિયોના વિષયોની કે સંકલ્પવિકલ્પોની એ લાગણી નથી. પણ એક એવો અનુભવ છે કે જેને લીધે તે માણસને એવો વિશ્વાસ લાગે છે કે પોતામાં કોઈક એવી શક્તિશાળી પ્રેરણા કામ કરી રહી છે કે જે દુનિયાની બીજી બધીયે શક્તિઓ કરતાં વધારે બળવાન છે, પોતાના શરીર અને પ્રાણ કરતાં પોતાની વધારે સમીપ છે.

આ શક્તિને કોઈ 'ઈશ્વરનિષ્ઠાનું બળ' કહેવાનું પસંદ કરે છે, કોઈ 'અધ્યાત્મબળ (spiritual force) કોઈ 'આત્મબળ' (soul-force), કોઈ નૈતિક બળ' (moral force) કહે છે, કોઈ 'પ્રતીતિ–બળ' (strength of conviction) કહે છે. પણ એ બળની પરીક્ષા આ છે: તમને કોઈ એવો બળવાન અનુભવ થાય છે ખરો કે જે કસોટીને પ્રસંગે એવી નબળાઈ તમારામાં પેદા નહીં કરે કે 'મને કોઈ બચાવી લે તો સારું', અથવા 'જરા સંભાળીને ચાલું'? તમારી ભયવૃત્તિ પર પ્રભુત્વ ધરાવનારા એ અનુભવને તમે ગમે તે નામે ઓળખો, પણ જો તે અનુભવને બળે તમને તમારા નેકમાર્ગ અને કામમાં દૃઢ રહેવા અને તે માટે સંતોષપૂર્વક પોતાનાં જાનમાલ તથા પોતાની પ્રવૃત્તિનું ઇષ્ટ માનેલું ફળ પણ ખોવા તમને તૈયાર રાખે એમ હોય તો તમે સત્યાગ્રહને માર્ગે રહી શકશો.

આ બાબતમાં બીજી એક વાત યાદ રાખવી જોઈએ. સ્વદેશ-ભક્તિ, પ્રેમ, લોભ, સાહસ વગેરેના વેગો પણ કદીક અસાધારણ હિંમત પ્રેરે છે. આવી લાગણીઓના આવેગો પોતાનું ધ્યેય, જો કદી આડે માર્ગે સળી શકે એમ હોય તો, તે જતું કરવા તૈયાર નહીં થાય. ઉપર વર્ણવેલા બળનો આધાર રાખનારમાં ધ્યેયની સિદ્ધિની રીત વિષે નીતિનું પણ એક નિશ્ચિત ધોરણ હોય છે. એ નીતિનો ત્યાગ કરીને તે ધ્યેયને સિદ્ધ કરવા તૈયાર થતો નથી.

आम "भलुं आभ पण तूटी पडे, अने पोताना बधाये मनोरथो के दुन्यवी ध्येयो भांगी पडे, तोये पोताना निश्चयने अडगपणे, अेकलो होय तोये, वळगी रहेवानी शक्तिनो पोतामां रहेलो मूळस्रोत ते 'अध्यात्म-बळ' 'आत्मबळ' 'अीश्वरनिष्ठानुं बळ' छे. अने अे बळनो ते अंश, के जेने लीधे ते पोताना ध्येयने सिद्ध करवा माटे अमुक नीतिने वळगी रहेवा अथवा अमुक मार्गोनो त्याग करवाना निश्चयने टकावी शके छे, तेने अेनुं नैतिकबळ कही शकाय."

આવું બળ પેદા કરનાર વિશ્વાસ, ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, વ્રત, તપ, નિયમ, શાસ્ત્રચિંતન, વિજ્ઞાન વગેરે ગમે તે નિમિત્તોથી ઉત્પન્ન થાય તે જ સત્યાગ્રહીનો ઈશ્વર કે આત્મા છે. એ એને ઈશ્વર, આત્મા કે અધ્યાત્મને નામે ઓળખે છે કે બીજી કોઈ રીતે સમજાવે છે તે ગૌણ છે; મુદ્દો એ છે કે એ બળ એને બહારનાં સાધનો કે સમાજમાંથી મળતું નથી. તે એની પોતાની અંદર જ તે અનુભવે છે. જેને આવા બળનો આધાર ન હોય, અને જે બાહ્ય યોજના અને વિવિધ સાધનો પર જ સત્યાગ્રહ કરવાની ગણતરી કરતો હોય, તે છેવટ સુધી સત્યાગ્રહી રહી શકતો નથી.

# ૫

# પરોક્ષ પૂજા

"અમને તો એમ ભાસે છે જે (જેને) પૂર્વજન્મનો સંસ્કાર હશે તે પણ સત્પુરુષને યોગે કરીને થયો હશે અને આજ પણ જેને સંસ્કાર થાય છે તે સત્પુરુષને યોગે કરીને જ થાય છે, માટે એવા સત્પુરુષનો સંગ પ્રાપ્ત થયો છે તોપણ જેને જેમ છે તે સમજાતું નથી તેને અતિશે મંદબુદ્ધિવાળો જાણવો; શા માટે જે જેવી શ્વેતદ્વીપમાં...ને જેવી ગોલોક વૈકુંઠલોક વિષે...ને જેવી બદરિકાશ્રમને વિષે સભા છે તેથી પણ હું આ સત્સંગીની સભાને અધિક જાણું છું.... એમાં જો લગાર પણ મિથ્યા કહેતા હોઈએ તો આ સંતસભાના સમ છે. તે સમ શા સારુ ખાવા પડે છે જે સર્વને એવું અલૌકિકપણું સમજાતું નથી અને દેખવામાં પણ આવતું નથી....અને...જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે આવે તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે તેટલા સર્વે અર્થ તેને પ્રાપ્ત થાય છે."

(સહજાનંદસ્વામીનાં વચનામૃત ગ. મ. ૨.)

સ્વામિનારાયણ સંપ્રદાયે મારા પર નાખેલા અનેક સુસંસ્કારો પૈકી એક મહત્ત્વનો સંસ્કાર મને એ લાગ્યો છે કે પરોક્ષના જેવો જ પ્રત્યક્ષનો મહિમા સમજતાં એણે મને શીખવ્યું. મનુષ્યની એક મોટી કમજોરી અને કમબુદ્ધિ એ છે કે તેને ભૂતકાળના પુરુષ, તેમનાં કામ, ઉપદેશ અને ગ્રંથ બહુ જ દિવ્ય, ભવ્ય, કીમતી અને સત્યથી ભરેલાં લાગે છે, અને જેમ જેમ તે પ્રાચીન બનતાં જાય છે, તેમ તેમ તેમના પ્રત્યેનો તેનો આદર વધતો જાય છે અને જેમ જેમ કાળની નદીમાં તે તણાઈ જતાં જાય છે તેમ તેમ તેમને ઉગારી લેવાની અને તેમનું પુરાણ-શોધન કરવાની તેની પ્રવૃત્તિ તીવ્ર થતી જાય છે. સામાન્ય રીતે માણસને ભૂતકાળમાં સત્યયુગ અને સુવર્ણયુગ વીતેલો લાગે છે; અને વર્તમાનકાળ સદાયે કલિયુગ જ ભાસે છે. આ કારણથી તે પોતાના કાળના બુદ્ધિમાન, વિદ્વાન, વીર્યવાન, જ્ઞાનવાન કે ચારિત્રવાન પુરુષોની મહત્તા સમજવામાં હંમેશાં પાછળ જ

રહે છે, અથવા કદીક બિલકુલ સમજી શકતો નથી. તેમની હયાતી દરમ્યાન તેમનો વિરોધ પણ કરે છે, પણ એમના મર્યા પછી તેમની પૂજા કરવા લાગે છે. એ જ ભૂલ તેની પછીની પેઢી કરે છે. એટલે કે બીજી પેઢી તે મરી ગયેલા પુરુષની પૂજા કરવા માંડે છે, અને પોતાની સામે વિચરતા ત્યાર પછીના નવા મહાપુરુષની અવગણના કરે છે. જેમ કોઈ માણસ હાથી નજર આગળથી જાય ત્યારે હાથી તરીકે તેનો સ્વીકાર કરવા ઇન્કાર કરે, પણ પાછળથી તેનું પગલું જોઈ કહે કે "અહો! એ ગયો તે હાથી જ હતો!" એવી આ બુદ્ધિ છે.

આમ માણસો ૫–૬ હજાર વર્ષ પરના વેદો અને વેદર્ષિઓ અને રામ-કૃષ્ણાદિ 'અવતારો', — ૨–૩ હજાર વર્ષ પર થઈ ગયેલા બુદ્ધ, મહાવીર, ઈશુ ઇત્યાદિ ધર્મસ્થાપકો, — દોઢ હજાર વર્ષ પરના મહંમદ, વગેરે પેગંબરો, — હજારેક વર્ષ પરના શંકર, રામાનુજ વગેરે આચાર્યો, — ત્રણસો–ચારસો વર્ષ પરના નાનક, રામદાસ, ચૈતન્ય, વલ્લભાચાર્ય વગેરે, — અને હાલહાલમાં થઈ ગયેલા પણ જીવતાં કરતાં મરણ પછી વધારે પૂજાયેલા સહજાનંદ સ્વામી, રામકૃષ્ણ પરમહંસ, સ્વામી દયાનંદ વગેરેનો એટલો મહિમા સમજે છે કે તેમની સાથે આપણા કાળના કોઈ પણ પુરુષની તુલના કરવાની કલ્પના પણ સામાન્ય રીતે સહન થતી નથી. જે માણસે કે પ્રજાએ પોતાની ઉન્નતિ કરવી હોય તેણે આ કમજોરી અને કમબુદ્ધિ છોડવી જોઈએ.

પ્રાચીનકાળમાં થઈ ગયેલા મહાપુરુષોનાં જીવનને તથા તેમના ગ્રંથોને ભૂલ વિનાના સમજવા — એ ઘણુંખરું માતા–પિતા–ગુરુ વગેરે પરની શ્રદ્ધા અને સમાગમથી બંધાયેલી શ્રદ્ધા હોય છે. જો તે શ્રદ્ધાની મદદથી આપણે આપણી આંખ આગળ વિચરતા પ્રત્યક્ષ મહાપુરુષોની કદર કરવાની શક્તિ કેળવી શકીએ, તો તે એક શુભ સંસ્કાર છે. તેમ ન બને, અને દિવ્ય પુરુષો અને ગ્રંથો માત્ર ભૂતકાળમાં જ હતા, વર્તમાનમાં તો કળિયુગ જ છે, તો તે સાત્ત્વિક દેખાતો જડતાનો જ સંસ્કાર છે.



સ્વામી મુક્તાનંદ એક પદમાં કહે છે તે મનન કરવા જેવું છે:

"સ્વામિનારાયણનું સમરણ કરતાં, અગમ વાત ઓળખાણી રે;
નિગમ નિરંતર નેતિ કહી ગાવે પ્રગટને પરમાણી રે.
મંગળરૂપ પ્રગટને મેલી, પરોક્ષને ભજે જે પ્રાણી રે;
તપતીરથ કરે દેવદેરાં, મન ન ટળે મસાણી રે.
કથા કીર્તન કહેતાં ફરે છે, કર્મતણી જે કહાણી રે;
શ્રોતા ને વક્તા બેય સમજ્યા વિના, પેટને અર્થે પુરાણી રે.
કાશી, કેદાર કે દુવારકા દોડી, જોગની જુગતી ન જાણી રે.
તે પાછો ઘરનો ઘરમાંહી, ગોધો જોડાણો જેમ ઘાણી રે.
પીધા વિના પ્યાસ નવ ભાંગે, પંડ ઉપર ઢોળો મર* પાણી રે;
મુક્તાનંદ મોહન સંગ મળતાં મોજ અમુલખ માણી રે."

પ્રાચીન ગ્રંથોનું પાંડિત્ય અત્યંત ઉપયોગી કે તદ્દન જ આવશ્યક નથી. તત્ત્વની સાચી સમજ પ્રત્યક્ષ તત્ત્વજ્ઞાનીનો જીવંત પરિચય થયા વિના ઉત્પન્ન થતી નથી. એ કોઈક અકથ્ય રીતે તણખાનું કામ કરે છે. તેમ જ વર્તમાન જીવનનાં કર્તવ્યો વિષે પણ સમાજના પ્રત્યક્ષ પુરુષો જ માર્ગદર્શન કરાવી શકે છે. જૂના મહાપુરુષો અને ગ્રંથોનું સમર્થન મળવું જ જોઈએ એવો આગ્રહ બુદ્ધિમાં જડતા પેદા કરે છે.

---

* મર = ભલે.

## ૬

# ખોટી ભાવિકતા

એક દહાડો એક કિસાન કાર્યકર્તા મળવા આવ્યા. પ્રણામ કરી સામે પાથરેલી સાદડી પર બેઠા. ક્યાંથી આવ્યા, કેમ આવ્યા, શું કરો છો, વગેરે મેં પૂછ્યું. જવાબમાં પોતાનાં નામ, ઠામ વગેરે કહી તે બોલ્યા:

"પવનારમાં વિનોબા ભગવાનનાં દર્શન કર્યાં. તેમની પાસે કેટલાક દિવસ રહ્યો, અને ભગવાનથી ઘણો લાભ ઉઠાવ્યો. હવે (મારી તરફ જોઈ) ભગવાનના દર્શનની ઇચ્છાથી આવ્યો છું."

આ ભાષાથી મને આશ્ચર્ય થયું, દુઃખ પણ થયું. પણ દુઃખને દબાવી મેં પૂછ્યું: "ત્યારે તમારા કેટલા ભગવાન છે?"

સવાલ એમને કાંઈક વિચિત્ર લાગ્યો. એમણે કદાચ માન્યું હશે કે, આમ બોલવાનો તો ભક્તોનો સંપ્રદાય છે! એ પર મારે શો વાંધો ઉઠાવવાનો હોય? તેમણે કહ્યું:

"જી . . ., ભગવાન તો એમ સૌનો એક જ છે. પણ જે કાંઈ છે, તે પણ સર્વે ભગવાનનાં જ રૂપો છે, એમ હું દેખું છું. આથી આપના જેવા મહાનુભાવો માટે ભગવાન શબ્દ વાપરવો મને યોગ્ય જ લાગે છે."

"સર્વે ભગવાનનાં જ રૂપ છે, તેમાં તો કૂતરોયે ભગવાન થાય છે અને તમે પોતેયે ભગવાન થાઓ છો. શું કૂતરાને માટે અને તમારે પોતાને માટેયે તમે 'કૂતરા ભગવાન' અને 'હું ભગવાન' એવી ભાષા વાપરો છો?"

"જી . . . પછી તેમાં પામર પ્રાણી અને સાધુ મહાત્માનો ભેદ તો કરવો જ પડે. હું — મારા જેવો પામર માણસ — શી રીતે પોતાને ભગવાન કહું? કૂતરો છે તો ભગવાનનું જ રૂપ, પણ એ તો હજુ હીન દશામાં છે. તેનેયે ભગવાન કહેવો અને આપના જેવાનેયે માટે એ જ શબ્દ વાપરવો, એ તો અનુચિત થાય."



"ત્યારે તો દુનિયામાં કોઈ નાનું છે, કોઈ મોટું છે, એવા ભેદભાવનો તમને સારો ખ્યાલ છે. તો, જે સૌથી મહાન અને શ્રેષ્ઠ એક પરમાત્મા છે, તેને માટેયે ભગવાન શબ્દ વાપરવો, અને ઓછીવત્તી યોગ્યતાના મનુષ્યો માટે પણ એ જ શબ્દ વાપરવો એ શું અનુચિત નથી? પરમાત્મા ભગવાન, ગાંધી ભગવાન, વિનોબા ભગવાન, કિશોરલાલ ભગવાન, રાજેન્દ્રબાબુ ભગવાન, જવાહરલાલ ભગવાન બધાયેને એક સરખો ભગવાન શબ્દ લગાડાય?"

"જી, ના, ના! મેં જવાહરલાલજી માટે ક્યારેયે ભગવાન શબ્દ નથી વાપર્યો! એ અમારા મોટા નેતા છે; અને પૂ. બાપુજી કહે છે કે તે એમની પછી એમના વારસ બનશે, અને અમારા કિસાનો માને છે કે જયપ્રકાશ બનશે. પણ હું એમને ભગવાન નથી સમજતો. મારી તો બાપુજી અને વિનોબા ભગવાન અને આપ-ભગવાનમાં શ્રદ્ધા છે. હું તો વિનોબા ભગવાનને જ બાપુજીના વારસ સમજું છું. તમને સાંભળીને આશ્ચર્ય થશે કે, જયપ્રકાશજી અમારા ગામની નજીક કેટલીયે વાર આવ્યા છે અને તેમણે ભાષણો કર્યાં છે, પણ હજુ સુધી મેં એમને જોયા પણ નથી. એમનો ફોટો જ જોયો છે. ક્યારેય સાંભળ્યા નથી. હું તો એક ગાંધીજીને માનું છું અને વિનોબા ભગવાનને અને આપ–ભગવાનને!"

"માફ કરો, મને તમારી શ્રદ્ધા અને ભાવિકતા સારી લાગતી નથી, અને આવો શબ્દ ગાંધીજી માટે, વિનોબા માટે, મારે માટે કે કોઈ પણ માણસ માટે વાપરશો નહીં. પહેલાં તો તમે કહ્યું કે બધાં જ ભગવાનનાં રૂપો છે; હવે, જવાહરલાલજી અને જયપ્રકાશજી જેવા મોટા અને બળવાન નેતાઓ પણ એ શબ્દને યોગ્ય તમને લાગતા નથી, અને છતાં મારા જેવા એક સામાન્ય લેખકને ભગવાનની બરાબરીમાં બેસાડો છો.

"તમને ગાંધીજીમાં જે શ્રદ્ધા છે, તે તેઓ બુદ્ધિયુક્ત વાતો કહે છે તે માટે નથી. પણ તે એક પવિત્ર મહાત્મા પુરુષ છે, ગરીબોનું ભલું ચાહે છે, અને તેમનામાં શ્રદ્ધા રાખવાથી જીવનું

કલ્યાણ થશે, એ માન્યતાથી જણાય છે. તમને ભય છે કે, ગાંધીજીની વાતો કદાચ બુદ્ધિયુક્ત ન હોય, અને તમારામાં બુદ્ધિ તો છે; તેથી રખેને જયપ્રકાશજીની વાતો બુદ્ધિમાં ઊતરી જાય ને ગાંધીજી પરથી શ્રદ્ધા ઓછી થઈ જાય, તો પછી કલ્યાણ કેમ થાય? આથી તમે જયપ્રકાશજીની વાતો કાન સુધી પહોંચવા દેવામાંયે ડરો છો, અને અહીં અમે, વર્ધાવાળા, ગાંધીજીની વાતોને જુદી જુદી રીતે ફેરવી-ફૂલવી સમજાવીએ છીએ, તેથી અહીંના નાના-મોટા સૌમાં કલ્પનાથી ભગવાનની માન્યતા કરી તમારી શ્રદ્ધાને મજબૂત કરવા ઇચ્છો છો."

આ વાત તે વખતે તો અહીં જ અટકી. પણ એ સજ્જનની ભાવિકતા અને શ્રદ્ધાથી જેટલો મને ખેદ થયો, તેટલો જ તેમાં આપણા સત્પુરુષોએ સ્થાપેલી અવિવેકી અને બેજવાબદાર પરંપરાને માટે પણ થયો. આપણા દેશના સાધુ-સંત-આચાર્ય-સદ્‌ગુરુ-મહાત્મા તથા સંપ્રદાય–પ્રવર્તકોએ લોકોને શ્રદ્ધાને નામે કેટલા દુર્બળ, નમ્રતાને નામે નિષ્કારણ પામર, વેદાંતને નામે વિવેકહીન અને ઊલટીસૂલટી દલીલો કરવામાં હોશિયાર, તથા સગુણભક્તિને નામે અયોગ્ય રીતે મનુષ્ય-પૂજક બનાવી મૂક્યા છે! गुरुः साक्षात् परब्रह्मની આપણે એવા પ્રકારની સ્થૂળ વ્યાખ્યા બનાવી છે, અને તેનો હવે એટલો આપણને મહાવરો થઈ ગયો છે કે, પોતાના શિષ્યો કે જનતા પોતાને 'ભગવાન' શબ્દથી સંબોધે, મંદિરમાંની મૂર્તિની જેમ પોતાની પૂજા-અર્ચા કરે, પરમેશ્વર-વાચક સંજ્ઞાઓ અને મહિમાના શબ્દો પોતાના નામ સાથે જોડે, અને પોતાની મૂર્તિ પણ પૂજાય, તેમાં આપણને કશું ભૂરું — આઘાત પહોંચાડનારું લાગતું નથી. ઊલટું, એ જ મોક્ષનો સાચો રસ્તો લાગે છે! મહેનત ઉઠાવીને શિષ્યોમાં ગુણોની વૃદ્ધિ કરવી, તેમની બુદ્ધિ સૂક્ષ્મ કરવી, તેમની વિવેકશક્તિ તેજ કરવી, તેમને સ્વતંત્ર-સ્વાધીન માનવ બનાવવા, — તેને બદલે તેમને પરાવલંબી અને પામર રહી કેવળ ગુરુભક્તિથી જ મોક્ષની શ્રદ્ધા રાખવાવાળા કરી મૂકીએ છીએ. ખુદ પોતાનો અહંકાર તો 'બ્રહ્મ' — અતિ મહાન — કરીએ છીએ, અને શિષ્યનો



દિવસે દિવસે ક્ષુદ્ર; પોતે તો પુરુષોત્તમ પદ પર ચડી બેસીએ છીએ, અને શિષ્યોને અપુરુષ — પુરુષાર્થહીન કરીએ છીએ.

આમાં ભગવાનનો દ્રોહ એટલે ગુનો થાય છે, ભાષાનો દ્રોહ એટલે અવિવેક થાય છે, અને આપણા પોતાના મનુષ્યત્વનો દ્રોહ એટલે અપમાન થાય છે. જ્ઞાની મહાત્મા બ્રહ્મનિષ્ઠ થયો હોય તોયે આપણે માત્ર એક પરમાત્માને જ ભગવાન કહેવા જોઈએ. બીજા કોઈને — ગમે તેટલા તે મહાન કે પવિત્ર કાં ન હોય — તે શબ્દ ન લગાડવો ઘટે. તે સર્વે મનુષ્યો જ છે.

મનુષ્યોમાં વય, જ્ઞાન, પૈસો, વિદ્વત્તા, સદ્‌ગુણ, અધિકાર વગેરેના ઓછાવત્તાપણાને લીધે નાના મોટાના ભેદ ગણાય એમ બને. તેને લીધે કોઈને ઓછો, કોઈને વત્તો આદર બતાવાય તે અસ્વાભાવિક નથી. પણ તેનીયે એક હદ હોય. કેટલાક શબ્દ એવા છે કે જે નાના મોટા સૌને માટે એક સરખી રીતે વાપરી શકાય છે; જેમ કે — જી. ગાંધીજી, જવાહરલાલજી, વિનોબાજી, જાજુજી, મૌલવીજી, પંડિતજી, ગુરુજી, રામચંદ્રજી, કૃષ્ણજી, ભાઈજી, બાઈજી, વગેરે ગમે તે સ્ત્રીપુરુષને માટે આદરાર્થે વાપરી શકાય છે. પણ તેને આપણે પરમાત્માને માટે વાપરી, પરમાત્માજી, પરમેશ્વરજી, અલ્લાજી કહેતા નથી. તેમ જ, જાનવરોને લગાડી ગાયજી, ઘોડાજી, કૂતરાજી પણ કહેતા નથી. એટલે કે, તેને આપણે મનુષ્યોના આદર માટે જ રાખ્યો છે.

પણ, મનુષ્યોના આદર માટે બીજાયે ઘણા શબ્દો છે, જે સર્વેને માટે વપરાતા નથી. જેમ કે, ગાંધીજીને મહાત્મા કહેવાની રૂઢિ પડી છે. પણ જો કોઈ મહાત્મા નેહરુ, મહાત્મા વિનોબા, મહાત્મા સુભાષચંદ્ર, મહાત્મા ઝીણા વગેરે કહેવા માંડે, તો તે વ્યક્તિઓ પ્રત્યે આદર હોવા છતાં એ કઢંગું થશે. અને જો તેવી રૂઢિ જ પડી જાય તો એનો અર્થ એટલો જ થઈ જાય કે, 'મહાત્મા' શબ્દને આપણે 'મિસ્ટર' 'શ્રીમાન' કે 'જનાબ'નો અર્થ આપી દીધો. પછી બહુ મોટા પુરુષને માટે કોઈ નવો શબ્દ શોધાશે. આવું બન્યું પણ છે. એક જમાનામાં ઘણું કરીને

મહાત્માનો અર્થ ભગવાન, પરમેશ્વર જ થતો હશે. અને મહાભારત પરથી માલૂમ પડે છે કે, એવોયે એક જમાનો હતો જ્યારે ગમે તે મોટા માણસને એ શબ્દ લગાડાતો. જેમ કે, દુર્યોધન તથા કર્ણને માટે પણ એ શબ્દ વપરાયો છે; અને વ્યાસ, કૃષ્ણ, ભીષ્મ, ધર્મરાજા, અર્જુન, સાત્યકિ વગેરેને માટે પણ. એ જ રીતે જો આપણે ગાંધી ભગવાન, વિનોબા ભગવાન વગેરે કહેવા માંડીએ, તો તેનો અર્થ એટલો જ થાય કે, 'ભગવાન'ને આપણે 'સાહેબ' 'મહાશય' એટલા જ અર્થનો કરી મૂકચો! આમ આપણે કેટલાયે શબ્દોને તેમની ઊંચાઈથી નકામા જ ઉતારી મૂકચા છે, અને પછી આદરના નવા નવા શબ્દો શોધતા રહીએ છીએ.

મનુષ્ય જેને પોતાથી વિશેષ માનશે તેનો આદર તો કરવાનો, સેવાયે કરશે. પણ જો આદર અને સેવા તેને પોતાને માટે ક્ષુદ્ર — હલકાપણાની લાગણી પેદા કરનારી, અને તે મોટા માણસને 'દેવ' મનાવનારી થઈ જાય, તો તેથી તેની ઉન્નતિ થતી નથી. ગુરુઓ અને મોટાઓની ફરજ છે કે, તેઓ પોતા પર શ્રદ્ધા રાખનારાઓના 'દેવ' ન બની જાય. કેમ કે, પોતે મનુષ્યરૂપમાં હોઈ દેવપદનો સ્વીકાર કરવો એટલે શિષ્યોમાં — તેઓ મનુષ્ય હોવા છતાં — પામરતા — લઘુતાનો સંસ્કાર નાખવો.

સેવાગ્રામ, ૨૫–૫–'૪૬ ('શિક્ષણ અને સાહિત્ય')

## ૭

# ઈશ્વર વિષે કેટલાક ભ્રમો

હમણાં હમણાં દરિદ્ર સમાજનું દર્શન કરાવનારી નાની મોટી વાર્તાઓ ઠીક પ્રમાણમાં લખાતી જણાય છે. આપણા દેશની અતિશય દુઃખી, દરિદ્રી, અન્યાયપીડિત પ્રજા તથા સ્ત્રીઓની શોચનીય દશા પ્રત્યે લેખકોનું — ખાસ કરીને તરુણ લેખકોનું — સમભાવયુક્ત ધ્યાન ખેંચાતું જાય છે અને ભણેલા લોકોની લાગણીઓ આ ઉપેક્ષા પામેલા માનવસાગર પ્રત્યે હલમલાવવાનો પ્રયત્ન થાય છે એ એક સુચિહ્ન છે.

પણ આ વાર્તાઓમાં એક બે બીજા ઉદ્દેશ પણ વારંવાર જણાઈ આવે છે. એક તો મૂડીવાદ અને ધનવાનોના પ્રત્યે તિરસ્કાર ઉત્પન્ન થાય એ રીતે વાર્તાનું ચિત્ર દોરવાનો, અર્થાત્ આવા ઉદ્દેશથી લખાયેલી વાર્તાઓમાં જ્યાં જ્યાં દુઃખ, દારિદ્ર્ય, અન્યાય લાગે ત્યાં ત્યાં તેના કારણરૂપે મૂડીવાદ કે ધનવાન જ છે એમ બતાવવામાં આવે છે એમાં આશ્ચર્ય નથી. પણ આ પ્રયત્નની સાથે સાથે ઈશ્વર પ્રત્યે પણ તિરસ્કાર ઉત્પન્ન થાય અને તેના અસ્તિત્વમાં અશ્રદ્ધા થાય એવો ઉપદેશ પણ ભળેલો હોય છે.

જ્યારે માણસ કોઈ પણ વસ્તુને આસક્તિથી જ નહીં, પણ પૂર્વગ્રહ અને ક્રોધથી પણ તપાસે, ત્યારે નથી તો તે ન્યાયયુક્ત નિરીક્ષણ કરી શકતો, અને નથી પોતે પણ ભ્રમરહિત થઈ શકતો. આ કારણથી આ વાર્તાઓમાં ઈશ્વર વિષે ઘણા કાચા અને ભ્રમભર્યા વિચારો જોવામાં આવે છે, અને તેથી જે ઈશ્વરની તેઓ નિંદા કરવા ચાહે છે, તે શક્તિને વિષે તેમનું પોતાનું જ અજ્ઞાન પ્રગટ થાય છે.

માર્ક્સ વગેરે યુરોપિયન લેખકોએ એવા વિચાર ફેલાવ્યા છે કે ધર્મ અને ધર્મમત (religion, church, અનુગમ) એ સત્તાધારીઓએ પોતાની સત્તા મજબૂત કરવા માટે નિર્માણ કરેલી

કપોલકલ્પિત માર્યા છે. આ વિચારને આપણા દેશના અનેક તરુણોએ જેમના તેમ સ્વીકારી લીધા છે, અને જુદી જુદી રીતે તેનો આપણા સાહિત્યદ્વારા પ્રચાર કરી રહ્યા છે. પણ એક વાત તેમના ધ્યાનમાં આવેલી લાગતી નથી. તે એ કે યહૂદી, ખ્રિસ્તી, મુસ્લિમ વગેરે કોઈ વિશેષ વ્યક્તિએ સ્થાપેલા, અર્થાત્ પૌરુષેય અથવા દૂત-પ્રકાશિત (revealed) અનુગમો અને હિંદુ, જૈન, બૌદ્ધ, આદિ ધર્મો જે ઈશ્વર-પ્રેરિત દૂત દ્વારા પ્રકાશિત નથી મનાતા એવા અનુભૂત (realized) અનુગમો વચ્ચે ઈશ્વરના સ્વરૂપની સમજણ વિષે એક બહુ મોટો ભેદ છે. એ ભેદ એ કે દૂત-પ્રકાશિત અનુગમોમાં ઈશ્વરને આકાશથી પાર, અને નિરાકાર છતાં, બુદ્ધિ તથા ભાવનાયુક્ત એક તત્ત્વવિશેષ માન્યો છે, અને એમ માન્યું છે કે જેમ કુંભાર માટીમાંથી પોતાની ઇચ્છાનુસાર વાસણો ઘડે છે, પણ માટી તથા વાસણથી પોતે ભિન્ન છે, તેમ ઈશ્વરે સૃષ્ટિની રચના કરી છે. આ રીતે, જેમ કુંભાર માટીમાંથી કેવો ઘાટ ઘડવો છે તેનો વિચારપૂર્વક નિર્ણય કરી તેને ઘડે છે, તેમ ઈશ્વરે જગતના દરેક પદાર્થ અને પ્રાણીના વિષયમાં વિચારપૂર્વક નિર્ણય કરી તેને તેવા બનાવ્યા છે. અર્થાત્ જેને જેમ ઘડવા ઇચ્છ્યા તેમ ઘડ્યા. તેમાં એ પ્રાણીનાં બલાબલ, ઇચ્છા-અનિચ્છા વગેરે જેવી વસ્તુ હોઈ શકે નહીં. પછી, એવો ધર્મ સમજાવવામાં આવ્યો છે કે એ ઈશ્વર સર્વજ્ઞ, ન્યાયી અને દયાળુ હોવાથી એણે જે કાંઈ કર્યું હશે તે ઠીક જ કર્યું હશે એવી શ્રદ્ધા રાખી એણે મૂક્યા હોય તે સ્થિતિમાં સંતોષ માનવો અને તેના શરણમાં રહેવું એ ઉદ્ધારનો માર્ગ છે. આ એમનો ઈશ્વરવિચાર. આ પછી ઈશ્વરની ઇચ્છા જાણવાવાળા પેગંબરોની કલ્પના કરવામાં આવી છે. એટલે કે, એમણે પોતપોતાના કાળ અને દેશમાં જે ધાર્મિક વિધિ તથા સામાજિક રૂઢિઓ સ્થાપી, તથા જે પ્રણાલિકાઓ અને સદાચારના નિયમો રચ્યાં, તે એ દૂતો દ્વારા ઈશ્વરનાં જ આપેલાં છે એવી શ્રદ્ધા રાખવામાં આવી છે. અર્થાત્, આવા બધા વિધિ, રૂઢિ, પ્રણાલિકા અને નિયમો મળીને એક એક ધર્મમત — અનુગમ — થયો છે.



જોકે આપણા દેશનાંયે ધાર્મિક સાહિત્ય અને લોકવાણીમાં ઉપરના જેવાં કથનો વારંવાર મળી આવે છે, અને વર્ણાશ્રમવ્યવસ્થા ઈશ્વરે રચી છે, વેદ ઈશ્વરદત્ત છે વગેરે વાક્યપ્રયોગો થાય છે છતાં એ કેવળ ભાષાશૈથિલ્ય છે. એમાં અપૌરુષેય શબ્દનો અનુવાદ ઈશ્વર શબ્દથી કરવામાં આવે છે. સાચું પૂછતાં, આપણા દેશના કોઈ પણ અનુગમ કે તેના કોઈ પણ પંથમાં ઈશ્વરસ્વરૂપ તેમ જ સમાજ-ધર્મ તથા વિધિધર્મનો તાત્ત્વિક પાયો ઉપર કરતાં સાવ જુદા જ પ્રકારનો છે. અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, સેશ્વર, નિરીશ્વર, વૈદિક, જૈન, બૌદ્ધ ગમે તે મતનો મનુષ્ય હોય, હિંદુધર્મવિચારમાં ઈશ્વરને કુંભારના જેવો સૃષ્ટિનો ઘડનાર માન્યો નથી. એ ઉપરાંત હિંદુધર્મોમાં ઈશ્વરની સાથે જ એક બીજી પણ શક્તિનું અસ્તિત્વ મનાયેલું છે. એને આપણે 'કર્મ'ને નામે ઓળખીએ છીએ. એમ પણ કહી શકાય કે સેશ્વર મતોમાં ઈશ્વર અને કર્મનું કોઈક ને કોઈક પ્રકારનું દ્વિરાજકત્વ મનાયું છે. આથી, ન તો ઈશ્વર એક સ્વેચ્છાચારી સર્વાધિકારી (autocrat કે dictator) છે, અને ન કર્મ સંપૂર્ણપણે સ્વાધીન છે. આને જ લીધે ઈશ્વર કર્મફલપ્રદાતા કહેવાય છે, અથવા કેવલ સાક્ષી અને અકર્તા પણ કહેવાય છે. નિરીશ્વર મતોમાં ઈશ્વરને સ્થાન જ ન હોવાથી ઈશ્વર પર દોષારોપણ કરનારી ભાષા અર્થ વિનાની થાય છે.

સારાંશ કે, હિંદુધર્મમાં કોઈ ગમે તેવો મહાન ભક્ત હોય અને ઈશ્વરનું વધારેમાં વધારે સર્વાધિકારિત્વ — કર્મોનો નાશ કરવાની સત્તા — પણ સમજતો હોય, તોયે એ પણ ઈશ્વરનુંયે સર્વાધિકારિત્વ એને અનન્યપણે શરણ ગયેલા ભક્તને માટે જ માને છે. જે એનો અનન્ય શરણાગત ન હોય એના પર તો ભકતના મતથી પણ કર્મનું જ આધિપત્ય હોય છે, અને ઈશ્વર એને માટે કેવળ કર્મફલપ્રદાતા જ ગણાય છે.

આનો અર્થ એ થયો કે હિંદુઓના વિચારથી સંસારનાં સુખ દુઃખો માટે મુખ્ય જવાબદારી કર્મની મનાય છે, ઈશ્વરની નહીં. એ કર્મ ચાહે આજનું હોય, કાલનું હોય કે બહુ પૂર્વ કાળનું હોય; વૈયક્તિક હોય,

પૂર્વજોનું હોય કે સમગ્ર સમાજનું હોય; આ જન્મનું હોય કે પૂર્વજન્મ પર આરોપાયું હોય — કોઈ પણ પ્રકારના કર્મને લીધે જ આપણી આ ક્ષણે જે સ્થિતિ છે તે છે, અને એ દ્વારા જ એમાં પરિવર્તન થશે. ભક્ત આ માન્યતામાં એટલો વધારો કરે છે કે જો મનુષ્ય આ સાથે ઈશ્વરને અનન્યપણે શરણ જાય તો તે પરિવર્તન વેગથી થાય; એમ ન જાય તો કર્મના નિયમ મુજબ જ એની પ્રગતિ થાય. આ વિચાર સાચો છે કે ખોટો છે, કે કેટલો સાચો-ખોટો છે એની અહીં ચર્ચા કરવાની જરૂર નથી. અહીં માત્ર એટલું જ બતાવવું છે કે હિંદુઓના વિચાર પ્રમાણે વ્યક્તિ કે સમાજની જે કાંઈ આ ક્ષણે સ્થિતિ છે, એ વર્તમાન કાળ કે ભૂત કાળના વૈયક્તિક કે સામાજિક કર્મોને પરિણામે છે, અને વર્તમાન કાળ કે ભવિષ્ય કાળનાં વૈયક્તિક કે સામાજિક કર્મો દ્વારા જ એમાં સારું કે ખરાબ પરિવર્તન થશે. કોઈ સ્વૈરાચારી ઈશ્વરની રમતને પરિણામે આપણી આજની અવસ્થા નથી.

હવે, મારી દૃષ્ટિએ, આ કર્મની બાબતમાં જે ભૂલ આપણા વિચારોમાં ઉત્પન્ન થઈ છે તે આ છે. આપણે, સામાન્યપણે કેવળ વૈયક્તિક કર્મો ઉપર જ દરેક જાતનાં સુખદુઃખની જવાબદારી નાખીએ છીએ, અને તેમાં પણ બહુ ઉતાવળે એકદમ પૂર્વજન્મનાં કર્મોની કલ્પના કરવા મંડી પડીએ છીએ. આ વિચારમાં કાંઈક દોષ છે. સૃષ્ટિનાં સર્વ પ્રાણીઓ અને પદાર્થો, શરીરના અવયવોની જેમ, એકબીજાની સાથે સંકળાયેલાં છે, તથા અનાદિ ભૂતકાળ સાથે પણ સંકળાયેલાં છે. કશું એકબીજાથી સાવ જ જુદું, સ્વતંત્ર અને નવું નથી. જો આ વાત સાચી હોય તો કોઈનાં પણ સુખદુઃખનું કારણ કેવળ એનાં જ વૈયક્તિક કર્મ નહીં, પણ બીજાનાં કર્મો પણ થઈ શકે, એના પૂર્વજોનાં કર્મ પણ થઈ શકે તથા એના તેમ જ બીજા સમાજોનાં કર્મ પણ થઈ શકે અને સૃષ્ટિની ભૌતિક શક્તિઓ પણ થઈ શકે. જેમ કે, એક નાની બાળકી વિધવા થાય તો તેનું કારણ એ બાળકનાં જ કર્મ છે એમ માનવું ભૂલભરેલું છે. એનાં માતાપિતા, સગાં, જે સમાજમાં



એનો જન્મ થયો તે સમાજની રૂઢિઓ, એ રૂઢિઓને ઉત્પન્ન કરનારી આખી કર્મપરંપરા એ જ વધારે કારણભૂત છે. જ્યારે એ રૂઢિ બદલાઈ જાય છે, ત્યારે નાની બાળકીને વિધવા થવું અશક્ય બને છે. એટલે કે સમાજની કર્મપરંપરા બદલાવાથી વૈયક્તિક દુઃખ પણ ટળે છે. આ જ વાત હરિજન વગેરે દલિત, દારિદ્ર્યપીડિત વર્ગ, સ્ત્રીવર્ગ, દેશીરાજ્યોની પ્રજા, અને ગાય બળદ વગેરે પશુઓનાં દુઃખોની બાબતમાંયે લાગુ પડે છે. કોઈક જીવને સ્ત્રી કે પુરુષનો જન્મ આવે, અથવા અમુક માબાપને ઘેર જન્મ આવે તેમાં ભલે એનું પૂર્વકર્મ મનાય, પણ એના ઘરને અસ્પૃશ્ય માની તેના પર વધારે નિર્બંધો મૂકવામાં અથવા એ દારિદ્ર્યપીડિત રહે એવી પરિસ્થિતિ નિર્માણ કરવામાં અથવા એ સ્ત્રી હોય તો એના પર વધારે બંધનો નાંખવામાં એનાં પોતાનાં પૂર્વકર્મ કરતાં એનાં માતાપિતાનાં કર્મ કે એની સામાજિક કર્મપરંપરા વધારે કારણભૂત છે.

પણ કર્મસિદ્ધાન્તની શુદ્ધ દૃષ્ટિનો વિચાર કરવાનો આ લેખનો ઉદ્દેશ નથી. તેમ જ ઈશ્વરની બાબતમાં યોગ્ય દૃષ્ટિ કઈ એનું પણ સંપૂર્ણ વિવેચન કરવાનો ઉદ્દેશ નથી. આ લેખનો ઉદ્દેશ કેવળ એટલો જ છે કે ઈશ્વર વિષે નાસ્તિકભાવ ઉત્પન્ન કરવાવાળી આ વાર્તાઓમાં ઈશ્વરને માટે જે વિચારો અને નિંદાત્મક વિધાનો આવે છે તે આપણા સમાજ માટે બહુ અજ્ઞાનથી ભરેલાં હોય છે. એ આપણને આપણી દશા સુધારવામાં કોઈ રીતે મદદગાર થવાને બદલે કેવળ આપણામાં નિરાશા, નિર્બળતા અને પુરુષાર્થહીન અસંતોષ ઉત્પન્ન કરવાનું કામ જ કરી શકશે. હિંદુ પ્રજાની ભાવનામાં ઈશ્વર કાં તો કેવળ સાક્ષીરૂપ, અકર્તા અને કર્મફલપ્રદાતા છે, અથવા જો તે, ભક્તોની દૃષ્ટિએ, કર્તા છે તો તેનું કર્તૃત્વ કોઈને પીડા પહોંચાડવા, પીડિત રાખવા, કે પાપ વા નરકમાં ઢકેલવા પ્રવૃત્ત થતું નથી, પણ જે એનું અનન્ય શરણ લે છે તેનાં કષ્ટ અને પાપોને દૂર કરવા અને તેનાં જ્ઞાન, બલ, બુદ્ધિ તથા સાત્ત્વિક સંપત્તિઓ વધારવા જ પ્રવૃત્ત થાય છે. જે ઈશ્વરનો અનન્યશરણ નથી તેને માટે ઈશ્વર નહીં જેવો જ છે, કર્મનો કાયદો જ વિશેષપણે છે; પછી તે સ્વકર્મ

હોય કે પરકર્મ હોય. બીજી ભાષામાં કહીએ તો મનુષ્યની શુભ વૃત્તિઓને જાગરિત, પ્રેરિત અને બલવાન કરવાવાળું પોતાનું ગૂઢ સત્ત્વ એ જ એને માટે ઈશ્વર છે, અને તે એક અતિ બલવાન શકિત છે. જો આપણાં અજ્ઞાનભર્યાં વિધાનોથી આપણે આપણી પ્રજાની આ અંતઃશકિતને કુંઠિત કરી નાંખીશું, તો એમ જ કહેવું જોઈએ કે જે ડાળે બેઠા હોઈએ તેને જ આપણે કાપીએ છીએ. એથી પ્રજામાં બળ પેદા નહીં થાય, નવજીવન નહીં સંચરે, પણ પ્રજાનો નાશ થશે.

('પ્રસ્થાન', જાન્યુઆરી ૧૯૩૬)

# સંસાર અને ધર્મ

## ધર્મ

## ૧

# ધર્મનું નવનિર્માણ

ધારાસભામાં જ્યારે નવો કાયદો કરવામાં આવે છે ત્યારે તે એ વિષયના જૂના કાયદાઓ અને કલમોને રદ કરી દે છે. પછી તે નવાનો જ આધાર આપી શકાય છે અને જૂનો નકામો થઈ જાય છે. આનો અર્થ એ નથી કે જૂના કાયદાની દરેક કલમમાં ફેરફાર કરવામાં આવે છે અને નવામાં એના કોઈ જ અંશ દેખાતા નથી. પરંતુ કોઈ પણ નિયમના પ્રાચીનપણાને મહત્ત્વ રહેતું નથી. તેની કિંમત તો તેને નવામાં સ્થાન મળવાને લીધે જ થાય છે.

હિંદુધર્મમાં એક મોટી ખામી એ રહેલી છે કે, જોકે એમાં દરેક જમાનામાં નવા સદ્‌ગુરુ, સ્મૃતિકાર, આચાર્ય તથા સુધારકો થયા છે, તોપણ એમાંના કોઈએ જૂની શ્રુતિસ્મૃતિઓ, ભાષ્યો અને રૂઢિઓને આગળ માટે અપ્રમાણ — રદ ઠરાવ્યાં નથી. અથવા એમ કહો કે કોઈને એટલી માન્યતા નથી મળી કે જેથી તેના શિક્ષણ અથવા ઉપદેશથી જુદું અથવા વિરોધી શિક્ષણ આપનારાં ગ્રંથો, વાક્યો, અથવા રૂઢિઓને અપ્રમાણ ગણવામાં આવે. ઊલટું જૂનું અને નવું શિક્ષણ એકબીજાથી વિરુદ્ધ હોય તોયે બંનેને એકસરખું મહત્ત્વ આપવાની અને હઠપૂર્વક બન્નેમાંથી એક જ અર્થ કાઢવાનો પ્રયત્ન કરવાની રૂઢિ છે. આનું પરિણામ એ આવ્યું છે કે દરેક વિષયમાં અનુકૂળ તેમ જ પ્રતિકૂળ પ્રમાણો આપી શકાય છે, અને **नैको मुनिर्यस्य मतं न भिन्नम्** ( દરેક મુનિનો જૂજવો મત )ના જેવી વાત થાય છે.

આ વાત કદાચ ઇસ્લામમાં જ પહેલવહેલી થઈ છે. ત્યાં કુરાને અરબસ્તાનના બધા જૂના ગ્રંથો તથા રૂઢિઓને અપ્રમાણિત કરી દીધાં. એમાંથી જે કંઈ સ્વીકારવા જેવું લાગ્યું હશે તેનો કુરાનમાં સમાવેશ કરીને પ્રાચીન શાસ્ત્રો શોધવાની અને વિચારવાની જરૂર કાઢી નાખી; બલ્કે એવું કરવું દોષપાત્ર પણ ગણાયું.

શીખ ધર્મમાં ગ્રંથસાહેબે પણ ધર્મના એક ક્ષેત્રમાં એવું જ કંઈ કર્યું. પણ મારો ખ્યાલ છે કે એણે જીવનનાં સર્વ અંગો વિષે પોતાની નવી સ્મૃતિ નથી બનાવી.

માનવજીવનનો, ભારતવર્ષના જીવનનો, કૌટુંબિક જીવનનો, વ્યક્તિગત જીવનનો અથવા તો આજુબાજુના સમાજની જોડે સંબંધ હોય એવા કોઈ પણ પ્રશ્નનો જેમ જેમ હું ઊંડો વિચાર કરું છું તેમ તેમ છેવટે હું એ નિર્ણય પર પહોંચું છું કે દુનિયાના અત્યારના ચાલુ ધર્મ-સંપ્રદાયોમાંથી કોઈમાં પણ આ પ્રશ્નોનો ઉકેલ દેખાડવાનું હવે સામર્થ્ય રહ્યું નથી. માણસો પરની એની પકડ હવે ઢીલી થઈ ગઈ છે. સર્વધર્મસમભાવની દૃષ્ટિથી બધા ધર્મમાંથી થોડા થોડા અંશો લઈને એક નવો મિશ્ર સંપ્રદાય બનાવીએ તોપણ તેમાં આ સામર્થ્ય અથવા શક્તિ નહીં આવી શકે. પરમાત્મા અને પરમાત્માથી અભિન્ન એવા આ વિશ્વવ્યાપી જીવનનું મનુષ્યને નવું દર્શન અને નવું ભાષ્ય (interpretation) પ્રાપ્ત થવાની અને તેના આધાર ઉપર માનવજીવનની દરેક બાબતમાં જે કાંઈ સંશોધન કે નવરચના કરવી આવશ્યક થઈ પડે, તે કરવાની હવે જરૂર છે.

એ હું નથી કહી શકતો કે આ કોણ કરશે, કેવી રીતે કરી શકાશે અને તેમાં કેટલો સમય લાગશે. હું એ પણ નથી કહી શકતો કે આ નવદર્શન અને વિવરણમાં કાંઈ ઊણપ નહીં જ રહે, અથવા તે યાવચ્ચંદ્રદિવાકરૌ ચાલવાવાળી રચના થશે. જેમાં કોઈ ક્રાન્તિકારક સંશોધન કરવું જ ન પડે અને જેનાં ક્યારે પણ નાશ, હ્રાસ કે જીર્ણતા જ ન થાય, કે જેમાં કાંઈ પણ અશુભ તત્ત્વ ન હોય, એવી કોઈ રચના દુનિયામાં થઈ જ નથી શકતી. પરમાત્મા સદા એકરૂપ અને સનાતન હોવા છતાં દરેક યુગમાં તેના દર્શનમાં નવીનતા હોય છે અને તે નવદર્શનમાંથી નવો ધર્મ અને નવજીવન જન્મે છે. નવું દર્શન થાય તો પ્રાચીન દર્શન અને તેના ઉપર ઊભેલી ધર્મરચનાને પકડી રાખવી એ દોષ છે. તે નવામાં પણ દોષો તો હશે જ; તોપણ નવા યુગમાં તે જ કામ આપી શકે, પ્રાચીન નહીં. તે નવામાં પ્રાચીનનું આખું જ સ્વરૂપ નાશ નથી પામી શકતું; પણ તે



જેટલું નવા દર્શને અને તેના વિવેચને મંજૂર રાખ્યું હોય અથવા અમાન્ય ન કર્યું હોય, તેટલું જ રહી શકે છે.

વર્તમાન ધર્મ-સંપ્રદાયોને ઠેકાણે પોતાના જ સત્યના બળના પ્રમાણ પર આધાર રાખનાર નવો ધર્મ નિર્માણ થયા સિવાય મને શુભ પ્રત્યે પ્રગતિ થવાની કોઈ આશા નથી.

સેવાગ્રામ, ૭-૬-'૪૨ ('શિક્ષણ અને સાહિત્ય')

૨

# નવી દૃષ્ટિ

૧

દુનિયાનો સાધારણ અનુભવ એવો છે કે કોઈ પ્રજાની ઉન્નતિ થતા પહેલાં તેમનામાં એક નવો ધર્મ એટલે કે જીવન વિષે નવી દૃષ્ટિ પેદા થાય છે. જ્યાં સુધી જીવનમાં આશા નિર્માણ કરનારું એક નવું સત્ય લોકોને ન દેખાય ત્યાં સુધી જનસેવાના બધા પ્રયત્નો થીગડાં મારવા જેવા જ રહે છે. પોતાની મેળે જ આગળ ચાલ્યા કરે એવી શક્તિ તેમાંથી નિર્માણ થતી નથી.

જીવન વિષે નવી દૃષ્ટિનાં અંગો નીચે મુજબ છે:

૧. જીવનને અને જીવનનાં અંત તથા ધ્યેયને નવા અર્થમાં સમજવાં અને અનુભવવાં;

૨. સદાચારની નવી નિયમાવલિ જાણવી. તે નિયમાવલિ પ્રચલિત આચારો કરતાં એક બાજુથી વધારે વ્યાપક ધોરણ પર રચાયેલી હોવી જોઈએ અને બીજી બાજુથી તેમાં સંયમ, સાદાઈ, શરીર અને આસપાસની સ્વચ્છતા તથા મનની પવિત્રતાનું વધારે કડક ધોરણ હોવું જોઈએ;

૩. એ દૃષ્ટિને સ્વીકારનારાઓમાં ભ્રાતૃભાવની સ્થાપના;

૪. વ્યક્તિગત અને સામૂહિક રીતે કેટલીક પ્રવૃત્તિઓમાં સર્વેનો સહયોગ;

૫. જાણે એક પ્રકારનું એકત્ર કુટુંબ હોય, તેમ પોતાનાં સુખ, દુઃખ અને મિલકતને સરખી રીતે વહેંચી લેનારાં મંડળોનું નિર્માણ; અને

૬. દારૂ, વ્યભિચાર, ચોરી, લાંચરુશવત, ઠગાઈ, જૂઠ, આળસ વગેરે વ્યસનોથી મુક્તિ.

જે લોકોની સેવા કરવી છે, તેમની નીતિનું ધોરણ ઊંચું ન ચડે ત્યાં સુધી વિશાળ પ્રમાણમાં તેમની આર્થિક ઉન્નતિ થવી અશક્ય સમજવી. જો પ્રજાને જીવનનો નવો સંદેશો મળ્યો હશે અને પોતાની નીતિ સુધારવાનું મહત્ત્વ સમજાયું હશે, તો તેમને કેળવણી લેવા, સ્વચ્છ આદતો પાડવા, કેટલીક બાબતોમાં કરકસરિયા થવા અને બીજીમાં ઉદાર થવા, મહેનતુ અને પ્રામાણિક થવા, અને છતાં ભરણ-પોષણનું ધોરણ ઊંચું કરવા અને પૂરતું મહેનતાણું માગવાનો આગ્રહ રાખવા બાબત કાલાવાલા કરવાની જરૂર નહીં રહે. નવી દૃષ્ટિ પેદા થતાં મનમાં ઘર કરી બેઠેલો હીનગ્રહ ચાલ્યો જશે.

## ૨

નવી દૃષ્ટિને અંગે નવા પ્રકારની પ્રવૃત્તિઓ, કેળવણી, નિયમ-પાલન વગેરેની જરૂર રહેશે જ. પદાર્થો તથા કર્મોની કિંમત જુદી રીતે આંકવામાં આવશે.

જૂની જીવનવ્યવસ્થામાં મનુષ્યની કિંમત તેમનાં ન્યાત, જાત, કુળ, વિદ્યા, ધન, અધિકાર વગેરે પર અંકાય છે; કામની કિંમત કામ લેનારની શક્તિ અને કામ કરનારની હાડમારી પર અંકાય છે; અને વસ્તુઓની કિંમત તેની અછત અને આકર્ષકતા પર અંકાય છે.

નવી જીવનવ્યવસ્થામાં મનુષ્યની કિંમત તેનાં ચારિત્ર અને જરૂરિયાતો પર, કામની કિંમત તે જીવનની આવશ્યકતાઓને પૂરી પાડવામાં કેટલો ફાળો આપે છે તે પર, તથા વસ્તુઓની કિંમત તે જીવનની મહત્ત્વની આવશ્યકતા છે કે ગૌણ તેનો વિવેક કરી, તે પર ઠરાવવી જોઈએ; અને મહત્ત્વની આવશ્યકતાઓ અમૂલ્ય, એટલે જેટલી બને તેટલી સહેલાઈથી પ્રાપ્ત થવી જોઈએ.



આમ માણસમાત્ર સરખા ગણાય; પણ ચારિત્રવાનની શાખ ચારિત્ર વિનાના માણસ કરતાં વધારે હોય; સંકટમાં અને તંગીમાં પડેલો માણસ, સ્ત્રી, બાળક, અપંગ કે માંદો માણસ સશક્ત માણસ કરતાં વધારે કાળજીના અધિકારી ગણાય; ખોરાક, પાણી અને કપડાં જેટલાં બને તેટલાં સસ્તાં હોય; અને તેને નિપજાવવા પાછળ થતા શ્રમની કિંમત બીજાં સર્વે કામો કરતાં વધારે અંકાય. નાણાંની સ્વતંત્ર રીતે કશી કિંમત ન હોય; એટલે કે, તે પર વ્યાજ ન હોય; અને જમીન પર, પાણી અને હવાની જેમ, કોઈની ખાનગી માલિકી ન હોય.

જો આ સિદ્ધાંતો પર ગામો, સંસ્થાઓ, સહકારી મંડળીઓ કે બીજા પ્રકારનાં તંત્રો સ્થાપી શકાય, તો તે યોગ્ય નમૂના પૂરા પાડનારાં થાય.

## ૩

જગતના મોટા ધર્મોએ પરલોકમાં વ્યક્તિની જીવનમુક્તિ કે વિદેહમુક્તિ પર અને વ્યક્તિને મળનારાં સુખ પર ભાર મૂક્યો છે. નાસ્તિકો પણ વ્યક્તિને આ દુનિયામાં પ્રાપ્ત થઈ શકનારાં વિષય-સુખોને મહત્ત્વ આપે છે. બન્ને વ્યક્તિનો જ વિચાર કરે છે.

નવી દૃષ્ટિ વ્યક્તિ તેમ જ સમાજ બન્નેની મુક્તિનો વિચાર કરશે અને જગતમાં સ્વર્ગને ઉતારવાનો પ્રયત્ન કરશે; એટલે કે રોગ, તંગી, અજ્ઞાન, વિષમતા, અન્યાય, દ્વેષ, સ્વાર્થ, લડાઈ, વ્યસન, અસંયમ, બાહ્ય સત્તાઓ તેમ જ અંતઃકરણના વિકારોની ગુલામી વગેરેનો નાશ કરવા મથશે.

જૂના ધર્મો હજુ સુધી એમ માનીને ચાલ્યા છે કે આ સંસારનું જીવન ઉપરનાં દુઃખો વિનાનું કરવાની આશા જ ન રખાય. તંગી, દુઃખ અને માણસનો માણસ પર જુલમ આ જિંદગીમાં ટાળી શકાય નહીં; એ તો પરલોકમાં જ નહીં હોય. તેમણે એટલે સુધી કહ્યું છે કે આ દુનિયામાં જેટલી આપત્તિ વધારે હશે તેટલો

પરલોકમાં વધારે બદલો મળશે. આથી, જાણી જાણીને કેવળ દુઃખ વેઠવા ખાતર જ દુઃખ વહોરવાની કૃત્રિમ રીતોને પણ તેમણે ઘણી વાર ઉત્તેજન આપ્યું છે. સામાજિક અન્યાયો અને કુપ્રથાઓ, દુઃખો અને રોગો, અને મનુષ્યોએ નિર્માણ કરેલી રૂઢિઓ, કાયદાઓ અને સંસ્થાઓને ઘણી વાર અજ્ઞાનથી ઈશ્વરનિર્મિત સમજીને તેને સાંખી લેવા શીખવ્યું છે.

આટલે અંશે જૂના ધર્મોની દૃષ્ટિ ખોટી છે એમ સમજવું જોઈએ.

આપણે સમજવું જોઈએ કે દુઃખ જ નિયમરૂપે વર્તે એવી સૃષ્ટિ રચવાનો ઈશ્વરનો હેતુ હોઈ શકે જ નહીં. પણ અજ્ઞાન, વ્યસન, અવ્યવસ્થા અને કુવ્યવસ્થા મનુષ્યોનાં ઘણાંખરાં દુઃખો અને સંકટોનું કારણ છે; અને મનુષ્યનિર્મિત હોય કે કુદરતી કારણોથી હોય, જીવનને દુઃખી કરનારાં આવાં બળો સામે સતત ઝઘડવું તે જ મોક્ષની સાધના છે.

મોક્ષ આ દુનિયામાં અહીં જ મેળવવાનો છે; અને તે વ્યક્તિ તેમ જ સમાજ બન્નેને માટે છે. આ મોક્ષનો અંત નથી. તે સતત વધતો રહેનારો મોક્ષ છે, પણ જે વ્યક્તિ તે માટે બરાબર સાધના કરે છે, તેને તેનું પૂરેપૂરું ફળ તેના અંતઃકરણમાં તુરત જ મળે છે. તે ફળ એટલે અંતરમાં શાંતિ અને સમાધાન.

નવી દૃષ્ટિમાં

૧. કેવળ ઈશ્વરની જ ઉપાસના હોય;

૨. જીવમાત્ર પ્રત્યે આદર અને તેની સેવા હોય;

૩. અવતારો, પેગંબરો, ગુરુઓ વગેરે તથા તેમની તસવીરો વગેરે માટે આદર હોય, પણ તેમની ઈશ્વરને બદલે, કે ઈશ્વરના પ્રતિનિધિરૂપે, કે ઈશ્વરના જેવી જ ઉપાસના ન હોય; અને જેવી પૂજા ઈશ્વરને જ અર્પણ કરવી જોઈએ, તેવી પૂજા તે ગમે તેવો પૂર્ણ અને મહાન આત્મા હોય તોયે તેની ન કરી શકાય;



૪. જેમના પ્રત્યે આપણો આદર હોય તેમની પાસે આપણે આદરથી જઈએ તથા તેમની સેવા કરીએ, પણ તે આદરમાં એવો ભાવ ન હોવો જોઈએ કે તેમની આગળ આપણે હલકા, પામર, નાના, નજીવા મનુષ્ય છીએ.

## ૪

તત્ત્વજ્ઞાનની ભાષા છોડીને, આલંકારિક ભાષામાં કહું તો, શાસ્ત્રો પરથી આપણને કલ્પના થાય છે તેવી ઈશ્વર અને સેતાન વચ્ચે દુશ્મનાવટ નથી. ઘણી વાર બંને એક જ ધ્યેયને માટે કાર્ય કરતા જોવામાં આવે છે. એની વચ્ચે ભેદ કેવળ સાધનોનો છે. સેતાનને શુદ્ધ સાધનનો આગ્રહ નથી. ઘણી વાર તે ખોટાં સાધનોથી સારું પરિણામ નિપજાવતો હોય તેવું જોવામાં આવ્યું છે. આથી સામાન્ય માણસના હૃદયમાં તેના પ્રત્યે પણ ઊંડી શ્રદ્ધા વસે છે. દીર્ઘદૃષ્ટિથી વિચારતાં જ સેતાનના ડહાપણ અને દૃષ્ટિની વિશાળતા બાબત શંકા ઉત્પન્ન થાય છે.

પણ દીર્ઘદૃષ્ટિનેયે તેની મર્યાદાઓ છે. કસોટીને સમયે દીર્ઘદૃષ્ટિએ વિચારનારો પણ ગોથું ખાઈ જાય છે અને ટૂંકી દૃષ્ટિની નીતિ સાથે બાંધછોડ કરે છે અને સેતાને કરેલા કામનું ફળ સ્વીકારવા તૈયાર થાય છે. સેતાનનાં કાર્યોનો નિષેધ કરવા તેની હિંમત થતી નથી.

ગમે તે સાધનોનો ઉપયોગ કરવાની લાલચ પણ જીવનયુદ્ધનો એક ભાગ સમજવો જોઈએ. એમાં કોઈ વાર ભૂલ કરી બેસીએ તોયે ફરી ફરી આપણે ઈશ્વરના પક્ષમાં જ જવાનો પ્રયત્ન કરવો જોઈએ.

સેવાગ્રામ, ૧૦-૯-'૪૫ ('કોડિયું')

૩

# શાસ્ત્રદષ્ટિની મર્યાદા

મેં 'વ્યવહારુ અહિંસા' શીર્ષક મારી લેખમાળામાં એમ લખ્યું હતું કે "દુનિયાના બધા દેશો અને ધર્મોમાં 'ભદ્ર' અને 'સંત' એવી બે બુનિયાદી સંસ્કૃતિઓ પ્રાચીનકાળથી ચાલી આવેલી છે. આપણો દેશ પણ એ બાબતમાં અપવાદરૂપ નથી." ભદ્ર શબ્દ કોઈ ભાષામાં અનાદરસૂચક નથી એવો મને ખ્યાલ છે. જે સંસ્કૃતિનો ભદ્ર નામથી મેં પરિચય કરાવ્યો છે એને માટે મારા મનમાં અનાદર નથી, અને એ પ્રકટ કરવા માટે જ મેં એને ભદ્ર કહેલી છે. ભદ્ર સંસ્કૃતિએ પણ માનવસમાજમાં ઘણાં મોટાં મોટાં કામો કરેલાં છે એ વાતો મેં મારી લેખમાળામાં કબૂલ કરેલી છે. છતાં ભદ્ર સંસ્કૃતિની એક મર્યાદા છે, જેનાથી ઉપર તે જઈ શકતી નથી. જો તે એ મર્યાદાથી ઉપર જાય તો સંત સંસ્કૃતિમાં પરિણામ પામે. ભદ્ર સંસ્કૃતિથી જે ઉપર જાય છે તે સંત છે.

મારા આ કથન પર 'સિદ્ધાન્ત' સાપ્તાહિકના (૧૦ જૂન, '૪૧ના અંકમાં) વિદ્વાન સંપાદકે મુશ્કેલી બતાવી છે. તેઓ લખે છે "જેને બે બુનિયાદી સંસ્કૃતિઓ બતાવવામાં આવી છે તે ખરેખર પરસ્પરવિરોધી નથી. એ બેનું મૂળ, એ બેનો આધાર, એક જ છે અને એ છે ધર્મશાસ્ત્ર."

દુનિયાના બધા ધર્મોના શાસ્ત્રીઓના અભિપ્રાય પ્રમાણે દરેકને પોતાનું ધર્મશાસ્ત્ર જ પરમ અને અંતિમ પ્રમાણ હોય છે. 'नामूलं लिख्यते किञ्चित्' એ તેમની પ્રતિજ્ઞા હોય છે. એટલે એમનો એ આગ્રહ હોય છે કે કોઈ પણ વસ્તુને ઉચિત કે અનુચિત ઠરાવવા માટે પોતાના ધર્મશાસ્ત્રમાંથી કોઈ ને કોઈ પ્રમાણ શોધી કાઢવું જોઈએ. જો એવો આધાર ન મળે તો એ વસ્તુ માન્ય ન થઈ શકે, પછી ભલે તે ગમે તેટલી બુદ્ધિ અને હૃદયથી ગ્રાહ્ય હોય.



પરંતુ એવી પરિસ્થિતિમાં બુદ્ધિ પોતાની હાર વધુ વખત મંજૂર રાખતી નથી; તે કોઈ ને કોઈ રસ્તો કાઢવાની ફિકરમાં રહે છે. શાસ્ત્રથી જકડાયેલી બુદ્ધિ એનું બંધન તોડીને આગળ વધવાની હિંમત કરતી નથી, પરંતુ શાસ્ત્રવચનોનાં નવાં નવાં ભાષ્ય લખવાની હિંમત તે કરી લે છે. તે કોઈ ને કોઈ રીતે જૂનાં વાક્યોમાંથી પોતાને અનુકૂળ નવા અર્થ કાઢી લે છે અને પછી એમ પ્રતિપાદન કરે છે કે તે વસ્તુ શાસ્ત્રસંમત જ છે.

આ પ્રમાણે તે જ શ્રુતિવચનો અને સ્મૃતિવચનો નિરીશ્વરવાદી સાંખ્યો તથા અદ્વૈત, દ્વૈત અને વિશિષ્ટાદ્વૈત વેદાંતીઓ અને મીમાંસકો માટે આધારભૂત બને છે. અસ્પૃશ્યતા-સ્વીકાર અને નિવારણ બંને મતોના વિદ્વાન શાસ્ત્રીઓ માટે એ જ શ્રુતિ-સ્મૃતિઓ પ્રમાણભૂત થાય છે. યાવજ્જીવન વૈધવ્ય અને વિધવાવિવાહ, કાયમવિવાહ અને છૂટાછેડા, માંસાહાર અને માંસનિષેધ, પશુયજ્ઞ અને ઔષધિયજ્ઞ વગેરે પરસ્પરવિરોધી વિચાર ધરાવનારા શાસ્ત્રીઓ ધર્મશાસ્ત્રના આધારે જ પોતપોતાના મતોનું સમર્થન કરે છે.

આ વાત કેવળ આપણા જ દેશમાં યા ફક્ત હિંદુધર્મમાં જ બને છે એમ કોઈ ન સમજે. કુરાન અથવા બાઇબલમાં માનનારા શાસ્ત્રીઓની પણ આ જ રીત છે. બાઇબલનો હવાલો આપીને ગુલામીની પ્રથાનું સમર્થન અને વિરોધ કરનારા મોટા મોટા પાદરીઓ હતા. કોઈ મોલવી કુરાનની ઉપરવટ થઈને વિચાર દર્શાવવાની હિંમત કેમ કરી શકે? એવી સ્થિતિમાં જો કોઈ વાતનું સમર્થન અથવા ખંડન કરવું હોય તો કુરાન વગેરે ધર્મશાસ્ત્રોનાં વચનોની પોતાને અનુકૂળ વ્યાખ્યા કરીને જ કરી શકાય.

આ વિચારધારાને માનનારા ધર્મશાસ્ત્રીની દૃષ્ટિમાં કોઈ વ્યક્તિને ફક્ત એટલા માટે સંત માનવામાં નથી આવતો કે તેણે તેને પોતાના અનુભવથી ઘણો જ ભલો જાણ્યો છે; પરંતુ એટલા માટે કે એવા પુરુષને સંત માનવા માટે ધર્મશાસ્ત્રમાં પ્રમાણ મોજૂદ છે. પરિણામ એ આવે છે કે વૈદિક ધર્મના શાસ્ત્રીઓમાં એક જૈન મહાત્મા સંત નથી થઈ શકતો, કેમ કે તે નાસ્તિક છે. એ પ્રમાણે

વેદધર્મમાં ઊછરેલી એક વ્યક્તિ ગમે તેવા સાધુસ્વભાવની હોય, જૈન દૃષ્ટિમાં તે સંત નથી બની શકતી, કેમ કે તે મિથ્યાદૃષ્ટિમાં ઊછરેલી છે. અને કોઈ હિંદુ મહાત્મા ઇસ્લામ યા ઈસાઈ ધર્મની દૃષ્ટિમાં સત્પુરુષ નથી થઈ શકતો, કેમ કે તે તેમના પેગંબરોનો અનુયાયી નથી.

જ્યારે શાસ્ત્રોનો આશ્રય કરવાની દૃષ્ટિ આટલી હદે પહોંચી જાય છે ત્યારે મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે તેને શાસ્ત્રોમાંથી દૃષ્ટિ મળવાને બદલે અંધત્વ પ્રાપ્ત થાય છે, જેમ પ્રખર સૂર્યનાં કિરણોની તરફ તાકતા રહેવાથી પ્રાપ્ત થાય છે તેમ.

કેટલાય શાસ્ત્રગ્રંથો અવશ્ય ઘણા આદરણીય છે, પણ તે એટલા માટે આદરણીય નથી કે શાસ્ત્રના નામથી તે પ્રસિદ્ધ છે; પરંતુ એટલા માટે કે તે કોઈ ને કોઈ સત્પુરુષ દ્વારા લખેલા મનાય છે.

આદિ સત્પુરુષનું નિર્માણ કોઈ શાસ્ત્ર દ્વારા નહોતું થયું, પરંતુ આદિ સત્પુરુષે જ કોઈ ને કોઈ શાસ્ત્રનું નિર્માણ કરેલું છે. અને દુનિયાના બધા શાસ્ત્રગ્રંથ નાશ પામી જાય તોયે દુનિયામાં સત્પુરુષો થતા જ રહેશે અને નવાં નવાં શાસ્ત્રોનું નિર્માણ થતું રહેશે. જો કોઈ શાસ્ત્રે કોઈ સત્પુરુષનું બહુમાન કર્યું હોય અથવા એના વ્યવહારોને માન્ય કર્યા હોય તો એણે તેમ કરીને તે સત્પુરુષ પર મહેરબાની નથી કરી, પણ પોતાની જ કિંમત વધારી છે.

કોઈ શાસ્ત્રને માનવાવાળી વ્યકિત, તે શાસ્ત્રથી મોટી પણ થઈ શકે છે અને નાની પણ. સર જગદીશચંદ્ર બસુ અથવા ચંદ્રશેખર વ્યંકટ રામન જેવા કોઈ પ્રથમ શ્રેણીના વૈજ્ઞાનિક, જ્યારે કોઈ બીજા વૈજ્ઞાનિકનો આદર કરે અથવા તેનો હવાલો આપે ત્યારે તે એવી બુદ્ધિથી હવાલો નથી આપતા કે તેઓ એ ગ્રંથમાં લખેલી વાતને એટલા માટે સાચી માને છે કે તે તે ગ્રંથમાં મળે છે, પણ એવી બુદ્ધિથી કે બીજા વૈજ્ઞાનિકોનો અનુભવ પણ તેમના પોતાના અનુભવનું સમર્થન કરે છે. પરંતુ જેમને પોતાનો કોઈ અનુભવ નથી એવા વિજ્ઞાનના સામાન્ય પંડિતો કેવળ ગ્રંથના આધારે જ તે વાતને



સ્વીકારે છે, અને તેથી તેનું પ્રમાણ આપે છે. આ ધર્મશાસ્ત્રોનેયે લાગુ પડે છે. શ્રી જ્ઞાનેશ્વરે અમૃતાનુભવમાં એક જગાએ પોતાનો મત બતાવીને આગળ લખ્યું છે — "અને આ જ શિવગીતા અને ભગવદ્ગીતાનો પણ મત છે; પણ એમ ન માનવું કે શિવ અથવા કૃષ્ણનાં વચનોના આધાર પર જ મેં મારો મત બાંધ્યો છે. તેમનાં એવાં વચન ન હોત તોપણ હું આ જ કહેત."

તુલસીદાસ અને રામદાસ, નામદેવ અને તુકારામ, નાનક અને કબીર એ બધા અસલમાં વૈદિક પરંપરામાં ઊછરેલા સંતો હતા. પરંતુ તુલસીદાસ અને રામદાસે શાસ્ત્રોનું જેટલું બંધન માન્યું તેટલું નામદેવ અને તુકારામે માન્યું નહીં, અને નાનક અને કબીર તો તેને પાર જ કરી ગયા. સંતોની પહેલી જોડી ભદ્રસંસ્કૃતિમાં ઊછરેલી હતી અને છેવટ સુધી કોઈ ને કોઈ રૂપમાં એની સાથે સંલગ્ન રહી. તોપણ તુલસીદાસના રામ અને વાલ્મીકિના રામમાં કેટલું અંતર છે? તુલસીદાસ પોતાના રામ દ્વારા શંબુકનો વધ ન કરાવી શક્યા, અને અસ્પૃશ્યતા તથા પંક્તિભેદના નિયમોનું પાલન તેમની દ્વારા ન કરાવી શક્યા. રામદાસ એ ઊંચાઈ સુધી ન પહોંચી શક્યા. નામદેવ, તુકારામ તો ભદ્રેતર જ હતા. નાનક અને કબીરે સાંપ્રદાયિક શાસ્ત્રોની મદદ જ છોડી દીધી અને તેના સારને જ પોતાનો કર્યો.

અને શાસ્ત્રોને અંતિમ પ્રમાણ માનવા છતાં મનુષ્ય પોતાની વિવેકબુદ્ધિ ચલાવવામાંથી ક્યાં મુક્ત થાય છે? એક જ શાસ્ત્રના ત્રણ ભાષ્યકાર ત્રણ અર્થ કાઢે, તે જો પરસ્પરવિરોધી હોય તો દરેક માણસને પોતાની યા કોઈ ગુરુની વિવેકબુદ્ધિથી કામ લઈને એકનો સ્વીકાર અને બીજાનો ત્યાગ કરવો જ પડે છે. માંસાહાર અને મૂર્તિપૂજાને પણ શાસ્ત્રપ્રમાણ મળી જાય છે તથા માંસવર્જન અને મૂર્તિનિષેધને માટે પણ પ્રમાણ મોજૂદ છે. દરેક પોતાની રુચિ, સંસ્કાર અને વિવેકબુદ્ધિ પ્રમાણે પોતાને માટે એક ચીજને ગ્રાહ્ય અને બીજીને અગ્રાહ્ય ઠરાવે છે. મતલબ એ કે આપણી પોતાની અથવા આપણે માનેલા કોઈ ગુરુ યા સત્પુરુષની વિવેકબુદ્ધિ જ

અમુક શાસ્ત્રનો સ્વીકાર અને અમુકનો અસ્વીકાર યા ઓછો સ્વીકાર કરે છે.

સારાંશ, વિદ્વાન યા સંત શાસ્ત્રના નિર્માતા હોય છે, શાસ્ત્ર વિદ્વાન યા સંતને નિર્માણ કરતાં નથી. વિદ્વાન પોતાની બુદ્ધિની કુશળતાના બળ પર વિદ્વાન છે, અને સંત પોતાના હૃદયની ઉન્નત અવસ્થાને લીધે સંત છે. સંતને જોયા પછી જ કોઈ શાસ્ત્રકારે સંતનાં લક્ષણો બતાવ્યાં છે. મૂળ આધાર પુરુષ છે, નહીં કે ગ્રંથ. શાસ્ત્રોની આ મર્યાદાને સમજીને જો આપણે તેનું અધ્યયન કરીએ તો તે આપણા જીવનમાં સહાયક થઈ શકે છે; નહીં તો, તે જીવન પર ભારરૂપ થઈ જાય છે અને પછી કેવળ કબીર જેવાઓને નહીં પણ જ્ઞાનેશ્વર જેવાઓને પણ તેની અલ્પતા બતાવવી પડે છે.

(હિંદી 'सर्वोदय', સપ્ટેમ્બર, ૧૯૪૧માંથી)

૪

# શાસ્ત્રવિવેક

[મારા 'શાસ્ત્રદૃષ્ટિની મર્યાદા' વાળા લેખ પર 'સિદ્ધાન્ત' સાપ્તાહિકે કેટલીક ચર્ચા કરી છે અને 'वादे वादे जायते तत्त्वबोधः।' એ ન્યાયે ચર્ચા ચાલુ રાખવાની મારી પાસે અપેક્ષા પણ રાખી છે. મારી ઇચ્છા આ રીતે ચર્ચા ચાલુ રાખવાની નહોતી; છતાં મારા વિચારો સ્પષ્ટ કરવા એ જરૂરી હતું તેથી મેં 'સિદ્ધાંત'માં એક લેખ આપ્યો હતો તેનો આવશ્યક ભાગ અહીં આપવામાં આવે છે.]

'वादे वादे जायते तत्त्वबोधः।' આ સુભાષિતમાં અર્ધસત્ય છે. શ્રી સમર્થ રામદાસે એનું બીજું અર્ધ આ શબ્દોમાં કહ્યું છે: 'तुटे वाद, संवाद तेथें करावा.' એટલે જ્યાં વિવાદ મટી સંવાદ ઉત્પન્ન થાય ત્યાં ચર્ચા કરવી જોઈએ. મતલબ એ કે વાદ કયા પ્રકારનો, કોની વચ્ચે, કઈ વૃત્તિથી અને કયે વખતે થાય છે તે પર પણ



તેમાંથી તત્ત્વબોધનું ઉત્પન્ન થવું ન થવું અવલંબેલું છે. બુદ્ધિ ગમે તેટલી કુશાગ્ર હોય પણ કેટલાક સિદ્ધાંતોનો બોધ, અને ચર્ચાઓનો નિર્ણય વાદથી નથી થતો, અનુભવથી જ થાય છે, અને અનુભવ થયા પછી જ વાદ સમજાય છે; એટલુંજ નહીં, પણ કેટલીક વાર અનુભવ એ વખતે નથી થઈ શકતો, કાલાન્તરે થાય છે. જેમ કે, જો કોઈ માણસ ફાગણના પ્રારંભમાં કાચી કેરીને ચાખીને કહે કે આટલું ખાટું ફળ શું કયારેય મીઠું થઈ શકે? તો તેનું આ કહેવું બુદ્ધિની વિરુદ્ધ છે; પરંતુ એની સાથે ચર્ચા કરવાથી ફાયદો થતો નથી. તે ચર્ચાને વૈશાખ યા જેઠ સુધી મુલતવી રાખવી જોઈએ. એ પ્રમાણે જેનો પ્રારંભમાં વિરોધ થયેલો જોવાય છે એવા કેટલાયે સિદ્ધાન્ત અને મતો કેટલાંક વર્ષો પછી સ્વયંસિદ્ધ સત્યોની પેઠે સર્વ-સ્વીકૃત થઈ જાય છે અને તેમને વિષે ભૂતકાલમાં કેમ ચર્ચા થઈ હશે તેનું આશ્ચર્ય પ્રકટ કરવામાં આવે છે. ખેર.

તેથી શાસ્ત્ર, આપ્તવાક્ય અને અનુમાનપ્રમાણો વિષે હું જે કાંઈ સાચો-ખોટો અભિપ્રાય ધરાવું છું તેને વાચકો સામે રાખીને જ હું સંતોષ માનીશ. જે નીર-ક્ષીર ન્યાયને હું માનું છું તે નીર-ક્ષીર ન્યાયથી વાચક તેમાંથી જે યોગ્ય માલૂમ પડે તેટલું માન્ય કરે અને બીજું છોડી દે.

(૧) અનુભવ એ અંતિમ પ્રમાણ છે. 'પ્રત્યક્ષ' શબ્દના વાસ્તવિક અર્થને જો સારી રીતે સમજી લેવામાં આવે તો અનુભવને પ્રત્યક્ષ પ્રમાણ કહેવામાં આપત્તિ નથી. 'પ્રત્યક્ષ'થી ફક્ત 'ઇન્દ્રિય પ્રત્યક્ષ' ન સમજવું જોઈએ. અન્તઃકરણ પ્રત્યક્ષનો પણ તેમાં સમાવેશ થાય છે, અને તે ઇન્દ્રિય–અંતઃકરણ, યોગ્ય તાલીમ પામેલ, અવિકલ અને અક્લિષ્ટ હોવું જોઈએ, તથા વિપર્યય, વિકલ્પ અને અજાગૃતિ (અમનસ્કતા)ની વૃત્તિઓથી રહિત હોવું જોઈએ.

(૨) અનુભવની મદદ માટે શાસ્ત્ર, આપ્તવાક્ય અને અનુમાન–
પ્રમાણને સ્થાન છે. તે કાં તો સાક્ષીનું અથવા માર્ગદર્શકનું કામ કરે છે
એટલે તે દ્વારા કાં તો આપણા અનુભવના વિષયમાં નિઃસંશયતા પેદા
થાય છે અથવા અનુભવની દિશામાં આપણે પ્રયાણ કરી શકીએ છીએ.

(૩) જ્યાં સુધી આપણને અનુભવ થયો નથી અથવા સ્વયં અનુભવ લઈને સિદ્ધ કરવાની કોઈ પણ કારણને લીધે આપણી તૈયારી હોતી નથી ત્યાં સુધી કોઈ શાસ્ત્ર, આપ્તવાક્ય અને 'કેટલેક અંશે' અનુમાન–પ્રમાણ માનીને ચાલવામાં સલામતી માલૂમ પડે છે.

(૪) એથી સત્ય બોધમાં શાસ્ત્ર, આપ્તવાક્ય અને અનુમાનનો મહત્ત્વનો હિસ્સો છે અને તેથી તે આદરયોગ્ય છે.

(૫) છતાં, આ ત્રણેયે ભૂલભરેલાં હોઈ શકે છે. ભૂલ બે પ્રકારની હોઈ શકે છે: (૧) જેને આપણે અનુમાન માન્યું હોય તે કોરી કલ્પનાઓ પણ હોય અને તેનો આધાર જે શાસ્ત્ર અને આપ્ત-વાક્ય હોય તે કોઈનોયે અનુભવ નહીં પણ કેવળ કલ્પના જ હોય; (૨) અથવા અનુભવ તો ખરો હોય પણ તેને ભાષા દ્વારા પ્રકટ કરવામાં કે તેની ઉપપત્તિ લગાડવામાં દોષ હોય.

(૬) એવો સંભવ છે કે કોઈ કોઈ વાર એક જ પ્રકારના અનુભવને સમજાવવા માટે જુદી જુદી ઉપપત્તિઓ આપવામાં આવે. સાંખ્ય, વેદાંત, જૈન ઇત્યાદિ દર્શનભેદ, દ્વૈત અદ્વૈત આદિ મતભેદ, સ્માર્ત વૈષ્ણવ ઇસ્લામ આદિ સંપ્રદાયભેદના નિર્માણનું ઉપરોક્ત ભૂલો સિવાય આ પણ એક કારણ છે. 'શાસ્ત્રના અર્થ અને ધર્મમાં ભેદનું કારણ ઉચ્છૃંખલ બુદ્ધિ જ છે' એમ કહેવું ભૂલ છે.

(૭) કોઈ શાસ્ત્ર યા આપ્તવાક્ય એવું નથી કે જેમાં નીર-ક્ષીર ન્યાય કરવાની જરૂર નથી.

(૮) તેથી દરેક પ્રમાણ અને દરેક ઉપપત્તિની તપાસ પોતાની વિવેકબુદ્ધિથી કરવી એ સત્યશોધકનું કર્તવ્ય છે. 'અમુક મંતવ્યને હું વિવેકબુદ્ધિના ક્ષેત્રથી દૂર જ રાખીશ', એવી પ્રતિજ્ઞા કરનારની શ્રદ્ધા સદ્ભાગ્યે સત્ય પર જ હોય તોપણ તે અમૂઢ નથી હોઈ શકતો. તેની બુદ્ધિ એક હદ સુધી પહોંચીને કુંઠિત થઈ જાય છે. તે ભ્રમ-યુક્ત અને સાંપ્રદાયિક સંકીર્ણતાથી પર નથી થઈ શકતો. 'ઈસા મસીહ અથવા મહમદ પેગંબર'ને સ્વીકાર્યા વગર અથવા 'અમુક ઇષ્ટદેવ, ગુરુ યા ગ્રંથને શરણે ગયા વગર મોક્ષ નથી' વગેરે માન્યતાઓ અને અભિમાન આ પ્રમાણે બુદ્ધિને કુંઠિત કરવાનું જ



પરિણામ છે. એથી ઉપર ઊઠ્યા સિવાય કોઈ પુરુષ સત્યને સિદ્ધ કરી શકતો નથી.

(૯) વિવેકબુદ્ધિ તીક્ષ્ણ-કુશાગ્ર કરવા માટે તર્કશાસ્ત્રના જ્ઞાન કરતાં ચિત્તશુદ્ધિની વિશેષ જરૂર છે. આ અનિવાર્ય છે—"नैषा तर्केण मतिरापनेया ।"

સારાંશ એ કે, અનુભવ જ કોઈ સિદ્ધાંત કે મતનું અંતિમ પ્રમાણ છે. વિશુદ્ધ કરેલી વિવેકબુદ્ધિ એ તેનું અનિવાર્ય શસ્ત્ર છે. શાસ્ત્ર, આપ્તવાક્ય, અનુમાન આદિ તેના સહાયક ઉપકરણ થઈ શકે છે.

(હિંદી 'सर्वोदय', ડિસેમ્બર, ૧૯૪૧માંથી)

## ૫

## ધર્મસંમેલનની મર્યાદા*

दिक्कालाद्यनवच्छिन्नानन्तचिन्मात्रमूर्तये ।
स्वानुभूत्यैकसाराय नमः शान्ताय ब्रह्मणे ॥

(ભર્તૃહરિ, વૈરાગ્યશતક–૧)

સન્નારીઓ અને સજ્જનો,

ભિન્ન ભિન્ન ધર્મમતોમાં શ્રદ્ધા રાખનારા વિચારક સ્ત્રીપુરુષોનું આ સંમેલન છે. આ રીતે એકઠાં મળીને મિત્રભાવે એકબીજા સાથે ધાર્મિક સંવાદ કરવા માટે આપની મનોવૃત્તિ પહેલેથી તૈયાર થઈ ચૂકી છે. એટલે જુદા જુદા ધર્માવલંબીઓ વચ્ચે સમભાવ પેદા થઈ શકે છે અથવા થવો જોઈએ એ વાત આપની આગળ સાબિત કરવાની જરૂર રહેતી નથી. એવા સમભાવનો અનુભવ લઈને જ આપ અહીં આવ્યા છો. ત્યારે, આપણે પોતે બીજા ધર્મો પ્રત્યે કેવી રીતે સમભાવ રાખી શકીએ એ આપણી સમક્ષ વિચાર કરવા જેવો સવાલ નથી, પણ સવાલ તો એ છે કે જે રીતે આપણે સર્વ ધર્મ પ્રત્યે સમભાવ રાખીએ છીએ એ જ રીતે દરેક ધર્મનો માણસ અન્ય ધર્મીઓના મતો પ્રત્યે કેવી રીતે સમભાવ અનુભવી શકે?

* વર્ધામાં મળેલી ધર્મપરિષદમાં આપેલું વ્યાખ્યાન.

"કોઈ પણ ધર્મને સમજવાની ચાવી તે ધર્મના ગ્રંથોમાં નથી હોતી પણ તેના સંતો પાસે હોય છે. કોઈ પણ ધર્મનું પરિપક્વ ફળ તે તે ધર્મ દ્વારા નિર્માણ થયેલા સંતપુરુષો છે, અને તેઓ તે ધર્મના વિષયમાં પ્રમાણરૂપ છે; તેમના ગ્રંથો અથવા તે ગ્રંથોનું અધ્યયન કરનારા વિદ્વાનો નહીં. એવા સંતપુરુષોની ઓળખ તેમનાં હૃદય વડે થાય છે; તેમના શાસ્ત્રાભ્યાસ, કર્મકાંડ અથવા પ્રચાર વડે નહીં." એમ શ્રી. જાજૂજીએ કહ્યું છે.

આપણે ભિન્ન ભિન્ન ધર્મોએ પેદા કરેલા સંતોનાં હૃદય તરફ જોઈએ છીએ તો આપણે અનુભવીએ છીએ કે બધા ધર્મોનું પરિપક્વ ફળ સામાન્ય રીતે સમાન હોય છે.

"વૈષ્ણવ જન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે;
પરદુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે. ધ્રુવ૦
સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે;
વાચ કાછ મન નિશ્ચળ રાખે, ધન ધન જનની તેની રે. ૧
સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે. ૨
મોહ માયા વ્યાપે નહીં જેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે;
રામનામશું તાળી લાગી, સકળ તીરથ તેના તનમાં રે. ૩
વણલોભી ને કપટરહિત છે, કામ ક્રોધ નિવાર્યાં રે;
ભણે **નરસૈંયો** તેનું દરશન કરતાં, કુળ એકોતેર તાર્યાં રે." ૪

* * *

"जे का रंजले गांजले, त्यांसी म्हणे जो आपुले ॥
तोचि साधु ओळखावा, देव तेथेंची जाणावा ॥
मृदु सबाह्य नवनीत, तैसें सज्जनाचें चित्त ॥
ज्यांसि आपंगिता नाहीं, त्यासी धरीं जो हृदयीं ॥
दयां करणें जे पुत्रांसी, तेचि दासा आणि दासी ॥
**तुका** म्हणे सांगूं किती, तोचि भगवंताची मूर्ति" ॥

* * *



"दया राखी धर्मको पालै जगसों रहे उदासी
अपना-सा जीव सबको जानै, ताही मिले अविनासी ॥
सहे कुशब्द, वादको त्यागे, छांडे गर्व गुमाना
संत नाम ताहिको मिली है कहे **कबीर** सुजाना ॥"

મતલબ કે "अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च" વગેરે જે લક્ષણો ગીતાના બારમા અધ્યાયમાં બતાવવામાં આવ્યાં છે તેને અનુરૂપ જગતમાં આચારવ્યવહાર થાય એ ધાર્મિકતાનું પરિપક્વ ફળ છે. આ વિષે બધા ધર્મો એક મતના છે, અને જેમાં આવા સત્પુરુષો પેદા થયા નથી કે થઈ શકે નહીં એવો કોઈ દેશ કે પ્રજા નથી. તેઓ પોતાનો ધર્મ છોડ્યા વિના તેનું અત્યંત દૃઢતા અને શ્રદ્ધાથી પાલન કરીને જ એવી સાધુતાને પામે છે. અને આવી સાધુતામાંથી તેમનામાં એક એવી જ્ઞાનનિષ્ઠા પેદા થાય છે કે જેને લઈને તેમનામાં એવો ભાવ નથી રહેવા પામતો કે પોતાનો જ દેશ, જાતિ, ધર્મ, સભ્યતા, ભાષા, રીતરિવાજ વગેરે બધામાં શ્રેષ્ઠ છે; તે જ સત્ય અને સંપૂર્ણતા સુધી પહોંચી ગયેલાં છે; બધા માટે તેમનો સ્વીકાર અપરિહાર્ય છે: તેઓ જ ઈશ્વરને વધારે માન્ય કે પ્રિય છે; તથા એમાં કોઈ પણ જગાએ સુધારાને અવકાશ નથી; અને બીજા બધા દેશ, જાતિ, ધર્મ વગેરે તેમનાથી ન્યૂન છે. જે સમાજમાં તેઓ રહે છે તેમાં ઉત્પન્ન થયેલાં પોતાનાં કર્તવ્યોનું અને એ સમાજના નિર્દોષ રીતરિવાજોનું તેઓ બરાબર પાલન કરે છે. અને છતાંયે તેમના મનમાં એવું અભિમાન પેદા થતું નથી કે બીજા સમાજો કરતાં પોતાનો સમાજ અને તેની બધી વાતો કંઈક અલૌકિક અને દિવ્ય છે. સાચું તો એ છે કે માનવસમાજની ધર્મરૂપ બધી નદીઓ એક જ પહાડમાંથી નીકળી છે, અને બધી એક જ સમુદ્ર ભણી વહી રહી છે. એક નદી રસ્તામાં કોઈ જગાએ છીછરી જણાય છે, ક્યાંક નિર્મલ છે તો ક્યાંક ગંદી પણ છે. બીજી નદીઓની પણ એ જ હાલત છે, પણ કાંઈક નિરાળી રીતે. છતાંયે સામાન્ય રીતે બધાનું પાણી એક સરખું છે, ઉપયોગ એક સરખો છે અને અંત પણ તેવો જ છે. ગંગા અને નાઈલ, ટેમ્સ અને હાઈન, યુફ્રેટિસ અને મિસિસિપી

हुआ तेरे विश्वासीको तेरा दरसन ।
गदा[5]को दुरे[6] बेबहा[7] हाथ आया ॥"

અને એ દૃષ્ટિથી સંતોએ વારંવાર દૃષ્ટાંત આપીને ગાયું છે કે:—

"चरणस्पर्श परम पद पायो गौतम ऋषिकी नारी
गणिका शबरी इन गति पाई बैठ विमान सिधारी ॥"

× × × ×

"गज अरु गीध तारि है गणिका कुटिल अजामिल कामी
यही साख श्रवणे सुनि आयो चरणशरण सुखधामी ।
मैं तो बिरद भरोसे बहुनामी ।"

× × ×

"किव सच्यारा होइये किव कूडै तूटै पालि ?
हुकम रजाई चलणा नानक लिखिया नालि ।"

તાત્પર્ય એ કે જો ઈશ્વરની શોધ એ જ જીવનનું ધ્યેય હોય તો અનન્યભાવથી શરણાગતિ અને આત્મશુદ્ધિ વગરની ધર્મની બીજી બધી બાબતો ગૌણ થઈ જાય છે. અને જો એ (ઈશ્વરની શોધ) જીવનનું ધ્યેય ન હોય તો ધર્મને નામે પ્રચલિત થયેલાં મંતવ્યો, વિધિઓ, રીતરિવાજો વગેરેનો એવી રીતે વિચાર કરવો જોઈએ જેવી રીતે રાજનૈતિક, આર્થિક, સામાજિક વગેરે સંસ્થાઓનો વિચાર કરવામાં આવે છે. એટલે કોઈ ખાસ સંસ્થા, મંતવ્ય, વિધિ, રીતરિવાજ વગેરે ઈશ્વરપ્રણીત છે અને તેમાં કોઈ દિવસ કશો ફેરફાર કરી શકાય નહીં એમ ન કહી શકાય.

જો આપણે જગતના સંતો તરફ દૃષ્ટિ નાખીએ તો તેમનામાં બે પ્રકારની વ્યક્તિઓ નજરે પડશે. એક તો એવા લોકો, જેમણે પોતાના જીવનનું ધ્યેય ઈશ્વરપ્રાપ્તિ જ બનાવી લીધું અને તે ધ્યેયને પોતાને માટે પ્રાપ્ત કર્યા પછી તેમણે કેવળ એ લોકોનાં જીવનમાં જ રસ લીધો જે એમની પેઠે ઈશ્વરપ્રાપ્તિમાં જ માનનારા હતા. તેમણે

૫. ફકીર ૬. મોતી ૭. કીમતી.



ધાર્મિક માન્યતાઓ અથવા બીજા પ્રકારની માન્યતાઓમાં સુધારો કરવાની ઘણી પ્રવૃત્તિઓ કરી નહીં; અને કાંઈક કરી તો એકાદ બે નાની નાની બાબતોમાં. આ માન્યતાઓ, વિધિઓ વગેરે વિષે તેમણે કાં તો ઉપેક્ષાભાવ રાખ્યો અથવા એને મહત્ત્વ આપનારાઓને ફિટકાર પણ સંભળાવ્યો અને કેટલીક વાર એને જેમની તેમ આદરપૂર્વક નભાવી. સાધારણ રીતે જેમને આપણે સંતના નામથી ઓળખીએ છીએ તેમાંના ઘણા તો આ પ્રકારના હતા. ઉદા૦ તુકારામ, એકનાથ, નરસિંહ મહેતા, મીરાંબાઈ વગેરે. એવા જ સંતો બીજા ધર્મોમાંયે થઈ ગયા છે.

પરંતુ, એક બીજા પ્રકારના સંતો પણ થઈ ગયા છે જેમણે કેવળ અનન્ય સાધકોના જીવનમાં જ રસ ન લીધો પણ પોતાના સમાજના બીજા પામર અને પુણ્યશાળી બન્ને જાતના માણસોનાં જીવન તરફ ધ્યાન આપ્યું. જોકે ઈશ્વરપ્રાપ્તિ એ જ જીવનનું એકમાત્ર ધ્યેય છે, અને જાણ્યે અજાણ્યે બધા માણસો તેની તરફ જઈ રહ્યા છે (કારણ કે એમાં તો તેમનું જીવન છે) તોપણ મોટા ભાગના માણસોને એ સમુદ્ર એટલો દૂર જણાય છે કે તે જાણે એમના જીવનનું ધ્યેય જ ન હોય પણ એમનું સંસારી જીવન એટલે એમનો ધર્મ, અર્થ અને કામ જ ધ્યેય હોય એમ તેમણે વિચાર કર્યો હોય એવું માલૂમ પડે છે. એથી એ મહાપુરુષોએ પોતાના સમાજ અને કાળની ધાર્મિક, આર્થિક, રાજકીય, સામાજિક વગેરે બધી સંસ્થાઓ તથા માન્યતાઓ, વિધિઓ, રીતરિવાજ વગેરેમાંયે સુધારો કરવા માટે તેમાં હસ્તક્ષેપ કર્યો. પરિણામ એ આવ્યું કે આ લોકો નવા નવા સમાજોના આદિપુરુષ બની ગયા. બુદ્ધ, મહાવીર, કોન્ફ્યૂશિયસ, મૂસા, ઈસા, મહંમદ, ગોવિંદસિંહ, લ્યૂથર વગેરે આ પ્રકારના મહાપુરુષ થઈ ગયા. અને ગાંધીજી પણ વર્તમાન કાળમાં આ જ શ્રેણીના યુગપ્રવર્તક છે. આમ કહી એક ઐતિહાસિક સત્ય કહેવાનો અથવા આ બધાની તુલના કરવાનો કે એમની સમાનતા બતાવવાનો દાવો હું કરતો નથી. સંભવ છે કે આમાંથી કેટલાક પુરુષો પહેલા પ્રકારના સંતો હોય અને એમના શિષ્યોનાં કામો

એમના નામે ચડાવવામાં આવ્યાં હોય. પરંતુ એ ત્યારે જ થઈ શક્યું હશે કે જ્યારે તેમના કેટલાક એવા શિષ્યો પણ થયા હશે કે જેઓ કેવળ ઈશ્વરાભિલાષી નહીં હોય પણ ધર્મ-અર્થ-કામના પણ અભિલાષી હશે અને તેમને સંભળાવેલા ઉપદેશોમાં જુદી સમાજ-રચનાનાં કેટલાંક બીજો નાખેલાં હશે. મતલબ, આ પુરુષો અને તેમના શિષ્યો દ્વારા જે નદીઓ વડે માનવજાતિ સમુદ્ર ભણી જાય છે તે નદીઓનાં પાણી અને પ્રવાહ સુધારવાના અથવા તેમાંથી નહેરો કાઢવાના એટલા બળવાન પ્રયત્નો થયા કે કેટલીક વાર નવી નદીઓ અથવા વેગવાન નહેરો વહેવા લાગી. અનેક ધર્મો, એક ધર્મમાં વિવિધ પંથ, અનેક જાતની સભ્યતાઓ તથા રાજકીય, આર્થિક, સામાજિક સંસ્થાઓ, નાનામોટા ભેદવાળા વિવિધ કર્મકાંડો, રીતરિવાજ વગેરેની ઉત્પત્તિ આવી રીતે થઈ છે.

જ્યાં કોઈ ધર્મની અનેક બાબતોને પ્રમાણ માનીને, કેટલાક વિષયોમાં જ પરિવર્તન કરવામાં આવે છે તેને આપણે 'પંથ' કહીશું; જ્યાં કોઈ જૂના ધર્મનું પ્રમાણ ન સ્વીકારતાં નવો માર્ગ ચલાવવાનો પ્રયત્ન હોય તેને આપણે 'નવો ધર્મ' કહીશું.

આ બધાનાં ઉત્પાદન અને સંચાલનમાં વિવિધ સ્વભાવ અને રુચિના લોકોએ ફાળો આપ્યો છે. એ બધા શુભ વૃત્તિના જ માણસો હતા એમ કહી શકાય નહીં. એટલા માટે એવા નિર્ણય પર આવવું પડે છે કે કોઈ પણ ધર્મ પરિપૂર્ણ રીતે શુદ્ધ અને કેવળ મોક્ષદાયી કહી શકાતો નથી. બધામાં અનેક દોષો દાખલ થયેલા છે; કેટલાક દોષ નાના અને ઉપેક્ષાયોગ્ય છે અને કેટલાક ભારે ગંભીર છે. બધા જ ધર્મોમાં ધર્મને નામે દક્ષિણ અને વામમાર્ગો બન્યા છે.

સાથે જ, સામાન્ય મનુષ્ય-સ્વભાવની આ એક મર્યાદા છે કે તે પોતાના દેશ, ધર્મ, જાતિ, ભાષા આદિના ગુણોને જ જોઈ શકે છે; તેના અવગુણો કાં તો તેમને દેખાતા જ નથી અથવા ગુણરૂપ જ પ્રતીત થાય છે, અથવા બહુ જ ઉપેક્ષા કરવા લાયક જણાય છે, અથવા તે કેટલાક અણસમજુ લોકોની ત્રુટીઓ છે એમ સમજીને તે વિષે સંતોષ માની લેવાય છે. પરંતુ બીજાના દેશ, ધર્મ, વગેરેના



દોષો પર જ તેમની નજર પડે છે અને તે તેમને પહાડ જેવા માલૂમ પડે છે, જેની અંધારી છાયામાં તેમના ગુણો નહીં જેવા થઈ જાય છે.

આ પરિસ્થિતિમાં સર્વધર્મસમભાવનો અર્થ શો હોઈ શકે? દાખલા તરીકે, ખ્રિસ્તી મિશનરીઓ, ઘણા મુસલમાનો અને હિંદુ સંપ્રદાયોના કેટલાક અનુયાયીઓ પૂછે છે કે જે ધર્મ અથવા પંથમાં અનેક દેવદેવીઓની પૂજા કરવામાં આવતી હોય, ડરામણા આકારના યક્ષ, રાક્ષસ, ભૂત, પ્રેત, પિતર, મહામારી, શીતળા વગેરેમાં શ્રદ્ધા રાખવામાં આવતી હોય, નિર્દોષ પ્રાણીઓનો બલિ ચડાવવામાં આવતો હોય, અથવા તો પાંચ મકારનું પણ ધર્મના નામે સેવન કરવામાં આવતું હોય અથવા અલગ ધર્માવલંબીઓની સાથે દુષ્ટ વર્તન કરવાનો ઉપદેશ ઈશ્વરના નામે આપવામાં આવતો હોય તેના પ્રત્યે આપણે એટલો જ આદર કઈ રીતે રાખી શકીએ જેટલો આદર આપણા ધર્મ પ્રત્યે — જે એકેશ્વર-ભક્તિ, અહિંસા અથવા પવિત્ર ચરિત્ર પર સ્થિત છે તેના પ્રત્યે — રાખીએ છીએ? વળી આપણે એવા ધર્મ પ્રત્યે સમભાવ ન રાખી શકીએ એ દોષ ન હોય તો એ માન્યતાઓમાં જકડાયેલા લોકોને ઉચ્ચતર ધર્મનો ઉપદેશ આપવાનું આપણું એક સ્વભાવિક કર્તવ્ય નથી થતું?

ધાર્મિક રાગદ્વેષ અને ધર્માન્તરની પ્રવૃત્તિના મૂળમાં આ બે પ્રશ્નો છે.

આ વિષે મારા વિચારો આ પ્રકારના છે:— જે વ્યક્તિનો એકમાત્ર સ્થિર ઉદ્દેશ ઈશ્વરસમુદ્રને પ્રાપ્ત કરવાનો છે તેના રસ્તામાં તેનો જન્મપ્રાપ્ત ધર્મ અથવા પંથ — પછી તે ગમે તે હોય — અંતરાય નાખતો નથી. કારણ કે એની સિદ્ધિ માટે એકનિષ્ઠ ભાવબળની જ અનિવાર્ય શરત છે. જો એ ન હોય તો કોઈ પણ ધર્મ કે પંથ દ્વારા એ સાધ્યને પહોંચી શકાય નહીં. જેને પ્રાણીઓનો બલિ ચડાવવામાં આવે છે એવી દુર્ગા-કાલીની ઉપાસના દ્વારા એકનિષ્ઠ ભાવબળવાળા શ્રી રામકૃષ્ણ પરમહંસને અથવા તો રસ્તામાંથી એક પથ્થર ઉઠાવી તેની સિંદૂરથી પૂજા કરનાર કોઈ એકનિષ્ઠ ભીલને પણ મોક્ષ મળી શકે છે.

પણ એવી એકનિષ્ઠા વગર લીલા પાંદડાને પણ ન તોડનાર અહિંસક ભિક્ષુ પણ અજ્ઞાનમાં ભટકતો રહે એવું બને. એનું કારણ એ છે કે જે એકનિષ્ઠ ભક્ત છે તે પોતાના ભાવબળથી બધી અશુદ્ધ માન્યતાઓ અને કર્મકાંડોથી પોતાની મેળે જ પર થઈ જાય છે. 'जिज्ञासुरपि योगस्य शब्दब्रह्माऽतिवर्तते'. અને જ્યારે એનામાં ન્યૂનતા હોય છે ત્યારે તે બાહ્ય કર્મકાંડોમાં જ ચક્કર લગાવે છે અને આગળ વધતો નથી.

છતાંયે ધર્મ યા પંથના સંસ્કારો માણસમાં એકનિષ્ઠ ભાવ પેદા કરવામાં તથા એકનિષ્ઠ ભક્તમાં પણ અનેક મનુષ્યોચિત સદ્‌ગુણોનો વિકાસ કરવામાં તથા તેને પોષવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. એથી તેના ગુણદોષોનો વિચાર કરવો અપ્રસ્તુત નથી. આ ગુણદોષોનું પરિણામ ધીરે ધીરે ધ્યાનમાં આવતું જાય છે, અને થોડા અથવા ઘણા સમય પછી તે વ્યાપક અને મહત્ત્વના બની જાય છે. એથી કોઈ પણ ધર્મ યા પંથના આચારવિચાર વગેરે, સુધારાથી પર ક્યારેય થઈ શકતા નથી. આ કારણને લીધે દુનિયામાં દરેક ધર્મમાં નવા નવા પંથો અને કોઈ કોઈ વાર નવા નવા ધર્મો પણ પેદા થતા આવ્યા છે. આ ક્રિયાને રોકી શકાતી નથી; અને જ્યારે તે રોકી શકાતી નથી ત્યારે જે લોકો આવા સુધારાની જરૂર સમજે છે અને જે નથી સમજતા તેમની વચ્ચે થોડોઘણો સંઘર્ષ ઊભો થઈ જ જાય છે. આ બંને પક્ષના આચારવિચારોની વચ્ચે જેટલું વધારે અંતર હોય તેટલો સંઘર્ષ વધારે તીવ્ર હોવાનો સંભવ છે. જેમને સુધારાની જરૂર લાગતી હોય તે તેનો પ્રચાર ન કરે એ પણ અસંભવિત છે. અહીં ધર્માન્તર અથવા પરિવર્તનની પ્રવૃત્તિ શરૂ થઈ જાય છે. હિંદુ ધર્મમાં પેઠેલી ઊંચનીચની વર્ણભાવના, અસ્પૃશ્યભાવના વગેરેને હટાવવાની હિલચાલ કરતાં ગાંધીજીને રોકી શકાય એમ છે? જો ન રોકી શકાય તો આવા સુધારાની જરૂર જેમને ન લાગતી હોય તેમના તરફથી વિરોધ થવાનો જ. આવા પ્રસંગોમાં જો સુધારક મજબૂત હોય તો ધીરે ધીરે જૂનો મત નામશેષ થતો જાય છે. અને જો તે એટલો બધો મજબૂત ન હોય તો એ



પંથ પેદા થઈ જાય છે; અને જો નિર્બળ જ હોય તો પોતે જ નિઃશેષ થઈ જાય છે. ઇસ્લામ કદાચ પહેલા પ્રકારના સુધારાનું દૃષ્ટાન્ત છે. અરબસ્તાન, ઈરાન વગેરે દેશોમાં ઇસ્લામે ત્યાંના જૂના ધર્મોનો નાશ કર્યો. કબીર, સ્વામી દયાનંદ વગેરેના સુધારા બીજા પ્રકારના છે. તે હિંદુ ધર્મના સુધારક પંથ બનીને અટકી ગયા. એ રીતે પ્રોટેસ્ટન્ટ આદિ પંથ, રોમન કૅથલિક પંથને નામશેષ ન કરી શક્યા; ઈસાઈ ધર્મને માત્ર પંથોમાં વિભક્ત કરીને અટકી ગયા. જ્યારે નવા પંથનું બળ અધૂરું હોય છે ત્યારે પુરાતનો અને નૂતનો વચ્ચેનો સંઘર્ષ રેલવે મુસાફરોના જેવો હોય છે. નવો મુસાફર ડબ્બામાં પ્રવેશ કરવા આવે છે ત્યારે ડબ્બાના જૂના મુસાફરો તેનો તીવ્ર વિરોધ કરે છે; પણ જો તે કોઈ પણ રીતે અંદર ઘૂસી જ જાય તો પહેલાના પ્રવાસીઓ પોતાના મનને મનાવી લે છે, એટલું જ નહીં પણ એને માટે જગા પણ કરી દે છે. એ પ્રમાણે જ્યારે સુધારક બળવાન જણાય છે ત્યારે તેનો પંથ પણ ભલે ચાલે એ વૃત્તિથી પુરાતનો એની સાથે સમાધાન કરી લે છે, અને એકબીજા સાથે ઝઘડતા નથી. આ પ્રમાણે આજે કૅથલિક અને પ્રોટેસ્ટન્ટ, સુન્ની અને શિયા, સ્માર્ત અને વૈષ્ણવ, સનાતની અને આર્યસમાજી એકબીજા સાથે ભાગ્યે જ ઝઘડે છે.

માનવસ્વભાવ અને ધર્મ વગેરે માનવી સંસ્થાઓની આવી ત્રુટીપૂર્ણ દશામાં જે લોકો આપણી પેઠે મનુષ્ય-મનુષ્ય વચ્ચે શાંતિ, પ્રેમ, સુલેહ, સમાધાન અને સાથે સાથે સંસ્થાઓમાં સુધારો પણ ઇચ્છે છે તેમની કેવી મનોવૃત્તિ હોવી જોઈએ? તેમની શી ફરજ હોવી જોઈએ? મને લાગે છે કે જો આપણે નીચે બતાવેલા વિચારો પર એકમત થઈએ તો આપણે સર્વધર્મસમભાવની સાથે સાથે ધર્મોની સંશુદ્ધિનો પ્રયત્ન પણ કરી શકીએ તેમ છીએ.

૧. મનુષ્યજાતિ જે વિવિધ ધાર્મિક અને સામાજિક સંસ્થાઓવાળા સમાજોમાં વહેંચાઈ ગઈ છે એ બધાનો ઉદ્‌ભવ કોઈ પ્રકારની વાસ્તવિક અથવા કાલ્પનિક આવશ્યકતાઓમાંથી થયેલો છે. સંભવ છે કે એમાંથી કોઈ કોઈ સંસ્થાઓની પૂર્ણરૂપમાં અથવા કોઈ

અંશમાં આજે જરૂર રહી ન હોય, અને તેમનો પરસ્પર મેળ પણ તૂટી ગયો હોય. છતાંયે જે વિવિધ પરિસ્થિતિઓમાં માનવજીવન નિર્માણ થયું છે અથવા એકઠું થયેલું છે તે પરિસ્થિતિઓના કારણે લોકોની સ્વાભાવિક મનોવૃત્તિ તે તે સંસ્થાઓનો ત્યાગ કરવા કે તેમાં ફેરફારો કરવા મંદ હોય છે. પ્રચલિત સંસ્થાઓનો કંઈક થોડોયે ઉપયોગ એમને જણાય તો તેટલાથી સંતોષ માનવાની તેમની વૃત્તિ હોય છે. એટલા માટે જ્યાં આપણને આપણા કરતાં અત્યંત જુદા જ પ્રકારના આચારવિચાર દેખાય છે ત્યાં આપણે આપણી દૃષ્ટિથી નહીં પણ એ લોકોની દૃષ્ટિથી એવા આચારવિચારો તરફ જોવું જોઈએ, અને જે વાસ્તવિક કે કાલ્પનિક જરૂરિયાતોને તેઓ પૂરી કરે છે અથવા કરતા હતા તેને શોધવી જોઈએ. એવા જ પ્રકારની વાસ્તવિક અથવા કાલ્પનિક જરૂર આપણે કયા આચારવિચારો દ્વારા પૂરી કરીએ છીએ એ પણ જોવું જોઈએ. આપણા આચાર-વિચારોને નિષ્પક્ષ બુદ્ધિથી અને બીજાના આચાર વિચારોને સહાનુભૂતિપૂર્વક સમજવાના પ્રયત્નથી આપણે, બંનેનું વાસ્તવિક મૂલ્ય આંકી શકીશું અને લગભગ આ શોધમાંથી જ એ ખબર પડશે કે બંને પક્ષોમાં થોડા ગુણ છે, થોડા દોષ છે, થોડું વાસ્તવિક મહત્ત્વ છે, અને થોડું કાલ્પનિક હોય તોપણ સંતોષ આપનારું લક્ષણ છે. જ્યાં આ વાત માલૂમ પડશે ત્યાં પોતાના જ આચારવિચારોને સર્વશ્રેષ્ઠ સમજવાનો અથવા એને જ પ્રસ્થાપિત કરવાનો આપણો આગ્રહ શિથિલ થઈ જશે.

૨. જ્યારે એવી સમાલોચનામાં આપણને સાફ દેખાય કે આપણા અને બીજાના થોડાક આચારવિચારોમાં પરસ્પર વિરોધ જ છે, અને એક સત્ય હોય તો બીજું અસત્ય જ હોઈ શકે છે તો આપણું કર્તવ્ય થાય છે કે આપણે શુદ્ધ સત્યાન્વેષણની દૃષ્ટિથી શોધ કરવી જોઈએ કે આમાં કયા કયા આચારવિચાર સત્ય છે, અને કયા કયા સર્વથા અસત્ય જ છે? જો આપણા જ પક્ષમાં અસત્ય હોય તો આપણે પોતે તો એવા આચારવિચારોને છોડી જ દઈએ. અસત્ય પર રચાયેલા આપણા આચારવિચારો હોય તો તેનો ત્યાગ કર્યા પછી અને બીજાના હોય તો પહેલેથી જ તેના પર ઊંડાણથી વિચાર કરીને આપણે એ શોધી કાઢવું જોઈએ કે એ આચારવિચારોથી કેવા પ્રકારનું અને કોનું નુકસાન થાય છે, અને કોને અનુચિત લાભ મળે છે? આપણી તારતમ્ય બુદ્ધિ પણ આમાં કામ કરશે જ. જ્યાં સુધી આપણે એ ન જોઈએ કે આપણે આપણા જે આચાર-વિચારોને અસત્ય જાણ્યા છે તેનાથી કોઈ પણ મનુષ્ય કે પ્રાણીને દુઃખ કે નુકસાન પહોંચે છે, ત્યાં સુધી આપણે એ વિષયો ઉપર માણસ-માણસ વચ્ચે ઝઘડો પેદા થાય એવી પ્રવૃત્તિ ન કરવી જોઈએ. માત્ર જ્યારે યોગ્ય તક મળે ત્યારે અત્યંત સહૃદયતા અને સૌમ્યભાવથી જનતાની બુદ્ધિ અને હૃદય પર જે આચારવિચાર આપણને શુદ્ધ લાગે તેના સંસ્કારો નાખવા.



૩. પણ જ્યારે આપણે સ્પષ્ટરૂપે એમ જોઈએ કે આપણા અથવા બીજાના આચારવિચારો માત્ર અશુદ્ધ અને અસત્ય જ છે, એટલું જ નહીં પણ તેને કારણે આપણા કે બીજા સમાજનાં મનુષ્ય અને પ્રાણીઓને દુઃખ અને નુકસાન પહોંચે છે, જે આપણી સહૃદયતા માટે અસહ્ય છે, ત્યારે બધાં સત્યાગ્રહી સાધનો દ્વારા તેનો નાશ કરવાનું આપણું કર્તવ્ય બની જાય છે. એમ થવાથી સંભવ છે કે થોડો કલહ પેદા થાય. ત્યાં આપણે નિરુપાય છીએ. જો આપણું વર્તન શુદ્ધ સત્યાગ્રહીનું હોય તો આખરે સમાજ માટે શુભ પરિણામ જ આવશે. વિરોધના વખતમાં આપણને તકલીફ જરૂર થશે. પરંતુ સત્યાગ્રહીએ તેને સહી લેવી જોઈએ.

૪. જ્યારે જ્યારે સત્યાગ્રહી પોતાના કે બીજાના અસત્ય કે અશુદ્ધ આચારવિચારોનો તીવ્ર વિરોધ કરતો હોય ત્યારે પણ તે અતિશયોક્તિ ન કરે, મર્યાદાનું ઉલ્લંઘન ન કરે, એટલે કે ખાસ અસત્ય આચાર-વિચારોનું જ ખંડન કરે, આખી સંસ્થા કે સમાજ ઉપર ન આક્ષેપ કરે કે ન તેની મજાક ઉડાવે. અને જે કાંઈ તેમાં સત્ય અને શુદ્ધ હોય તેના પ્રત્યે આદરભાવ રાખવામાં જરાયે કચાશ ન રાખે.

૫. સર્વધર્મસમભાવી બીજાની નિર્દોષ વિશેષતાઓનું ખંડન કે ઉપહાસ નહીં કરે અને ક્ષંતવ્ય ત્રુટીઓ માટે ઝઘડો ઊભો નહીં કરે.

એક જ બીબામાં ઢાળેલા પદાર્થની પેઠે તે બધી માનવસંસ્થાઓને એકસરખા સ્વરૂપની બનાવવાનો મિથ્યા અભિલાષ નહીં રાખે.

૬. તે પોતાના આચારવિચારમાં કૃત્રિમતા પણ દાખલ નહીં કરે. તે પોતાની એકનિષ્ઠ ઉપાસના અને નિરુપદ્રવી આચાર નહીં છોડે. સર્વધર્મસમભાવ બતાવવા માટે કે સિદ્ધ કરવા માટે તે આજે હિંદુ, કાલે મુસલમાન અને પરમ દિવસે ખ્રિસ્તી બનવાનો કે દેખાવાનો પ્રયત્ન નહીં કરે.

રામ અને કૃષ્ણમાં ભેદ-બુદ્ધિ ન રાખતાં પણ તુલસીદાસે રામની જ ઉપાસના કરી અને સુરદાસે કૃષ્ણની જ. આવી એકવિધ ભક્તિ સર્વધર્મસમભાવની વિરોધી નથી.

૭. જ્યાં પરસ્પર પ્રશંસાની જ અપેક્ષા રહેતી હોય એવા સર્વધર્મસમભાવમાં હું માનતો નથી. એથી પરસ્પર સાચી મૈત્રી ઉત્પન્ન નહીં થાય. એકબીજાની ત્રુટીઓ જોતાં છતાં તેને સાફ સાફ કહેવામાં જેમને ભય લાગે છે અને ફક્ત એકબીજાની સ્તુતિને જ જે પોતાનું કર્તવ્ય માની લે છે એવી બે વ્યક્તિઓ ખરા અર્થમાં મિત્ર નથી. તે પ્રમાણે એવી બે વ્યક્તિઓ પણ મિત્ર બની શકતી નથી, જે અરસપરસનાં ગુણોની કદર કરી શકતી નથી અને ત્રુટીઓ બતાવવાની જ પોતાની ફરજ માને છે. જ્યારે સામેવાળો આપણા હૃદયમાં પ્રેમ અને નિર્ભયતા અનુભવે ત્યારે મિત્રતા બંધાય છે. ત્યારે કડવાં વચનો પણ મીઠાં લાગે છે.

સારાંશ એ છે કે —

૧. ઈશ્વરપ્રાપ્તિ સંપ્રદાયોથી પર વસ્તુ છે. એ સંપ્રદાયો કે પંથોમાં નથી પણ એકનિષ્ઠ ભાવબળ અને ચિત્તશુદ્ધિમાં છે, અને આ બન્ને હૃદયની વસ્તુઓ છે.

૨. સાંપ્રદાયિક પ્રણાલિકાઓ માણસમાં એકનિષ્ઠ ભક્તિ અને હૃદયના વિકાસના સંસ્કારો નાખવામાં ઉપયોગી થઈ શકે છે.

૩. પરંતુ બધી પ્રણાલિકાઓ માનવ-નિર્મિત હોવાથી તે સંપૂર્ણ શુદ્ધ હોતી નથી કે રહી શકતી નથી. એથી હંમેશાં એમાં સુધારો થવો જોઈએ.



૪. સત્યાગ્રહથી જ તે સુધારો સફળતાથી થઈ શકે છે. સત્યાગ્રહ પણ હૃદયની વૃત્તિ છે, નહીં કે બુદ્ધિની; કારણ કે સમભાવ વગર કોઈ સત્યાગ્રહી થઈ જ શકતું નથી. એટલે સર્વધર્મસમભાવ હૃદયનો મેળ છે, સાંપ્રદાયિકોનું સુલેહનામું કે એકરાર નથી.

૫. સુધારો કરવાનું કર્તવ્ય અને પ્રયત્નનો સ્વીકાર કર્યો ત્યાં નવો ધર્મ કે પંથ પેદા થવાનો પણ સંભવ છે. જો એ સુધારો અને તેનો પ્રચાર શુદ્ધ સત્યાગ્રહી પદ્ધતિથી થાય તો તેની સાથે સંબંધ ધરાવતા બધાને છેવટે એ માન્ય કરવો જ પડે છે; વચલા કાળમાં ઓછો વધતો સંઘર્ષ થાય છે. એ અનિવાર્ય છે એમ જાણીને સત્યાગ્રહી એને સહન કરશે. પણ જો તે સત્યાગ્રહનાં સાધનોને નહીં છોડે તો તેનાથી કોઈનું અહિત નહીં થાય.

૬. સર્વધર્મસમભાવી રહેતા છતાંયે સત્યાગ્રહી કોઈની ખુશામતમાં પડશે નહીં. એ દેખાવને માટે બીજા ધર્મોનું આચરણ નહીં કરે. જે બાબતો તેને મંજૂર નહીં હોય એનું સમર્થન કરવાની જવાબદારી તે પોતા પર નહીં લે. કર્તવ્ય આવી પડે તો પોતાના કે બીજા ધર્મની જે બાબતો તેને અસત્ય લાગે તેનો નિષેધ પણ કરશે.

આ મારા વિચારો છે. આપ સૌને શું તે માન્ય થઈ શકે તેમ છે?

પરંતુ, આ વિચારો પર આપણા બધાંનો એકમત હોય કે ન હોય, જે સત્યસમાજના શુભ સંકલ્પથી અહીં આપણે એકઠા થયા છીએ તે આટલું તો જરૂર કરે —

आज मिल सब गीत गाओ । उस प्रभुके धन्यवाद ।
जिसका गुण नित्य गाते है गंधर्व मुनि सुर धन्यवाद ॥
मंदरोंमे, कन्दरोंमे, पर्वतोंके शिखर पर ।
लेते हैं लगातार सौ सौ बार मुनिवर धन्यवाद ॥

(૧૯૩૮)

# ૬

# સંકલ્પસિદ્ધિ

ઉપનિષદમાં કહ્યું છે કે આ આપણો આત્મા સત્યકામ–સત્યસંકલ્પ છે; એટલે એ જે ઇચ્છે તે પ્રાપ્ત કરી શકે, અને જે વિચારે તે જાણી શકે એવો બળવાન છે. દરેક જીવે જે જે શક્તિઓ અને સ્થિતિઓ આજ સુધી સંપાદન કરી છે, જે જે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તે એની પોતાની જ કામનાઓ અને સંકલ્પોનું પરિણામ છે, એવો સંતોનો અનુભવ છે; અને જે ધારે તે એ અનુભવ લઈ શકે છે. જે શક્તિઓની એમાં ખામી જણાય છે તે એના પોતાનામાં રહેલી શક્તિના અનુપયોગ અથવા દુરુપયોગનું જ પરિણામ છે.

ધડક ધડક થતાં આ હૃદયની પાછળ એક અનુપમેય બળ રહેલું છે. એ બળનો જ ઉપયોગ કરી જીવમાત્ર પોતાની વર્તમાન દશા ભોગવે છે અને ભવિષ્યની દશા પ્રાપ્ત કરશે. એ જ બળ વડે વિશ્વામિત્રે પ્રતિસૃષ્ટિ ઉત્પન્ન કરી, પરશુરામે એકલે હાથે એકવીસ વાર પૃથ્વીને નક્ષત્રી કરી, શિવાજીએ સ્વરાજ્યની સ્થાપના કરી, નેપોલિયને યુરોપને ધ્રુજાવ્યું, સિકંદરે દેશવિજય કર્યો, શંકરાચાર્યે જ્ઞાનવિજય કર્યો, બુદ્ધે મોહવિજય કર્યો, અને ઈશુએ દયાવિજય કર્યો. જગતમાં સર્વે મહાન કાર્યો, સર્વે પરાક્રમો, સર્વે મોટામાં મોટી સિદ્ધિઓ આ મુઠ્ઠીભર હૃદયને ચલાવનારી અણુ જેટલી શક્તિમાંથી ઉદ્ભવ્યાં છે. પ્રાણીનું એ જ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ બળ છે, એ જ ઉત્તમોત્તમ આલંબન છે. એ બળ, એ આલંબનને જાણનાર પરતંત્ર થઈ શકતો નથી, ભયને જાણી શકતો નથી, દયાને પાત્ર બનતો નથી. એ દીન નથી, કૃપણ નથી, 'બિચારો' નથી. એ બાહ્ય સાધનોનો ઓશિયાળો નથી. એની વાડીમાં કલ્પતરુ ઊગે છે, એના વાડામાં કામધેનુ ભાંભરે છે, એની પાઘડીમાં ચિન્તામણિ ઝળકે છે.

જે પોતાના હૃદયમાં રહેલા તે બળને નથી જાણતો, તે જ બીજાના હૃદયમાં રહેલાં બળને આધીન વર્તે છે. એ પરતંત્ર રહે છે,



અનુકરણ કરનારો થાય છે, સાધનોનો ઓશિયાળો રહે છે, એને બીજાના આધાર વિના ચાલી શકતું નથી. એનામાં આત્મવિશ્વાસ અને શ્રદ્ધાની નિરંતર ખામી રહે છે. એ બીજાથી બીએ છે, છુપાઈને મારે છે, અને દુ:ખ દેખી નાસે છે. એની મોટાઈ બીજાના અનુગ્રહ વડે છે, એનું બળ બહારનાં સાધનોને આશરે છે.

પણ સામાન્ય રીતે આપણને એ બળનો અનુભવ નથી થતો, એ પણ ખરું છે. આત્મા સત્યકામ–સત્યસંકલ્પ છે એમ આપણને લાગતું નથી. આપણી કેટલીયે ઇચ્છાઓ પાર પડતી નથી, એમ આપણે રોજરોજ જોઈએ છીએ. આપણને ઊલટું એમ લાગે છે કે ઇચ્છાઓ કરવી, સંકલ્પો ઘડવા એટલું જ આપણા હાથમાં છે; એ પાર પાડવાનું આપણામાં બળ નથી. ઉપનિષદમાં કહેલાં વાક્યથી ઊલટો અનુભવ કેમ થાય છે? એનું કારણ શોધતાં મને નીચેના નિયમો માલૂમ પડ્યા છે:

(૧) પ્રાણી એકી વખતે એક જ ઇચ્છા કરતો નથી; પણ એના હૃદયમાં અનેક ઇચ્છાઓ અને કેટલીક પરસ્પરવિરોધી ઇચ્છાઓ પણ ઘોળાતી હોય છે. જો એનું સર્વ ઇચ્છાબળ એક જ સંકલ્પ ઉપર દૃઢપણે લાગે તો એ સંકલ્પ સિદ્ધ થાય જ.

(૨) સંકલ્પની સિદ્ધિ થવામાં ચિત્તની અનન્યતા અને એકાગ્રતા એ સૌથી શ્રેષ્ઠ સહાયક છે, અને ચિત્તની વ્યગ્રતા અથવા બહુધારાપણું એ મોટામાં મોટું વિઘ્ન છે. જે વસ્તુ સિદ્ધ કરવી હોય તે છોડી પ્રાણી અન્ય વસ્તુઓનું ચિંતન કરે અને વિષયોનું સેવન કરે તો એ સત્યકામ-સત્યસંકલ્પ છે કે નહીં એનો એને પુરાવો ક્યાંથી મળવાનો? જે સંકલ્પ સિદ્ધ કરવો હોય એનું જ એને ધ્યાન રહે, તેની જ લગની લાગી હોય, તેમાં જ તદ્રૂપ થયો હોય, તો જ સિદ્ધિનું દ્વાર એ જોઈ શકવાનો. યોગાભ્યાસથી સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે, અને એ યોગકળાનો કંઈક ચમત્કાર છે એમ કેટલાક માને છે; અને એ બન્ને વસ્તુ ગપ્પાં છે એમ બીજા સમજે છે. વાસ્તાવક એ કેવળ સંકલ્પમાં તદ્રૂપ થયાનું સહજ પરિણામ છે.

(૩) સંકલ્પ સિદ્ધ થશે કે નહીં એ વિષે સંશયવૃત્તિ એ સંકલ્પસિદ્ધિમાં બીજું વિઘ્ન છે. આત્મા વિષે અશ્રદ્ધા—અવિશ્વાસ એ જ પોતાનો શત્રુ છે. સંશય એ પ્રાણીની ઇચ્છાશક્તિને બળવાન થવા દેતો નથી.

(૪) પોતા સંબંધી સંકલ્પો સિદ્ધ કરવા પોતાના હાથમાં છે; બહારની વસ્તુ સંબંધી સંકલ્પો સિદ્ધ કરવા વિશેષ કઠણ છે; અને અન્યજનો વિષેના આપણા સંકલ્પો સિદ્ધ કરવા એથી પણ વધારે કઠણ છે. ઉદાહરણાર્થ: મારામાં અહિંસાવૃત્તિનો વિકાસ થાઓ, એ સંકલ્પ હું શીઘ્ર સિદ્ધ કરી શકું; મને પુષ્કળ ધન મળો એ સંકલ્પ સિદ્ધ થતાં વધારે વાર લાગે, અને એમાં અન્ય સંજોગો ઉપર અવલંબન હોવાથી પૂરેપૂરી સિદ્ધિ થવામાં અટકાવ પણ આવે; હું અનેક મનુષ્યોને અમુક વસ્તુ અપાવું અથવા અમુક પ્રકારના બનાવું એ એથી પણ વધુ કષ્ટસાધ્ય; કારણ કે એમાં સર્વ પ્રજાના સંકલ્પબળની મદદ પણ જોઈએ.

(૫) સંકલ્પસિદ્ધિમાં બીજાં વિઘ્નો એ ત્રિગુણના વેગો છે. નિરાશા, આલસ્ય, પ્રમાદ, વગેરેના વેગો ઊપજીને આપણા સંકલ્પને મોળા પાડી નાખે છે. આ તમોગુણી વેગો છે. વળી ખાવા પીવા—જોવા સાંભળવાની બળવાન વૃત્તિઓ, કામ, ક્રોધ, લોભ, માન, ઈર્ષ્યાદિક ભાવો, આપણા સંકલ્પનું બળ નિઃશેષ કરી નાખે છે. આ રજોગુણી વેગો છે.

અને જોકે સંકલ્પસિદ્ધિ માટેની એકાગ્રતા એ પોતે સાત્ત્વિક વેગ છે, તોપણ બીજા સાત્ત્વિક વેગો એને વિઘ્નરૂપ થઈ શકે છે. બુદ્ધિનો અહંકાર એ એક વિઘ્નરૂપ વેગ છે. કોઈ વાર જાણે આપણો સંકલ્પ સિદ્ધ થઈ ગયો હોય, તેમ સંકલ્પના તરંગોમાં પડીને આપણે ત્યાર પછીના વિચારો કરવા મંડી પડીએ છીએ. શેખચલ્લીની માફક પાવલી મળ્યા પહેલાં પાવલીની વ્યવસ્થા અને તેનાં દૂર દૂરનાં પરિણામોની કલ્પના કરી આખો સંકલ્પ જ નાશ કરીએ છીએ. આ વેગ અર્ધમૂર્ખ મનુષ્યોને જ ઊપજે છે એમ માનવું ભૂલભરેલું છે. ડાહ્યા ડાહ્યા માણસો એમાં ફસાય છે, છતાં જાણતા



પણ નથી. કારણ કે એ વેગ સુખની લાગણી ઉત્પન્ન કરનારો છે, મનોહર સ્વપ્ના જેવો છે. એક રીતે તે આત્મા સત્યસંકલ્પ છે એ કથનને સિદ્ધ કરવાવાળો છે, કારણ કે એમાં કાલ્પનિક સિદ્ધિ રહી છે; અને તાત્ત્વિક દૃષ્ટિએ સ્થૂળ સિદ્ધિ કે કાલ્પાનક સિદ્ધિ સરખી જ મહત્ત્વની છે.

પણ જેને સ્થૂલ સિદ્ધિની આકાંક્ષા હોય તેણે એ વેગ પણ જીતવો જ જોઈએ.

આ સંકલ્પસિદ્ધિના નિયમો છે. કોઈ પણ સંકલ્પ સિદ્ધ કરવો હોય તો એ નિયમોને અનુસર્યે જ છૂટકો. સ્વરાજ્યનો સંકલ્પ પણ એ જ નિયમે સિદ્ધ થવાનો. બીજી ભાષામાં આ જ નિયમને સમજાવવો હોય તો એમ કહેવાય કે ઇષ્ટ વસ્તુને સિદ્ધ કરવા વ્યાકુળતા જોઈએ. જેમ પાણીની બહાર પડેલું માછલું પાણી માટે વ્યાકુળ હોય, જેમ પતિવ્રતા સ્ત્રી કે પ્રેમાળ માતા અતિશય માંદા ધણી કે બાળક માટે વ્યાકુળ હોય, જેમ ભક્ત પ્રભુના દર્શન માટે વ્યાકુળ હોય તેમ જ્યારે સ્વરાજ્ય માટે આખી પ્રજામાં વ્યાકુળતા ઉત્પન્ન થશે, ત્યારે સ્વરાજ્ય છેટે નથી અને એને પ્રાપ્ત કરતાં કોઈ અટકાવી શકે એમ નથી.

('નવજીવન', ૫-૧૧-૧૯૨૨)

### નોંધ

આમાં હું એક સાવચેતીનો ઉમેરો કરવાની જરૂર જોઉં છું.

આત્મા સત્યકામ—સત્યસંકલ્પ છે એ વિશ્વાસ આ લેખ લખાયો ત્યાર પછી પણ વધતો જ ગયો છે. એ જેમ એક અનુભવસિદ્ધ શ્રદ્ધા થઈ છે, તેમ એની જોડે એક બીજો અનુભવ પણ નોંધવો જોઈએ. તે આ:

પ્રાણીનો સંકલ્પ સિદ્ધ થાય છે, તેનો અર્થ એ નથી કે એ તત્કાળ સિદ્ધ થાય છે. આજે સેવેલી કામના સિદ્ધ થતાં પચ્ચીસ વર્ષ કે વધારે પણ નીકળી જાય. કોઈક સંકલ્પ તત્કાળ સિદ્ધ થાય, કોઈ આંબાની માફક ઘણે વર્ષે ફળ આપે.

આથી, એમ બને કે જે વખતે સંકલ્પ સિદ્ધ થાય તે વખતે એના સંકલ્પો બદલાઈ ગયા હોય અને એ બીજી જ કામનાઓને સેવતો હોય. આથી જૂના સંકલ્પની સિદ્ધિ એને સુખદાયક ન લાગે; વિપત્તિ લાગે. પોતે જ આવા સંકલ્પ ઘડેલા એમ એ ભૂલી પણ ગયો હોય. એટલે જે પરિણામ રૂપે આવ્યું હોય તે એને આપત્તિ-દુર્દૈવ રૂપ પણ લાગે.

વળી, સંકલ્પ તત્કાળ સિદ્ધ થાય કે કાળાન્તરે થાય, એ જે રીતે સિદ્ધ થાય તે રીત એણે કલ્પેલી ન હોય એમ બને. આથી એ સંકલ્પ સિદ્ધિ એને સંકલ્પ કરવાના પ્રાયશ્ચિત્તરૂપે પણ થઈ પડે.

કેટલાક દાખલાઓથી આ સ્પષ્ટ થશે.

મારે મુંબઈથી સાબરમતી વચ્ચે વારંવાર જવા આવવાનું થતું, પણ એકે વાર વડોદરા ગયો નહોતો અને જવાની ઇચ્છા થયા કરતી. એ ઇચ્છા ફળી. પણ કેવી રીતે? મારો એક નાનકડો ભત્રીજો એક મિત્રને ત્યાં વડોદરા ગયો હતો. દાદર પરથી પડી જવાથી એને ઘણું વાગ્યું તેનો સાબરમતી તાર આવ્યો! તુરત જ અમારે ઉજાગરો કરી દોડવું પડ્યું, અને વળતી સાંજે પાછું દોડાદોડ કરી આવવું પડ્યું! ઘણા દહાડાનો સંકલ્પ તો ફળ્યો, પણ એમાંથી કાંઈ સુખ પ્રાપ્ત ન થયું. વડોદરામાં કશું જોવાનું તો થાય જ શું?

પછી ઘણે વર્ષે રેલસંકટને અંગે પાછું વડોદરા જવાનું થયું. છ મહિના ત્યાં રહેવાનું થયું. પણ છ મહિના રહીનેયે કાંઈ વડોદરા સુખરૂપ ન થયું. કારણ કે આવાં નિમિત્તથી વડોદરા જોવાનું મળે એવું કાંઈ મેં ઇચ્છ્યું નહોતું; અને શરૂમાં કામનો બોજો ખૂબ રહ્યો અને પાછળથી મંદવાડનો બોજો ખૂબ થયો!

ઘણા માણસો કુંવારા હોય ત્યારે પરણવા ઇચ્છા કરે છે; પરણ્યા પછી સ્ત્રીના ત્રાસથી છૂટવાની ઇચ્છા કરે છે. પણ એ બીજો સંકલ્પ ફળે તે દરમ્યાન ચાર પાંચ બાળકો વધે છે, અને જુવાની આથમવા માંડે છે. પરિણામે ચાળીસ વર્ષની બાદ વિધુર થવાનો સંકલ્પ સિદ્ધ થાય તો અર્ધ રસ્તે ઘરભંગ થયાનું દુઃખ ભોગવે છે.



આમ સંકલ્પની સિદ્ધિ અને સુખનો અનુભવ એ બન્ને વસ્તુઓ સ્વતંત્ર છે.

લેખમાં કહેવાનું તાત્પર્ય એ છે કે આત્મા સત્યસંકલ્પ છે. પણ એનો અર્થ એ નથી કે સંકલ્પસિદ્ધિનું પરિણામ હંમેશાં સુખદાયી જ હોય છે.

આથી સંકલ્પ કરવા જ નહીં, સંકલ્પમાત્રનો સંન્યાસ કરવો એ આદર્શ ઉત્પન્ન થયો છે. પણ એ આદર્શ બળાત્કારે થઈ શકનારી વસ્તુ નથી. એને ક્રમે એ સ્થિતિ પણ આવે. દરમ્યાનમાં સંકલ્પોનું ઉત્તરોત્તર સંશોધન એ સાધનમાર્ગ ગણાય.

૨૦-૪-'૩૬

## ૭

## જપ

ગયા કેટલાક મહિનાઓમાં જપ વિષે બેચાર ઉલ્લેખ કરવા જેવા પત્રો આવ્યા છે. ત્રણ ભાઈઓએ પોતાના કામવિકારના શમન માટે. અને એકે હસ્તક્રિયા-દોષ માટે તેમાં સફળ ઇલાજ જોયો. એમાંથી એક ભાઈ લખે છે:—

"મારી ઉંમર પચાસથી ઉપર છે. છતાં હું કામવિહ્વળ રહ્યા કરતો હતો. છેવટે કેટલાક દિવસ હું એકાંત જંગલમાં ચાલ્યો ગયો. સાત દિવસ ઉપવાસ કે ફલાહાર કરીને રામનામનું અનુષ્ઠાન કર્યું. એટલા દિવસો જમીન પર જ સૂતો હતો. એક દિવસે મેં ઘણી જ શાંતિનો અનુભવ કર્યો. મને નિશ્ચય થયો કે મારો કામવિકાર હવે શાંત થઈ ગયો છે અને હું બીજી જ વ્યક્તિ બની ગયો છું. બસ, આટલો અનુભવ આપને જણાવીને પત્ર પૂરો કરું છું."

આ શાંતિ સ્થાયી રહેશે અથવા કેટલાક દિવસો પછી ફરીને તેનો ભંગ થવાની સંભાવના છે એ કહેવું કઠણ છે. પણ એમાં શક

નથી કે જપમાં આ શક્તિ રહેલી છે અને કામપ્રકોપ વગેરે કેટલાક દોષોના શમન માટે એનાથી મોટો બીજો કોઈ ઇલાજ નથી. એનો અર્થ એવો પણ નથી કે જીવનને સાત્ત્વિક અને વ્યવસ્થિત બનાવનારા બીજા બધા પ્રયત્નોના અભાવે પણ આ ઉપાય સફળ થઈ શકે છે. પરંતુ આના વગર બીજા પ્રયત્નોથી વધારે સફળતા મળવાની સંભાવના નથી.

એક સજ્જન શ્રી. શ્રીનિવાસદાસ પોદ્દાર આજ કેટલાયે દિવસોથી ગાંધીજીને જાહેર અને વ્યક્તિગત કાગળો લખીને આગ્રહ કરી રહ્યા છે કે દરેક સત્યાગ્રહી પર કોઈ ને કોઈ નામનો જપ કરવાની શરત લગાડવી જોઈએ. ગાંધીજીને જપમાં શ્રદ્ધા હોવા છતાં પણ તેઓ તેને સત્યાગ્રહની શરત કેમ નથી બનાવતા એ સમજાવવાની કોશિશ તેઓ કરતા રહે છે. પરંતુ ગાંધીજીના સમજાવવા છતાં પણ આ સજ્જનનું સમાધાન થતું નથી.

દરેક ધર્મના શ્રદ્ધાળુ ભક્તોએ નામ–જપનો ઘણો મહિમા ગાયો છે, અને ગીતામાં પણ તેને સૌથી શ્રેષ્ઠ યજ્ઞ બતાવવામાં આવ્યો છે. બીજી તરફથી તર્કપરાયણ લોકોને આવી બાબતોમાં શ્રદ્ધા બેસતી નથી. તેમને આ વિષયમાં એટલો અવિશ્વાસ હોય છે કે આવી સૂચના આપનારાઓને તેઓ પાગલ જ ઠરાવે છે.

તેથી, જીવનમાં જપનું શું સ્થાન છે, તેની કયાં ક્ષેત્રમાં અને કેટલી ઉપયોગિતા છે, કઈ મર્યાદા છે — એનો થોડો વિચાર કરવો ઉચિત થશે.

એને એક રૂપક દ્વારા સમજાવવાની કોશિશ કરું છું : — સમજો કે એક માણસે એક મોટું જંગલ ખરીદ્યું. એમાં જુદી જુદી જાતનાં અસંખ્ય મોટાં મોટાં ઝાડ છે, અને હજારો જાતના નાના છોડવાઓ પણ છે. એમાંથી કેટલાક ઉપયોગી તથા રાખવા લાયક અને બીજા કેટલાક નકામા અને ઉખાડીને ફેંકી દેવા જેવા છે. અનાયાસે બનેલા આ જંગલમાં કોઈ વ્યવસ્થા તો ક્યાંથી હોય? ઉપયોગી વનસ્પતિઓ અને ઝાડોની સાથે અનુપયોગી ઝાડ અને ગીચ ઝાડી પણ ઊગી



ગઈ છે. ઉપયોગી વનસ્પતિઓને હટાવીને કેટલીક જગાએ અનુપયોગી વનસ્પતિઓ વધી રહી છે.

આ જંગલને સાફ કરીને ખેતીને લાયક કેવી રીતે બનાવાય એ સવાલ આ માણસની સામે પેદા થયો.

શરૂઆતમાં તેણે કામનાં અને નકામાં, બધાં મોટાં મોટાં ઝાડોને જેમનાં તેમ રાખીને નાના નાના તમામ છોડવાઓને કાપવાનો ઉપાય અજમાવ્યો. એવા કામના અને નકામા છોડવાઓમાં કોઈ ભેદ કરવો એ પણ મુશ્કેલ હતું : કારણ કે બધા એકબીજા સાથે લપટાયેલા અને ગૂંચાઈ ગયેલા હતા. તેથી બધા છોડવાઓને એક બાજુથી કાપી નાખવાનું તેને સહેલું માલૂમ પડ્યું. તેણે દરરોજ એક એક એકર જમીન સાફ કરવાનું શરૂ કર્યું. પરંતુ કેટલાક સમય પછી તેણે જોયું કે એક તરફથી સાફ કરતાં કરતાં મુશ્કેલીથી જંગલના મધ્યભાગ સુધી તે હજુ પહોંચ્યો નહીં એટલામાં આ બાજુ સાફ કરેલા ભાગમાં નવી નવી વનસ્પતિઓ ફરીને ઊગવા લાગી છે. ફરીને એ જ જૂનું દૃશ્ય દેખાય છે; એટલું જ નહીં પણ નાના છોડવાઓ નીકળી જવાથી મોટાં ઝાડ તો વળી વધારે લીલાં થવા લાગ્યાં છે.

ત્યારે તેને પોતાનો ઉપાય બદલવો પડ્યો. તેણે મોટાં મોટાં ઝાડ પર કુહાડી ચલાવવાનું શરૂ કર્યું. મોટાં ઝાડો પર જ તેણે ધ્યાન આપ્યું ત્યારે તેમાંથી કેટલાંક ઘણાં જ કીમતી અને ઉપયોગી જણાયાં, અને કેટલાંક તદ્દન નકામાં અથવા કાપી નાખ્યા પછી ઉપયોગી થનારાં. તેથી તેણે આ બીજા પ્રકારનાં ઝાડ કાપવાનું શરૂ કર્યું. પરિણામ એ આવ્યું કે તેને પૈસા પણ મળવા લાગ્યા અને જંગલ પણ સાફ થતું જણાયું. જેમ જેમ એકએક ભાગ સાફ થતો ગયો તેમ તેમ તેમાંથી ઘાસ, મોથ અને ગીચ ઝાડી દૂર કરી ખેતી કરવી શક્ય માલૂમ પડી.

અથવા એક બીજું રૂપક લઈએ. એક મોટો વસ્તુભંડાર — સ્ટોર રૂમ — છે. એમાં સેંકડો જાતની ચીજો ભરી છે; પણ તેમાં કોઈ જાતની વ્યવસ્થા નથી. એક ચીજ લેવા જઈએ તો દશ ચીજો ગબડી જાય છે, પગ નીચે આવે છે, ઠોકરે ચડે છે, નકામી ચીજ

હાથમાં આવે છે અને કોઈ કોઈ વાર જરૂરી ચીજ કેટલાયે દિવસ શોધવી પડે છે. ચીજોના કરતાં ઓરડો મોટો હોવા છતાંયે ચીજોની જાણે ભીડ જ રહે છે. એનો હિસાબ લગાવવો એ કઠણ માલૂમ પડે છે. ઉદાહરણ, રૂમાલોમાંથી કેટલાક કામળાઓની નીચે દબાયેલા છે, કેટલાક છત્રીઓના ઢગલા નીચે પડેલા છે, કેટલાક દવાઓનાં કબાટમાં અને કેટલાક પુસ્તકોનાં કબાટોમાં. દરેક જગાએ કેટલીયે જાતના રૂમાલો પડેલા છે. થર્મોમીટરની એક પેટી રૂની ગાંસડી નીચે પડેલી છે. બીજા ખૂણામાં તેજાબ અને કાગળ એક સાથે રાખેલા છે. આવા ભંડારમાં કામ કરનારાઓ ને પણ કેવી રીતે સુખ અને શાંતિનો અનુભવ થઈ શકે? આ ભંડારને વ્યવસ્થિત કરવા માટે કેટલાક દિવસો જોઈશે એમાં કાંઈ શક છે શું?

આ પ્રમાણે માનવી ચિત્ત પણ સારા નરસા સંકલ્પો અને ભાવનાઓનું એક ગાઢું જંગલ અથવા ભંડાર છે. ઘણા લોકોનું આ જંગલ યા ભંડાર ઘણી અસ્તવ્યસ્ત હાલતમાં હોય છે. તેઓ જે ચીજોની રક્ષા અને વૃદ્ધિ કરવા ઇચ્છે છે તે ટકી શકતી નથી, અને એમાંથી જેને દૂર કરવા ઇચ્છે છે તે ત્યાં ને ત્યાં પડી રહે છે. જે ચીજોને તેઓ યાદ કરવા ઇચ્છે છે તેને વારંવાર પ્રયત્ન કરવા છતાં ભૂલી જાય છે; જે ચીજ ભૂલવા ઇચ્છે છે તે વિના પ્રયત્ને વ્યર્થ યાદ આવે છે. કોઈ વિચાર કે સંકલ્પ પર લાંબા સમય સુધી સ્થિર રહી શકતા નથી અને કોઈ સંકલ્પને પૂર્ણ કરવામાં સફળતા અનુભવી શકતા નથી; કારણ કે તે અવ્યવસ્થિત ચિત્તમાં તે જે સંકલ્પને પકડવા ઇચ્છે છે તે ક્યાંયે દબાઈ જાય છે અને બીજા સંકલ્પ–વિચાર દિલમાં ફરતા રહે છે. ક્યારે પણ આવશ્યક સમય કાઢીને આ ભંડારને વ્યવસ્થિત કર્યા સિવાય તેમને સુખ અને સંતોષનો અનુભવ નહીં થઈ શકે એમાં કોઈ શક છે?

એને કેવી રીતે વ્યવસ્થિત કરી શકાય? તર્કપરાયણ લોકોનો એવો ખ્યાલ છે કે જો આપણે દરેક ભાવ અને સંકલ્પનો પાયો અને તેની ઉચિતતા અનુચિતતા બુદ્ધિથી પારખી લઈ નિશ્ચિત નિર્ણય કરી લઈએ તો ચિત્તમાં વ્યવસ્થા આવી જશે. પરંતુ જીવનનો



અનુભવ બતાવે છે કે એમાં પ્રકાંડ વિદ્વત્તા, દર્શનોનો અભ્યાસ, સૂક્ષ્મ તર્કકુશળતા કામમાં આવી શકતાં નથી તેમ જ ભાવના-પ્રધાનતાયે સફળ થઈ શકતી નથી. ધાર્મિક ગ્રંથોનો નિત્યપાઠ અને અધ્યયન કરવાથી તથા મંદિરો અને આશ્રમો, મઠો યા વન-ઉપવનોમાં રહેવાથી પણ કોઈ સ્થાયી લાભ થતો હોય એમ જણાતું નથી. ઊલટું, આદત પડે તો આ વાતો માટે શરૂઆતમાં જે પવિત્રતાની ભાવના હોય છે તે પણ ક્ષીણ થઈ જાય છે. જે પ્રમાણે ભંડારમાં કઈ કઈ અને કેટલી ચીજો છે તેની કેવળ યાદી રાખવાથી ભંડારમાં વ્યવસ્થા આવતી નથી, કેવળ તેનો હિસાબ વ્યવસ્થિત થાય છે; તે જ પ્રમાણે આ બધાં સાધનોથી ચિત્તમાં કયા કયા ભાવો ભરેલા છે અને તે શા માટે છે તેનો પત્તો તો લાગે છે પણ એ ભાવો અને સંકલ્પોની વ્યવસ્થા થતી નથી.

એટલું હોવા છતાં પણ જેમ જંગલમાં વડ, પીપળો જેવાં કેટલાંક મોટાં ઝાડ હોય છે અને તેની જાળવણી ન કરતાંયે વધતાં જાય છે તે પ્રમાણે માણસનીયે એકાદ બે ભાવનાઓ યા સંકલ્પ એટલા જબરદસ્ત હોય છે કે તેનું તેને સ્પષ્ટપણે સ્મરણ રહે યા ન રહે તે રાતદિવસ પોતાની મેળે વધ્યે જ જાય છે. વ્યવસ્થા કરવા માટે એની તરફ પહેલાં ધ્યાન આપવું જોઈએ. એ ભાવનાઓ વધારવા યોગ્ય છે કે ઉખાડીને ફેંકી દેવા લાયક છે તેનો વિચાર કરવો જોઈએ. એ નકામી હોય તો તેના પર કુહાડી ચલાવવી જોઈએ. જો કામની હોય તો તેની આસપાસના ઘાસકચરાને દૂર કરીને તેને વધવાને માટે અનુકૂળતા કરી આપવી જોઈએ. મતલબ, વધારવા યોગ્ય સંકલ્પ અને ભાવોને વધવાની સગવડ કરી આપવા માટે કાં તો સામાન્ય સંકલ્પો અને ભાવો પર કુહાડી ચલાવવી જોઈએ, અથવા ઉખાડવા લાયક સંકલ્પ અને ભાવો પર કુહાડી ચલાવવી જોઈએ.

જપ એક પ્રકારની એવી માનસિક કુહાડી છે. એમ સમજો કે એક માણસને કામવાસના ઘણી સતાવે છે અને તે તેને દૂર કરવા ઇચ્છે છે. બીજા માણસની એવી પ્રબળ ઇચ્છા છે કે તે

પોતાના ઇષ્ટદેવનું હૃદયમાં દર્શન કરે. ત્રીજો માણસ ઘણો ગરીબ છે અને ઇચ્છે છે કે પોતે શ્રીમંત બની જાય. ચોથા માણસને પોતાના દેશની સેવામાં ખપી જવાનો દૃઢ સંકલ્પ છે. પરંતુ આમાંનો દરેક જણ કોઈ ને કોઈ આંતરિક વિઘ્નને લીધે વ્યાકુળ છે. પહેલાંના, પૂર્વજન્મના કુસંસ્કાર વારંવાર ઊભરાઈ આવે છે અને કુસંસ્કાર જાગ્રત કરનારાં નિમિત્ત જીવનમાં રોજ પેદા થતાં રહે છે. બીજાનું મન નકામું ભટકયા કરે છે અને જુદી જુદી જાતની સ્મૃતિઓ જાગ્રત થઈને ઇષ્ટદેવને ભુલાવી દે છે. ત્રીજા અને ચોથાને અનુકૂળ બાહ્ય પરિસ્થિતિ નથી મળતી. સામાજિક, કૌટુંબિક વગેરે કઠણાઈ-ઓને લીધે તે પોતાની મરજી પ્રમાણે કામ નથી કરી શકતા.

તોપણ દરેકનો સંકલ્પ બળવાન છે. જે વખતે તેને તેનું સ્મરણ થાય છે તે વખતે તો તે પ્રધાન થાય છે જ; પણ જ્યારે તે બીજાં કામોમાં વહેંચાયેલો રહે છે, ત્યારે પણ, જો એનું ચિત્ત તપાસવામાં આવે તો એ જ સંકલ્પ બધાથી જોરદાર માલૂમ પડશે.

દરેકની સામે સવાલ એ છે કે તેનો સંકલ્પ સિદ્ધ કેમ થાય? બુદ્ધિથી જે કોઈ બહારના ઉપાય સૂઝે છે તેને તો દરેક અજમાવે છે; છતાં તે પ્રાયઃ નિરાશાના કીચડમાં ફસાઈ જાય છે. તેને કોઈ એવા સાધનની જરૂર છે કે જેમાં બાહ્ય પરિસ્થિતિ બદલવાની અને ચિત્તને નિર્ધારિત સંકલ્પ પર સ્થિર રાખવાની શક્તિ હોય. શાસ્ત્રો પ્રમાણે અખંડ નામસ્મરણ એવું સાધન છે. એની પાછળ એક તો અનુભવગમ્ય આધ્યાત્મિક આધાર છે અને બીજું, તર્કસિદ્ધ બૌદ્ધિક આધાર. અનુભવગમ્ય આધાર એ છે કે આત્મા સત્યકામ—સત્યસંકલ્પ છે. આની બીજા શબ્દોમાં એ વ્યાખ્યા છે કે પરમાત્મા સત્યસંકલ્પનો દાતા છે. સરળ ભાષામાં એની મતલબ એ છે કે કોઈ પણ બળવાન સંકલ્પ સિદ્ધ થઈને જ રહે છે. એની સિદ્ધિ પ્રત્યક્ષ ઇંદ્રિયગોચર પ્રયત્નો પર જેટલી નિર્ભર છે એટલી જ, બલ્કે તેથી પણ વધારે, ચૈતન્યની અપ્રત્યક્ષ ઇંદ્રિયાતીત શક્તિ પર પણ નિર્ભર છે. એ ઇંદ્રિયાતીત શક્તિ કેવળ સંકલ્પને અનુકૂળ બુદ્ધિ નથી આપતી; કોઈ અગમ્યરીતે બાહ્ય જગતમાં પણ અનુકૂળ પરિસ્થિતિ પેદા કરે છે.



જંગલનાં વૃક્ષોને ખબર નથી કે તે આકાશનાં વાદળાંને કેવી રીતે પોતાની તરફ ખેંચી લે છે અને તેમને વરસવાને માટે પ્રેરણા કરે છે. પણ તે તૃષા જરૂર અનુભવવા લાગે છે અને જ્યારે વરસાદ આવે છે ત્યારે પોતાની કામનાસિદ્ધિનું સુખ પણ અવશ્ય અનુભવે છે.

એ પ્રમાણે માણસને એ સમજાતું નથી કે બહારની પરિસ્થિતિ એવી કેવી રીતે અનુકૂળ બનશે કે જેથી તે પોતાના મનની કામના પૂરી કરી શકશે. કોઈ કોઈ વાર ચારે બાજુ અંધારું જ અંધારું નજરે પડે છે. પણ જો તેનો સંકલ્પ તીવ્ર અને દૃઢ હોય તો કેવળ તેના પુરુષાર્થને લીધે જ નહીં પણ બીજાં કેટલાં કારણોની — સાધનોની — સહાયતાથીયે તે પરિસ્થિતિને અનુકૂળ થતી જુએ છે. જે કોઈએ પોતાના જીવનમાં પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ સફળતા પ્રાપ્ત કરી હશે તે જો આત્મનિરીક્ષણ કરશે તો તેને આ કથનની સત્યતાની પ્રતીતિ જરૂર મળશે. સંભવ છે કે તે આના કોઈ વૈજ્ઞાનિક કારણને ન જાણતો હોય અને જ્યારે જ્યારે અનુકૂળ પરિસ્થિતિ પેદા થઈ હોય ત્યારે તેણે તેને ઇશ્વરકૃપા, દૈવયોગ, નસીબ યા ગ્રહોની અનુકૂળતા માની હોય.

પોતાના બળવાન સંકલ્પને નિરંતર જાગ્રત રાખવાનો અને તેને ધક્કો આપ્યા કરવાનો સૌથી સારો ઉપાય તેનું સતત સ્મરણ રાખવું એ છે. પરંતુ કોઈ સંકલ્પની વ્યાખ્યા તો ઘણી મોટી થઈ જાય અને એટલી લાંબી પહોળી વ્યાખ્યાનું નિરંતર સ્મરણ રાખવું સગવડભર્યું નથી. માટે, જેમ લાંબા ભાવને સંક્ષેપમાં વ્યક્ત કરવા માટે આપણે 'સાંકેતિક શબ્દ' બનાવીએ છીએ તેમ પોતાના સંકલ્પ માટે કોઈ નાનો એવો સાંકેતિક શબ્દ બનાવવાથી ઘણી સગવડ થાય છે. ૐ, હરિ, રામ, કૃષ્ણ, ખુદા, અલ્લાહ વગેરે આની જાતના સાંકેતિક શબ્દ છે. એમનો જપ કરવો એ દરેકને માટે પોતાના સંકલ્પને પુષ્ટ કરવાનું વૈજ્ઞાનિક સાધન છે. જ્યારે કોઈ માણસ રામનામનો જપ કરે છે ત્યારે તે 'ભગવાન'નું જ સ્મરણ કરે છે એમ સમજવું એ ભૂલ છે. તેના જપનો વૈજ્ઞાનિક

અર્થ કેવળ એટલો જ છે કે તે પોતાના મનના સૌથી બળવાન શુભ યા અશુભ સંકલ્પને પુષ્ટ કરે છે. જ્યારે કોઈ કામપીડિત માણસ તેમાંથી છૂટવા માટે 'રામનામ' જપે છે ત્યારે એમ માનવું જોઈએ કે તે 'નિષ્કામતા, નિષ્કામતા'નો જપ કરી રહ્યો છે. જ્યારે કોઈ ધનેચ્છુ માણસ રામનામ રટવા લાગે ત્યારે સમજવું જોઈએ કે તે ધનનો જ જપ કરી રહ્યો છે. બંનેનો બાહ્ય પ્રયત્ન પણ તે જ સંકલ્પને પૂરો કરવાનો હોય છે. આ વાત બીજા સંકલ્પોને માટે પણ લાગુ પડે તેવી છે.

પરંતુ ભક્તોએ જપના આ શબ્દોને મૂળે આધ્યાત્મિક સાધના માટે અંગભૂત બનાવ્યા અને માન્યા છે, તેથી જ્યારે કોઈ માણસ ધનની અથવા બીજી કોઈ સાંસારિક કામના માટે નામસ્મરણ કરે છે ત્યારે તેઓ ચિડાઈ જાય છે. કબીરે આ પ્રમાણે ચિડાઈને કહ્યું છે:—

माला तो करमें फिरे जीभ फिरे मुखमाँहि
मनुवा तो दस दिश फिरे यह तो सुमिरन नाहिं।

અને બીજા કોઈએ કહેવત ચલાવી છે કે 'मुखमें राम बगलमें छुरी.' ખરી રીતે આ અસંગતિ ભક્તની દૃષ્ટિએ જ છે. ભક્ત 'રામ' શબ્દનો સંકેત પોતાના વિશેષ અભિપ્રાયથી કહે છે; પણ બગલમાં છૂરી રાખનારાના યા બીજી વ્યક્તિઓના દિલમાં કોઈ બીજો જ અભિપ્રાય હોય છે.

સારાંશ, નામસ્મરણ યા જપયોગ સંકલ્પસિદ્ધિનું એક વૈજ્ઞાનિક સાધન છે. પણ માણસ જે સંકલ્પનો સંકેત કરીને જપ કરે છે તેને સિદ્ધ કરી શકે છે. દશ માણસો એક જ નામનો જપ કરે તોપણ બધા એક જ સંકલ્પથી પ્રેરિત છે એમ ન માનવું જોઈએ. જે મંત્રો એક નિશ્ચિત હેતુથી બનાવવામાં આવ્યા છે અને કેવળ તે જ સંકલ્પની સિદ્ધિના ઉદ્દેશથી પોતાના કરવામાં આવે છે તે અપવાદ-સ્વરૂપ છે.

બીજું, નામસ્મરણની સફળતા માટે તેનો અખંડ જપ કરવાનો અભ્યાસ જરૂરી છે. કોઈ એક નિશ્ચિત સમય પર જપ કરીને બાકીના સમયમાં તેને ભૂલી જવાય તો જપમાં સફળતા પણ નથી મળતી તેમ સંકલ્પ પણ સિદ્ધ નથી થતો.



ત્રીજું, જે નામનો જપ કરવામાં આવે છે તેને આપણે કયા સંકલ્પનો વાચક માન્યો છે તેનો આપણને સ્પષ્ટ ખ્યાલ હોવો જોઈએ. હૃદયમાં અનેક સંકલ્પોની ખીચડી હોય અને તેમાંથી કોઈ એકને પણ મુખ્ય માનવામાં માણસ પોતે પોતાને અસમર્થ સમજતો હોય તો તેને જપનો શો લાભ થયો તેનો ઠીક ઠીક પત્તો પણ ભાગ્યે જ લાગશે. તે જપ સર્વથા નિષ્ફળ તો નથી થતો; પરંતુ એની સિદ્ધિ કંઈક અવ્યવસ્થિત જરૂર રહેશે. ઘણી વાર એવો પણ અનુભવ થશે કે સંકલ્પની પૂર્તિ થતાં થતાં તે સંકલ્પ પરથી દિલ હઠી જાય છે, અને કોઈ બીજો જ સંકલ્પ દિલ પર કબજો કરી લે છે.

ચોથું, જપ અને પુરુષપ્રયત્નનો વિરોધ નથી. જપ એ સંકલ્પનું સ્મરણ કરાવનારું સાધન છે. સ્મરણ નિરંતર કાયમ રહેવાથી મગજ હમેશાં તેની સિદ્ધિના ઉપાયોની શોધમાં રહે છે. જ્યારે કોઈ ઉપાય ખ્યાલમાં આવી જાય છે ત્યારે તેને અજમાવવાનું સ્વાભાવિક થાય છે. બીજી બાજુથી જે ચૈતન્યશક્તિથી તે સંકલ્પ ઉત્પન્ન થાય છે તે શક્તિ સ્મરણને લીધે જે માત્રામાં એકાગ્ર થાય થાય છે તે માત્રામાં બાહ્ય જગતને અનુકૂળ બનાવવામાં લાગેલી રહે છે.

બની શકે ત્યાં સુધી જપ મનમાં જ — એટલે જીભ હલાવ્યા વગર જ — કરવો સારો છે. જપના શબ્દો પણ નિશ્ચિત જ હોવા જોઈએ. કોઈ વાર એક અને કોઈ વાર બીજા શબ્દોનો પ્રયોગ કરવો એ સારું નથી. એ ચંચલ અને અસ્થિર ચિત્તનું લક્ષણ છે. નાનપણમાં જે મંત્રનો અભ્યાસ યા શ્રદ્ધા થઈ હોય તે અધિક અનુકૂળ થાય છે. તેના અભાવે કોઈ એક મંત્રનો નિશ્ચય કરવો જોઈએ. જો સ્વયં નિશ્ચય ન કરી શકે તો કોઈ શ્રદ્ધેય વ્યક્તિ પાસેથી નિશ્ચય કરાવવો જોઈએ. બીજા પાસેથી મંત્ર લેવાનો આ પણ એક અભિપ્રાય છે.

એક નિશ્ચિત સમય સુધી સ્થિરાસને બેસીને એકાંતમાં ચિત્તની ધારણા દ્વારા જપ કરવામાં આવે છે ત્યારે તેને વિશેષ સાધના અથવા યોગાભ્યાસ કહે છે. આ એક અલગ વસ્તુ છે. એની ચર્ચા અહીં કરવી જરૂરી નથી.

આ પ્રમાણે બધી જાતના લોકો માટે જપ ઉપયોગી બની શકે છે. આજકાલનાં સાર્વજનિક આંદોલનોમાં તેના આધુનિક સ્વરૂપને ઘોષ (સ્લોગન) કહે છે. કોઈ એક ધ્યેય પર બધી જનતાને એકાગ્ર કરવા માટે આંદોલનના સંચાલકો પોતાનું 'સ્લોગન' યા ઘોષ બનાવી લે છે. આ જમાનામાં આ એક ફૅશન જેવું થઈ ગયું છે. ખરી રીતે આ જપયોગનું જ એક ઉદાહરણ છે. એની તુલના રામનામની ધૂન સાથે કરી શકાય છે, કે જે મોટા સમૂહોમાં ગાવામાં આવે છે. એવી ધૂનનું ગાન સામાન્યપણે નિશ્ચિત સંકેતથી રહિત હોય છે અને તેથી સાત્ત્વિક મનોરંજનથી વધારે પરિણામદાયી નથી થતું. પરંતુ નિશ્ચિત અર્થના દ્યોતક હોવાથી સ્લોગન પોતાના અલ્પ જીવનકાલમાં પોતાનું સામર્થ્ય સ્થૂલ રૂપમાં પ્રકટ કરે છે અને જપના મહિમા અને ઉપયોગિતાની સાબિતી આપે છે. આ સ્લોગન ઘણુંખરુ અલ્પજીવી હોય છે, તેથી તેની સિદ્ધિ પણ અલ્પજીવી હોય છે.

(હિંદી સર્વોદય, ઑક્ટોબર, ૧૯૪૧માંથી)

## ૮

# यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् ।[१]

ભાઈ પાંડુરંગ દેશપાંડેએ શરદ અંકમાં कवयोऽप्यत्र मोहिताः[२] એ મથાળા નીચે કેટલીક તાત્ત્વિક શંકાઓ ઉઠાવી છે. આ વસ્તુ જ એવી છે કે જેનું ટૂંકા લેખોથી કે ઘણી વાર મોટા પુસ્તકોથી પણ નિવારણ ન થાય. એને માટે તો

तद्विद्धि प्रणिपातेन, परिप्रश्नेन सेवया ।[३]

એ જ માર્ગ છે. છતાં એ ચાર પ્રશ્નોના ખુલાસા ભાઈ દેશપાંડેને તેમ જ અન્ય વિદ્યાર્થીબંધુઓને ઉપયોગી થાય જાણી ચર્ચું છું:

૧. . . . જેને જાણ્યે છૂટીશ પાપથી. ગીતા, ૪–૧૬.
૨. પંડિતોયે મૂંઝાતા કે, . . . ગીતા, ૪–૧૬.
૩. નમીને, પ્રશ્ન પૂછીને, સેવીને જ્ઞાન પામ તું; ગીતા, ૪–૩૪.



"નીતિ કોણે નક્કી કરી છે," એ કહેવું સર્વથા શકય નથી. ઘણી વાર તો ભૌગોલિક પરિસ્થિતિ, ઐતિહાસિક ઘટનાઓ, સામાજિક આવશ્યકતાઓ વગેરેને લીધે નીતિના નિયમોને અમુક સ્વરૂપ પ્રાપ્ત થયું હોય છે. એ નિયમો બધા જ કે હમેશાં પ્રાણીમાત્રના કલ્યાણ માટે જ થયા હોય છે એમ નહીં કહી શકાય; તેમ જ પ્રત્યેક નિયમ સનાતન કાળ માટે સ્વીકારવા યોગ્ય છે એમ પણ નહીં કહી શકાય. નીતિની ભાવનાઓનો પણ દેશકાલાનુસાર સંકોચવિકાસ થયો છે.

પણ "નીતિના કાનૂન કોણ ઘડે," એ કહી શકાય ખરું. જગતના ભૂતપ્રાણીમાત્રના કલ્યાણાર્થે (એટલે શાંતિયુક્ત સુખ માટે) નીતિના કાનૂનો છે; માટે દેખીતું છે કે, ભૂતપ્રાણીનો મિત્ર હોય તેને જ નીતિના કાનૂન ઠરાવવાનો અધિકાર છે. જેને કોઈ વ્યક્તિ કે (નાના કે મોટા) વર્ગ માટે પક્ષપાત કે વૈરભાવની લાગણી જ ન હોય તે જ નીતિના કાનૂન ઘડે એ યોગ્ય છે, એમ કબૂલ કરતાં હું ધારું છું કે કોઈને પણ હરકત નહીં આવે.

જન્મ, સામાજિક પરિસ્થિતિ અને સંસ્કારોને લીધે જે વાતાવરણમાં મનુષ્ય ઊછર્યો હોય તે વાતાવરણને અનુકૂળ (અને તેથી સ્વાભાવિકપણે પ્રાપ્ત થતું) નિત્ય – નૈમિત્તિક કર્મ ભક્તિભાવથી, દૃઢતાથી, પોતાની સર્વ ભોગેચ્છાના અને અનાવશ્યક ભોગોના ત્યાગપૂર્વક, પોતાની સર્વ શક્તિઓ અને ભાવનાઓના શુભ વિકાસની દૃષ્ટિએ, વિવેકસહિત, — જેટલે અંશે પોતે નિષ્કામતા સમજી શકતો હોય તેટલે અંશે — નિષ્કામપણે કરેલું હોય તો તે મનુષ્યને ઊંચામાં ઊંચું પદ પ્રાપ્ત કરાવવા શક્તિમાન છે. એ દશાને માટે પુરુષોત્તમ પદ, સચ્ચિદાનંદ પદ, કૈવલ્ય પદ, નિર્વાણ, જીવનમુક્તિ, કે દુઃખનાશમાંથી કયો શબ્દ યોજવો તે મહત્ત્વનું નથી.

स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः ।[४] તથા

स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानवः ।[५] તેમ જ

૪. માનવી પોતપોતાનાં કર્મે મગ્ન રહી તરે; ગીતા, ૧૮–૪૫.
૫. તેને સ્વકર્મથી પૂજી સિદ્ધિને મેળવે નર. ગીતા, ૧૮–૪૬.

कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः ।[૬]

એમાંથી હું આવો અર્થ કરું છું.

(કર્મ અને ધર્મ એ શબ્દોને હું પર્યાયરૂપે અહીં વાપરું છું. જે કર્મ ધર્મથી આવશ્યક નથી થતું તે નિષ્કામપણે ન થઈ શકે.)

"માણસનું અંતિમ ધ્યેય આત્મસાક્ષાત્કાર છે" એ પણ મને અધૂરું વિધાન લાગે છે. એ દૃષ્ટિથી આધ્યાત્મિક માર્ગ તરફ જે વલણ થાય છે તે બહુ ઇચ્છવાજોગ લાગતું નથી. હું તો એમ કહું છું કે માણસનું અંતિમ ધ્યેય (એટલે પુરુષાર્થ વડે પ્રાપ્ત કરવા યોગ્ય વસ્તુ) ચિત્તશુદ્ધિ છે. સ્વરૂપનિષ્ઠા એનું સ્વાભાવિક ફળ છે. (સાક્ષાત્કાર–દર્શન–અનુભવ એ શબ્દો મારા હેતુ માટે અત્રે ભ્રામક લાગતા હોવાથી હું સ્વરૂપનિષ્ઠા શબ્દ વાપરું છું.) એને માટે પછી વિશેષ પુરુષાર્થ કરવો રહેતો નથી.

"ઈશ્વરની લીલાના માર્ગ અનંત છે. તો પછી અહિંસા, સત્ય કે બ્રહ્મચર્ય ઇત્યાદિ એકાંગી તત્ત્વો લઈ તેમાં જ ઈશ્વરને રૂંધવાને શા માટે પ્રયત્ન કરવો?" પુણ્ય–પાપ, દેવ–દાનવ સર્વમાં ઈશ્વર સમાન રીતે છે એ ખરું.

समोऽहं सर्वभूतेषु न मे द्वेष्योऽस्ति न प्रियः ।[૭]

પણ એ વસ્તુ કેવળ બુદ્ધિએ સ્વીકાર્યાથી શાંતિ મળતી નથી; એ સત્યમાં નિષ્ઠા થાય ત્યારે જ શાંતિ વળે છે. અને એ શાંતિનો માર્ગ તો યમ–નિયમો દ્વારા જ છે.

ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाऽप्यहम् ।[૮]

અને એક સંતે કહ્યું છે તેમ ઇંદ્રિયનિગ્રહ એ ભજનનું શરીર છે. અને એકાગ્રતા એ ભજનનો આત્મા છે.

આત્મસમર્પણ, બ્રહ્મમાં લય, શક્તિની ઉપાસના, ભાવના (abstract idea)નું દાસ્ય વગેરે સંબંધી વિચારોની પાછળ હું

૬. કર્મ વડે જ સંસિદ્ધિ મેળવી જનકાદિએ; ગીતા, ૩–૨૦.
૭. સમ હું સર્વભૂતોમાં, વા'લા વેરી મ'ને નથી; ગીતા, ૯–૨૯.
૮. પણ જે ભક્તિથી સેવે, તેમાં હું, મુજ માંહી તે, ગીતા, ૯–૨૯.



અનેક જાતના વાદો (theories) અને કલ્પનાઓનાં પડળો જોઉં છું. એટલે એ વિષે અહીં કાંઈ પણ લખવું એ ગોટાળો કરે એવું જ થશે.

પણ એ ભાઈને તથા બીજા વિદ્યાર્થીઓને પણ નમ્રતાપૂર્વક હું એટલું કહી શકું કે અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, અસ્તેય અને અપરિગ્રહ ઇત્યાદિ યમો તથા તપ, સ્વાધ્યાય, ઈશ્વરપ્રણિધાન, શૌચ ઇત્યાદિ નિયમો, અને મૈત્રી, કરુણા, (પૂજ્યજનો વિષે) મુદિતા અને (હઠીલા પાપીઓ પ્રત્યે) ઉપેક્ષા એ ભાવનાઓનાં અનુશીલન વિના શાંતિની, એક નજીવા પ્રાણીનું કોઈ પણ કાર્યક્ષેત્રમાં હિત કરવાની કે પોતાની શુભ શક્તિઓનો વિકાસ કરવાની આશા રાખવી ફોકટ છે. મનુષ્યને દૌર્બલ્ય ગમે નહીં એ ઇષ્ટ છે; પણ શક્તિની એની ઉપાસના નિરંતર શુભ જ હોય છે એમ નથી થતું. આખા જગતને પાદાક્રાન્ત કરવાની ઇચ્છા રાખનાર સમ્રાટો પણ શક્તિની જ ઉપાસના કરે છે, અને આખા જગતનો સદ્ધર્મવડે ઉદ્ધાર કરવાની ઇચ્છા રાખનાર બુદ્ધે પણ શક્તિની જ ઉપાસના કરેલી. કઈ શક્તિનો વિકાસ ઇષ્ટ છે એનો વિવેકબુદ્ધિથી વિચાર કરવાથી જ તેને માટે યમ–નિયમનું અનુશીલન અને ભાવનાશુદ્ધિનું કેટલું મહત્ત્વ છે તે આપોઆપ સમજાશે. सत्त्वाद् ब्रह्मदर्शनम्[૯] એ શ્રુતિ ફોકટ નથી.

અનેક પ્રકારનાં તત્ત્વજ્ઞાનો, વાદવિવાદો, યોગની રૂઢિઓ અને કલ્પનાઓની માયામાં જીવ ગૂંચાઈ રહેલો છે. પરમેશ્વરની સાક્ષાત્ ભૌતિક માયા કરતાં શાસ્ત્રીઓ અને પંડિતોની વાઙ્માયાની જાળ વિશેષ બળવાન છે. એમાંથી કોના પર શ્રદ્ધા રાખવી અને કોના પર ન રાખવી? શ્રદ્ધેય ગુરુ કે શાસ્ત્ર કયું જાણવું? સારાસારનો નિર્ણય કરવાની પ્રત્યેકની વિવેકશક્તિના વિકાસ પર આના જવાબનો આધાર છે. છતાં આટલી સૂચના જે સ્વીકારશે તેની અવનતિ તો નહીં જ થાય એમ ખાતરીપૂર્વક કહી શકાય. તે સૂચના એ કે જેના ઉપદેશમાં ઇંદ્રિયસંયમ,

૯. સત્ત્વ (ગુણના વિકાસ)થી બ્રહ્મદર્શન થાય છે.

મનોનિગ્રહ, શુભ ભાવનાઓનો વિકાસ, માતાપિતા અને ગુરુની ભક્તિ, યમ, અને નિયમ, એ વિષે પૂર્ણ આદરભાવ ન હોય તે ઉપદેશો વિદ્વત્તા, યોગારૂઢતા કે જ્ઞાન માટે ગમે તેટલા પ્રસિદ્ધ થયેલા પુરુષો તરફથી કરાયા હોય, તોપણ એને ત્યાજ્ય સમજવા.

भक्ति वा ज्ञानमालम्ब्य स्त्रीद्रव्यरसलोलुपाः ।
पापे प्रवर्तमानाः स्युः कार्यस्तेषां न संगमः ॥ १०
(शिक्षापत्री २८)

जो कोणी ज्ञान बोधी । समूळ अविद्या छेदी ।
इन्द्रियदमन प्रतिपादी । तो सद्गुरु जाणावा ॥

* * *

ज्ञानवैराग्य आणी भजन । स्वधर्म कर्म साधन ।
कथानिरूपण, श्रवण, मनन, । नीति, न्याय, मर्यादा ॥
या मधे एक उणें असे । तेणे तें विलक्षण दिसे ।
म्हणोनी सर्व ही विलसे । सद्गुरुपाशीं ॥
सदुपासना आणि सत्कर्म । सत्क्रिया आणि स्वधर्म ।
सत्संग आणि नित्यनेम । निरन्तर ॥
अैसे है अवघेंचि मिळे । तरीच विमळ ज्ञान निवळे ।
नाहीं तरी पाषांड संचरे बळें । समुदायी ॥११
(दासबोध ५-२३)

---

૧૦. ભક્તિ અથવા જ્ઞાનનું બહાનું દેખાડીને જે સ્ત્રી, દ્રવ્ય, કે રસમાં લુબ્ધ થઈ, પાપમાં પ્રવર્તતા હોય તેમનો સમાગમ ન કરવો.

૧૧. જે જ્ઞાનનો બોધ કરે, અજ્ઞાનનો સમૂળગો નાશ કરે, ઇંદ્રિયદમનનું મંડન કરે તેને સદ્‌ગુરુ જાણવો. . . . જ્ઞાન, વૈરાગ્ય, ભજન, સ્વધર્માચરણ, સાધના, કથાનિરૂપણ, શ્રવણ, મનન, નીતિ, ન્યાય, મર્યાદા એ સર્વમાંથી એક પણ ઓછું હોય તો એટલી પૂર્ણતામાં ખામી સમજવી; માટે સદ્‌ગુરુમાં એ સર્વે ગુણો રહેલા હોવા જોઈએ. . . . સદુપાસના અને સત્કર્મ, સત્ક્રિયા અને સ્વધર્મ, સત્સંગ અને નિત્ય નિયમિતતા એ બધું ભેગું થાય ત્યારે જ હૃદયમાં શોભે, નહીં તો સમાજમાં પાખંડનો અવશ્ય પ્રસાર થાય.



આ સર્વ વચનો હું સ્વીકારી લેવા માટે નથી ટાંકતો. પણ વિવેકથી વિચાર કરતાં એ જ વચનો શ્રદ્ધેય થાય છે કે નહીં તે તપાસવા જ ટાંકું છું. સર્વ પ્રકારની દલીલોથી 'ઈશ્વર સિવાય બીજું મૌલિક (absolute) તત્ત્વ નથી,' એમ સિદ્ધ કરનાર વિશેષ શાંતિ મેળવશે અને બીજાને આપી શકશે, કે એ તત્ત્વની ભાંજગડમાં ન પડતાં સત્માર્ગે ચાલી, દૈવીસંપત્તિના વિકાસથી ફળરૂપે પ્રાપ્ત થતું દલીલોથી પરતું જે જ્ઞાન તેને પોતાના હૃદયમાં પ્રાપ્ત કરનાર વિશેષ શાંતિ મેળવશે અને બીજાને આપશે, એનો વિચાર વાચકને સોંપું છું.

('સાબરમતી', એપ્રિલ, ૧૯૨૩)

૯

## બ્રહ્મચર્ય અને અપરિગ્રહ

થોડા દિવસ પહેલાં પ્રજાસેવકોનું એક નાનું મંડળ વર્ધામાં ભેગું થયું હતું. જે માણસ પોતાનું જીવન પ્રજાની સેવામાં જ ગાળવા ઇચ્છે છે તે ખાનગી પરિગ્રહ રાખે કે ન રાખે, એવો એક પ્રશ્ન ત્યાં ઉપસ્થિત થયો હતો. તેમાં ઘણાખરા ભાઈઓનો અભિપ્રાય એવો જણાયો કે પ્રજાસેવક, અક્ષરશઃ નહીં તો ઓછામાં ઓછું બને તેટલે અંશે, અપરિગ્રહી હોવો જોઈએ. એનો પરિગ્રહ એવો અને એટલો મોટો ન હોવો જોઈએ કે જેને લીધે સેવામાંથી એનો હિસ્સો ઓછો થઈ જાય અને પરિગ્રહની રક્ષા તેમ જ વૃદ્ધિની તરફ એને ધ્યાન આપવું પડે.

આ તો થઈ વ્યાવહારિક દૃષ્ટિ. આધ્યાત્મિક દૃષ્ટિથી પણ બધા ભાઈઓનો એ જ અભિપ્રાય હતો કે ઈશ્વર પર ભરોસો રાખનાર પ્રજાસેવક કોઈ રીતે પરિગ્રહ ન રાખી શકે. પોતાનું અને પોતાનાં બાળબચ્ચાંનું ભવિષ્યમાં શું થશે એની ચિંતા જેણે ભગવાન ઉપર છોડી દીધી છે તેણે પરિગ્રહ શા સારુ રાખવો જોઈએ?

આ બધા વિચાર મને પણ કબૂલ છે. પણ તે પછી જે વાતો થઈ તે પરથી આ વિચારોનું થોડું સંશોધન કરવાની જરૂર મને લાગે છે.

પ્રજાસેવક બ્રહ્મચારી હોવો જોઈએ કે નહીં એ એક બીજો પ્રશ્ન વિચાર માટે રજૂ થયો હતો. ઘણાખરા ભાઈઓનો આ બાબતમાં એવો મત દેખાયો કે એ વ્રતને ફરજિયાત ન બનાવી શકાય. એ આદર્શ તરીકે સારું છે. પણ એને ફરજિયાત કરવાથી એનું પાલન નથી થઈ શકતું; ઊલટું એથી તો દંભ અને અનાચાર વધે છે. એટલે આ વિષયમાં પોતપોતાની શક્તિ પ્રમાણે પોતાની પ્રગતિનો ક્રમ નક્કી કરવાની દરેક સેવકને છૂટ આપવી જોઈએ.

આ વાતોને પણ હું માનું છું. પણ હવે પ્રશ્ન એ ઉત્પન્ન થાય છે કે બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ બન્ને વાતોમાંથી જો ક્રમ નક્કી કરવો હોય તો આપણે પહેલાં બ્રહ્મચર્ય તરફ વળવું જોઈએ કે અપરિગ્રહ તરફ ?

જે રીતે આ વાતોની ચર્ચા અહીંયાં થઈ તે પરથી ઘણાખરા ભાઈઓનું જોર જેટલું અપરિગ્રહ તરફ દેખાતું હતું એટલું બ્રહ્મચર્ય રાખવા તરફ નહોતું એવું મને લાગ્યું.

જો આ સાચું હોય તો એ વિચારની ભૂલ છે એવી મારી નમ્ર માન્યતા છે. પરિગ્રહ છોડવા કરતાં બ્રહ્મચર્ય પાળવું વધારે કઠણ છે, એ વાત સાચી છે. એમાં કંઈ આશ્ચર્ય પામવા જેવું પણ નથી. પરિગ્રહ છોડવો એ સ્થૂળ ત્યાગ છે; બ્રહ્મચર્ય પાળવું એ સૂક્ષ્મ ત્યાગ છે. ચોર કે ડાકુ બળાત્કારે આપણને અપરિગ્રહી બનાવી શકે છે. એવા પ્રકારની સમાજરચના પણ બનાવી શકાય કે જેથી ધીમે ધીમે સમાજનો પરિગ્રહ ઓછો થતો જાય અને થોડા માણસોને બાદ કરતાં બાકીના બધા અકિંચન બની જાય. પરંતુ કોઈ બળાત્કારથી આપણને સ્થિરવીર્ય નહીં કરી શકે. તેથી બ્રહ્મચર્યના માર્ગમાં બહુ મુશ્કેલીઓ છે એ હું કબૂલ કરું છું.

પણ આપણે એ વિચાર પણ કરવો જોઈએ કે બ્રહ્મચર્ય વગરનો પરિગ્રહત્યાગ એ અંશતઃ ફોગટ પ્રયાસ છે, અને



સમાજહિતની દૃષ્ટિથી હાનિકારક પણ છે. જે માણસ એક તરફથી પ્રજાવૃદ્ધિ કર્યાં કરે છે અને બીજી બાજુથી પરિગ્રહ છોડી બેસે છે તેનો અપરિગ્રહ અંત સુધી નહીં ટકે; અને જો ટકશે તોપણ એની કે એની સંતતિની આ અપરિગ્રહથી વધારે આધ્યાત્મિક ઉન્નતિ નહીં થાય, તેમ એની ઈશ્વરશ્રદ્ધા પણ અંત સુધી ટકી એને શાંતિ નહીં આપે. મનુષ્યનો પ્રથમ અને વધારે મહત્ત્વનો પરિગ્રહ તો એનો પરિવાર છે; અને એ તો ચેતન પરિગ્રહ છે. એ જ્યાં સુધી ન છૂટી શકે ત્યાં સુધી કેવળ જડ અને આર્થિક પરિગ્રહના ત્યાગથી શો લાભ થવાનો હતો ?

આપણે એ ન ભૂલવું જોઈએ કે જનતાનો સેવક જનતાનો જ એક અંશ છે, તેથી જે નિયમ સૌને માટે હાનિકારક હોય તે જનતાના સેવકને માટે પણ હાનિકારક જ હોય. શું આપણે સાધારણ માણસોને એવી સલાહ આપી શકીએ ખરા કે તમે પ્રજાવૃદ્ધિ તો ભલે કરો, પણ અર્થની વૃદ્ધિ અને સંરક્ષણ કરવાની કંઈ આવશ્યકતા નથી ? કોઈ વિદ્વાનોનો એવો અભિપ્રાય હોય તોપણ માનવસમાજની આજની સ્થિતિમાં આપણાથી ન તો સમાજની સામે એવો આદર્શ મૂકી શકાય, ન તો સમાજ એ આદર્શ સ્વીકારે એવી આશા રાખી શકાય. ઊલટું એમ કહી શકાય ખરું કે, આજે આપણી મુખ્ય ચિંતા એ છે કે આપણે કોઈ એવો રસ્તો કાઢવો જેથી ગરીબોને વધારે ધન મળે, ને તેઓ જરાક તો વધારે સુખી સ્થિતિ ભોગવી શકે. આપણા ચરખા સંઘ, ગ્રામઉદ્યોગ સંઘ, હરિજન સેવક સંઘ, અને આપણો બીજો રચનાત્મક કાર્યક્રમ — એ બધાનું ઘણેભાગે એક જ ધ્યેય છે, ને તે એ કે ગરીબોની આર્થિક ઉન્નતિ કરવી. જનતાને આર્થિક સુખ અપાવ્યા વિના આપણે એની આધ્યાત્મિક ઉન્નતિ પણ નહીં કરી શકીએ.

આ જ સિદ્ધાંત જનતાના સેવકોને માટે પણ છે. એમને જો પરિવાર રાખવો ને વધારવો હોય તો તેઓ પરિગ્રહત્યાગમાં અમુક હદ સુધી જ આગળ વધી શકશે. કંઈક ને કંઈક પરિગ્રહ કર્યા વિના, ને તેને સાચવીને વધાર્યા વિના તેને નહીં જ ચાલે.

હવે બીજો એક સવાલ ઊભો થાય છે. સમાજસેવક જો પરિવારવાળો હોય ને તેનામાં બ્રહ્મચર્ય પાળવાની શક્તિ ન હોય તો શું તેણે સમાજસેવા છોડી દેવી જોઈએ? પૈસા કમાવામાં પડી જઈને પરિગ્રહ વધારવો જોઈએ?

મારા કહેવાની મતલબ આવી નથી. હું તો દેશના સેવકોનું ધ્યાન એ વાત પર ખેંચવા માગું છું કે સ્થૂલ પરિગ્રહનો ત્યાગ સિદ્ધ કરતા પહેલાં તેમણે બ્રહ્મચર્યની આવશ્યકતા સમજી લેવી જોઈએ; અને એ દિશામાં આગળ વધવાનો કોઈ ક્રમ વિચારી લેવો જોઈએ, તથા પ્રયત્ન શરૂ કરી દેવો જોઈએ.

હું માનું છું કે વિદ્યાની જ ઉપાસના કરવાનો આદર્શ સેવ્યા છતાં અને એ તરફ સ્વાભાવિક રુચિ છતાં આપણા દેશમાં બ્રાહ્મણ-વર્ણની જે અવનતિ થઈ છે, અને બ્રાહ્મણોનો બહુ મોટો ભાગ કેવળ નામનો જ બ્રાહ્મણ રહી ગયો છે, એનું મુખ્ય કારણ એ છે કે બ્રાહ્મણ ધર્મમાં જેટલો ભાર અપરિગ્રહ પર મૂકવામાં આવ્યો છે તેટલો બ્રહ્મચર્ય પર મુકાયો નથી. વળી, અપરિગ્રહનો અર્થ ધનનો સંગ્રહ ન કરવો એટલો જ નહોતો મનાતો, પણ ધન નિર્માણ ન કરવું એ પણ અપરિગ્રહમાં ગણાતું. તેથી બ્રાહ્મણવર્ગ અત્યંત પરાવલંબી બની ગયો, અને બાકીના સમાજ પર ભારરૂપ થઈ પડ્યો. પણ તેની સાથે એણે કંઈક બ્રહ્મચર્યના પાલનનો નિયમ પણ બનાવ્યો હોત તો આજે જેમ બ્રાહ્મણવર્ણ ઉચ્ચ સંસ્કારોનો વારસો ખોઈ બેઠો છે તેમ ખોઈ ન બેઠો હોત. પણ એવો કશો નિયમ ન હોવાથી બ્રાહ્મણવર્ગને બાકીના સમાજ પાસેથી પોષણ મેળવવું વધારે ને વધારે કઠણ થતું ગયું, અને તેથી તેને ઉચ્ચ સંસ્કારો મેળવવાની અને સાચવવાની સગવડ ધીમે ધીમે ઘટતી ગઈ. જો દેશસેવકો પણ કેવળ અપરિગ્રહ પર ભાર દેશે, અને બ્રહ્મચર્યને કઠણ માનીને તેમાં ઢીલાપણું કરશે, તો જે દશા પેલા બ્રાહ્મણોની પ્રજાની થઈ તે જ દશા દેશસેવકોનાં સંતાનોની થશે.

વળી, અપરિગ્રહ એટલે ધનનો અસંગ્રહ એટલો જ અર્થ કરવો જોઈએ. સેવક બ્રહ્મચારી હોય કે ભોગી તેના અપરિગ્રહની



મતલબ એવી ન હોવી જોઈએ કે તે કંઈ અર્થોત્પત્તિ પણ ન કરે કે સ્વાશ્રયી પણ ન થાય. વસ્તુતઃ તેણે સમજી લેવું જોઈએ કે દરેક માણસનું — પછી તે પોતાને પ્રજાનો સેવક કહેવડાવતો હોય કે પ્રજાનો એક અંશ કહેવડાવતો હોય — કર્તવ્ય એ છે કે કંઈક નવું ધન પેદા કરે; અને પોતાનું જે કંઈ કામ આજે બીજાની પાસે કરાવતા હોઈએ તે પોતે કરવા માંડે, અને એ રીતે ધનના વ્યયને પણ રોકે.

('હરિજનબંધુ', ૨૦-૧-'૩૫)

## ૧૦

## ખોટી તિતિક્ષા*

ટાઢ-તડકો, ભૂખ-તરસ, સુખ-દુઃખ વગેરે સહન કરી લેવાની શક્તિ મેળવવી — એ એક જાતની સિદ્ધિ છે. ગીતાના ઉપદેશની શરૂઆતમાં જ કહ્યું છે કે —

"સ્પર્શાદિ વિષયો જાણ શીતોષ્ણ સુખદુઃખદા,
અનિત્ય જાય ને આવે, તેને, અર્જુન, લે સહી.
જેને પીડી શકે ના તે, સમ જે સુખદુઃખમાં,
તે ધીર માનવી થાય પામવા યોગ્ય મોક્ષને."

(ગીતા, ૨-૧૪, ૧૫)

* ઈ. સ. ૧૯૩૫માં ગ્રામરચનાના કાર્યને જ્યારે ગાંધીજીએ વેગ આપ્યો ત્યારે આપણે ગામડાંના ખોટા આદર્શો અને ખામીઓની પૂજામાં ન પડીએ એ વિષે સાવચેતી આપવા બે લેખો લખ્યા હતા. તેને સુધારીને આ પ્રકરણો કર્યાં છે. ગામડાંમાં અનેક ઉદ્યોગો થઈ શકે એમ છે. અનેક ઉદ્યોગોનું પ્રાથમિક જ્ઞાન ધરાવનારા કારીગરો દરેક ગામડામાં છે. પણ એમાંના ઘણા અણઘડ, અભણ અને એદી પણ થયેલા છે એ વાત ધ્યાનમાં રાખવાની જરૂર છે. એમની આપણે સેવા કરવી હોય તો તેમની કારીગરીમાં સુધારા કરવાની જરૂર પડશે જ. એમના જીવનમાં અને

એમ સદાયે જોવામાં આવતું નથી કે આવી જાતની તિતિક્ષા માત્ર સામાન્ય વ્યાયામ વગેરે દ્વારા શરીરને કેળવવાથી આવે છે, કે હૃષ્ટપુષ્ટ માણસોમાં હોય જ છે, કે ગરીબમાં તો હોય જ અને શ્રીમંતમાં નથી જ હોતી. કોઈ વાર સુંવાળા ગરીબ પણ જોવામાં આવે છે; અને કઠણ ધનિકો પણ હોય છે. પણ એમ ખરું કે ન છૂટકેયે ગરીબને એનો મહાવરો કરવો પડે છે. મન ખમી ન શકતું હોય તોયે શરીરને ખમ્યે જ છૂટકો થાય છે.

પણ જેમ દાન, દયા, તપ વગેરે સદ્‌ગુણો વિષે ગીતામાં કહ્યું છે તેમ તિતિક્ષા વિષે પણ કહી શકાય કે તે સાત્ત્વિક (જ્ઞાનયુક્ત) રાજસ (લોભપ્રેરિત) કે તામસ (જડતા, આળસ અને ગફલતથી પોષાયેલી) – એમ ત્રણે જાતની હોઈ શકે. આપણી પ્રજામાં અનેક ગુણો વિષે બન્યું છે તેમ તિતિક્ષાને વિષે પણ બન્યું છે કે તેને નામે આપણે જડતા, આળસ અને પ્રમાદને જ પોષ્યાં છે

એક વૃત્તિને આપણે સારી માનીએ એટલે તેને વળગી રહેવાનો આગ્રહ તથા કૃત્રિમ ઉપાયોથી કેળવવાનો પ્રયત્ન થાય; અને જેનામાં તે ન હોય કે ઓછી હોય તેના પ્રત્યે આદર અને સમભાવ ન રહે એવું બને. એની પાછળ લોભ, જડતા, અજ્ઞાન વગેરે હોય તો તે વૃત્તિને વધારવાનો પ્રયત્ન પ્રજાને ચડાવવાને બદલે પાછળ હઠાવનારોયે થાય.

ધર્મગ્રંથો પરથી જણાય છે કે આપણા દેશમાં તિતિક્ષા વધારવાનો પ્રયત્ન ઘણા પ્રાચીન કાળથી થતો આવ્યો છે. તપના

ઘરોમાંયે સુધારાની જરૂર છે. ગામડાંમાં શહેરની વસ્તુઓ લઈ જઈ તેમને નાનાં નાનાં મુંબઈનાં પરાં બનાવીએ તે એક છેડાની ભૂલ થશે. ગ્રામઉદ્યોગને નામે એને છે તેવાં ને તેવાં રાખીને પોષશું તો તે બીજા છેડાની ભૂલ થશે. જે વસ્તુઓ બને તે ગામડાંમાં જેટલાં સાધન મળી શકે તે પર જેટલી મહેનત અને બુદ્ધિ ચલાવી શકાય તેટલી ચલાવી તેને સુંદર બનાવવાની આપણી નેમ હોવી જોઈએ. જે અગવડ ગામડાંનાં સાધનથી દૂર કરી શકાય એમ હોય તેને ગરીબી કે જ્ઞાનપૂર્વક ત્યાગ સિવાય બીજા કોઈ કારણથી દૂર કરતાં અટકીએ તો તેથી કેવળ આળસ, પ્રમાદ અને જડતાને જ પોષણ મળશે.



અનેક પ્રકારો સહનશીલતા વધારવા માટે જ યોજાયેલા જણાય છે. પંચાગ્નિ સેવન કરવું, ઉનાળામાં તડકામાં, શિયાળામાં ટાઢમાં અને ચોમાસામાં વરસાદમાં બેસવું, જાણીને ભૂખતરસ વેઠવાં વગેરે તપના પ્રકારો પાછળ આપણા તીક્ષ્ણ જ્ઞાનતંતુઓને ધીમે ધીમે જડ કરવાનો ઉદ્દેશ પણ રહેલો હોય છે. એથી મનુષ્યના કામ–ક્રોધાદિ વિકારો કેટલે અંશે જિતાતા હશે, તે વિષે હું શંકાશીલ છું. તપસ્વી ક્રોધી ન હોય એવું ભાગ્યે જ બને છે. ઘણો લોભ અને ઘણી તિતિક્ષા વેપારીમાં સાથે જ વસતાં જોવામાં આવે છે. 'દોરીલોટા'માંથી 'ગાદીતકિયો' મળે ત્યાં સુધીમાં વાણિયો જે તિતિક્ષાની પરાકાષ્ઠા કરે છે, તે કદાચ તપસ્વી પણ બતાવી શકતો નહીં હોય. ગજવામાં પૈસો હોય છતાં સાંજે ન જમતાં સવારે ઊઠીને જ ખાવાનો વિચાર રાખવો; ઘરમાં દૂઝણું હોય અને કોઈનું પાઈનું કરજ માથે ન હોય છતાં લૂખું ખાઈ ઘી વેચી નાખવું; ટાઢ વાતી હોય, નવો કામળો પાસે હોય, છતાં તે મેલો થાય તે કરતાં ટાઢ વેઠવાનું પસંદ કરવું, — આ રીતે લોભને વશ થઈ તે પોતાની એકેએક ઇન્દ્રિયને સહનશીલ બનાવે છે ખરો. પણ એવી સહનશીલતા કરતાં દુઃખ વેઠવાની ઓછી શકિત હોય તો વધારે સારું એમ ઘણી વાર લાગે છે. જો તેની તિતિક્ષાશકિત જરા ઓછી હોત તો પતરાંની ભીંતો અને છાપરાંના મકાનમાં હલવાઈની દુકાન ચલાવવાનો આરોગ્ય, સૌંદર્ય અને ઉદ્યોગ ત્રણેનો નાશ કરનાર દેખાવ નિર્માણ થયો ન હોત. આઠ–દશ હજાર કે તેથીયે વધારે કિંમતનાં મકાનોમાં થોડી કરકસર માટે ઉનાળામાં તપીને તાવડો બનનારાં અને શિયાળામાં ઠરીને બરફની પાટ જેવા લાગનારાં, દેખાવે ભૂડાં પતરાનાં છાપરાં કે પડદા કે વાછંટિયાનો ઉપયોગ થયેલો જોઉં છું ત્યારે મારા મનમાં ક્લેશ ઉત્પન્ન થાય છે. એમાં રહેનારની તિતિક્ષા પ્રત્યે મને ભાવ ઉત્પન્ન થતો નથી.

ખેડૂતને શિયાળા, ઉનાળા અને ચોમાસામાં ખુલ્લામાં મોસમટાણે કલાકો સુધી કામ કરવું પડે છે. તેને લીધે એને ટાઢ–તડકો–વરસાદ તથા ભૂખ–તરસ–ઉજાગરા વેઠવાં પડે છે. તેનેયે પ્રાપ્તિની આશા રહેલી છે તે સાચું; છતાં, કામમાંથી પરવાર્યા બાદ, ખાવાનું પાસે

હોય તોયે ભૂખ્યા સૂવાનો, અને ઓઢવાનું હોય અને ઠરી જવાતું હોય તોયે ઉઘાડા :સૂવાનો જો એ આગ્રહ સેવ્યા કરે તો તે તિતિક્ષા લોભવશ થઈ કરેલી કહેવાય.

આમ લોભથી કેળવેલી તિતિક્ષા જેમ સદ્‌ગુણ નથી, તેમ જડતા કે આળસથી કેળવેલી તિતિક્ષા પણ સદ્‌ગુણ નથી.

બારણાની ફાટમાંથી ઠંડા પવનની ધાર આવ્યાં જ કરે છે, અને આવે છે ત્યારે તીરની જેમ છાતીમાં પેસતી લાગે છે; એને બંધ કરવાની જરૂર છે. શિયાળો બેઠો છે, ગળાને ઠંડો પવન લાગ્યો છે, સાંજનો કે મળસકાનો પવન લાગતાં ખાંસી શરૂ થાય છે અને આખી રાત હેરાન કરે છે; ગળાને થોડું કપડું વીંટાળી રાખવાની જરૂર છે. ચોમાસામાં એક બારીમાંથી પાણીનો મારો આવે છે, અને તેને લીધે ઘરમાં ભેજ રહે છે; એક વાછંટિયાની જરૂર છે. ઘરમાં એક અશક્ત, દમ કે ખાંસીનો દરદી રહે છે. રાત્રે કે મળસકામાં એને પાણીપેશાબ માટે ઊઠવું પડે છે. આખી રાત બચેલો હોય છે; પણ બે-પાંચ મિનિટ માટે એને ખુલ્લામાં જવાનું થાય છે, ઠંડો પવન કે વરસાદ ખમવો પડે છે કે હાલચાલ થાય છે, અને તેથી ક્ષણમાં શ્વાસ રૂંધાઈ જાય છે, અને પછી કલાક બે કલાક દમ કે ખાંસીનો દોર શરૂ થાય છે. પછી આખું ઘર એની પાછળ ઉજાગરા કરે છે, અને મિત્રો આવીને દયા ખાય છે. રાતના બહાર જવું ન પડે કે બિછાનું ન છોડવું પડે એવી રીતે નજીકમાં જ પાણીપેશાબની વ્યવસ્થા કરવાની જરૂર છે. પણ બારણાની ફાટ પૂરી દેવી, ગળાને કપડું વીંટાળવું, ઝૂંપડા જેવા ઘરને વાછંટિયાની શોભા વધારવી, બિછાના પાસે જ વાસણ રાખવું કે ખાળકોટડી કરવી,— એ બધી નાજુકાઈ કે 'કાજગરા' વૃત્તિ મનાય છે. એ કરવાનું આળસ પણ હોય છે. આ બધામાં ખર્ચનો સવાલ ક્વચિત જ હોય છે. પણ એટલું સહન કરવું જ જોઈએ એવો જાણે કુળધર્મ હોય એવું ઘણી વાર જોવામાં આવે છે. તેથી એવી અગવડો સહન કરવી તેમાં જ એક જાતનો સદ્‌ગુણ મનાયો છે. આ તિતિક્ષા છે, પણ એ વખાણવા જેવી નથી.



આવી ખોટી તિતિક્ષાને લીધે ખમનારને પોતાને જે અગવડો વેઠવી પડે છે તેની દરકાર ન કરીએ, પણ તેથી એનો માનસિક વિકાસ અટકે છે એનો જરા વિચાર કરીએ. જેનો આમ અગવડો સહન કરવાનો સ્વભાવ પડી જાય છે અને એ કરવામાં કે કરાવવામાં જ કેળવણી રહેલી છે એવી માન્યતા બંધાય છે, તે બીજાઓનાં કષ્ટો પ્રત્યે બહુ સમભાવથી નથી જોઈ શકતો એવું વારંવાર જોવામાં આવે છે. જે માણસ ટાઢ વાતી હોય, પથારી અને ઓઢવાનું હોય, છતાં પાથર્યા કે ઓઢ્યા વિના સૂવામાં વિશેષતા માને ને તેમ સૂઈ રહેવાની ટેવ પાડે, તેને બીજાને માટે સૂવાની કેટલી સગવડ કરવી જોઈએ તેનો ખ્યાલ નથી આવતો. જેની પાસે પૂરતાં પાથરણાં ઓઢણાં નથી તે કષ્ટ ભોગવતા હશે એમ પણ તે સમજી નથી શકતો.

દયાધર્મ અને અહિંસાધર્મનો મહિમા ગાનાર હિંદુધર્મમાં હરિજનો તથા બીજા વર્ગો પ્રત્યે તેમ જ મૂંગા પ્રાણીઓ પ્રત્યે વ્યવહારમાં અત્યંત બેપરવાઈ જોવામાં આવે છે તેનું કારણ, મને ઘણી વાર લાગ્યું છે કે, સવર્ણોની કોઈ સ્વભાવની નિષ્ઠુરતા કે ઇરાદાપૂર્વક સ્વાર્થવૃત્તિ નથી હોતી, પણ ઘણાંને વિષે તો કેવળ તેમની દુઃખોની કલ્પના કરવા વિષેની જડતા જ હોય છે. અને એ જડતા તેઓ પોતાનાયે જીવન પ્રત્યે બતાવે છે. અંગ્રેજોમાં તિતિક્ષા ઓછી છે એમ પરિચય કે ઇતિહાસ પરથી લાગતું નથી, પણ અગવડો દૂર કરવા વિષે તેઓ ઉદાસીન ન હોવાને લીધે તેઓ બીજાની શારીરિક અગવડો વિષે આપણા કરતાં વધારે સહૃદયતા બતાવે છે. જેલમાં ખુલ્લામાં નાહવાને લીધે પવનનો સુસવાટો લાગવાથી મારી ઉધરસ મટતી જ નહોતી અને તે માટે જરા જેટલા રક્ષણની જરૂર હતી. છતાં દેશી દાક્તરોના મનમાં એની આવશ્યકતા ન વસી, પણ ગોરા સુપરિન્ટેન્ડન્ટ સમજી શકતા હતા એમ મેં (૧૯૩૦,'૩૨) બેય વારની જેલમાં અનુભવ્યું હતું. એ જ પ્રમાણે રાત્રે દમ થાય અને બેસી રહેવું પડે ત્યારે પાછળ અઢેલવાને કાંઈક આધાર જોઈએ અને તે ઠંડી ભીંત કે લોખંડના પતરાનો ન ચાલી શકે એ પણ દાક્તરો નહોતા સમજી શકતા, પણ સુપરિન્ટેન્ડન્ટ સમજી શકતા હતા. આનું

કારણ એ નહોતું કે દાક્તરો ઓછા સહૃદય હતા કે એમનો અધિકાર ચાલતો નહોતો. પણ જેલ બહાર આવી અગવડો આપણા લોકો ઘરમાં ભોગવતા જ હોય છે એમ એ જાણતા હતા; તેઓ પોતે એવી અગવડોમાં રહેવામાં તિતિક્ષા સમજતા હતા; અને તેથી એવી અગવડો ભોગવવી પડે એને કષ્ટ માની શકતા નહોતા. આ તો ગમે તેટલા તોયે અધિકારી હતા, અને જેલનો સંબંધ હતો, એટલે તેમને જવા દઈએ. પણ બહાર સમાજમાં સગાં અને મિત્રો પણ આ પ્રકારની ખોટી તિતિક્ષાનું ધોરણ મનમાં રાખતાં હોવાથી જેમના પ્રત્યે પોતાને પ્રેમ હોય છે તેમની સાથે આવો વ્યવહાર કરી નાખતા હોય છે. કાર્યાલય કે દુકાનમાં કારકુન કે વાણોતર કેટલા કલાક કેવી સ્થિતિમાં બેસે છે, ઊભો રહે છે, કેવી રીતની એને લખવા વગેરેની સગવડ છે, એને પૂરતું હવાઅજવાળું મળે છે કે નહીં; એને મેજ છે કે નહીં, છે તો બરાબર માપનું છે કે કેમ એ વિષે શેઠ બેદરકાર હોય છે; એટલું જ નહીં પણ જો કારકુન તે વિષે બેપરવા ન હોય તો તે કારકુનનો દોષ લેખાય છે. વિદ્યાર્થીઓ વિષે પણ અત્યાર સુધી તો એમ જ હતું. એમાં હાલ ફરક પડતો જાય છે. 'અમે તો અત્યાર સુધી આવાં સાધનો વિના ચલાવતા આવ્યા' એ ઉત્તર હમેશાં તૈયાર જ હોય છે. એ ઉત્તર ખોટો નથી હોતો; પણ એમ ચલાવતા આવવામાં કેટલું યોગ્ય હતું એ પ્રશ્ન રહે છે.

'સ્વિસ કુટુંબ રૉબિન્સન'ની વાર્તા કેટલાક વાચકોએ વાંચી હશે. એમાં એક યુરોપિયન કુટુંબ એક બેટમાં ફસાઈ પડે છે, અને ત્યાં પોતાની મહેનતથી યુરોપિયન કુટુંબની બધી સગવડો કેવી રીતે નિર્માણ કરે છે તેની રસિક વાર્તા છે. એને ચમચા અને ખુરશી વિના ન ચાલે તો તે એના જંગલના ઘરમાં તેના વિના ચલાવી લેવામાં સંતોષ નથી માનતો. પણ દ્વીપમાંથી ચમચા કોરી કાઢવાની અને પથ્થર કે માટીની ખુરશી બનાવવાની મહેનત લઈને જ જંપે છે. મને ઘણી વાર લાગે છે કે આને ઠેકાણે કોઈ નવલકથાકાર એકાદ 'હિંદુ કુટુંબ રાવસેન'નું ચરિત્ર લખે તો, કદાચ, જંગલમાંથી



કેટલું મંગળ કર્યું તેનો ઇતિહાસ આપવાને બદલે એનું કુટુંબ મોટા મહેલમાંયે કેટલી અગવડ વેઠીને રહેતું હતું, તેનું રસિક વર્ણન આપવામાં સારી રીતે ફાવી શકે.

## ૧૧

## સાત્ત્વિક તિતિક્ષા

છેલ્લા પ્રકરણમાં તિતિક્ષાના અયોગ્ય પ્રકારોનો ખ્યાલ આપ્યો. હવે એના યોગ્ય અથવા સાત્ત્વિક પ્રકાર કયા તે વિચારીએ. કોઈ એમ ન માને કે જે ગુણ પર ગીતાએ એટલો ભાર મૂક્યો છે કે તે હોય તો માણસ મોક્ષને યોગ્ય થાય એમ કહ્યું છે તેને હું તુચ્છ સમજું છું.

માણસ ગમે તેટલો શ્રીમંત અને સાધનોવાળો હોય અને પોતાના આરોગ્યની ગમે તેટલી વ્યવસ્થા કરે, છતાં ઋતુઓના ફેરફાર અને પરિસ્થિતિના ભેદથી ટાઢતડકો, ભૂખતરસ ઇત્યાદિનાં સુખદુઃખ અને તેને પરિણામે જરાવ્યાધિ વગેરેનાં કષ્ટો દરેક માણસના જીવનમાં આવતાં જ હોય છે. હુમાયુ વગેરે મોટા મોટા બાદશાહોના જીવનમાં કેવી કેવી ક્રાંતિઓ થઈ હતી અને તેને લીધે તેમને ટાઢતડકો, ભૂખ-તરસ, અને અકસ્માતોનાં કેવાં કેવાં કષ્ટોથી હેરાન થવું પડ્યું હતું તે આપણે સૌ જાણીએ છીએ, ઘણી વાર જોયું પણ છે અને આપણને સૌને તેનો કાંઈક અનુભવ પણ હશે. રાજા સાતમા એડવર્ડનું મૃત્યુ શરદી લાગવાથી થયું હતું અને પંચમ જ્યૉર્જને સળેખમ થયાના ખબર કેટલીયે વાર વાંચવામાં આવતા. શરદીથી બચવાનાં સાધનોની ઊણપને લીધે તેમને મંદવાડ આવેલો એમ કોણ કહેશે? પણ જીવનમાં આવા પ્રસંગો આવ્યા જ કરે છે, અને કાળને અધીન રહેલો કોઈ પણ જીવ એથી પૂરો મુક્ત કદી થઈ શકતો નથી. આથી એ સૃષ્ટિનો નિયમ જ છે એમ આપણે ઠીક સમજી લેવું જોઈએ, અને એવા

પ્રસંગો આપણા જીવનમાંયે ક્યારે ને ક્યારે આવવાનો સંભવ છે જ એમ માની લેવું જોઈએ. આવી વિપત્તિઓના વિચારથી અને એ આવી પડે ત્યારે આપણે ધીરજ ન ખોઈ બેસીએ, કર્તવ્યથી હઠવાનો વિચાર ન કરીએ, આપણા પર ઈશ્વરની કૃપા નથી, અથવા અવકૃપા થઈ છે એમ ન માનીએ, અથવા ઈશ્વર આપણા પ્રત્યે અન્યાયી છે કે બીજા પર પક્ષપાત કરે છે એવો વિચાર ન ધોળીએ એ જરૂરનું છે. દુઃખ આવી પડે ત્યારે જે માણસ આ રીતે ધીરજ રાખી શકતો નથી, અથવા દુઃખના ડરથી પોતાનું કર્તવ્ય બજાવવા તૈયાર થતો નથી, તેનામાં તિતિક્ષાનો અભાવ છે અને તે જીવનના ઉત્કર્ષમાં બાધક છે.

વળી, આવાં કષ્ટ આવી પડે ત્યારે તેના નિવારણ માટે માણસ જે ઉપાયો યોજે છે તેમાં ઘણી વાર વિવેક, ન્યાય કે ધર્મ સચવાતા નથી. હું ભૂખ્યો છું, મારી પત્નીયે ભૂખી છે. બંનેને પૂરું થાય એટલું અનાજ ઘરમાં નથી. જે કંઈ અન્ન પડ્યું છે તે હું ખાઈ જાઉં છું અને મારી પત્નીને એના દુર્ભાગ્ય પર દોષ મૂકવા ઉપદેશ આપું છું. હું અને એક સાથી પ્રવાસે નીકળ્યા છીએ. સાથીએ પોતાની સાથે એક ધાબળો રાખ્યો છે. હું રહ્યો આળસુ; જ્યાં પહોંચશું ત્યાં કાંઈ ને કાંઈ મેળવી લેશું એ વિચારથી કશું સાથે રાખતો નથી. એક જગ્યાએ પહોંચ્યા ત્યાં મને ધાબળો નથી મળી શકતો. તે વખતે મારું કર્તવ્ય છે કે મારે ટાઢ સહન કરી લેવી. પણ આળસની સાથે સ્વાર્થ ન ભળે એવું ભાગ્યે જ બને છે. મારા મિત્રની ગેરહાજરીમાં એનો ધાબળો ઓઢીને હું સૂઈ જાઉં છું. એ આવીને જુએ છે કે હું એનો ધાબળો ઓઢીને ઊંઘી ગયો છું. પછી એ બાપડો ટાઢથી ઠૂંઠવાતો પડ્યો રહે છે. આ ઠેકાણે મારો તિતિક્ષાનો અભાવ દોષરૂપ છે. બીજું પણ એક ઉદાહરણ લઈએ. અતિશય તાપ પડે છે. હું એક ઓરડામાં બેઠો છું. બારણા પર ખસની સાદડી લાગી છે, અને માથે પંખો ટાંગ્યો છે. એક છોકરો ઓરડાની બહાર ઓટલા પર બેઠો છે અને થોડી થોડી વારે સાદડી પર પાણી છાંટે છે અને પંખો ચલાવ્યા કરે છે. એને



પણ ટાઢતડકો અનુભવનારી જ્ઞાનેંદ્રિયો છે એવો વિચાર તો મારા મનમાં આવતો જ નથી. ગરમીથી એને ઊંઘ આવી જાય છે, સાદડી સુકાઈ જાય છે અને પંખો બંધ પડી જાય છે. મને ગરમી લાગે છે અને મારો મિજાજ તપી જાય છે. હું છોકરા પર ચિડાઉં છું. કષ્ટનિવારણનો આ ઉપાય દોષરૂપ છે. મારો ક્રોધ મારી અતિતિક્ષાનું પરિણામ છે. આપણે આપણાં દુઃખોનું નિવારણ આ રીતે ન કરીએ એટલી તિતિક્ષા અવશ્ય જોઈએ.

અતિતિક્ષાનું એક બીજું ઉદાહરણ પણ આપું. મારા આરોગ્ય માટે દૂધ અને ફળની જરૂર છે. પણ હું એક એવી જગ્યાએ અતિથિ થયો છું કે જ્યાં એ પદાર્થ પ્રાપ્ત કરવામાં ઘણી મુશ્કેલીઓ છે. ત્રણ માઈલની અંદર દૂધ મળી શકતું નથી અને ફળ મેળવવા માટે પચ્ચીસ માઈલ પર આવેલા શહેરમાં જ માણસ મોકલવો જોઈએ. મારા યજમાન અતિથિપ્રેમી છતાં નિર્ધન છે અને સ્વાભિમાની છે. જો હું એમ બતાવું કે દૂધ અને ફળ વિના મારે બહુ અગવડ વેઠવી પડશે તો હરપ્રયત્ને અને ખરચે તે મંગાવવાં જ એવો એ પોતાનો ધર્મ સમજશે. આવે વખતે મારી ફરજ છે કે હું દૂધ અને ફળની ગરજ ન રાખું, ન બતાવું, પણ જે કાંઈ મળે તેથી ચલાવી લઉં અને આરોગ્યને નુકસાન થવાનું જોખમ પણ વહોરી લઉં. આ તિતિક્ષા જરૂરની છે. અમુક પ્રકારનાં કર્તવ્યો સ્વીકારશું તો આવી અગવડો વેઠવી પડશે એ વિચારથી જો આપણે એ કર્તવ્યોથી દૂર ભાગીએ તો એ પણ અતિતિક્ષા ગણાય. કર્તવ્યને સમયે જે માણસ આવી અગવડોની ચિંતા કરે છે તે મોક્ષને — શ્રેયને — યોગ્ય નહીં થઈ શકે એ ગીતાનો ઉપદેશ સાવ સાચો છે.

પણ એ દાખલાઓનો અર્થ કોઈ એવો કરે કે અધભૂખ્યા રહેવું, ટાઢમાં ધાબળો ન ઓઢવો, ઉનાળામાં લૂમાં બેસવું, દૂધ અને ફળનો ત્યાગ કરવો, અને એ રીતે જીવનનિર્વાહ ચલાવવાની ટેવ પાડવી, એની જરૂર છે — તો, મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે, એ ભૂલ છે. જ્યાં સુધી જીવન ધારણ કરવાને પ્રયોજન રહ્યું છે ત્યાં સુધી પૂરું અન્ન મેળવવું, આરોગ્ય માટે આવશ્યક હોય તેટલાં અને તેવાં

અન્ન-વસ્ત્ર-ગૃહ મેળવવાં ને સર્વેને તે પ્રાપ્ત થાય એવો પ્રયત્ન કરવો એ આપણો ધર્મ છે. જે ગામમાં દૂધ-ફળ નથી મળતાં તે ગામથી નાસી છૂટવું એ પણ ધર્મ નથી. એ ચાર દિવસ જ રહેવું હોય અને તેટલા દિવસ પણ તે વિના ન ચલાવી લેવું એ પણ ધર્મ નથી. પણ રોજ ત્યાં જ રહેવું હોય તો એ ગામમાં દૂધ-ફળ ઉત્પન્ન કરવાનો, — અને સર્વને માટે ઉત્પન્ન કરવાનો — પ્રબંધ ન કરતાં તિતિક્ષાનો પદાર્થપાઠ આપવો એ પણ ધર્મ નથી. કોઈ ઉદાત્ત ધ્યેયને સિદ્ધ કરવાને માટે એ ધ્યેય પર એવા આશક થઈએ કે 'લૂખા સૂખા રામકા ટુકડા ચિકના ઔર સલોના ક્યા' એવી આપણી વૃત્તિ બને એ તિતિક્ષા જરૂરની છે, પણ જ્યારે આખી પ્રજાના લૂખાસૂકા ટુકડા પર ઘી અને મીઠું કેમ લગાડી શકાય એ પ્રશ્નનું નિરાકરણ કરવું એ જ ધ્યેય હોય ત્યારે તિતિક્ષાનો વિચાર કરવો એ કર્તવ્યરૂપ નહીં થાય.

તિતિક્ષા એ એક પ્રકારની શૌર્યવૃત્તિ છે. શૂર સિપાઈ બાણ વાગવાની અને યુદ્ધનાં બીજાં કષ્ટો પડવાની કલ્પનાથી કંપી ઊઠતો નથી. એની જોડે સામે મોઢે લડવામાં ભૂષણ સમજે છે. પણ તેનો અર્થ એ નથી કે એ યુદ્ધનાં કષ્ટોથી બચવાનો કોઈ ઉપાય જ લેતો નથી. એ ઢાલ રાખે છે, બખ્તર પહેરે છે અને બીજો સરંજામ પણ રાખે છે. પેશવાઈ વખતની એક મરાઠા સરદારની વાત જાણીતી છે. તે સરદાર નાઈ પાસે વતું* કરાવતો હતો. નાઈની બેદરકારીથી તેને અસ્તરો લાગ્યો. આ પર સરદારે નાઈને કઠોર શબ્દો કહ્યા. નાઈ બોલવામાં પાછો પડે એવો નહોતો. તેણે ટોણો માર્યો, "અસ્તરાના આટલા ઘાથી અકળાઓ છો, તે તરવારના ઘા કેમ ઝીલશો?" સરદાર તુરત જ ઊભો થઈ ગયો અને નાઈના પગને

*ગુજરાતની નાઈ બ્રાહ્મણ પરિષદે હજામ શબ્દના વપરાશ સામે વાંધો ઉઠાવી તે ન વાપરવા વિનંતી કરી છે. 'હજામત કરાવતો હતો' એ પ્રયોગ હાલ રૂઢ છે. પણ એમની વિનંતીને માન આપી મેં આ અપરિચિત પ્રયોગ વાપર્યો છે. 'હજામ' શબ્દ દાખલ થયા પહેલાં જૂનો શબ્દપ્રયોગ કયો હતો, તે મને ખબર નથી.



પોતાના પગથી દાબી એક ભાલો પોતાના તેમ જ નાઈના પગની આરપાર ઘોંચી દીધો! નાઈએ તો ચીસો પાડવા માંડી. સરદારે શાંતપણે તેવી જ દશામાં ઊભા રહી કહ્યું, "કેમ? મારી તિતિક્ષા જોવી હતી ને? પણ લડાઈમાં ઘા ઝીલવા પડે તેથી તારો નકામો કાપ શું કામ સહન કરવો જોઈએ?" નાઈ માફી માગી પોતાના પગમાંથી ભાલો ખેંચવા આજીજી કરવા લાગ્યો. પછી સરદારે પોતાનો તેમ જ તેનો પગ મુક્ત કર્યો.

હું એમ તો ન કહું કે તિતિક્ષા કેવળ મનોબળનું જ પરિણામ છે, અને કંઈક ટેવ પાડનારી તાલીમની તેને માટે બિલકુલ જ જરૂર નથી. પણ જો તે માત્ર ટેવની તાલીમ જ હોય તો તે જડ તિતિક્ષા થાય છે.

## ૧૨

# ત્યાગનો આદર્શ

### ૧

નીચેની મતલબનો એક કાગળ મારા પર આવ્યો છે:

"જગતમાં માણસની જે સરેરાશ આવક છે તે કરતાં વધારે ખર્ચ કરવો તેને હું ગુનો સમજું છું. એ મુખ્ય તત્ત્વને અનુસરી મારા ખોરાકની બાબતમાં મેં નીચે પ્રમાણે નિયમો કર્યા છે:

(૧) કોઈ પણ જાતનાં પકવાન્ન ન ખાવાં; (૨) કોઈ પણ જાતનાં શાકભાજી ન ખાવાં; (૩) દૂધ, દહીં, છાશ, ઘી અને તેલ ન ખાવાં; (૪) છેલ્લા આઠ મહિનાથી, ગ્રામોદ્યોગ સિવાયનું બીજું અન્ન ન ખાવું; (૫) સાકર અને ગોળ ન ખાવાં.

આ નિયમોને હું જેલમાંથી છૂટ્યો ત્યારથી — લગભગ બે વર્ષથી — પાળી રહ્યો છું. પણ એને હજુ કાયમનાં વ્રત તરીકે કર્યાં નથી. એમ કરતા પહેલાં મારે આપની પાસે સલાહ લેવી એમ મારા એક મુરબ્બીએ સૂચવવાથી આપનો અભિપ્રાય માગું છું. હાલમાં હું ચોખા, જુવાર, બાજરી કે ઘઉંનો લોટ, મરચું, ખટાશ તથા

મીઠું એટલા પદાર્થો ખાઉં છું. મીઠું છોડવું કે કેમ તે વિમાસણમાં પડ્યો છું. એક જ ભોજનમાં ભાત અને રોટલી બંને ખાતો નથી. ફળ ખાવાની છૂટ રાખી છે, પણ હમેશાં ખાઉં છું એમ નહીં. ડુંગળી સર્વેને સુલભ, સસ્તી ને પૌષ્ટિક હોવાથી તે ખાઉં છું. પકવાન્ન, સાકર, ભેંસનું દૂધ અને ગ્રામોદ્યોગ સિવાયનું અન્ન એટલાં તો કાયમનાં છોડ્યાં છે એમ સમજશો. પણ બીજી બાબતમાં તમે સૂચવશો તેમ ફેરફાર કરીશ.

બીજા પણ થોડા નિયમો મેં લીધા છે તે જણાવું છું :

(૧) નાટક, સિનેમા વગેરે મોજમજાનો ઉપભોગ ન કરવો; (૨) હરિજનોને જ્યાં મનાઈ હોય તેવાં મંદિરોમાં દર્શને ન જવું; (૩) જે ધાર્મિક ગણાતા વિધિઓ કેવળ રૂઢિ પર જ અવલંબેલા હોય તેમનો બહિષ્કાર કરવો; (૪) રાષ્ટ્રહિતને વિરોધી કામોમાં સામેલ ન થવું.

હાલ હું સુતારકામ શીખું છું. થોડા દિવસ પછી એની પરીક્ષા થશે. ત્યાર બાદ કોઈ ગામડામાં જઈને બેસવાનો વિચાર કરી રહ્યો છું. મને અંગ્રેજી આવડતું નથી, મહારાષ્ટ્રી બ્રાહ્મણ છું.''

આ ભાઈને મેં સ્વતંત્ર જવાબ આપ્યો છે, અને મારી સલાહ પ્રમાણે એમણે પોતાના ખોરાકમાં ફેરફાર કર્યો છે. પણ અનેક પ્રકારના આવા કાગળો પૈકી આ એક હોવાથી એમાંની વિચારસરણીને હું જરા વિસ્તારથી ચર્ચું છું.

એક જમાનો એવો હતો કે જ્યારે સામાન્ય રીતે લોકો શ્રીમંત થવાનો જ આદર્શ રાખતા. બીજાના જેટલો પૈસો પોતાની પાસે થાય એ એમની કામના રહેતી. પૈસા પર જ દૃષ્ટિ રાખી એની જ આરાધના કરવામાં આવતી. ગરીબાઈ ઘૃણાપાત્ર અને અનિષ્ટ લેખાતી. આજુબાજુના ધનવાનો સ્પૃહણીય લાગતા, અને તેમની હારમાં બેસી શકાય એવી શક્તિ પ્રાપ્ત કરવાના મનોરથો સેવાતા. આજે ભાવનાનો પ્રવાહ ઊલટી દિશામાં વહે છે. પૈસો ભલે આવશ્યક લાગે, આદરણીય — પૂજનીય નથી લાગતો. ગરીબાઈ ભલે કષ્ટપ્રદ લાગે, એ પ્રત્યે આદર, સમભાવ લાગે છે. સેવાભાવી, આદર્શવાદી, મહત્ત્વાકાંક્ષી તરુણો ગરીબની સાથે વધારે ને વધારે એકરૂપ થવાના



મનોરથો સેવે છે. પૈસો પ્રાપ્ત કરવા માટે જે સાહસો એક કાળે ઉઠાવવામાં આવતાં તેથીયે વધારે કપરાં સાહસો — પોતાનું શરીર રોગ અને અકાળ વૃદ્ધાવસ્થાનો શિકાર બને, પોતાનાં સગાંવહાલાં પણ રિબાય એવાં જોખમો — ઉઠાવવાની આજે યુવકોને હોંશ ઉત્પન્ન થાય છે. ગાંધીજીએ જીવનના આદર્શ વિષેના સમાજના દૃષ્ટિબિંદુમાં આ કેવી ભારે ક્રાન્તિ કરી મૂકી છે! સાવલીમાં એમણે કહ્યું હતું તેમ આજે એક સેવકને ૫૦ કે ૭૫ રૂપિયા મહિને લેવા પડે છે તો તે પોતે એને લાયક છે, પોતાનો હક છે, પોતાનો ત્યાગ છે એવા અભિમાનથી નથી લેતો, પણ દુઃખ સમજીને લે છે. એ ઓછેથી નથી ચલાવી શકતો તે એને શલ્યની જેમ ખૂંચ્યા કરે છે. સરકારી કે ધંધાદારી સેવકની વૃત્તિ એથી ઊલટી જ હોય. જે ૫૦ લેતો હોય તે એને ૭૫ ન આપવામાં અન્યાય ચાલી રહ્યો છે એમ માને છે, અને ૭૫વાળો પોતાને ૧૦૦નો અધિકારી સમજે છે.

આમ આ ભાઈના ત્યાગની પાછળ જે ઉદાત્ત ભાવના રહેલી છે તે વખાણવા જેવી છે. દરિદ્ર જનતા પ્રત્યેની પોતાની કરુણાવૃત્તિ કોઈક પ્રત્યક્ષ રીતે દેખાડવાની ઉત્કંઠા ક્યારેય પણ આદરપાત્ર લાગ્યા વિના ન રહે. છતાં આ ત્યાગની પાછળ થોડીક ભૂલભરેલી વિચારસરણી પણ રહેલી મને જણાય છે.

ધનવાન બનવાનો આદર્શ જેમ ખોટો છે તેમ અવિવેકથી દારિદ્ર્ય સેવવાનો આદર્શ પણ ખોટો છે. આપણું ધ્યેય જાતે ધનવાન બનવાનું કે કુટુંબીઓની ધનસમૃદ્ધિ માટે ખટપટ કર્યા કરવાનું નથી એ ખરું. પણ સાથે જ સમાજને દારિદ્ર્યમાં સબડતા રાખવાનુંયે નથી એ યાદ રાખવું જોઈએ. આપણું ધ્યેય છે જગતમાં જે કઠોર દારિદ્ર્ય વર્તી રહ્યું છે તેને દૂર કરવાનું; એટલે કે દારિદ્ર્યની પૂજા કરવાનું કે તેને ટકાવવાનું નહીં, પણ તેને હઠાવવાનું. દારિદ્ર્ય ટકવામાં કે વધવામાં જેટલે અંશે આપણું ભોગમય જીવન કારણરૂપે હોય તેટલા ભોગનો ત્યાગ કરવો આવશ્યક જ લેખાય; ધનવાનોનો ધન પરનો કબજો જેટલે અંશે કારણરૂપે છે તેટલે અંશે તેનો ત્યાગ કરાવવો એ પણ આવશ્યક છે. જમીન કે આવકની અન્યાયી

વહેંચણી જેટલે અંશે કારણભૂત છે તેટલે અંશે તે પણ સુધારવી પડશે જ; ઉત્પત્તિ અને વેપારની પદ્ધતિ જેટલે અંશે વિષમતા-પોષક થાય છે તેટલે અંશે તે પણ ફેરવવી પડશે; પણ તે સાથે જ જેટલે અંશે ઉત્પત્તિની ન્યૂનતા, અજ્ઞાન, આળસ, નિરુદ્યમ, વ્યસન, અતિભોગ, ઉડાઉપણું, ખર્ચાળ રૂઢિઓ, અપ્રામાણિકતા, અનીતિ, પરતંત્રતા, સાધનો કે બુદ્ધિની ઊણપ વગેરે દારિદ્ર્યનાં કારણ છે તેટલે અંશે તેમનેયે હઠાવવાનાં છે એ આપણે ભૂલવું ન જોઈએ.

એટલે કે, જે ધોરણે આજે દરિદ્રો રહે છે તેની અથવા જગતના સરેરાશ આવકના આંકડાની મર્યાદા ઠરાવી* તેટલાથી જીવનનું જે ધોરણ ઠરાવી શકાય તે જ યોગ્ય ધોરણ છે એમ નિશ્ચિતપણે ઠરાવી શકાય નહીં. દરિદ્રનું ધોરણ હીન ધોરણ છે માટે જ તો આપણને એમની દાઝ છૂટે છે. એટલે એ ધોરણને જીવનનું સાચું ધોરણ ન સમજવું જોઈએ. એ ઉપર કોઈ ન રહે, કોઈને ન રહેવું પડે એમ આપણે ઇચ્છીએ. જે બીજાને માટે ઇચ્છીએ તેની જ આપણે પોતાને માટે અને આપણા કુટુંબીઓ માટે આપણે ઇચ્છા રાખવી ઘટે. નહીં તો આપણે હાથે હીન ધોરણને કાયમ કરવાનું કે વધારે હીન કરવાનુંયે પરિણામ આવે.

એટલે દરિદ્ર સાથે એકરૂપ થવા માટે આપણે પોતે દારિદ્ર્યપીડિત થવાનું નથી એ ભૂલીએ નહીં. સાથે જ જાતે લક્ષ્મીપતિ થઈને કે રહીને દરિદ્ર સાથે એકરૂપ થવાની વાત ન કરી શકાય એ પણ સાચું. યોગ્ય માર્ગ રહ્યો વચલો અને વિવેકનો. બંને રોગી દશાઓને

* સરેરાશ આવકના આંકડાઓને આધારે વધારે પડતી કલ્પનાઓ કરવામાં ભૂલ થાય. એક સામાન્ય કલ્પના લાવવા માટે એ આંકડાઓ ઠીક છે. પણ માણસોનો મોટો ભાગ એ ધોરણે જીવે છે એમ ન માનવું. એ તો ગણિત છે, અને બહુ જ સ્થૂળ ગણિત છે. શાસ્ત્રાર્થ કરવા પૂરતો જ એનો ઉપયોગ થાય ત્યાં સુધી એ નિર્દોષ છે. એને આધારે જીવનના નિયમો ઠરાવવાનો પ્રયત્ન થાય ત્યારે ભારે ભૂલ જ થાય. હિંદુસ્તાનમાં માણસની સરેરાશ ઉંમર ૨૩ વર્ષની ગણાય છે માટે આપણે ૨૩ વર્ષથી વધારે ન જીવવાનો આદર્શ બનાવી શકીએ કે? એ ગણિતનો આ રીતે ઉપયોગ કરવાનો ન હોય.



છોડીને આપણે સ્વતંત્ર નીરોગી જીવનનો નિયમ શોધવો જોઈએ. આપણે ઇચ્છીએ કે જગતમાં દરેક માણસ દીર્ઘાયુષ્ય ભોગવે, જીવે ત્યાં સુધી શરીરે નીરોગી અને બળવાન રહે, પરિશ્રમ કરી શકે એવી શક્તિ ધરાવે, કામવાસના હોય તો ગૃહસ્થ બની માનવજાતને ભૂષણરૂપ થાય એવી પ્રજાનો પિતા અને પાલક થાય, બુદ્ધિવાન બને અને સમાજનું એક આવશ્યક જ અંગ હોય એમ ઉપયોગી થાય.

આવા જીવન માટે કેટલો અને કેવો ખોરાક જોઈએ, કેટલાં ને કેવાં કપડાં જોઈએ, કેવડું અને કેવું ઘર જોઈએ, કેટલું અને કેવું શિક્ષણ જોઈએ, કેવા ધંધાની આવડત જોઈએ, કેટલી બીજી સુખસગવડો જોઈએ, એનું એક ચોક્કસ નહીં તોયે સ્થૂળ અને કામચલાઉ ધોરણ ઠરાવવું અશક્ય નથી. અર્થાત્ એ ધોરણ કેવળ કાલ્પનિક ન હોવું જોઈએ, પણ આપણા વિચાર પ્રમાણે સમાજ ચાલે તો થોડાં વર્ષમાં અમલમાં મૂકી શકાય એવું વહેવારુ હોવું જોઈએ. માનવજીવનના આવશ્યક ધારણપોષણનું આ આપણું ઓછામાં ઓછું ધોરણ ગણાય. એ બાબતમાં ભલે થોડો મતભેદ હોય. દા. ત., ગાંધીજીએ આજના બજારભાવે ગામડા માટે બે જણ કામ કરનાર અને ત્રણ આશ્રિત હોય એવા કુટુંબ માટે માસિક ત્રીસ રૂપિયાનું ધોરણ સૂચવ્યું છે. સંભવ છે કે કોઈકને એ બહુ ઊતરતું લાગે, કોઈકને એ વિચારથી ભારે નહીં છતાં અવ્યવહાર્ય લાગે. આપણે ભલે કોઈક જુદું ધોરણ યોગ્ય અને વ્યવહાર્ય માનીએ. પણ આપણે જે કાંઈ ધોરણ ઠરાવીએ તેથી ઊતરતું ધોરણ આપણા પોતા માટે પણ ન રાખી શકીએ. ખાસ કરીને જેને તુરત જ આત્મહત્યા કરી નાખવા જેવો શરીર પર વૈરાગ્ય આવ્યો નથી, જીવનમાં કાંઈક રસ રહ્યો છે, ગૃહસ્થાશ્રમી થયો છે, કે બીજાઓ માટેની જવાબદારી સ્વીકારેલી છે તેણે પોતાના ધારણપોષણના નિયમો એવા ન બનાવવા જોઈએ કે જેથી એવા હેતુઓ સિદ્ધ થવામાં એના નિયમો જ વિઘ્નરૂપ થાય.

('હરિજનબંધુ,' ૧૨-૪-'૩૬)

## ૨

દરિદ્ર સાથે એકરૂપ થવાનું દૃષ્ટિબિંદુ કયું એ વિષે સામાન્યપણે ઉપર કહ્યું. એમાં કરકસર, સાદાઈ, ઉદ્યોગ વગેરેને અવશ્ય સ્થાન છે. પણ કોઈક વિચિત્ર પ્રકારની વિચારસરણીને પરિણામે આપણને એક ટેવ પડી છે કે આપણને કરકસર અને વ્રતનિયમનું ક્ષેત્ર કેવળ ખાવાપીવામાં જ સૂઝે છે. ખાધાખર્ચ ઓછું કરવાની જાણે સેવકોમાં એક હરીફાઈ જ ચાલી રહી છે! એક આશ્રમે એક વર્ષ સુધી માસિક સાડાત્રણ રૂપિયામાં ખાવાનો અખતરો કર્યો. એનો અભિમાનપૂર્વક ઉલ્લેખ કર્યો. મેં પૂછ્યું, 'શો અનુભવ થયો?' વ્યવસ્થાપકે કહ્યું, 'બધાંનાં શરીર બગડ્યાં, તેથી છોડી દેવો પડ્યો.' એક ભાઈએ દૂધ ઘી છોડ્યાં. મૂળે બ્રાહ્મણ, ગ્રેજ્યુએટ, ઘણાં વર્ષ સુધી શિક્ષકનો ધંધો કરી તથા જેલ ભોગવી દાળ પચી જ ન શકે એવા આંતરડાવાળા બનેલા: શું પરિણામ આવે? હરસ વગેરે અનેક રોગોથી રિબાયા; મલેરિયાએ તેમાં ઉમેરો કર્યો. પરિણામે શરીર અકાળ વૃદ્ધ દેખાય છે, તાવ ગયો છતાં શક્તિ આવતી જ નથી. ખેતી વગેરે અંગમહેનતનાં કામ કરવા હોંશ છે; પણ શી રીતે કરાય તેની મૂંઝવણમાં પડ્યા છે. બીજા એક ભાઈ આધ્યાત્મિક દૃષ્ટિએ આવા અખતરા કરી ક્ષયમાં પડ્યા છે.

મારો અભિપ્રાય છે કે ખાધાખર્ચ (ઈ. સ. ૧૯૩૬ને ધોરણે) માસિક રૂ. ૧૦ કે ૧૨ સુધી આવે તોયે તે મોંઘું નથી. બીજાં અનાવશ્યક ખર્ચોની કરકસર કરવામાં આવે તો ખાધાખર્ચ કદી ભારે પડતું નથી. 'પેટ કરાવે વેઠ' એવું આળ ભલે પેટ પર મૂકવામાં આવ્યું હોય, પણ આજના જમાનામાં મારી ગણતરી એવી છે કે માણસ પેટને માટે ખર્ચે છે તેના કરતાં ઘણું વધારે બીજી, અને તે પણ અનાવશ્યક બાબતો માટે ખર્ચે છે. ઘણા ગરીબ લોકો પણ આમાં અપવાદરૂપે નથી. આપણા વડીલો તો હમેશાં કહેતા કે ગૃહસ્થને ત્યાં બે માણસ જમી જાય તે કદી ભારે લાગતું નથી; બીજાં ખર્ચો જ ભારે પડે છે. આ વાત આજે વિશેષપણે સાચી છે.



ત્યાગવૈરાગ્યની, વિકારોના શમન માટે દેહદમનની, કે દરિદ્ર બાંધવો પ્રત્યેની અનુકંપાની ભાવનાથી પ્રેરાઈ ખાવાપીવામાં ત્યાગના ભારે નિયમો લઈ વ્યક્તિનું કે સમાજનું કામ સરે એમ નથી; કારણ એવા નિયમો લાંબો વખત નિભાવી શકાતા નથી. એક વાત યાદ રાખવાની જરૂર છે કે જ્યાં સુધી માણસને પોતાના જીવનનું અંતિમ ધ્યેય સિદ્ધ થતું નથી, કાંઈક જાણવાનું, મેળવવાનું, કરવાનું બાકી રહેલું છે ત્યાં સુધી તે પોતાના શરીરને સમાધાનપૂર્વક મરવા દઈ શકતો નથી. વિકારવશ કે ભાવનાવશ થઈ અમુક હદ સુધી મરવાનો કે શરીર બગડવા દેવાનો પ્રયત્ન કરી નાખે છે ખરો. પણ તે બાદ એની હિંમત અટકી જાય છે, અને પછી જીવવા કે શરીરને પાછું ઠેકાણે લાવવા મથવું પડે છે. તેમ કરવા માટે એની સ્થિતિના માણસને માટે વધારેપડતાં ગણાય એટલાં ફાંફાં એને મારવાં પડે છે, પારકાનો આશ્રય શોધવો પડે છે, અને બધાંયે વ્રતો, નિયમો અને સિદ્ધાંતોને વીંટાળીને ઊંચા મૂકવાનોયે પ્રસંગ આવે છે. અને તેમ કરતાંયે શરીરને રાખવામાં ન ફાવે એમ બને છે. દરિદ્ર સાથે પૂરા એકરૂપ થવામાં કે આધ્યાત્મિક સાધનમાં ખામી રહે તેના કરતાં આવું પરિણામ આવે તેમાં હું વધારે આધ્યાત્મિક, સામાજિક તેમ જ આર્થિક હાનિ જોઉં છું.

વળી કરકસરની દૃષ્ટિએ ખાધાખર્ચ પરનો કાપ બારણાં ખુલ્લાં રાખી મોરીએ દાટા જેવો મને લાગ્યા કરે છે. આજના કાળમાં તરુણોનો — અને એમાં ઘણા સેવકો અને તેમની સંસ્થાઓ પણ આવી જાય છે — તાર, ટપાલ, પ્રવાસ, છપામણી, ફાઉન્ટન પેન, કૅમેરા, ટૉર્ચ, સુગંધી સાબુ, વાળકપામણી વગેરેનો ખર્ચ એટલો બધો વધારે થઈ પડ્યો છે કે, જો એના ઉપર એ મોટો કાપ મૂકે તો કાંઈ પણ ખોયા વિના એ અને એના સાથીઓ તથા આશ્રિતો હાડમારી ભોગવ્યા વિના સુખે ખાઈ શકે. પણ ઘણીખરી સંસ્થાઓમાં આવાં ખર્ચો દરવર્ષે વધતાં જ જાય છે. મારી પાસે અનેક સંસ્થાઓના રિપોર્ટો આવતા રહે છે. ભાગ્યે જ કોઈ એવા રિપોર્ટો જોઉં છું કે જેમાં બે ચાર ફોટો ન હોય. ગવર્નર પધાર્યા હોય તો

ગવર્નરની સાથે ગ્રૂપ પડાવ્યો હોય, મહાત્માજી પધાર્યાં હોય તો તેમની સભાનો ફોટો હોય, કોઈ મારા જેવો સાધારણ માણસ અધ્યક્ષ બન્યો હોય તોયે તેનો ફોટો તો જોઈએ જ. બધા સાથે કાંતવા બેઠા તો તેનોયે ફોટો, સાથે જમવા બેઠા તો તેનોયે ફોટો, અને કોદાળીપાવડો લઈને ચાલ્યા તો તેનોયે ફોટો. અમુક જગ્યાએ હરિજન બાળકોને સ્નાન કરાવવામાં આવે છે. વ્યવસ્થાપકને લાગે છે કે એટલી હકીકત માત્ર રિપોર્ટમાં લખ્યેથી કેમ ચાલે? ફોટો પણ મૂકવો જ જોઈએ! જાણે આપણને એવું લાગી ગયું છે કે આપણી પ્રત્યેક ક્રિયામાં કાંઈક એવી અલૌકિકતા છે કે એનું ચિત્રપ્રદર્શન કરવું એ પણ સમાજની સેવા જ છે! આ એટલે સુધી થાય છે કે કોઈ જગ્યાએ આગ લાગે ત્યારે જેમ કેટલાક જુવાનો પાણીની બાલદી લઈ દોડે તેમ કેટલાક તરુણો તે દેખાવનો ફોટો લેવા કૅમેરા લઈ દોડે છે! ભલે એમ માનીએ કે સાર્વજનિક ફંડોમાંથી આવા ફોટો પાછળ એક પાઈ પણ ખર્ચવી પડતી નથી, છતાં આ દ્રવ્યનો અપવ્યય તો છે જ.

આ જ સ્થિતિ તાર, ટપાલ અને પ્રવાસના ખર્ચની છે. પહેલાં જે ખબરો જણાવવા માટે પોસ્ટ કાર્ડ પૂરતો લેખાતો તે ખબરો માટે હવે તારો દોડે છે. કોઈક તારથી આશીર્વાદ મંગાવે છે કે મોકલે છે, કોઈ પુત્રજન્મની વધામણી મોકલે છે, કોઈ તારથી લેખ મોકલે છે કે મંગાવે છે. રાજા, મહારાજા કે મોટા આગેવાનોને માટે આ આવશ્યક કે અનિવાર્ય હોઈ શકે. પણ હરકોઈ એનું અનુકરણ કરવા જાય તો ત્યાં અપવ્યય ગણાય. આ અપવ્યયને બચાવીને સંસ્થાઓ પોતાના ખોરાકી ખર્ચ માટે માસિક દસબાર રૂપિયા પણ ખર્ચે કે ઈંટ ચૂનાના મકાનમાં રહે તો તે પૈસાને હું લેખે લાગ્યા ગણું. પણ ખર્ચ ઓછો કરવાની દૃષ્ટિએ ખાવાપીવાના જે નિયમો અને અખતરાઓ આજે ચાલી રહ્યા છે તે અકળાવનારા છે.

સૃષ્ટિના આદિ કાળથી કોઈ પણ દેહધારી અન્નમય કોશની ઉપાસનામાંથી સાવ છૂટી શક્યો નથી. પણ આપણે હિંદુઓએ એની વેરભાવે ઉપાસના કરવાનો જ ધર્મ કેળવ્યો છે. જાણે શરીર જ



આપણને આત્મસ્વરૂપે રહેવામાં વિઘ્નરૂપ હોય તેમ વૈરાગ્યને નામે, સ્વરાજ્યને નામે, ચિત્તશુદ્ધિને નામે, બ્રહ્મચર્યરક્ષાને નામે, અહિંસાને નામે આપણે મુખ્યત્વે અન્નને લગતાં વ્રતો જ શોધી શકીએ છીએ; એમાં દરિદ્ર પ્રત્યેની સમભાવનાનું નિમિત્ત ઉમેરાયું છે એટલું જ. વાસ્તવિક રીતે, જ્યારે જ્યારે આપણે મૂંઝાઈએ છીએ, કોઈ બીજો ઉપાય શોધી શકતા નથી ત્યારે આપણા ખોરાકમાં કાંઈક ફેરફાર કરવો એ આપણને સૌથી પહેલું સૂઝે છે. સ્નેહી મરી જાય તો દૂધ છોડીએ, માંદા પડે તો ભાત છોડીએ, વેપારમાં નુકસાન આવે તો શનિવાર કરીએ, ચોમાસું આવે તો એક વાર ખાઈએ, એવું એવું આપણને સહેજે સૂઝી જાય છે. સ્નેહીની સર્વે જવાબદારી પોતા પર ઉઠાવી લેવાનું, નુકસાન આવે તો મહેનત કે મજૂરી કરવાનું, ચોમાસામાં આસામીનું વ્યાજ છોડી દેવાનું, શ્રાવણમાં ક્રોધનો સંયમ કરવાનું, ચૈત્રમાં કામનો સંયમ કરવાનું, એવાં વ્રતો ભાગ્યે જ કોઈ લે છે. આનું કારણ એ છે કે આપણે અન્નમય કોશને જ આત્માનો શત્રુ માની લીધો છે. પણ જેમ સામે દેખાતી ભીંત છે જ નહીં, માયિક આભાસ છે, એમ માનવામાત્રથી તેની આરપાર જઈ શકાતું નથી, તેમ દેહ અને આત્મા જુદા છે એમ માનવામાત્રથી દેહથી પર થઈ શકાતું નથી કે દેહનું મમત્વ છૂટી શકતું નથી. છતાં આ ઊંધો યોગાભ્યાસ આપણે કરતા આવ્યા છીએ, અને તેથી આપણે પોતે જ પછડાયા છીએ. અન્નમય કોશને આપણે છોડવામાં નથી ફાવ્યા, પણ અન્નમાં રહેલા બ્રહ્મનો દ્વેષ કરી આપણા દેશમાં આપણે અન્નના ઢગલાઓ વચ્ચે અન્ન અને દાંત વચ્ચે વેર અનુભવીએ છીએ, ભૂખમરો ભોગવીએ છીએ, અને આપણા ભાવનાવાન તરુણો સહેજે મળતા અન્નનો થોડો કાળ દ્વેષ કરી પછી આખી જિંદગી સુધી નબળી રીતે પણ શરીર ટકાવી રાખ
માટે અન્ન અને આંતરડાં વચ્ચે કેમ સંપ કરાવી શકાય
ચિંતા અનુભવ્યા કરે છે, અથવા જ્યારે આ ભૂલ સમજાય છે
બધાયે સંયમો છોડી દઈ મિષ્ટાન્નો ખાવાં અને ખવડાવવાં એ
સાધુસેવા તથા એક મહાન ધર્મકાર્ય માની બેસે છે. ત્યારે

આ બાબતમાં યોગ્ય વૃત્તિ કઈ? એનો વિચાર આગલા લેખમાં કરીશું.

('હરિજનબંધુ', ૧૯-૪-'૩૬)

૩

ગયા બે લેખોમાં મેં મારી સામાન્ય વિચારસરણી મૂકી. એનો વ્યાવહારિક સ્વરૂપમાં અનુવાદ કરી મેં એ ભાઈને જે સલાહ આપી તે નીચે મુજબ છે:

આપણો ધર્મ નથી પિંડપોષક બનવાનો કે નથી દેહદમનને માર્ગે પણ જવાનો. શરીરને નીરોગી તથા પરિશ્રમ કરવાને લાયક રાખવા માટે જેટલા અને જેવા પ્રકારના ખોરાકની આવશ્યકતા રહે છે તેટલો અવશ્ય લેવો જોઈએ. જ્યાં પોતાની જ ગરીબાઈ એમ કરવામાં આડે આવતી હોય ત્યાં લાચારી ગણાય. પણ તે સ્થિતિમાં એનો ધર્મ પ્રામાણિકપણે દરિદ્રતાને હઠાવવાનો છે, એને આવકારપાત્ર માનવાનો નથી.

શરીરને યોગ્ય સ્થિતિમાં જાળવવા માટે શરીરશ્રમ કરનાર માણસને દાળ, તેલ, શાક તથા અવારનવાર ગોળની જરૂર રહે છે. જે માણસનો શરીરશ્રમ અલ્પ હોય, અથવા કોઈ બીજા કારણસર દાળ બરાબર ન પચાવી શકતો હોય, અથવા શરીરશ્રમ સાથે મગજનો શ્રમ પણ પહોંચતો હોય, તેને માટે દાળને બદલે અથવા તે ઉપરાંત દૂધની જરૂર રહે છે. ઊછરતી ઉંમરમાં, મંદવાડમાં, નબળાઈમાં, વૃદ્ધાવસ્થામાં તથા દવાની સાથે પણ દૂધ જોઈએ. તેલ ન માફક આવતું હોય તેને માટે માખણ કે ઘી જોઈએ. વૈજ્ઞાનિકો ભલે કહે કે જુદી જુદી જાતનાં તેલો સરખાં જ છે, અથવા ઘીને ઠેકાણે તેલથી ચલાવી જ શકાય. પણ આપણા જાતઅનુભવ કરતાં આવા વૈજ્ઞાનિક મતોની કિંમત વધારે ન સમજવી. ધાણા, જીરું, મેથી, હળદર વગેરે કેટલાક મસાલાની મદદથી દાળ અને કેટલાંક શાકો વધારે પાચન યોગ્ય બને છે એવો અનુભવ છે. એનાં કારણો ભલે આપણે બતાવી શકતા ન હોઈએ અથવા માનસિક પણ હોય. પણ એ અનુભવને કેવળ વૈજ્ઞાનિક અભિપ્રાયથી ઓછા મહત્ત્વનો ન સમજવો.



દૂધ, ઘી, ગોળ, લોટ, ચોખા, ધાણા, જીરું વગેરે વૈભોગ નથી. પણ એ દ્વારા વૈભોગ થઈ શકે છે. એ ખોરાક છે, વૈભોગ નથી. શીરો, પૂરી, દૂધપાક, લાડુ, બિરંજ વગેરે મિષ્ટાન્નો, ઢોકળાં, ભજિયાં, ગાંઠિયા વગેરે ફરસાણ, તેલ, મરચાં, મસાલાનો મઘમઘાટ અને અતિરેક એ વૈભોગ છે. ચા, કૉફી, બીડી, તંબાકુ, સોપારી વગેરે વ્યસનો છે. વૈભોગો અને વ્યસનોનો ત્યાગ કરવામાં હરકત ન જ હોય. વૈભોગોનો ત્યાગ ન કરનાર માણસ પણ, વિવેકી હોય તો, એને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન ન જ કરે. ખાવાનો પ્રસંગ જ આવે તો તે આરોગવામાં લપસી ન પડે; એને ખાતાં રસ ન ચડે; એ હાથ વધારે ન મારે. પોતાના શરીર માટે એમાંનું જે અનુકૂળ ન હોય તે ખાવાના મોહમાં ન પડે. અધ્યાત્મ, આરોગ્ય તથા સાર્વજનિક હિતની દૃષ્ટિએ પણ આ સુવર્ણનિયમો છે.

આમાં ગ્રામોદ્યોગની વસ્તુઓ જ ઉપયોગમાં લેવાનો નિશ્ચય બરાબર છે. ગ્રામોદ્યોગ સંઘની સૂચનાઓમાં એવડી દૃષ્ટિ રહેલી છે: ગામડાની આર્થિક દૃષ્ટિએ સેવા કરવાની અને પ્રજાને આરોગ્યવર્ધક ખોરાક સૂચવવાની.

બધાને આવો ખોરાક નથી મળી શકતો એ દુર્ભાગ્ય છે. એ દુર્ભાગ્ય ટાળવાને આપણે તનતોડ પ્રયત્ન કરીએ — મહેનત કરીએ, એટલે આપણે ખાવો હોય તેના કરતાં વધારે ઉત્પન્ન કરી આપવા મહેનત કરીએ. એ મહેનતમાં ભલે આયુષ્ય ખપી જાય. પણ સામાજિક દુર્ભાગ્યને ધ્યાનમાં રાખી આપણે પૂરો ખોરાક લેવો નહીં એ આપણા પ્રયત્નનું સ્વરૂપ ન હોવું જોઈએ, પણ પૂરો ખોરાક અપાવવો અને મેળવવો એ હોવું જોઈએ. શ્રી. વિનોબાએ સાવલીમાં સમજાવ્યું હતું તેમ ડૂબતા માણસ પર દયા ખાઈ આપણે સાથે ડૂબવાનો ધર્મ નથી, પણ એને તારવાનો પ્રયત્ન કરવાનો છે. એ પ્રયત્નમાં ભલે આપણે પણ ડૂબી જઈએ. એમાં દોષ નથી પણ આપણો ઉદ્દેશ ડૂબવાનો ન હોઈ શકે, તરીને તારવાનો જ હોઈ શકે.

પણ મારો ભાઈ ભૂખ્યો છે અને હું ખાઉં એ કેમ બને? ભૂખ્યાને ખવડાવીને મારે ખાવું એ શું માનવધર્મ નથી? છે.

પણ એની મર્યાદા દરેક વ્યક્તિ માટે જુદી જુદી છે. ધર્મરાજ્યમાં 'ગૃહમંત્રી'નો એવો ધર્મ હોઈ શકે કે જ્યાં સુધી રાજ્યમાં કોઈ પ્રજાજન અપરાધ વિના ભૂખ્યો રહે ત્યાં સુધી પોતાથી ન ખવાય. એ જ ધર્મ એક ગામડામાં એના પટેલનો થઈ શકે, પણ તેની મર્યાદા ગામ પૂરતી જ ગણાય. ગૃહમંત્રી તથા પટેલના હાથમાં પોતપોતાની ક્ષેત્રમર્યાદામાં દરેકને ખાવાનું પૂરું પાડવાની વ્યવસ્થા કરવાની સત્તા છે. એ એનું કર્તવ્ય અને અભિવચન પણ ગણાય. માટે દેશ કે ગામના ભૂખમરા માટે તેઓ જવાબદાર પણ ગણાય. એ જ ધર્મ, કુટુંબ કે સંસ્થાના વડાએ પોતાના કુટુંબી, સગાંવહાલાં, સાથી, અતિથિ, નોકરચાકર અને પાળેલાં પ્રાણીઓની મર્યાદામાં પાળવાનો હોય. ઉપરાંત, આકસ્મિક પ્રસંગે માણસમાત્ર પર એ ધર્મ છે. કોઈક ચોક્કસ વ્યક્તિને આખા દિવસમાં ખાવાનું મળ્યું નથી એમ જાણીએ અને એ વ્યક્તિને અન્ન પહોંચાડી શકાય એટલી નજીકમાં આપણે હોઈએ, તો આપણે ભૂખ્યા રહીનેયે તેને ખવડાવવાનો ધર્મ ઉત્પન્ન થાય. પોતે પોતાના જેટલું જ મેળવી શકતો હોય, છતાં તેમાંથી રોજ એક બીજા ભૂખે મરતા માણસ કે પ્રાણીને પોષે અને તેથી પોતે સદાયે અર્ધ પેટે રહે તો તે પુરુષ વંદન કરવા યોગ્ય અને તેનો ત્યાગ મહાન જીવનયજ્ઞ ગણાય. પણ બીજાને પોષ્યા વિના અથવા અન્ન ઉત્પન્ન કરવા માટે કાંઈ શ્રમ લીધા વિના અથવા તેવો શ્રમ ટાળવા માટે — કેવળ જગતમાં કેટલાકને ભૂખમરો વેઠવો પડે છે એ જ્ઞાનથી — કોઈ અર્ધેપેટે રહેવાનું વ્રત લે તો તે ત્યાગ ભૂલભરેલો છે. કારણ કે એણે ન ખાધેલું અન્ન કોઈ અન્નાર્થીને જ જશે એવી ખાતરી નથી. આ બંને ત્યાગમાં કાર્પણ્યવૃત્તિનો દોષ રહેલો છે.

"અન્નની નિંદા ન કરવી, એ વ્રત લેવું; અન્નને બગડવા ન દેવું, એ વ્રત લેવું; અન્નને વધારવું, એ વ્રત લેવું; અન્નાર્થીને પાછો ન કાઢવો, એ વ્રત લેવું" — આ આશયનો ઉપનિષદમાં ઉપદેશ છે, અને એ યોગ્ય છે.

('હરિજનબંધુ', ૨૬–૪–'૩૬)

## ૧૩

# લાચારીનો ખોરાક અને આદર્શ ખોરાક

'ત્યાગનો આદર્શ' એ લેખથી થોડી ગેરસમજ ઉત્પન્ન થઈ છે, તેને દૂર કરવા ઇચ્છું છું. મારા પર એક ભાઈનો કાગળ છે, તેમાંથી થોડોક ભાગ નીચે ઉતાર્યો છે:

"આપ જાણો છો કે અમારો ઉત્કલ પ્રાંત બહુ ગરીબ છે. સરેરાશ ૯૦ ટકા માણસોને ઘીદૂધ મળતાં નથી. એમને વધારેમાં વધારે માસિક રૂ. ૩નો ભોજનખર્ચ આવે છે. એ પરિસ્થિતિમાં જો ગ્રામસેવક (જે ટૉર્ચ, કૅમેરા વગેરેમાં એક પાઈનો ખર્ચ કરવામાંયે પાપ સમજે છે) એ જ વર્ગના લોકોની સેવા કરતો હોય, અને પોતાના નિર્વાહ માટે એમના ઉપર જ આધાર રાખતો હોય, તે જો એ ગ્રામવાસીઓ પાસેથી માસિક રૂ. ૧૦ કે ૧૨ની આશા કરે, તો એ શું એની હૃદયહીનતા ન ગણાય? . . .

". . . જો રોજના ત્રણ આનાના ખર્ચમાં વિજ્ઞાનસંમત ખોરાકની વ્યવસ્થા થઈ શકે છે, તો આપ ગ્રામસેવકને માસિક રૂ. ૧૦ કે ૧૨નો ખર્ચ કરવાની કેમ સલાહ આપી શકો?"

મારા કહેવાનો ઉદ્દેશ એ નથી કે આપણે ભોજન માટે માસિક રૂ. ૧૦ કે ૧૨નો ખર્ચ કરવો જ જોઈએ, અને જ્યાં સુધી એ હદ સુધી ભોજનખર્ચ પહોંચ્યો નથી, ત્યાં સુધીનો સર્વ ભોજનખર્ચ નિર્દોષ છે. વાસ્તવિક રીતે ૧૨, ૧૦, ૫, ૩ કે ૨ રૂપિયાથી કોઈ મર્યાદા બતાવવાથી ભ્રમ થાય છે. જે ભોજન ઉત્કલના ગામડામાં સાડા ત્રણ રૂપિયામાં થાય, તેને જ માટે મુંબઈમાં આઠ–નવ રૂપિયા અને ગુજરાતમાં પાંચ–છ રૂપિયા પડવા સંભવ હોય. હિસાબ પૈસાનો નથી, આરોગ્યવર્ધક અન્નનો છે. જો માસિક રૂપિયા એકમાં આરોગ્ય-પોષક અન્ન મળી જતું હોય તો સવા રૂપિયો ખર્ચવાનીયે જરૂર ન ગણાય.

ઉત્કલમાં રૂ. ૩માં મનુષ્યનો નિર્વાહ થાય છે, અને સાવલી (મધ્ય પ્રાંત)માં કેટલાક લોકો કેવળ માસિક એક રૂપિયામાં ગુજરાન

ચલાવે છે. એટલા ખોરાક પર તેઓ જીવે છે, પરિશ્રમ કરે છે અને પ્રજાવૃદ્ધિ પણ કરે છે. છતાં એ શરીરના યોગ્ય ધારણપોષણ માટે પૂરો ખોરાક ન ગણાય. એટલા પર જ ગુજરાન કરવું એ માણસ માટે આપત્તિનો — લાચારીનો — ખોરાક હોઈ શકે. શું ગ્રામસેવક કે શું સાધારણ પ્રજા, સઘળાની ઉપર એ લાચારીનો ખોરાક લેવાનું આવશ્યક થાય એમ બને. પણ એને આદર્શ ન કરી શકાય. આદર્શ ખોરાકથી તો એમ સૂચવાય છે કે એથી અધિક મેળવવાનો આપણે પુરુષાર્થ ન કરીએ, પ્રજાને પણ ન પ્રેરીએ, અને અધિક મળી જાય તોપણ તેનો સ્વીકાર ન કરીએ. બરફી, પેંડા, લાડુ એ આદર્શ ખોરાકમાં ન મંડાય. અર્થાત્, સહેજે મળી જાય તોપણ તેનો ત્યાગ કરવામાં દોષ ન હોય. પણ દૂધ આદર્શ ખોરાકમાં ત્યાજ્ય નથી. એ પોતે મેળવવું અને પ્રજાને પણ મળે એવો પ્રયત્ન કરવો એ કર્તવ્ય થઈ શકે, અને વર્તમાન દશામાં તો અવશ્ય કર્તવ્ય છે. પણ સૌને દૂધ મળતું નથી, માટે દૂધ છોડવાનું વ્રત લઈને બેસી જવું એ યોગ્ય નથી. એ જ પ્રમાણે, જો અનેક પ્રકારના ઘઉં, ચોખા, વગેરે થાય છે, તો ગુણમાં જે ચડિયાતા હોય તે જ મેળવવા અને લોકોને ઉત્પન્ન કરવા અને ઉપયોગમાં લેવા પ્રેરવા એ કર્તવ્ય છે, અને નહીં કે હલકા અન્નથી નિર્વાહ કરવાનું વ્રત લેવું.

દૂધઘી તથા બીજો સારો ખોરાક પ્રાપ્ત થાય તો જ અમે પ્રજાની સેવા કરીશું એમ લોકોને કહેવું એમ મારા કહેવાનો ભાવાર્થ નથી. સૂકા ચણા ફાકીનેયે આપણે સેવાકાર્યમાં મંડ્યા રહીએ. પણ એ જ ખોરાક પર ગુજરાન ચલાવવું જોઈએ એવો આદર્શ ન માની લેવો જોઈએ. આદર્શ તો ઉત્તમ અને પૂરા ખોરાક પર પ્રજાને ચડાવવાનો હોય.

એ લેખથી હું બીજું એ સમજાવવા ઇચ્છતો હતો કે, આપણા જીવનની જરૂરિયાતો પૂરી કરવામાં સૌથી પહેલું ધ્યાન આપણે સારાં અન્ન, વસ્ત્ર અને ઘર મેળવવા પર આપવું જોઈએ, પછી બીજી ચીજો પર. વીજળીની બત્તી, કેમેરા વગેરે પર ઉત્કલનો ગ્રામસેવક એક પાઈ પણ ન ખર્ચી શકતો હોય એ શક્ય છે. પણ



અન્ન-વસ્ત્ર અને ઘરને બદલે બીજી ચીજો પર ઉત્કલના સેવક કે લોક ખર્ચ નથી કરતા, અને સારાં અન્ન–વસ્ત્ર–ઘર મેળવવા અને રાખવામાં જ પ્રથમ પોતાની શક્તિ અને ધનનો ખર્ચ કરે છે એમ કહેવામાં આવે, તો મને તેમાં શંકા રહે ખરી. ક્યારેક ઉત્કલ જવાનો અવસર મળશે અને આવો અનુભવ થશે તો મને બહુ ખુશી થશે. જો ઉત્કલના લોકો અને સેવકોનો આ સ્વભાવ જ હોય તો ઉત્કલની પ્રખ્યાત દરિદ્રતા માટે કાંઈ બીજું જ કારણ હોવું જોઈએ. આ લેખ હું બિહારનાં ગામડાંઓમાં ફરતાં ફરતાં લખી રહ્યો છું. અહીંના ગ્રામસેવકોનું ભોજનખર્ચ પણ માસિક ૩–૩ાામાં જ થાય છે. એટલો ખોરાક પણ તેઓ મોટે ભાગે મુઠ્ઠી ઉઘરાવીને મેળવે છે, અથવા તો કોઈ ખેડૂતને ત્યાં પહોંચી જમી લે છે. આ વાત અહીં ટેવ જેવી થઈ ગઈ છે. આથી એમાં સુધારો કરવા તરફ બહુ ધ્યાન ગયું છે એમ જણાતું નથી. મારો નમ્ર અભિપ્રાય છે કે, આ પરિસ્થિતિને આપત્તિ સમજીને સહન કરવી જોઈએ, અને નહીં કે એને આદર્શ વ્યવસ્થા સમજી એ જ રૂઢ કરવા યોગ્ય પરિસ્થિતિ માનવી. કુદરતે અત્યંત અનુગૃહીત કરેલા આ પ્રાંતમાં બિચારો બળદ ભાતના સૂકા પરાળ પર જીવે છે; અને બળદનું આટલા પર ગુજરાન થઈ શકે છે એ ખ્યાલથી એને માટે એ જ ખોરાક બસ છે એમ માની લેવાય છે. એને પરિણામે આ 'સુજલામ્ સુફલામ્' ભૂમિમાં પણ બળદને જોઈ મન પ્રસન્ન થતું નથી, આંસુ ઢાળવાનું મન થાય છે. પણ જ્યાં માણસ પોતાને માટે પણ આવું જ ધોરણ બાંધીને જીવન ચલાવતો હોય ત્યાં બળદની સ્થિતિ તો ક્યાંથી જ વધારે સારી હોય?

મારા કહેવાનો આશય એ મુદ્દલ નથી કે, ગામડાંની પ્રજાની પાસે ગ્રામસેવક પોતાના ભોજનખર્ચ માટે રૂ. ૧૦ કે ૧૨ની માગણી કરે. પણ ગામડાંની પ્રજા જે ખોરાક પર પોતાનો નિર્વાહ કરે છે તે પૂરતો છે એ વિચાર ભૂલભરેલો છે. જે પત્રના ઉત્તરમાં મેં મારા લેખો લખ્યા હતા તે મુંબઈમાં રહેનાર એક યુવકનો હતો. સાડા ત્રણ રૂપિયામાં હિંદુસ્તાનમાં મોટા ભાગની પ્રજા પોતાનો નિર્વાહ કરે છે,

તેથી મુંબઈમાં રહેનાર યુવકે એટલી કિંમતમાં જેટલો ખોરાક મળે તેટલાથી નીભવાનું વ્રત લેવું, અને તેથી જનતાની સેવા થાય છે એમ માનવું, એમાં ભૂલ છે એમ મારે બતાવવું હતું. પ્રજાની સાથે રહેતાં એમનાં કષ્ટોને પોતે પણ સહન કરવાં અને સહન કરતાં કરતાં તેમને હઠાવવા પ્રયત્ન કરવો એ એક વાત છે. કેવળ સહાનુભૂતિથી પ્રેરાઈને દૂર પોતાના ઘરમાં બેઠા બેઠા કષ્ટ સહન કરવાનું વ્રત લેવું એ બીજી વાત છે. આ બીજી વાત ભૂલભરેલી છે.

આશા છે આથી મારો અભિપ્રાય સ્પષ્ટ સમજાશે, અને અનર્થ નહીં થાય.

('હરિજનબંધુ', ૧૪-૬-'૩૯)

## ૧૪

## સેવકો, સાવધાન!

'ત્યાગનો આદર્શ' એ લેખમાળામાં મેં એક વાત એ જણાવી હતી કે કેટલાક સેવકો ખાવાપીવાના ખર્ચમાં તો ખૂબ કરકસર કરે છે, પણ ટૉર્ચ કૅમેરા જેવી વસ્તુઓ પાછળ પૈસા ખરચી નાખતાં અચકાતા નથી. તે પર એક ભાઈએ પ્રશ્ન ઉઠાવ્યો હતો કે ગામડાંના સેવકો પાસે એવી વસ્તુઓ પાછળ ખર્ચવાને પૈસા હોવાનો સંભવ જ ક્યાંથી હોય? અર્થાત્ તેમને મારા લખાણમાં અતિશયોક્તિની શંકા આવી હતી.

પણ હાલમાં જ મારી નજર આગળ પાંચ છ એવા તરુણ સેવકોનાં ઉદાહરણ ઊભાં છે જેમનામાં નાટકસિનેમા માટે રુચિ વધતી હોય એમ મને શંકા આવી છે. નાનાં શહેરોમાં કે તેની આસપાસનાં ગામોમાં કામ કરનાર તરુણોને — અને કેટલીક વાર મોટાઓને પણ — આ રીતે મનોરંજન મેળવવાની ઇચ્છા ઉત્પન્ન થઈ જાય તેમાં — જે પ્રલોભનો અને પરિસ્થિતિ વચ્ચે આપણું જીવન વીતે છે તેનો વિચાર કરીએ તો — આશ્ચર્ય જેવું નથી. પણ



સંયમભર્યું અને સેવામય જીવન ગાળવાની હોંશ ધરાવનાર સેવકે આ વ્યસનથી ખૂબ જ ચેતતા રહેવાની જરૂર છે. એક બાજુથી પ્રજા પૈસેટકે નિચોવાઈ રહી છે અને બીજી બાજુથી એમની આગળ નાટકસિનેમા વગેરેનાં પ્રલોભનો વધારે ને વધારે પ્રમાણમાં મુકાતાં જાય છે, એ જ કંઈ નાનીસૂની આપત્તિ નથી. પણ સેવાકાંક્ષી તરુણને માટે તો એ આપત્તિથીયે વિશેષ એના અધઃપાતનું સાધન છે.

નાટક સિનેમા મનોરંજનનું, પ્રમાણમાં, નિર્દોષ સાધન મનાયું છે; એટલું જ નહીં પણ તે જ્ઞાનદાતા થતા ક્યારેક શુભ-ભાવના-વર્ધક પણ ગણાય છે. ઘણાં વર્ષ પર જોયેલા હરિશ્ચંદ્રના નાટકની મન પર કાયમની પડી ગયેલી અસર વિષે ગાંધીજીએ પોતાની આત્મકથામાં લખ્યું છે, અને એવો જ અનુભવ બીજા ઘણા કહી શકે એમ છે. એનો અર્થ એ છે કે મન ઉપર સંસ્કાર પાડવાની શક્તિ નાટક સિનેમામાં જેટલી તીવ્ર છે તેટલી નિશાળમાં કરાવાતા અભ્યાસોમાંય નથી. આ હકીકતમાં જ નાટકસિનેમાનું અમૃત તેમ જ વિષ રહ્યાં છે.

નાટકસિનેમાની આકર્ષકતા વધારવા માટે એના વસ્તુ (વિષય)-ની આકર્ષકતા ઉપરાંત રંગભૂમિ અને પાત્રોની સજાવટનું મહત્ત્વ પણ હંમેશાં મનાતું આવ્યું છે જ. છતાં ૩૦-૪૦ વર્ષ પર એ સજાવટ તે વખતનાં અલ્પ સાધનોની મર્યાદામાં જ રહેતી. સજાવટની એ કળા આજને મુકાબલે બહુ ઓછી ખેડાયલી હતી. આજે એ કળા વાડ વેલાને ગળી જાય એટલી ખેડાઈ છે. પરિણામે આજનું હરિશ્ચંદ્રનું નાટક કે સિનેમા ૩૦-૪૦ વર્ષ પર ભજવાતા એ નાટક જેટલું સાત્ત્વિક હોય છે એમ ન કહેવાય.

નાટક એટલે નાટક. એ ભજવવામાં કંપનીનો પ્રધાન ઉદ્દેશ લોકોને સન્માર્ગે ચડાવવાનો હોતો નથી પણ પૈસા કમાવાનો હોય છે. એટલે લોકો જે રીતે ખેંચાઈને આવે તેવી બધી યુક્તિઓનો તે ઉપયોગ કરે. આથી સાત્ત્વિક મનાતા નાટકમાંયે હલકી વૃત્તિના લોકોને તેમની રુચિ પ્રમાણેનો કાંઈક રાજસ મસાલો મળે એવું પણ અંદર દાખલ કરેલું હોય જ. 'રંગ ભંગકા લોટા'નું ગાયન

હરિશ્ચંદ્રના નાટકમાંનું જ છે ને? ક્યાં સત્યવાદી રાજા હરિશ્ચંદ્રના જીવનનો ઉપદેશ, અને ક્યાં ભાંગના પીવાથી 'મન મેલ મિટે, તન તેજ ચડે' નો ઉપદેશ! પણ દરેક નાટકમાં આવી ઓછીવત્તી હલકી રમૂજ ઉત્પન્ન કરનારાં દૃશ્યો ઊભાં કર્યા વિના તેમને ચાલે જ નહીં.

૩૦–૪૦ વર્ષમાં આ વિષયમાંયે અપાર પ્રગતિ થઈ છે. નાટકની જગ્યા હવે સિનેમાએ લીધી છે. અને સિનેમામાં એકાદ આવું સાત્ત્વિક નાટક હોય તોયે એની પહેલાં કે પછી બીજાં હલકી વૃત્તિનાં પ્રહસનો વગેરે રાખવામાં આવે જ છે.

નાટ્ય સંગીત વગેરે સૌ કળાઓ છે ખરાં. પણ કળામાત્ર જ્યારે આજીવિકાનું સાધન બની જાય છે ત્યારે એ પોતાના હૃદયમાં અનુભવાતા આનંદને પ્રગટ કરવાની સ્થૂળ પદ્ધતિ રહેતી નથી, પણ લોકોનું રંજન કરવા માટે ઉત્પન્ન કરેલી માયા બને છે. સીતાની સોળે આના શુદ્ધિ દેખાડવા માટે તુલસીદાસે રામાયણમાં એવી કલ્પના કરી છે કે રાવણના હરણ પહેલાં સાચી સીતા અંતર્ધાન થઈ ગઈ અને પોતાની જગ્યાએ એક માયિક સીતા મૂકી ગઈ. રાવણ જેને હરી ગયો તે સાચી સીતા નહોતી; પણ એ સાચી સીતા નથી એમ રામ સિવાય બીજું કોઈ જાણી શકે એમ પણ નહોતું. એ જ રીતે પૈસા કમાવા માટે જ્યારે નાટક સંગીત વગેરેના પ્રયોગો થાય છે ત્યારે ત્યાં કળા હોતી નથી પણ કળાની માયા જ હોય છે.

આમ હોવાથી નાટક કે સિનેમામાં બનનારાં હરિશ્ચંદ્ર, રામ, સીતા, તારા, તુકારામ, એકનાથ વગેરે એ પાત્રોના વેશ ભજવ્યા છતાં જેવાં ને તેવાં જ કોરાં રહે છે. કળા નહીં પણ કળાની માયાની ઉપાસના કરતાં હોવાથી એ ધંધો કરનારામાંથી ઘણાંખરાંનાં જીવન દિવસે દિવસે ચારિત્રમાં ઊતરતાં જાય છે, અને અનેક પ્રકારનાં વ્યસનોમાં તેઓ લપેટાતાં જાય છે. આને પરિણામે હરિશ્ચંદ્ર રામ વગેરેના વેશરૂપી ઉપરની ખાંડની નીચે તેમના ઊતરતા જીવનનું વિષ પણ પ્રેક્ષકને મળ્યા વિના રહેતું નથી. એમની આંખો અને



હાથપગના હાવભાવ સાત્ત્વિક વૃત્તિ પ્રગટ કરતા નથી પણ રાજસ વૃત્તિ પ્રગટ કરે છે.

પોતાની સંયમશકિત અને સેવાવૃત્તિને સંઘરી રાખવાની ઇચ્છાવાળા તરુણને માટે આવા સાત્ત્વિક કહેવાતા સિનેમા પણ જોખમભરેલા છે. દારૂના કે તંબાકુના સેવન કરતાંયે આજનાં થિયેટરોમાં દેખાડવામાં આવતાં નાટકસિનેમા મને વધારે હાનિકારક લાગે છે. દારૂ કે તંબાકુના વ્યસનીઓ સ્થિરવીર્ય નથી રહી શકતા એમ અનુભવીઓ માને છે. પણ તે છતાં એનું સેવન થયા પછી અમુક સમય પછી એની બધી અસર નીકળી જવાનો સંભવ રહે છે. પણ નાટકસિનેમાના એક સેવનની અસર આખો જન્મારો ચાલે એમ પણ બની શકે. આખો જન્મારો ન ચાલે તોયે ઘણા લાંબા વખત સુધી એનો સંસ્કાર બેસી જાય. એકાદ વિલાસી દૃશ્ય, હાવભાવ કે સૂક્ષ્મ સૂચનનોયે તરુણના મન ઉપર સંસ્કાર પડી જાય, અને પછી અનિચ્છાએ પણ એનું સ્મરણ જાગી ઊઠે, અને અતિશય મહેનતપૂર્વક કરેલી એની સંયમસાધનાને ધૂળમાં ભેળવી દે. દિવસો સુધી સંઘરેલી શકિત વેડફાવા લાગે અને સુપ્ત વાસનાઓ જાગ્રત થઈ જાય.

કેટલાયે તરુણો દેશપ્રેમથી પ્રેરિત થઈ સેવાક્ષેત્રમાં જોડાયા છે. દેશને માટે પોતાનું જીવન ખપી જાય એવો ઉદાત્ત મનોરથ તેઓ સેવે છે. તે માટે તેવા ઘણાએ પોતાના કુટુંબીઓનો વિરોધ સહન કર્યો છે, ધન કમાવાની લાલચ અને સગવડોનો ત્યાગ કર્યો છે, કેટલીક વાર કુટુંબીઓને રઝળતાં પણ મૂક્યાં છે. જો તેમણે પોતાના એ મનોરથને વળગી રહેવું હોય, અને દેશ માટે જરૂરની હોય તેવી સર્વ સ્વસુખની ઇચ્છાનું બલિદાન આપવાની શકિત જાળવી રાખવી હોય, તથા સેવાના ક્ષેત્રમાં ટકી રહેવું હોય તો દારૂ કે તંબાકુના વ્યસન કરતાંયે થિયેટરના સેવનથી વધારે સાવધાન રહેવાની જરૂર છે. એ પ્રકારનું મનોરંજન મેળવવું જ હોય તો સંસ્થાઓનાં ઉત્સવ સંમેલનોમાંથી જ મેળવવું જોઈએ.

મુસલમાન તથા ખ્રિસ્તી ધર્મમાં મહમ્મદ, ઈશુ વગેરેનાં નાટકો ભજવવાની સાવ મનાઈ છે. હિંદુ ધર્મમાં એવી મનાઈ નથી; પણ મારો પોતાનો અભિપ્રાય એવો છે કે ધાર્મિક વ્યક્તિઓનાં નાટકો ધંધાદારીઓ મારફતે ન ભજવાવાં જોઈએ; અને પૈસા લઈ એના પ્રયોગો ન દેખાડાવા જોઈએ. નાટ્યકળા જાણનાર મોટી ઉંમરનાં ચારિત્ર્યવાન સ્ત્રીપુરુષો કેવળ ભક્તિભાવથી એને એકાદ વાર ભજવે તો ભલે. તેવાં ન મળે તો નાનાં બાળકો દ્વારા એના પ્રયોગો થાય.

('હરિજનબંધુ', ૧૩-૧૨-'૩૬)

૧૫

## કમજોર સાત્ત્વિકતા

ભણેલા અને વિચાર કરનારા લોકોનો એક એવો વર્ગ આપણા દેશમાં મળી આવે છે કે જેઓ મનથી ભલા છે, ભલાઈ ઇચ્છે છે અને ભલાઈને રસ્તે ચાલીને પોતાનાં મન અને કર્મોને વધારે પવિત્ર કરતા રહેવા ચાહે છે. પણ સાથે જ તેઓ પોતામાં એક જાતની કમજોરી જુએ છે. તેઓ પોતાના નિશ્ચયો પર સ્થિર રહેવાની અને તેનો અમલ કરવાની પોતામાં શક્તિ જોતા નથી, અને જેને પકડીને પોતે સહેલાઈથી ઉન્નતિને રસ્તે ચાલ્યા કરે તેવો કોઈ સારો આધાર મળે એમ અપેક્ષા કરે છે. પોતાની આજુબાજુ કોઈ એવું વાતાવરણ તેઓ જોતા નથી કે જે તેમને સારાં કામો અને વિચારોની હંમેશાં પ્રેરણા આપે, તેમનાં જોશ અને ઉત્સાહ વધારે અને તેમની સદ્ભાવનાઓને અમલમાં મૂકવાની કોઈ તૈયાર તજવીજ કે યુક્તિ બતાવે. ઊલટું, તેઓ પોતાની આસપાસનું વાતાવરણ — ઘરમાં, જાતમાં, ગામમાં, મંદિરો અને મઠોમાં, સરકારી દફતરોમાં તથા સાર્વજનિક સંસ્થાઓમાં — સ્વાર્થ, તંગદિલી, દંભ, છળકપટ વગેરેથી ભરેલું જુએ છે. પરિણામે, કોઈ પણ જગાએ તેમનું મન શાંતિ પામતું નથી.



એવા પ્રતિકૂળ વાતાવરણથી ત્રાસીને કેટલાક તરુણો એક દિવસ ઉત્સાહમાં આવીને ઘર છોડી દે છે અને કોઈ દૂર સ્થાનમાં આવેલા કોઈ પ્રસિદ્ધ પુરુષ અને તેમના આશ્રમનો આશ્રય શોધે છે. ઉત્તરનો તરુણ દક્ષિણમાં જાય છે અને દક્ષિણનો ઉત્તરમાં. ઘણી વાર તો ત્યાંથી તે ફરીને નિરાશ થઈને પાછો ઘેર આવે છે. અને પછી ભલાઈ અને ઉન્નતિ પરની તેની શ્રદ્ધા જ ઊઠી જાય છે. 'દુનિયામાં ભલાઈ કરવામાં કશો માલ નથી' એવો એના અનુભવનો સાર નીકળે છે.

પરંતુ આ પ્રમાણે એક વાર પણ ઘરઆંગણું છોડી શકનારા લોકોયે ગણ્યાગાંઠ્યા જ હોય છે. હજારો માણસોને માટે આ રસ્તોયે બંધ જેવો છે. નાનપણથી કૌટુંબિક બંધનોમાં તેઓ એવી રીતે ફસેલા હોય છે કે ઘરથી દૂર જવું અને પોતાના જીવનનો રસ્તો બિલકુલ જુદો કરી લેવો એ તેમને માટે સંભવિત નથી. એક તરફથી તેમનામાં એટલો ઉત્સાહ અને કર્તૃત્વ નથી હોતું કે તેઓ પોતાની આજુબાજુની મુસ્કેલીઓ સામે લડીને ઉચ્ચ ધ્યેય તરફ સ્થિરતાથી જઈ શકે. બીજી તરફ એમની ઉચ્ચ જીવન અને વાતાવરણની ભૂખ કાયમ રહે છે. પરિણામે, 'ન સધાયો સ્વાર્થ કે ન સધાયો પરમાર્થ : ન અહીંના રહ્યા કે ન ત્યાંના' એ પ્રમાણે તેઓ નિરાશ, હમેશાં અતૃપ્ત અને અપ્રસન્ન રહે છે, અને તેમનો સ્વભાવ પણ ધીરે ધીરે સાત્ત્વિકતા અને સત્પ્રવૃત્તિ તરફ વધવાને બદલે ક્રોધ, આળસ, કોરી તત્ત્વચર્ચા, થોથા વેદાંત, અકર્મણ્યતા અને બીજાઓમાં હરેક પ્રકારની ઊણપો શોધવા તરફ વળતો જાય છે. મને સમજાય છે ત્યાં સુધી એમ લાગે છે કે, આ બધાન જીવનની મુખ્ય સમસ્યા આ છે :— એમની કર્તૃત્વશક્તિ, ત્યાગશક્તિ અને આત્મસંયમની શક્તિ મર્યાદિત છે, તોપણ એમની ઉન્ન અભિલાષા સાચી છે. તેઓ કેવી રીતે પોતાની આસપાસ જ ઉ તરફ લઈ જનાર વાતાવરણને પેદા કરે?

વિચાર કરતાં માલૂમ પડશે કે, આ મનોદશાની પાછળ તરફથી સાત્ત્વિકતાનું અને બીજી તરફથી કમજોરીનું મિશ્રણ

આપણા સમાજમાં આવી મેળ વગરની અવસ્થા પેદા થવાનાં કારણોની શોધ કરીએ તો મને લાગે છે કે લગભગ નીચે લખેલી પરિસ્થિતિઓમાંથી કોઈ એક કે વધારે છે એમ માલૂમ પડશે :

૧. નાનપણમાં અને જુવાનીની શરૂઆતના દિવસોમાં પ્રસન્નતા સાથે શારીરિક મહેનત કરવાની રુચિ અને ટેવનો અભાવ; ઘરનું કામ, રમતગમત, વ્યાયામ, હાથપગ ચલાવીને કોઈ વસ્તુ બનાવવાની અથવા સુધારવાની મહેનત અને કલા તરફ અરુચિ.

૨. દિવસનો ઘણો મોટો ભાગ વાંચવા લખવામાં ગાળવાનો શોખ : પછી તે વાંચવા લખવાનું શાળાના વિષયોનું હોય, નવલ-કથાઓનું હોય કે ધાર્મિક સાહિત્યનું હોય.

૩. અથવા તેમાં પણ અરુચિ, અને કેવળ આળસુ બેસી રહેવાની, ઘણો વખત સૂવાની અથવા નકામા ગપાટા મારવાની ટેવ.

૪. પોતાની જે કાંઈ શક્તિઓ કે સદ્‌ગુણો હોય તેને વધારવાના વિચારને બદલે પોતાની ઊણપોનું જ ચિન્તન કરવાની ટેવ.

૫. બધે અનાસ્થા, અશ્રદ્ધા અને ભાવનાઓની શુષ્કતા.

૬. નિરીક્ષણ, અભ્યાસ અને અનુભવ દ્વારા તત્ત્વજ્ઞાનના અંતિમ સિદ્ધાન્તોની પ્રતીતિ કરવાના પ્રયત્નને બદલે કલ્પના, તર્ક અને શાસ્ત્રાર્થ દ્વારા, તથા અધ્યાસ અને કેવળ રટણ કરીને નિશ્ચય કરવાનો પ્રયત્ન.

૭. ધાર્મિક ગ્રંથોની અત્યુક્તિવાળી અને એકાંગી કથાઓ ને વર્તનનો આદર્શ સમજવાની ભૂલ — જેમ કે, અતિથિસત્કાર માટે કબીર યા ચેલૈયાનું આખ્યાન, નામસ્મરણ વિષે અજામિલની કથા વગેરે.

૮. કોઈ એક ગુણ, ધર્મ અથવા સાધન બધા ગુણો, ધર્મો અને સાધનોને પરિપૂર્ણ કરે છે એવું સમજવાની ભૂલ. ઉદાહરણરૂપે 'અહિંસા પરમો ધર્મ:' એમ કહ્યું છે, પરંતુ એનો અર્થ એવો તો નથી જ કે, બીજા ગુણો, ધર્મો અને સાધનોની કોઈ જરૂર નથી અને એક અહિંસાની પરાકાષ્ઠા થઈ એટલે, જેમ શરીર સાથે



છાયા આવે છે તેમ, બીજા ગુણો, ધર્મો અને સાધનો પોતાની મેળે જ પૂર્ણ થઈ જાય છે.

૯. વ્રત-તપ-સંયમો વિષે એક તરફથી ઘણા જ ઊંચા અને અસાધ્ય આદર્શની કલ્પના અને બીજી તરફથી ભોગોમાં સામાન્ય નિયમોનું પાલન કરવાની પણ અશક્તિ અને માનસિક અસ્થિરતા.

૧૦. એવું સાધન અને યુક્તિ શોધવાની ઇચ્છા કે જેથી જીવન સુખમાં વીતે, ઘણો પુરુષાર્થ અને ત્યાગ કરવો ન પડે, સાધન-સંયમ વગેરેનાં કષ્ટો ઉઠાવવાં ન પડે અને છતાં જીવનનો પૂર્ણ ઉત્કર્ષ અને શાંતિ પ્રાપ્ત થાય.

૧૧. "છોડીને સઘળા ધર્મો, મારું જ શરણું ધર;
હું તને સર્વ પાપોથી છોડાવીશ, નચિંત થા."
(ગીતાધ્વનિ, ૧૮–૬૬)

એમ કહીને એવી સાધના અને કર્તવ્યપાલનના પરિશ્રમમાંથી મુક્તિ આપનાર ગુરુની શોધ.

બીજાં પણ કેટલાંયે કારણો બતાવી શકાય — જેમ કે, અસંસ્કારી, કેવળ ધનલોલુપ અને જૂના વિચારોમાં મશગૂલ પરિવારની વચ્ચે જીવન, બાળવિવાહ વગેરે.

કમજોર સાત્ત્વિકતાનું આ નિદાન જો સાચું હોય તો એ સ્પષ્ટ છે કે, માણસ આ કારણોને જેટલે અંશે દૂર કરી શકે તેટલે અંશે પોતાની ઉન્નતિ સાધી શકશે, જીવનમાં સહેતુકતા, પ્રસન્નતા અને શાંતિ અનુભવી શકશે, અને પોતાની આજુબાજુ પોતાને અને બીજાઓને માટે પણ સારું વાતાવરણ પેદા કરી શકશે.

આ કારણોને દૂર કરવા માટે ત્રણ વસ્તુઓની જરૂર છે : (૧) કેટલીક બાબતો વિષે ભ્રમ-નિરાસ, (૨) ધૃતિ એટલે સ્થિરતા-પૂર્વક સતત પ્રયત્ન, અને (૩) અનુકૂળ કર્મયોગ. દરેક વિષે થોડું લખું છું.

૧. ભ્રમનિરાસ — ધર્મ અને સાધનયોગ સાથે સંબંધ રાખનારી અનેક બાબતોમાં આપણા મન પર ખોટા તત્ત્વજ્ઞાનના અથવા સાચા તત્ત્વજ્ઞાનની ખોટી સમજણના અને ખોટા આદર્શ અથવ

આદર્શની ખોટી કલ્પનાઓના સંસ્કારો પડેલા છે. મારી સમજ પ્રમાણે, મનુષ્યની કર્તૃત્વશક્તિના પ્રવાહને સૂકવી દેવામાં અથવા તેને રોકી દેવામાં શુદ્ધ અજ્ઞાનના કરતાં ભ્રમજનક જ્ઞાનનો હિસ્સો ઘણો મોટો છે. ઉદાહરણરૂપે કેટલાક ખોટા ખ્યાલો નીચે પ્રમાણે છે :

(ક) જ્ઞાન અને મોક્ષ. "ऋते ज्ञानान्न मुक्तिः । જ્ઞાન વિના મુક્તિ નથી," એવું ઉપનિષદનું સૂત્ર છે. પરંતુ જ્ઞાન શું અને મોક્ષ શું એ વિષે આપણા મન પર વિચિત્ર ખ્યાલોના સંસ્કાર પડેલા છે. જ્ઞાન પરથી સાક્ષાત્કાર અથવા કોઈ અનોખી — ગૂઢ વસ્તુનું દર્શન, ચોવીસ તત્ત્વોની સૂક્ષ્મ છણાવટ, માયાવાદ, અલિપ્તતા વગેરેના ખ્યાલો આવેલા છે. મોક્ષનો અર્થ જન્મમરણથી છુટકારો — એને આપણે જીવનનો સૌથી ઊંચો અને શ્રેષ્ઠ પુરુષાર્થ માનેલો છે. પછી જીવન સાથે સંબંધ રાખનારી સેંકડો બાબતો વિષે ઘોર અજ્ઞાન અને ભ્રમ હોવા છતાં, અને માનવી ઉત્કર્ષના અનેક આવશ્યક ગુણોનો અભાવ હોવા છતાં, પોતાની વાસનાઓનું પરીક્ષણ કર્યાં વગર અને તે દૂર કરવા યોગ્ય ઇલાજ મેળવ્યા વગર જ આપણે એકદમ જ્ઞાન અને મોક્ષની પ્રાપ્તિને પોતાનું ધ્યેય સમજવાનો ખ્યાલ રાખીએ છીએ, અને અનેક કૃત્રિમ સાધનોની પાછળ લાગીએ છીએ.

આપણે અભિમાન લઈએ છીએ કે, આપણા દેશે અધ્યાત્મ-વિદ્યામાં પરાકાષ્ઠા કરેલી છે અને કેવળ આત્માનું અવિનાશિત્વ જ નહીં પણ એનું બ્રહ્મ — એટલે વિશ્વના મૂળ તત્ત્વ — સાથે તાદાત્મ્ય સિદ્ધ કર્યું છે. તોપણ કેટલું આશ્ચર્ય છે કે, આપણને જન્મમૃત્યુનો જેટલો ડર છે તેટલો કોઈ બીજી અજ્ઞાની માનવ યા માનવેતર જાતિઓમાં પણ નથી. વસ્તુતઃ જોઈએ તો જન્મ તો થઈ ગયો છે અને ગર્ભવાસ તથા જન્મસમયના સુખદુઃખનું આપણને કશું સ્મરણ નથી. સાચું તો એ છે કે, એ પરિસ્થિતિમાં દસ માસનો ગર્ભવાસ જ જીવન માટે સુરક્ષિત સ્થાન હોય છે અને ત્યાર પછી યોગ્ય સમયે એનું બહાર નીકળવું હિતકર છે. પરંતુ કલ્પનાથી આપણે ભવિષ્ય કાળના જન્મોનું ચિત્ર ખડું કરીએ છીએ. અને કવિએ ગર્ભવાસની યાતનાઓનું જે કાલ્પનિક વર્ણન ધાર્મિક ગ્રંથોમાં



કર્યું છે તેને સાચું માનીને તેમાંથી છૂટવાની ચિંતામાં પડીએ છીએ. આ વાત મૃત્યુનીયે છે. મૃત્યુનો ભય એક રીતે સ્વાભાવિક કહી શકાય. એને માટે આત્મ-અનાત્મ વિવેક ઠીક છે. જો એટલુંયે માણસ દૃઢ કરી શકે તો પૂરતું છે. એ ન કરી શકે તોયે,

"જન્મ્યાનું નિશ્ચયે મૃત્યુ, મૂઆનો જન્મ નિશ્ચયે;
માટે જે ન ટળે તેમાં તને શોક ઘટે નહીં"—

(ગીતાધ્વનિ, ૨–૨૭)

એ વિચાર પાકો કરી લે તોયે બસ છે. પરંતુ આપણા મન પર તો આ દેહના મૃત્યુનો નહીં પણ અનેક જન્મોના ભાવી મૃત્યુનો ભય સવાર થયેલો છે, અને કલ્પનાથી બનેલા એ જન્મમૃત્યુના ભયથી છુટકારો મેળવવો એ આપણા જીવનનું લક્ષ્ય બને છે.

(ખ) નામસ્મરણ — આપણા સાધનમાર્ગમાં પણ એવી ઘણી કૃત્રિમતાઓ અને વિલક્ષણતાઓ ઉત્પન્ન થઈ ગઈ છે. ચિત્તશુદ્ધિની સાધનામાં નામસ્મરણ એ એક સારી મદદરૂપ થાય છે અને તેમાં જપની સંખ્યા કરતાં સતત જાગૃતિનું મહત્ત્વ છે. પરંતુ કવિએ એનો મહિમા વર્ણવતાં અનેક ખોટાં દૃષ્ટાન્તો ઊભાં કર્યાં છે. એથી કોઈ પણ રીતે માળા ફેરવતા રહેવું અને જપબૅન્કમાં જપોની રકમ જમા કરાવવી એને જ સાધના માનેલી છે !

(ગ) સંયમ — મન, જ્ઞાનેંદ્રિયો, અને કર્મેન્દ્રિયોના સંયમ — નિયંત્રણ સિવાય કોઈ પુરુષ યા સ્ત્રી પોતાનો શારીરિક, બૌદ્ધિક યા માનસિક વિકાસ અને ગુણોત્કર્ષ કરી શકતાં નથી. પણ એની એકેક બાબતનું વિગતવાર વર્ણન આપવામાં આવે છે ત્યારે દરેકનો એક એક મોટો વિલક્ષણ આદર્શ અને મહિમા ઊભો કરવામાં આવે છે. સ્વભાવની પ્રાકૃતિક – નૈસર્ગિક પ્રેરણાઓને સુસંસ્કૃત કરવા અને તેના પર પોતાનું સ્વામિત્વ જમાવવાનો ક્રમ-માર્ગ નિર્માણ કરવાને બદલે એ પ્રેરણાઓનો નાશ કરવાનો આદર્શ રાખવામાં આવે છે અને જુદી જુદી જાતનાં ઇન્દ્રિય-દમનનાં વ્રત-તપ અને કૃત્રિમ નિયમોનું આચરણ કરવામાં આવે છે. એનું પરિણામ એ આવે છે કે, સાત્ત્વિક વૃત્તિના લોકોની ઘણી શક્તિ એ પ્રેરણાઓને દબાવવાના નિષ્ફળ

પ્રયત્નમાં ખર્ચાઈ જાય છે. જીવનના અંત સુધી દમનની પૂર્ણ સિદ્ધિ તો મળતી પણ નથી. વચમાં વચમાં જોરથી પ્રકૃતિ પોતાનું બળ બતાવતી રહે છે અને તેને લઈને વ્યક્તિ એકાદ જબરદસ્ત અને શરમજનક ભૂલ કરે છે અને વર્ષોની તેની સાધના અને પ્રતિષ્ઠા પર પાણી ફરી જાય છે, અને કોઈ કોઈ વાર તો તે દંભના નરકમાં પડે છે. એના કરતાં તો જે લોકો સાધનાની પાછળ ન પડતાં આચરણની એક ધર્મ્ય મર્યાદામાં રહીને નિયત જીવન ગાળે છે તેઓ વધારે તેજસ્વી, કર્તવ્યનિષ્ઠ, પ્રસન્નચિત્ત અને નીરોગી પણ જણાય છે.

"રોકી કર્મેન્દ્રિયો રાખે, ચિત્તમાં સ્મરતો રહે
વિષયોને મહામૂઢ – મિથ્યાચાર ગણાય તે.
મનથી ઇંદ્રિયો નીમી આસક્તિવિણ આચરે,
કર્મેન્દ્રિયે કર્મયોગ, તે મનુષ્ય વિશેષ છે."

(ગીતાધ્વનિ, ૩–૬, ૭)

આ પ્રમાણે અનેક જાતના આદર્શ, સાધના, પૂજાવિધિ, સદાચાર-દુરાચારના નિયમો, પૂર્ણતા-અપૂર્ણતાની કલ્પના વગેરે વિષે ખોટા ખ્યાલોના આપણા મન પર ઊંડા સંસ્કાર પડેલા છે. એ આપણી શક્તિઓનો નાશ કરે છે અને પ્રત્યક્ષ અજ્ઞાન, રોગ, દારિદ્ર, આપસનાં વેર, છળકપટ, ગુલામી વગેરે જે દુઃખોમાંથી મુક્ત થવા માટે આપણી સાત્ત્વિક બુદ્ધિનો ઉપયોગ થવો જોઈએ અને આપણી કર્તૃત્વશક્તિ લાગવી જોઈએ તે દુઃખોને દૂર કરવાનો પુરુષાર્થ કરવામાંથી રોકે છે. ભ્રમોની શિલા નીચે આપણા પુરુષાર્થનો ઝરો છુપાયેલો છે. એ શિલાને દૂર કર્યા વિના એ ઝરો બહાર ન નીકળી શકે.

(૨) ધૃતિ — આ બીજી મહત્ત્વની વસ્તુ છે. ગીતામાં બુદ્ધિ અને ધૃતિના ભેદોનું પાસે પાસે વર્ણન છે. તોપણ આપણા શાસ્ત્રીય ગ્રંથોમાં ધૃતિના મહત્ત્વ અને વિકાસ પર ઓછું ધ્યાન અપાયું છે. આપણા વિદ્વાનોમાં બુદ્ધિને નામે સૂક્ષ્મ તાર્કિકતાનો ઘણો વધારે વિકાસ થયો છે. પરંતુ તેમણે ધૃતિ વિષે ઘણો ઓછો ખ્યાલ કરેલો



છે એમ જણાય છે. ધૃતિનો અર્થ ધારણશક્તિ. બુદ્ધિથી એક સિદ્ધાન્તનો નિર્ણય તો કર્યો, પણ નિષ્ઠાથી એ સિદ્ધાન્ત પર પોતાની જીવનવ્યવસ્થા કરવા માટે જે દૃઢતા જોઈએ તેમાં આપણે ઘણા ઢીલા છીએ. સિદ્ધાન્તમાં આપણે બધા વેદધર્મી, જૈનધર્મી, બૌદ્ધધર્મી પ્રાણીમાત્રની સમાનતાના સિદ્ધાન્તને એટલા વ્યાપક રૂપમાં પ્રતિપાદન કરીએ છીએ કે જે માટે કોઈ મુસલમાન કે ખ્રિસ્તીની હિંમતે ન થાય.

"વિદ્વાન વિનયી વિપ્રે, તેમ ચાંડાળને વિષે,
ગાયે, ગજેય, શ્વાનેયે જ્ઞાનીને સમદૃષ્ટિ છે."

(ગીતાધ્વનિ, ૫–૧૮)

એટલા વિશાળ રૂપમાં સમતાનું પ્રતિપાદન કરવાની સાધારણ મુસલમાન કે ખ્રિસ્તીની હિંમત નહીં થાય. કમમાં કમ, મનુષ્ય અને ઇતર પ્રાણીઓની વચ્ચે ભેદદૃષ્ટિ રાખવાની કદાચ તે પોતાની ફરજ પણ બતાવશે. પણ આટલા મોટા સિદ્ધાન્તનું શિક્ષણ મળ્યા છતાંયે આપણા ધર્માત્મા યા બ્રહ્મનિષ્ઠ પંડિત અને આપણા અનેક સુધારક વિચારક — પરંતુ મોટા પરિવારમાં રહેનારા — કાર્યકર્તાઓની હિંમત થતી નથી કે તેઓ પોતાના ઘરના અંદરના ભાગમાં અછૂતને — હારજનને લઈ જાય અને પોતાના આસન પર બેસાડે તથા તેની સાથે ભોજન કરે. આનું કારણ એ છે કે, આપણે બુદ્ધિને વધારી છે — ધૃતિને વધારી નથી. આચારને વખતે આપણે ડગલે ને પગલે વ્યાવહારિક મુસ્કેલીઓનો વિચાર કરીએ છીએ, પરિણામોથી અર્થાત્ પોતા પર આવનારી મુસ્કેલીઓથી ડરીએ છીએ, અને કાંઈક ને કાંઈક બહાનું કાઢીને સિદ્ધાન્ત પર ચાલવાનું ટાળીએ છીએ. ધૃતિશક્તિને વધારવી એ કેવળ પોતા માટે નહીં પરંતુ બુદ્ધિની શુદ્ધિ-વૃદ્ધિ માટે પણ ઘણું જરૂરી છે. કારણ કે, જ્યારે કોઈ સિદ્ધાન્ત પર આપણે કેટલી હદ સુધી ચાલી શકીએ છીએ એ નજરે તેની પરીક્ષા કરીએ ત્યારે સિદ્ધાન્તોના પ્રતિપાદનમાં કાંઈ સંશોધનની જરૂર છે કે કેમ તે આપણે શોધી શકીએ. અને એ યાદ રાખવું જોઈએ કે, જ્યાં સુધી પોતાના સિદ્ધાન્ત અને

વર્તનમાં મેળ બેસતો નથી ત્યાં સુધી કોઈ પ્રામાણિક માણસને શાંતિ મળી શકતી નથી.

(૩) અનુકૂળ કર્મયોગ — જો આપણે ધૃતિનું મહત્ત્વ સમજી લઈએ તો એ માટે અનુકૂળ કર્મયોગની અનિવાર્યતા તરત જ માલૂમ પડશે. એક સિદ્ધાન્તને જો આપણે માનીએ અને એના પર દૃઢ રહેવાની જરૂરિયાત સ્વીકારીએ તો તેને — નાના પાયા પર જ કેમ ન હોય — શરૂ કરવાનું જરૂરી થઈ પડે. કોઈ બાહ્ય સાધનાની જરૂર પડે તો તેને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવામાં આવે; કોઈના સાથની જરૂર લાગે તો સાથી શોધવામાં આવે; માહિતી પ્રાપ્ત કરવી હોય તો સાહિત્ય વાંચવામાં આવે; શારીરિક શક્તિઓની — સંયમની કમી જણાય તો એને વધારવાની કોશિશ કરવામાં આવે; ઉપાસનાની ઊણપ જણાય તો તેને તીવ્ર કરવામાં આવે. ટૂંકમાં, એ બેસી રહેતો નથી, ઉદ્યોગપરાયણ થાય છે, અને પોતાની નજીકમાં વાતાવરણ પેદા કરવામાં તે સફળ થાય છે.

હું આશા રાખું છું કે, આ થોડા વિચારો પોતાની સાત્ત્વિકતાની કમજોરી દૂર કરવાની ઇચ્છા રાખનારા મિત્રોને કાંઈક મદદગાર થશે.

૧-૧૨-'૪૬

(મૂળ હિંદુસ્તાની પરથી)

('શિક્ષણ અને સાહિત્ય')

# ૧૬

## કર્મક્ષય અને પ્રવૃત્તિ

એક સજ્જન મિત્ર લખે છે: "કેટલાક સાધુઓ કહે છે કે કર્મનો સંપૂર્ણ ક્ષય થયા વિના મોક્ષ સંભવતો નથી. અને કર્મથી નિવૃત્ત થયા વિના કર્મક્ષય સંભવતો નથી. માટે નિવૃત્તિમાર્ગ જ આત્મજ્ઞાન અથવા મોક્ષનો માર્ગ છે. કેમ કે, જે કાંઈ કર્મ કરવામાં આવે તેનું ફળ અવશ્ય થવાનું જ. એટલે કે, જ્યાં સુધી મનુષ્ય કર્મમાં પ્રવૃત્ત રહેશે ત્યાં સુધી, ભલે તે અનાસક્તિથી કરતો હોય તોયે, કર્મફળના ભારથી મુક્ત નહીં થઈ શકે. તેથી, કર્મબંધનનું આવરણ હઠવાને બદલે ઊલટું ઘાટું થશે. પરિણામે, તેની સાધના ખંડિત થશે. લોકકલ્યાણની દૃષ્ટિએ ભલે અનાસક્તિવાળો કર્મયોગ ઇષ્ટ હોય, પણ તેથી આત્મજ્ઞાનની સાધના સફળ નહીં થાય. આ વિષે તમારા વિચાર જાણવા ઇચ્છું છું."

મારા નમ્ર મત પ્રમાણે કર્મ શું, કર્મનું બંધન અને ક્ષય શું, પ્રવૃત્તિ અને નિવૃત્તિ શું, આત્મજ્ઞાન અને મોક્ષ શું, વગેરેની આપણી કલ્પનાઓ ઘણી અસ્પષ્ટ હોવાથી આ બાબતમાં આપણે ગૂંચવાઈ જઈએ છીએ, અને સાધનોમાં ગોથાં ખાઈએ છીએ.

આ બાબતમાં પહેલાં એ સમજી લેવું જોઈએ કે શરીર, વાણી કે મનની ક્રિયામાત્ર એટલે કર્મ, એવો જો અર્થ લઈએ તો જ્યાં સુધી દેહ છે ત્યાં સુધી કર્મ કરવાનું સાવ છોડી દેવું શક્ય જ નથી. કથાઓમાં આવે છે તેમ કોઈ મુનિ સો વર્ષ સુધી નિર્વિકલ્પ સમાધિમાં નિશ્ચેષ્ટ થઈને ભલે પડી રહે, પણ જે ક્ષણે તે ઊઠશે તે ક્ષણે તે કાંઈક પણ કર્મ કરવાનો જ. આ ઉપરાંત, જો આપણી એવી કલ્પના હોય કે આપણું વ્યક્તિત્વ દેહથી પર જન્મજન્માંતર પામતું જીવરૂપે છે, તો તો દેહ વિનાયે તે ક્રિયાવાન રહેશે. જો કર્મથી નિવૃત્તિ થયા વિના કર્મક્ષય થઈ શકે એમ ન હોય તો કર્મક્ષય થવાનો ક્યારેયે સંભવ નથી એમ અર્થ થાય.

માટે નિવૃત્તિ અથવા નિષ્કર્મતાનો અર્થ સ્થૂળ નિષ્ક્રિયતા સમજવામાં ભૂલ થાય છે. નિષ્કર્મતા સૂક્ષ્મ વસ્તુ છે. તે આધ્યાત્મિક એટલે બૌદ્ધિક, માનસિક, નૈતિક, ભાવના (લાગણી) વિષયક અને એથીયે પર બોધાત્મક (સંવેદનાત્મક) છે. क, ख, ग, घ ચાર જણા प, फ, ब, म ચાર ભૂખ્યાઓને સરખું અન્ન આપે છે. ચારે બાહ્ય કર્મ કરે છે, અને ચારેને સરખી સ્થૂળ તૃપ્તિ થાય છે. પણ क લોભથી આપતો હોય, ख તિરસ્કારથી આપતો હોય, ग પુણ્યેચ્છાથી આપતો હોય અને घ આત્મભાવથી સહજપણે આપતો હોય. તેમ જ प દુઃખ માની લેતો હોય, फ મહેરબાની માની લેતો હોય, ब ઉપકારક ભાવે લેતો હોય અને म મિત્ર ભાવે લેતો હોય. આવા ભેદોને પરિણામે અન્નવ્યય અને ક્ષુધાતૃપ્તિરૂપી બધાનું બાહ્ય ફળ સરખું હોવા છતાં કર્મનાં બંધન અને ક્ષયની દૃષ્ટિએ ઘણો ફરક પડી જાય છે. તે જ પ્રમાણે क, ख, ग, घ પાસે प, फ, ब, म અન્ન માગે, અને ચારે જણ તેમને ન જમાડે, તેમાં કર્મથી સરખી પરાવૃત્તિ છે; અને ચારેની સ્થૂળ ભૂખ પર સરખું પરિણામ થાય છે. છતાં, ન જમાડવાની કે અન્ન ન પામવાની પાછળની બુદ્ધિ, લાગણી, નીતિ, સંવેદના વગેરેના ભેદથી એ કર્મપરાવૃત્તિથી કર્મનાં બંધન અને ક્ષય સરખાં નહીં થાય.

ત્યારે, અહીં પ્રવૃત્તિ અને નિવૃત્તિ સાથે પરાવૃત્તિ અને વૃત્તિ શબ્દ પણ યાદ રાખવા જેવા છે. પરાવૃત્તિ એટલે નિવૃત્તિ નહીં. પણ ઘણાખરા લોક પરાવૃત્તિને જ નિવૃત્તિ માની બેસે છે. અને વૃત્તિ અથવા વર્તનુ એટલે પ્રવૃત્તિ નહીં. પણ ઘણાખરા લોકો વૃત્તિને જ પ્રવૃત્તિ સમજે છે. વૃત્તિ એટલે માત્ર વર્તવું. પ્રવૃત્તિ એટલે ખાસ જાતના આધ્યાત્મિક ભાવોથી વર્તવું. પરાવૃત્તિ એટલે વર્તનનો અભાવ; નિવૃત્તિ એટલે વૃત્તિ તેમ જ પરાવૃત્તિ સંબંધી પ્રવૃત્તિથી જુદા પ્રકારની એક વિશેષ પ્રકારની આધ્યાત્મિક સંવેદના.

હવે કર્મબંધન અને કર્મક્ષય વિષે ઘણાના મનમાં કાંઈક એવો ખ્યાલ રહેલો લાગે છે કે કર્મને નામે જાણે દરેક પાસે એક જાતની પૂંજી છે. પાંચ હજાર રૂપિયા પેટીમાં મૂકી રાખ્યા હોય, અને



તેમાં કાંઈ ઉમેરો ન થાય પણ ખર્ચાયા કરે તો બે-ચાર વર્ષે કે પચીસ વર્ષે પણ છેવટે તે ખૂટી જવાના. પણ જો માણસ તેને ધંધામાં રોકે તો તેમાં વધઘટ થવાની અને સંભવ છે કે પાંચ હજારના લાખ પણ થઈ જાય અને લાખ ન થતાં ઊલટું દેવું થઈ જાય, તો તે ખોટ પણ ચિંતા અને દુઃખ ઉત્પન્ન કરે. સામાન્ય રીતે માણસો આવી ચિંતા અને દુઃખના સંભવથી ગભરાતા નથી અને લાખ થવાના સંભવથી નાખુશ થતા નથી. તેઓ રૂપિયાનો ક્ષય કરવા ઇચ્છતા નથી, અને રૂપિયાના બંધનમાં પડવાથી ત્રાસ પામતા નથી. નિવૃત્તિમાર્ગી સાધુઓ પણ મંદિરોમાં અને પુસ્તકાલયમાં વધતા પરિગ્રહથી ચિંતાતુર થતા નથી. પણ કર્મ નામની પૂંજીને આપણે એવી કલ્પી છે કે તે જાણે એક પોટલું હોય અને તે ખોલી નાખી, જેમ બને તેમ ખુટાડી દેવામાં જ શ્રેય હોય, કર્મોનો વેપાર કરી તેમાંથી લાભ ઉઠાવવામાં નહીં. કર્મને પૂંજીની જેમ સમજવાથી તેને ખુટાડવાની આવી કલ્પના ઊઠી છે.

પણ કર્મનો વળગાડ રૂપિયાની પોટલી જેવો નથી. અને વૃત્તિ-પરાવૃત્તિ (અથવા સ્થૂળપ્રવૃત્તિ-નિવૃત્તિ)થી એ પોટલી ઘટતી-વધતી નથી. જગતમાં કોઈ પણ ક્રિયા થાય, જાણ્યે થાય કે અજાણ્યે થાય, તે વિવિધ પ્રકારનાં સ્થૂળ અને સૂક્ષ્મ પરિણામો એકી વખતે કે જુદે જુદે વખતે, તુરત જ કે કાળાંતરે, એકી સામટાં કે રહી રહીને ઉપજાવે છે. એ પરિણામો પૈકી એક પરિણામ તે કર્મ કરનારના જ્ઞાન અને ચારિત્રની ઉપર કોઈક જાતની રજ જેટલીયે અસર ઉપજાવવી તે થાય છે. કરોડો કર્મોની એવી કરોડો અસરોને પરિણામે દરેક જીવનું જ્ઞાન-ચારિત્રનું વ્યક્તિત્વ ઘડાય છે. એ ઘડતર જો ઉત્તરોત્તર શુદ્ધ થતું જાય, વધારે ને વધારે જ્ઞાન, ધર્મ, વૈરાગ્ય ઇત્યાદિ પ્રત્યે ઢળતું જાય તો તેના કર્મનો ક્ષય થાય છે એમ કહેવાય. જો તે ઉત્તરોત્તર અશુદ્ધ થતું જાય, અજ્ઞાન, અધર્મ, રાગ ઇત્યાદિ પ્રત્યે વધતું જાય તો તેના કર્મનો સંચય થાય છે એમ કહેવાય. આમ, કર્મોની વૃત્તિ-પરાવૃત્તિ નહીં, પણ કર્મની જીવના જ્ઞાન-ચારિત્ર પર થતી અસર તે બંધ અથવા મોક્ષનું કારણ છે.

જીવન દરમ્યાન મોક્ષ એટલે એવી એક ઉચ્ચ સ્થિતિનો આદર્શ, કે જે સ્થિતિ પ્રાપ્ત થયા પછી તે વ્યક્તિના જ્ઞાન-ચારિત્ર પર એવી અસર ઊપજી જ ન શકે કે જેથી તેમાં ફરીથી અશુદ્ધિ પેસી શકે.

આ માટે કરવાનાં કર્મોનો વિવેક તો જરૂર કરવો પડે. દા. ત., અપકર્મ ન કરાય; સત્કર્મ જ કરાય; કર્તવ્યરૂપ કર્મ કરવાં જ જોઈએ; અકર્તવ્ય કર્મો છોડવાં જ જોઈએ; ચિત્તશુદ્ધિમાં મદદગાર એવાં દાન, તપ અને ભક્તિનાં કર્મો કરવાં ઘટે વગેરે. તે જ પ્રમાણે કર્મો કરવાની રીતમાંયે વિવેક કરવો પડે; જેમ કે જ્ઞાનપૂર્વક કરવાં; કાળજીપૂર્વક કરવાં; સત્ય, અહિંસા આદિ નિયમો સંભાળીને કરવાં; નિષ્કામપણે અથવા અનાસક્તિથી કરવાં વગેરે. પણ કર્મોથી પરાવૃત્ત થવાથી કર્મક્ષય થાય છે એ કલ્પના ભૂલભરેલી છે. કર્તવ્યરૂપ કર્મથી પરાવૃત્ત થવાથી કદાચ સકામપણે અથવા આસક્તિથી કરેલાં સત્કર્મોથી વધારે કર્મબંધ થવાનો પૂરો સંભવ છે.

આની વધારે સવિસ્તર ચર્ચા માટે 'ગીતામંથન' વાંચવા વિનંતી છે.

ડિસેમ્બર, ૧૯૪૧
('મહાવીર જૈન વિદ્યાલય રજત-સ્મારક')

૧૭

# ધર્મ અને તત્ત્વજ્ઞાન*

. . . તત્ત્વજ્ઞાન અને ધર્મના વિષય પર હું લખતો આવ્યો છું એ સાચું. પણ, તેથી, જો કોઈની એવી કલ્પના થતી હોય કે મેં એ વિષય પર ઘણાં પુસ્તકો ચાળ્યાં હશે, અને કેટલાંકનો તો બહુ ઝીણવટથી અભ્યાસ કર્યો હશે, તો તે ભૂલ છે. नाऽमूलं लिख्यते किंचित् એ પ્રાચીન પ્રણાલિકાનું પાલન કરવાની મારામાં લાયકાત નથી. આમ આ વિષયમાં વિદ્વત્તાની કસોટીએ હું નાપાસ થાઉં એવો સંભવ છે.

તત્ત્વજ્ઞાન તથા ધર્મના વિષયોને સાહિત્યિક અભ્યાસની દૃષ્ટિએ કે ધાર્મિક વાચનના જ શોખની દૃષ્ટિએ મેં ભાગ્યે જ વિચાર્યા છે. ભક્તિમય જીવન મને ગળથૂથીમાં જ મળેલું હતું, પણ જ્યાં સુધી તત્ત્વજ્ઞાન અને ધર્મનો ઊંડો વિચાર કર્યા વિના મારું જીવન મને ચૂંથાઈ ગયા જેવું લાગ્યું નહીં, ત્યાં સુધી મેં એમાં ઝાઝું ડહોળવા માંડ્યું નહોતું. જ્યારે મારી ખાતરી થઈ કે 'જ્યાં લગી આતમા તત્ત્વ ચીન્યો નહીં, ત્યાં લગી સાધના સર્વ જૂઠી,' ત્યારે મારો એની પાછળ લાગ્યા વિના છૂટકો જ ન થયો. આમ મારે એની સાધના અને શોધમાં ઊતરવું પડ્યું. એ ઊતરવામાં જેટલી મને જરૂર લાગી તેટલું જ મેં વાંચ્યું. અને જે વાંચ્યું તેમાંથી ઉપયોગી લાગ્યા તેટલા સંસ્કારો લઈ લીધા, બાકીનું છૂટી ગયું.

આટલી મર્યાદાઓ સાથે મારા વિચારોને વાચકે લેવાના

ધર્મ અને તત્ત્વજ્ઞાનના વિષયોમાં કેટલાયે પ્રશ્નો આજે વિદ્વાનો મૂંઝવી રહ્યા છે. કેટલાક વિષયો પર મારા વિચારો સાધારણ રી આજે જે માન્યતાઓ પ્રચલિત છે તેથી જુદી દિશામાં વહે છે આ બધાની સવિસ્તર ચર્ચા કરવી શક્ય નથી. આથી, મેં એ

* ઈ. સ. ૧૯૩૭ના ડિસેમ્બરમાં કરાંચીમાં ભરાયેલા ગુજરાતી સાહિ સંમેલનના ધર્મ અને તત્ત્વજ્ઞાન વિભાગના પ્રમુખપદેથી આપેલા ભાષણમાં

વિચાર કર્યો છે કે, મારાં મંતવ્યોને, દલીલો વિના, લગભગ સૂત્રરૂપે, આના પરિશિષ્ટરૂપે મૂકી દેવાં, અને તેની પ્રસ્તાવનારૂપે કેટલાક વિચારો રજૂ કરવા.

પાશ્ચાત્ય સંસ્કૃતિ ભૌતિક અથવા આસુરી છે, અને પૂર્વની અથવા આર્યોની સંસ્કૃતિ આધ્યાત્મિક અથવા દૈવી છે; હિંદુસ્તાનની પ્રજા બહુ ધર્મપરાયણ છે અને એ જ એની પડતીનું કારણ છે, વગેરે વગેરે કહેવાનો આપણા દેશમાં શિરસ્તો છે. હું આવું માનતો નથી એમ કહેવાથી કોઈને આઘાત પહોંચે તો મને ક્ષમા કરે. એ વાત સાચી છે કે વેદાન્તની ભાષા અને જપ-વાક્યો (સ્લોગનો) આપણા દેશના ખૂણેખૂણામાં પસરી ગયાં છે, ચોમાસાનાં ઘાસની પેઠે આપણા દેશમાં સંપ્રદાયો ઊગી નીકળે છે, સાધુઓનાં ટોળાં આખા દેશમાં મળી આવે છે, રાજકીય આગેવાનો કરતાં બ્રહ્મજ્ઞાનીઓની સંખ્યા વધારે હોવાનો સંભવ છે, અને સંસારના દુઃખે દાઝેલા કેટલાયે લોકોને ભર-તારુણ્યમાં વૈરાગ્ય આવી જાય છે. છતાં મને લાગે છે કે, કંઈ નહીં તોયે હજારેક વર્ષથી આપણા દેશમાં ધર્મનો હ્રાસ થઈ ગયો છે; તત્ત્વની કહો કે ઈશ્વરની કહો, પ્રાણવાન નિષ્ઠાનો ઘણે અંશે લોપ થઈ ગયો છે; અને આપણી સંસ્કૃતિમાં નથી અધ્યાત્મનું, નથી ધર્મનું, કે નથી ભૌતિક વિદ્યાનુંયે બળ રહ્યું. પણ અધ્યાત્મનો વાગો પહેરેલી ક્લોરોફૉર્મ સૂંઘતી પડેલી કોઈક સંસ્કૃતિનું શરીર પડેલું છે. આવા મોટા દેશમાં વચ્ચે વચ્ચે કબીર, નાનક, સહજાનંદ, દયાનંદ કે ગાંધીજી જેવી એચાર લોકોત્તર વ્યક્તિઓ નીકળી આવે અને સમાજને ખળભળાવી મૂકે એ કાંઈ મોટી વાત ન કહેવાય. પણ એમનો દરેકનો ફાળો જોઈશું તો માલૂમ પડશે કે એમણે પ્રચલિત તત્ત્વજ્ઞાન કે ધર્મમાં કાંઈ નવો ફાળો આપ્યો છે તે કરતાં તેના પર પ્રહારો જ વધારે કર્યા છે. જેમ ખેતરમાં પેઠેલો દાભ કેવળ ઉપર ઉપરથી વાઢ્યે જતો નથી, પણ તેને ખોદી નાખવો અને બાળવો પડે છે, તેમ તત્ત્વજ્ઞાન અને ધર્મના ક્ષેત્રમાં પેઠેલા દાભને ઉખાડવા તેમનામાંના કેટલાકે પ્રયત્ન કર્યા અને તેમાં જ તેમનું આખું જીવન ચાલ્યું ગયું. એમાંથી કાંઈ પાક લેવાનો



એમને પોતાને ભાગ્યે જ અવસર મળ્યો. એમની પછીનાઓએ તો થોડા જ વખતમાં પાછો એટલો ને એટલો દાભ વધાર્યો.

હિંદુસ્તાનમાં દેખાતા ભક્તિભાવ વિષે કબીર એક પદમાં કહે છે :—

> ऐसी दिवानी दुनिया भक्तिभाव नहिं बूझेजी।
> कोअी आवे तो बेटा माँगे यही गुंसाई दीजेजी।
> कोअी आवे दु:खका मारा हम पर किरपा कीजेजी।
> कोअी आवे तो दौलत माँगे भेट रुपैया लीजेजी।
> साँचेका कोअी गाहक नाहीं जूठे जगत खोजेजी।
> कहे **कबीर** सुनो भाअी साधो अन्धोंको क्या कीजेजी।

પણ અધ્યાત્મ અને ધર્મ સામેના આ પ્રહારો અને આજે યુનિવર્સિટીઓમાંથી નીકળેલા વિદ્વાનોના પ્રહારોમાં ઘણો ફરક છે. સંતોએ પોતાના દેશના લોકોને વધારે નજીકથી અને ઊંડાણથી જોયા હતા, અને પોતે ક્લોરોફૉર્મના ઘેનનો અનુભવ લઈ ચૂકેલા હતા, એટલે એમનો પ્રયત્ન ક્લોરોફૉર્મ ઉતારવાનો હતો. અર્વાચીન વિદ્વાનો આમ માનતા નથી. તેઓ ધારે છે કે જો આધ્યાત્મ અને ધર્મનો વાગો ફાડી નાખવામાં આવે તો ક્લોરોફૉર્મ ઊતરી જાય અને આપણી પ્રજામાં નવો પ્રાણ આવી જાય. આ કપડાં બદલીને સાહેબ બનવા જેવું છે. એથી 'સાહેબ' કહેવાઈ જઈએ ખરા, પણ મનમાં જો હીનતાનો સંસ્કાર રહી ગયો હોય તો ગોરા સાહેબ આગળ તેજોહીન થઈને જ ઊભા રહેવું પડે.

બધી જાતની જ્ઞાનપ્રાપ્તિમાં મસ્તીનો એક કાળ આવી જાય છે. નવું અંગ્રેજી શીખતો છોકરો માને 'બ્રિંગ વૉટર' 'મી વૉન્ટ હૉટ હૉટ બ્રેડ'ના હુકમો છોડે છે; પછી સંસ્કૃત શીખવા માંડે છે ત્યારે 'જલં આનય' 'ઉષ્ણા ઉષ્ણા ગૌધપત્રિકાં યચ્છ' હુકમ કરે છે. તેવો જ મસ્તીનો કાળ તત્ત્વજ્ઞાનમાંયે આવે છે. 'હું બ્રહ્મ છું, હું આ વિશ્વનો આત્મા છું, હું જ રામ છું, હું જ કૃષ્ણ છું,' એવું એવું બોલતો તે આનંદમાં ડોલવા લાગે છે. ભૌતિક વિદ્યાઓમાંયે એવી મસ્તી ચડે છે. જેમ કોઈ ભક્ત 'રામ રામ' કે 'શિવ શિવ

કહે છે, તેમ તે 'અણુ, અણુ, અણુ,' કે 'મૅટર, મૅટર,' કહે છે. પણ મસ્તી એ ક્યારેય જ્ઞાન નથી. એ અપચાની નિશાની છે. આત્મામાં મસ્તીને માટે મને ક્યાંય અવકાશ દેખાતો નથી. જો હું આત્મા કે બ્રહ્મ છું તો બાકીનું જગત શું ઠીકરું છે? જો હું જ રામ છું, કૃષ્ણ છું, ઈશુ છું, મહંમદ છું, તો જગતનાં બીજાં પ્રાણીઓ શું છે? અને શું કામ કોઈને એમ કહેવાની મસ્તી નથી આવતી કે 'હું જ રામો ભંગી છું, હું જ કાનો ચમાર છું, જગતની હીનમાં હીન વસ્તુ હું જ છું'? આખુંયે જગત એક જ ચૈતન્યતત્ત્વ છે એમ દૃઢ પ્રતીતિ થઈ હોય તો બ્રહ્માનંદની ખુમારી માટે ક્યાં અવકાશ રહે છે? ચિત્તમાં હું અને બ્રહ્મ બન્નેને એકી વખતે રહેવાની જગ્યા જ ક્યાં છે?

હકીકત એ છે કે આપણા પૂર્વજોએ આખા જગતમાં એક અખંડ, અવિનાશી, અમેય ચૈતન્યનું અસ્તિત્વ તારવ્યું, પણ આપણે એને એવી રીતે સાધ્યું કે જેથી આપણું પ્રત્યગભિમાન ટળવાને બદલે ઊલટું પાકું થયું. આપણે રીઢા વ્યક્તિવાદી બન્યા. જેને પોતાના જ હિતની વધારે ચિંતા લાગે અને જગતની બિલકુલ ન લાગે તે વધારે સાચો મુમુક્ષુ કહેવાય!

આપણે જે રીતે તત્ત્વજ્ઞાનને સાધ્યું તેનું પરિણામ ભક્તિમાર્ગ પર પણ સારું નથી આવ્યું. એથી ભક્તિમાર્ગ કૃત્રિમ તો બન્યો જ, પણ વ્યભિચારીયે બન્યો. એકેશ્વરનિષ્ઠા, અનન્યાશ્રય, એકાંતિક ભક્તિ, અહૈતુકી ભક્તિ વધવાને વાતાવરણ જ ન રહ્યું. વૈદિક દેવો કરતાંયે દેવોની સંખ્યા વધી ગઈ, અને ગુરુશાહીને માટે માર્ગ મોકળો થયો તે જુદો. "छोड़ीके श्रीकृष्ण देव, औरकी जो करूँ सेव, काटी डारो कर मेरो तीखी तलवारसे" એવી અનન્યતા કોઈક વ્યક્તિઓની જ વિશિષ્ટતા બની. અને તે કેટલાકના મત પ્રમાણે અનુદારતાયે ગણાય છે. જ્ઞાની તો બધાનાં સ્તોત્રો રચે, અને બધાને પૂજે અને બધાનો મહિમા વધારે, અને બીજી જ ક્ષણે "કોણ દેવ અને કોણ ભક્ત, બધો જ અજ્ઞાનીઓનો આચાર છે" એમ કહે!



આ સ્થિતિમાં તત્ત્વજ્ઞાન અને ધર્મ મૂઢ, અવિકાસશીલ અને પ્રગતિવિરોધી બની જાય તેમાં આશ્ચર્ય નથી.

શ્રી શંકરાચાર્યે જે રીતે અનુભૂતિમાત્ર આત્માનું નિરૂપણ કર્યું છે, અને શ્રી વલ્લભાચાર્યે જે રીતે જગતને બ્રહ્મરૂપે વર્ણવ્યું છે, તે મને ઘણે અંશે માન્ય છે. પણ એમના માયાવાદ અને લીલાવાદ મને સ્થૂળ કે સૂક્ષ્મ એકે અવલોકનમાં સાચા લાગતા નથી. એના કરતાં શ્રી રામાનુજનું 'જડ અને જીવરૂપી શરીરધારી બ્રહ્મ'નું નિરૂપણ વધારે સરળ અને કમમાં કમ સ્થૂળ અવલોકનમાં સાચું લાગે છે. 'શરીરધારી' ને બદલે 'સ્વભાવધારી' કહીએ તો ગીતાના સાતમા અધ્યાયના નિરૂપણને એ મળી રહે છે. જેમ વ્યવહારદૃષ્ટિએ વેદાંતને સાંખ્યદર્શનનું નિરૂપણ લગભગ આખુંયે સ્વીકારી લેવું પડ્યું છે, તેમ શાંકરવેદાંતીને તેમ જ વલ્લભવેદાંતીને જગતના વ્યવહારોમાં વિશિષ્ટાદ્વૈત ભૂમિકા જ રાખ્યે છૂટકો છે. વિશિષ્ટાદ્વૈત એટલે આકાશ જેવું એક નહીં, ધોળા અને કાળા જેવું દ્વૈત નહીં, પણ કડું અને કુંડળ જેવી વિશેષતાવાળું અદ્વૈત. બીજી રીતે બોલીએ તો સમાનતાવાળું દ્વૈત એમ પણ કહેવાય. "હું જ રામ અને કૃષ્ણ છું" કે "હું જ રામો ભંગી કે કાનો ચમાર છું" એ બંને અધ્યાસયોગ છે; કલ્પનાનો વિહાર છે, સાક્ષાત્ અનુભવ નથી. પણ જે રામ છે, જે કૃષ્ણ છે, જે ભંગી છે, જે ચમાર છે, તથા જે હું છું, તે સૌ એક જ પરમ ચૈતન્યનાં રૂપો અને ઘટકો છીએ અને અનેક રીતે એક જ શરીરના અવયવોની જેમ એકબીજા સાથે જોડાયેલા છીએ એ અનુભવમાં આવે, વ્યવહારમાં ઉતારી શકાય, અને સાધારણ બુદ્ધિના માણસને સમજાય એવું સત્ય છે. સામી ભીંત જેને દેખાય છે તે, 'દેખાય છે' એમ કહે તે અજ્ઞાની, 'નથી જ' એમ કહે, છતાં છે એમ માનીને વર્તે તે જ્ઞાની; આત્મામાં અજ્ઞાન વસી શકતું નથી, છતાં અજ્ઞાનને લીધે જગતનો ભાસ થાય છે, પણ એ અજ્ઞાનનેયે વાસ્તવિક અસ્તિત્વ નથી! આ ઉપપત્તિએ પરમેશ્વરને એવો ગૂઢ બનાવી દીધો છે કે જે વસ્તુ ખુલ્લી આંખે ચારે તરફ પ્રસરેલી દેખાવી જોઈએ, તે ખોવાઈ

ગયેલા જેવી કે કેવળ કાલ્પનિક અને ‘ઇન્કાર’ કરવા જેવી લાગે છે.

“पानी बिच मीन पियासी,
मोहि सुन सुन आवत हाँसी;
घरमें वस्तु नजर नहि आवत,
बन बन फिरत उदासी.”

આનું કારણ મને એ લાગે છે કે તત્ત્વજ્ઞાન અને ધર્મનું ખેડાણ આજે કેટલાક સૈકાથી આપણા દેશમાં કેવળ તાર્કિક તથા સાહિત્યિક વિલાસનો વિષય બન્યું છે, શોધનનો નહીં. જેઓ તેનો કેવળ શોખ કે ધંધા માટે જ અભ્યાસ કરે છે, તેઓ બચી જાય છે; પણ જેઓ સત્યને મેળવવા તેનો આધાર લે છે તે બાપડા હેરાન થાય છે. શું આશ્ચર્ય કે કબીર જેવા કટાક્ષ કરે છે કે—

“गौतम, कणाद, कपिल अरु, शेष, जैमिनि, व्यास,
षड् धीवर षड् जाल रची डालै जीवको फाँस.”

તર્કશાસ્ત્રનું કે સાહિત્યનું ખેડાણ જ્યારે એ રીતે થાય કે જે વસ્તુ અવિદ્વાન માણસ સહેલાઈથી સમજી જાય, તેને સમજતાં વિદ્વાન મૂંઝાઈ જાય, અથવા બહુ વિસ્તારથી તેને સમજાવવું પડે ત્યારે સમજવું જોઈએ કે ખેડાણમાં ક્યાંક પણ મોટો દોષ હોવાનો સંભવ છે. વિદ્વાનોની ઘણી ચર્ચાઓ આ પ્રકારની હોય છે. દા. ત., કોઈ અવિદ્વાનોની સભાને આપણે પૂછીશું કે ગાંધીજીને સાહિત્યકાર કહેવાય કે નહીં, તો તે કહેશે કે અમે તો એમનાં જ લખાણો વાંચીને માર્ગદર્શન મેળવીએ છીએ અને એમનાં જ લખાણોમાં અમને વધારેમાં વધારે સમજ પડે છે. એમને જો સાહિત્યકાર ન કહેવાય તો કોને કહેવાય? છતાં, વિદ્વાનોની સભામાં આ પ્રશ્ન પર ઓછામાં ઓછી બે દિવસ ચર્ચા કરવી કઠણ ન પડે, અને એમ બને કે અંતે બહુમતે એવો નિર્ણય થાય કે ગાંધીજી લેખક તો ખરા પણ સાહિત્યકાર ન કહેવાય!

એ જ રીતે કોઈ અવિદ્વાનને આપણે પૂછીશું કે ગળપણ એટલે શું, તો તે કહેશે કે ગોળ જેવો સ્વાદ તે ગળપણ. તે માની



લેશે કે કાં તો તમે ગોળ ચાખેલો છે, અથવા ચાખીને જાણી લેશો. એને જો વધારે પૂછીશું કે ગોળ ગળ્યો કેમ લાગે છે, તો ઝાઝી ચોળાચોળ કર્યા વિના ઉત્તર આપશે કે એ એનો સ્વાભાવિક ધર્મ જ છે. પણ જો કોઈ વિદ્વાનને એ પ્રશ્ન પૂછીશું તો તે ખૂબ વિચાર કરીને કદાચ આવો જવાબ આપશે: “પદાર્થોમાં રહેલાં કેટલાંક કાર્બોહાઈડ્રેટ તથા કેટલાંક સલ્ફાઈડ રસાયનોનો જીભની લાળમાં રહેલાં અમુક ચોક્કસ રસાયનો સાથે સંબંધ થવાથી, જીભનાં જ્ઞાનતંતુઓ પર જે અસર થાય છે, તે ગળપણને નામે ઓળખાય છે. એની એવી જ અસર શું કામ થાય છે તે વિષે હજુ ચોક્કસપણે જાણી શકાયું નથી.” આ ઉત્તર બાપડા અવિદ્વાનને તો સમજાશે જ નહીં, અને વિદ્વાન સમજીને અવિદ્વાન કરતાં જ્ઞાનમાં વધારે આગળ વધશે નહીં.

એ જ પ્રમાણે કોઈ અવિદ્વાનને આપણે પૂછીશું કે પાપ શું છે અને તે કેમ થાય છે, તો તે કહેશે કે આપણી વિવેકબુદ્ધિ અને અંતઃકરણ જે ન કરવાનું કહે તે કરવું તે પાપ; અથવા, બીજાને અન્યાય કે પીડા થાય તેવું કરવું તે પાપ; અને તે આપણામાં રહેલી કામ, ક્રોધ, લોભ વગેરેની બળવાન વાસનાઓને લીધે થાય છે. સાધારણ જિજ્ઞાસુ, પણ અવિદ્વાન માણસ આટલાં નિરૂપણમાંથી વ્યવહારોપયોગી નિયમો બનાવી લેશે. પણ કોઈ વિદ્વાનને એ પ્રશ્નો પૂછીશું તો કહેશે કે પાપના સ્વરૂપ વિષે વિદ્વાનો હજુ શોધખોળ કરી રહ્યા છે, અને કોઈ નિર્ણય ઉપર આવી શક્યા નથી; કારણ પાપ–પુણ્ય સાપેક્ષ છે કે નિરપેક્ષ, સર્વદેશી અને સર્વકાલીન છે કે દેશકાલાનુસારી છે એ પ્રશ્નોનો હજુ ચોક્કસ નિર્ણય થયો નથી. એ શું કામ થાય છે એ ઠરાવવું તો એથીયે મુશ્કેલ છે. કારણ કે કામ–ક્રોધ–લોભ વગેરે વૃત્તિઓ ખરાબ જ છે એમ એમાં ગૃહીત કરી લેવું પડે છે, એને માટે આધાર નથી. આમ વિદ્વાન મૂંઝાઈને ઊભા રહે છે. અવિદ્વાનને એથી મૂંઝવણ થતી નથી, કારણ કે એ જાણે છે કે, જેમ માણસમાં ધોળું અને કાળું પારખવાની કુદરતી નેત્રની શક્તિ છે, તેમ કામ–ક્રોધ–લોભ વગેરેની યોગ્ય અને અયોગ્ય

વૃત્તિઓ કઈ તે પારખવાની પણ કાંઈક કુદરતી શક્તિ રહેલી છે. તેના નિર્ણયો પર આધાર રાખી જીવનનાં સામાન્ય કામો ઊકલી જાય છે. જેમ અમુક રંગને લાલ કહેવો કે લીલો કહેવો એવી મૂંઝવણ કોઈક જ વાર થાય છે, તેમ અમુક કામને પાપ કહેવું કે પુણ્ય કહેવું, એની મૂંઝવણ રોજરોજ થતી નથી. અપવાદરૂપ પ્રસંગે કોઈ વધારે અનુભવી અને શાણાને પૂછીને નિર્ણય કરી લઈ શું.

સહેલી વસ્તુને કઠણ કરવાની કળા તત્ત્વજ્ઞાન અને ધર્મની બાબતમાં સારી પેઠે થયેલી છે, અને ઘણા ધાર્મિક ઝઘડાઓનું મૂળ આ કળાને આભારી છે. વસ્તુ પ્રત્યક્ષ અનુભવથી કે પ્રયોગ કરીને જાણવાની હોય તેનો વાદવિવાદથી જ નિર્ણય કરવા પ્રયત્ન કરીએ તો આવું જ પરિણામ આવે. બીજા ચાર્લ્સની એક વાત છે. એણે રૉયલ સોસાયટી આગળ એક કોયડો રજૂ કર્યો કે છલોછલ ભરેલા પાણીના વાસણમાં મૂએલી માછલી મૂકીએ તો થોડું પાણી ઢોળાઈ જાય છે, પણ જીવતી માછલી મૂકતાં નથી ઢોળાતું તેનું શું કારણ? કહે છે કે રૉયલ સોસાયટીના વિદ્વાનોએ એને માટે અનેક પ્રકારના ખુલાસાઓ લખી મોકલ્યા. પણ કોઈને એમ ન સૂઝયું કે જીવતી માછલી મૂકવા જતાં પાણી ઢોળાય છે કે નહીં તેની ખાતરી કરી લેવી! તેવી જ રીતે તત્ત્વજ્ઞાનના પંચીકરણનો વિષય લો. આકાશમાંથી વાયુ, વાયુમાંથી તેજ, તેજમાંથી જળ, જળમાંથી પૃથ્વી થાય છે એમ છેલ્લાં એક હજાર વર્ષથી આપણે ગોખતા આવ્યા છીએ, તેના પર મોટાં મોટાં સંસ્કૃત અને પ્રાકૃત વિવેચનો લખાયાં છે. વળી, એક પંચપંચીકૃત ગણિત પણ છે. તેમાં દરેક મહાભૂતમાં તે મહાભૂતનો અર્ધો અને બીજા ચારમાંથી દરેકનો આઠમો ભાગ છે એમ કહેવામાં આવે છે. આ કેટલું કાલ્પનિક ગણિત છે! કપિલે, અથવા જે એના મૂળ ઉત્પાદક હોય તેણે તો, કાંઈક અવલોકન પરથી એ કાર્યકારણ પરંપરા ગોઠવી; પણ ત્યાર પછી ભાગ્યે જ કોઈએ એમાં સુધારોવધારો કરવાની કે એની સચ્ચાઈની કસોટી કરવાની મહેનત લીધી છે. એને કેવળ વધારે દૃઢ કરવા માટે જ કલ્પનાવિલાસ કર્યો છે.



એ જ પ્રમાણે સાધારણ માણસને સમજતાં વાર ન લાગે કે જગતમાં ચોક્કસ નિયમાધીનતા છે. કુદરતના કેટલાક અચળ કાયદાઓ છે. જગતનું તંત્ર આપણી ધારણા મુજબ ભલે ન ચાલતું હોય, પણ એમાં અનવસ્થા નથી. સૂકું પાંદડુંયે કોઈ નિયમને વશ થઈ પોતાની જગાએથી ખસે છે. છતાં, યોગવાસિષ્ઠના વિદ્વાન કર્તાએ જગત કેવળ માયિક જ છે, એમાં કશી નિશ્ચિત વ્યવસ્થા છે જ નહીં, એમ સિદ્ધ કરવા માટે અરેબિયન નાઈટ્સનેયે ભુલાવે એવી એવી અજબ કથાઓ જોડી છે! એણે પથ્થરમાં કમળ ઉગાડ્યાં છે, સાંખ્ય કાર્યકારણપરંપરાથી જુદી જુદી જાતની પરંપરાઓવાળી સૃષ્ટિઓ વર્ણવી છે, કલ્પે કલ્પે અને બ્રહ્માંડે બ્રહ્માંડે રામ, કૃષ્ણાદિકના અવતારોની આવૃત્તિઓ બહાર પાડી છે, અને સંયમી–સ્વચ્છંદી, ડાહ્યા-ગાંડા, દૈવી-રાક્ષસી બધી જાતના બ્રહ્મનિષ્ઠો સમાજ આગળ મૂક્યા છે. બાપડા સાધકે આ બધાનાં વારંવાર શ્રદ્ધાપૂર્વક પારાયણ કરવાં, અને એ બધું એમ જ છે એમ પોતાની બુદ્ધિમાં પેસાડવા પ્રયત્ન કર્યા કરવો અને પોતાને એમાં શંકાઓ ઊઠે અને અનુભવમાં ન ઊતરે ત્યારે પોતાની સાધનામાં ખામી સમજી ઉદ્વેગ કર્યા કરવો! જે આ બધાનું બરાબર શાસ્ત્રની રીતે નિરૂપણ કરી શકે તે આપણા દેશમાં બ્રહ્મનિષ્ઠ સદ્ગુરુ બને!

તત્ત્વજ્ઞાનમાં સૂક્ષ્મતા અને કઠણતા છે ખરી. બુદ્ધિને ન સમજાય એવી ઘણીયે વિદ્યાઓ જગતમાં છે; તત્ત્વજ્ઞાન જ છે એમ નહીં. પણ એને ગૂઢ (mysterious) મનાવવા અથવા બનાવવાના જે પ્રયત્નો થાય છે, એમાં મને રુચિ નથી. સ્વામીનારાયણ સંપ્રદાયમાં એને 'ખૂણિયું જ્ઞાન' કહે છે — છાની રીતે શિષ્યને અનુગ્રહરૂપે આપવાનું. એવા ખૂણિયા જ્ઞાન પ્રત્યે શંકાની નજરે જોવાય છે. એમાંની ઘણી ગૂઢતા તો માત્ર શબ્દાડંબર વધારીને જ કરવામાં આવે છે. ત્રણ દેહ, ત્રણ અવસ્થા, તેના ત્રણ અભિમાનીઓ, ત્રણ સૃષ્ટિ, ત્રણ સૃષ્ટિની અવસ્થા અને તેના અભિમાની ત્રણ ઈશ્વરો, ચાર વ્યૂહ, પાંચ કોશ, સાત ભૂમિકાઓ, ચૌદ પ્રકારનો બ્રહ્માનંદ, સ્વર્ગ, વૈકુંઠ, ગોલોક

અક્ષરધામ, જીવ-ઈશ્વર-માયા-બ્રહ્મ-પરબ્રહ્મ, જીવન્મુક્તિ, વિદેહ-મુક્તિ વગેરે વગેરેની પાછળ કેટલો શબ્દવિલાસ થયેલો છે! આ શબ્દવિલાસ મનુષ્યોના વાસ્તવિક કોયડા ઉકેલવામાં ઝાઝો ફાળો આપતો નથી. આ બધામાં કાંઈ જ વિચારવા કે સમજવા જેવું નથી એમ નહીં, પણ એની આજુબાજુ જે ગૂઢતાનું ધુમ્મસ પથરાય છે, તેથી તત્ત્વજ્ઞાન કે ધર્મને લાભ થતો નથી.

આ જ પ્રમાણે ધર્મનિરૂપણમાં મૂળને છોડી શાખાઓને પોષવાનો અને તેને ચમત્કારોનો શણગાર ચડાવવાનો આડંબર થયો છે. અઢી હજાર વર્ષ પૂર્વે બુદ્ધે લોકો આગળ પાંચ વ્રતો મૂક્યાં હતાં: દારુ ન પીવો, હત્યા ન કરવી, ચોરી ન કરવી, વ્યભિચાર ન કરવો અને અસત્ય ન બોલવું. બૌદ્ધધર્મમાં આનાથી વધારે ગહન વિચારો અને વિષયો પણ છે; એનું એક જુદું તત્ત્વજ્ઞાન પણ છે. પણ આ પાંચ નિયમો સંપ્રદાયોથી પર સાર્વજનિક ઉપદેશ છે. એ ઉપદેશ કર્યાને ૨૫૦૦ વર્ષ થઈ ગયાં. પણ સવાસો વરસ પર થઈ ગયેલા સ્વામીનારાયણને પણ,

"દારૂ, માટી, ચોરી, અવેરી, ચારનો ત્યાગ કરી,
ભજી લ્યોને સહજાનંદ હરિ"

એવા ઉપદેશથી ગુજરાત-કાઠિયાવાડની આમપ્રજામાં પોતાની પ્રવૃત્તિ ચલાવવી પડી. પાંચમાંથી એક ઓછું કરવું પડ્યું, અને તે ચોવીસસો વર્ષ પછી! પણ આજેયે શું સ્થિતિ છે? વધારેમાં વધારે દારૂ છોડવા આપણે લોકોને કહી શકીએ છીએ. માંસાહારનો નિષેધ કરવાની આજે આપણી હિંમત નથી. ઊલટું, શાકાહારીઓમાંયે એનો પ્રચાર થવાનાં ચિહ્નો દેખાય છે. દવાને નામે તો લેવાય છે જ. વ્યભિચાર, અસત્ય અને ચોરી પ્રત્યે તો લગભગ આંખમીંચામણાં કરીને જ ચાલવું પડે છે. આ સ્થિતિમાં આમપ્રજા માટેનો ધર્મોપદેશ કેટલી બાબતોમાં મર્યાદિત હોવો જોઈએ તેની કલ્પના કરવી જોઈએ.

દારૂ, માંસ, ચોરી, વ્યભિચાર અને અસત્ય એ બાબતોમાં વિદ્વાનો અને સંસ્કારી કહેવાતા વર્ગો અવિદ્વાનો અને અસંસ્કારી લોકોથી વધારે ચડિયાતા હોય છે એવું કાંઈ નથી. છતાં, જો કોઈ



ધર્મોપદેશક આટલી જ વાતો પર ભાર મૂકી વિદ્વાનો આગળ વ્યાખ્યાન કરે તો તે પ્રતિષ્ઠા મેળવી શકે નહીં. આથી મૂળોને છોડી શાખાઓને પોષવાની ધર્મ-વિવેચકોએ ખૂબ મહેનત કરી છે. ખાદ્ય પાકો કયા, અખાદ્ય કયા, એઠું શું, ચોખ્ખું શું, કોણ સ્પૃશ્ય, કોણ અસ્પૃશ્ય, વગેરેનું ઝીણું વિવેચન કરે, નાહવાથી, ખેતી કરવાથી, સાંજ થયા પછી જમવાથી, વગર ઉકાળેલું પાણી પીવાથી તથા ચાલીને જવાથી કેટલી હિંસા થાય તેની ઝીણી સમીક્ષા કરે, પણ ધર્મના મૂળોને બેધડક ઉખાડે. એટલે કે ચોરી, વ્યભિચાર, માનવહિંસા કે મોતી કે રેશમ જેવી ધનદાયી વેપારની હિંસા પર મૌન રાખે. છતાં, ધર્મને આપણે કેટલો સૂક્ષ્મપણે વિચારીએ અને પાળીએ છીએ તેનું આપણને અભિમાન લાગે! કેટલી વિકૃત રીતે આપણે વિચાર કરતાં શીખ્યા છીએ તે આ બતાવે છે.

આપણે કોઈ ધાર્મિક પુરુષના જીવનચરિત્ર તથા સંપ્રદાયનાં પુસ્તકો જોઈએ. એમાંથી સાચા કે બનાવટી ચમત્કારોની વાતો, પૂજાઓ, પધરામણીઓ, જમણવારો, શૃંગારો વગેરેનાં વૃત્તાંતો કાઢી નાખીએ અને ચરિત્રનાયકનો કેવળ ઇતિહાસ અને એનાં ચારિત્ર અને ગુણોનું ચિત્ર જોવા પ્રયત્ન કરીએ. કરી જોશો તો ખબર પડશે કે ધૂળમાંથી કણ શોધવા જેટલું એ કઠણ કામ છે, અને છતાં આપણે ક્યાંય ભૂલ્યા નહીં હોઈએ એમ ખાતરી નહીં લાગે.

આ હકીકત આપણા જ દેશની છે, એમ કહેવાનો મારો આશય નથી. સર્વે દેશોનાં તત્ત્વજ્ઞાન અને ધર્મમાં આ દૂષણો પેઠેલાં છે. પણ આપણાં તત્ત્વજ્ઞાન અને ધર્મવિચાર જગતમાં સૌથી શ્રેષ્ઠ છે એવો આપણો દાવો છે. તો આપણે માટે તો આ દૂષણો વધારે લજ્જાસ્પદ છે, અને તેનું સંશોધન વધારે આવશ્યક છે.

વિદ્વાનોને મૂંઝવતા અનેક પ્રશ્નો પૈકી પરમેશ્વર છે કે નહીં, અને છે, તો જગતમાં અન્યાય, દુઃખ વગેરે શું કામ છે, એ એ પ્રશ્નો પણ છે. એની પૂરી ચર્ચા અહીં કરવી મુશ્કેલ છે. અહીં તો આટલું જ કહું:

પરમેશ્વર છે કે નહીં, એ પ્રશ્નનો કેવળ તર્કથી નીવેડો લાવવા માગીએ તો તે ક્યારેય આવી શકે એમ નથી. એમાં અનુભવશુદ્ધિ, વિચારશુદ્ધિ અને ભાષાશુદ્ધિ, તથા પહેલી એના પાયારૂપે ભાવનાશુદ્ધિ એ ચારેની અપેક્ષા છે. જગત એકલું જડ તત્ત્વનું બનેલું છે, કે જડ અને જીવ બે તત્ત્વોનું છે, કે તે ઉપરાંત એક પરમાત્મા તત્ત્વ પણ છે, કે પુરુષે નથી, પ્રકૃતિયે નથી, કેવળ શૂન્યમાંથી જ સર્વ થયું છે; વળી, એ આત્મા કે પરમાત્મા (એમાંથી જે હોય તે) સગુણ છે કે નિર્ગુણ, કર્તા છે કે અકર્તા, એ બે વચ્ચે દ્વૈત છે, અદ્વૈત છે કે વિશિષ્ટાદ્વૈત છે, એવા એવા પ્રશ્નો તત્ત્વજ્ઞાનને માર્ગે જનાર દરેકને ઊઠે જ છે. પ્રાચીનકાળથી એ પ્રશ્નો ચર્ચાતા આવ્યા છે અને ચર્ચાશે. જગતમાં પરમેશ્વર છે તો દુઃખ અને અન્યાય શું કામ છે, એનો ઉત્તર પણ એ મૂળ પ્રશ્નના યોગ્ય નિકાલ સાથે સંબંધ રાખે છે. જેઓને એ શંકાઓ પ્રામાણિક શોધન દરમ્યાન ઊઠે છે, તેઓમાં તેની પરસ્પર ચર્ચા થાય તોયે ઝઘડા થવાનું કાંઈ કારણ નથી. પરમેશ્વરના અસ્તિત્વ વિષે અશ્રદ્ધા થવાથી જ કોઈ તત્ત્વજિજ્ઞાસુ દુરાચારી થઈ જતો નથી. પરમેશ્વરમાં શ્રદ્ધા હોવા જેટલી જ મહત્ત્વની વસ્તુ માણસાઈમાં શ્રદ્ધા હોવી એ છે. જેને માનવ્યમાં શ્રદ્ધા નથી તે, પરમેશ્વરનું અસ્તિત્વ સ્વીકારે કે ન સ્વીકારે, એ નાસ્તિક જ છે. તેઓને એ પ્રશ્નો શ્રેયશોધનમાં ઊઠેલા હોતા નથી, પણ વ્યક્તિગત પ્રેયશોધનને અનુકૂળ કરવા તેનું ઓઠું લીધેલું હોય છે.

ધાર્મિક ઝઘડાઓને તપાસીશું તો માલૂમ પડશે કે બધા ધર્મો અનેકેશ્વરવાદી છે. એમાં પહેલો ઈશ્વર બધા ધર્મોમાં એક જ છે. એનું સ્વરૂપ સદ્રૂપ મનાયું હોય કે અસદ્રૂપ, એની સદ્રૂપતા તેમ જ અસદ્રૂપતા સનાતન અને સ્વાભાવિક સ્વીકારાયેલી છે. પણ એ ઈશ્વરની સાથે દરેક ધર્મને એક અથવા વધારે બીજા ઈશ્વરો — અથવા તેના પેશવા કે પ્રતિનિધિ — મૂકવા હોય છે, અને ત્યાં કોને મૂકવો તથા કેવા રૂપમાં મૂકવો તે માટે તકરારો થાય છે. કારણ કે એને માટે તારકપણાનો દાવો હોય છે. વળી, એ દાવો કરનારાઓને માત્ર પોતાના ઉદ્ધારની ચિંતા હોતી નથી, પણ બીજાના ઉદ્ધારની હોય



છે. અને જરૂર પડે તો બળાત્કારે, છેતરીને, કે લાલચ બતાવીનેયે તે કરવાનો આગ્રહ હોય છે. આથી, બીજા ધર્મોના હરીફ પેશવાઓને પદભ્રષ્ટ કરવા માટે લડાઈ કરવાની જરૂર લાગે છે. જેટલી જેહાદો પોકારવામાં આવે છે તે આ પેશવાઓને નામે જ પોકારવામાં આવે છે. એકને શિવની ઉપાસના ચાલુ કરવી હોય છે, બીજાને વિષ્ણુની, ત્રીજાને વિષ્ણુના કોઈ અમુક જ અવતારની, ચોથાને ગણપતિની, પાંચમાને દેવીની, છઠ્ઠાને તીર્થંકરોની, સાતમાને બુદ્ધની, આઠમાને પેગંબરોની, નવમાને મસીહની, અને દસમાને છેલ્લા પેગંબરની જ. તે ઉપરાંત હિંદુધર્મમાં જુદા જુદા ગુરુસંપ્રદાયોમાં પોતપોતાના ગુરુપરબ્રહ્મની. દરેકને એમ લાગે છે કે પોતાનો જ પેશવા સાચો છે; બીજા ગૌણાધિકારી, પદચ્યુત થયેલા અથવા ઢોંગી છે. મરાઠાશાહીમાં ધીમે ધીમે છત્રપતિની ગાદી ખૂણામાં પડી ગઈ અને પેશવા જ મહત્ત્વના થઈ પડ્યા હતા. પછી છત્રપતિને લીધે પેશવાની પેશવાઈ ન રહી, પણ પેશવાને લીધે છત્રપતિની 'સત્ખ્યાતિ' થઈ, અને છત્રપતિની આજ્ઞાઓ કરતાં પેશવાની આજ્ઞાઓનો વધારે ધાક લાગવા માંડ્યો. તે જ પ્રમાણે ધર્મસંપ્રદાયોમાં પરમેશ્વરને લીધે તેના પેશવા નહીં, પણ પેશવાને લીધે પરમેશ્વરને 'સત્ખ્યાતિ' મળે છે, અને ઈશ્વરના નિયમો કરતાં એ પેશવાઓના નિયમોનો વધારે ધાક લાગે છે!

હકીકત એ છે કે, માણસને બુદ્ધિ મળી છે તે કેવળ આશીર્વાદ જ નહીં, પણ શાપ પણ છે. તેને લીધે એ મૂળને છોડી ડાળીઓમાં ગૂંચવાય છે, અને ધર્મને પાળવાના પ્રયત્નમાં જ અધર્મ કરવા માંડે છે. શું આ એક આશ્ચર્યની વાત નથી કે, જુદા જુદા ધર્મોએ ઈશ્વરના સ્વરૂપનો અને ધર્મનાં વિવિધ અંગોનો ઘણો જ સૂક્ષ્મ વિચાર કર્યો છે, સૂક્ષ્મ જંતુઓનીયે હિંસાનો વિચાર કરી તેનો નિષેધ કર્યો છે, પણ એકે મહાન ધર્મમાં સ્વયં મનુષ્યની હિંસાનો સર્વથા નિષેધ કરવામાં નથી આવ્યો? માણસે બીજાં ઘણાં ઘણાં પાપો માન્યાં છે પણ સ્વજાતિ-સંહારમાં ભાગ્યે જ પાપ માન્યું છે. તેથી, એક નહીં તો બીજે નિમિત્તે, ઐહિક ન મળે તો પારલૌકિક નિમિત્તો ઊભાં કરીને પણ

સ્વજાતિસંહાર કરવા તત્પર થાય છે. 'चेतनाका गल काटत है, घर पत्थरपाहन मानत है.' નાસ્તિકતા અને મૂર્તિપૂજાનો નિષેધ કરનારા જગતમાં ઘણા સંપ્રદાયો છે. પણ પોતે નાસ્તિકતા કે બુતપરસ્તીમાં ન પડ્યો હોય એવો એક પણ ધર્મ નથી. કારણ એ છે કે નાસ્તિકતા અને બુતપરસ્તી ઈશ્વર વિષેના જ્ઞાનઅજ્ઞાનમાંથી જ થઈ નથી, પણ સ્વજાતિશત્રુત્વ અને તેની હિંસા કરવાની તત્પરતામાંથી થાય છે, તથા ઈશ્વરની અવેજીમાં કોને સ્વીકારવો તેના આગ્રહમાંથી થાય છે. ચેતન કરતાં જડનો વધારે મહિમા સમજવો, અને જડ પ્રત્યેના આદર માટે ચેતનનો સંહાર કરવો એનું જ નામ નાસ્તિકતા અને બુતપરસ્તી.

આનો ઉપાય શો? ધર્મોનો ઉચ્છેદ કરવો એમ કેટલાક કહે છે. લોહીની નદીઓ વહેવડાવીનેયે આ શક્ય નથી. જ્યાં સુધી માણસ વિચારી પ્રાણી છે, શ્રેયનો શોધક છે, જ્ઞાનનો શોધક છે, ત્યાં સુધી ધાર્મિક સમાજો બંધાવાના જ; અને જ્યાં સુધી તેનાં બુદ્ધિ અને ચારિત્રનો વિકાસ અપૂર્ણ છે, ત્યાં સુધી અજ્ઞાન, વહેમ, પક્ષો અને ઝઘડા પણ થયા કરવાના. ધર્મ સિવાયના ક્ષેત્રમાંયે કાંઈ ઓછા ઝઘડા નથી. આ બધી પરિસ્થિતિમાંથી આપણે માનવકલ્યાણના માર્ગો શોધવાના છે. પરિશિષ્ટમાં આપેલાં સૂત્રો એ હેતુથી લખાયાં છે, તે પર વાચકને મનન કરવા વિનંતી કરું છું.

* * *

અંતમાં, માનવની અવધ્યતા, સર્વ માનવો વિષે સમવૃત્તિ, સર્વધર્મસમભાવ, અસત્ય, મદ્ય, ચોરી અને વ્યભિચારથી પરહેજી, વ્યક્તિગત તેમ જ સાર્વજનિક સ્વચ્છતા, અને જગત પ્રત્યે કર્તવ્યનિષ્ઠા એ મનુષ્યના ઓછામાં ઓછા સદાચારો અથવા ધર્મો છે. એના વિના બાકી બધું તત્ત્વચિંતન, યોગાભ્યાસ કે ધર્મપાલન પોતાની છાયા પકડવા માટેની દોડશરત છે, અને સર્વે સૂક્ષ્મચર્ચા પરિણામે ધૂંધળી બુદ્ધિ જ છે.

हिरण्मयेन पात्रेण सत्यस्याऽपिहितं मुखम् ।
तत्वं पूषन्नपावृणु सत्यधर्माय दृष्टये ॥ ईश–१५



## ૧

## તત્ત્વજ્ઞાન

### પ્રસ્તાવના

૧. વેદ એટલે જ્ઞાન, એટલે અનુભવ. વેદાન્ત એટલે જ્ઞાનનો — અનુભવનો અન્ત,— જે મર્યાદાથી આગળ અનુભવ થઈ શકતો નથી તે. વેદ નામના ગ્રંથો કે વેદાન્ત નામનું દર્શન તે જ વેદ કે વેદાન્ત નહીં.

૨. તત્ત્વજ્ઞાનમાં ગ્રંથનું કે અનુભવી પુરુષનું મહત્ત્વ કે પ્રામાણ્ય, તેટલે અંશે જ ગણાય, જેટલે અંશે તે અનુભવને પ્રગટ કરે કે તે પ્રત્યે આપણને દોરે.

૩. એ રીતે પ્રાચીન શ્રુતિસ્મૃતિઓ, મધ્યકાલીન સંતવાણી, અર્વાચીન ગ્રંથો, બાઇબલ, કુરાન, બૌદ્ધ ગ્રંથો, જૈન ગ્રંથો કે જગતની કોઈ પણ ભાષામાં પ્રાચીન કે અર્વાચીન પુસ્તકોમાં તેમ જ કોઈ પણ દેશના કોઈ જીવતા સંતની વાણીમાં વેદ તથા વેદાન્તના વચનો હોઈ શકે છે, અને એથી વિરુદ્ધ વચનો પણ હોઈ શકે છે. એ માટે ગ્રંથ વાંચવાની હોંશ રાખનારે તે સર્વેને સરખા જ આદર તથા વિવેચક બુદ્ધિથી જોવાં જોઈએ. પોતાનો અનુભવ બીજાના અનુભવ સાથે મેળવવો અને પોતાના ઉત્કર્ષ માટે તેમાંથી સૂચના મેળવવી, એ તે અવલોકનનો હેતુ છે.

૪. સર્વે શાસ્ત્રો વચ્ચે ગમે તે રીતે એકવાક્યતા બેસાડવાનો પ્રયત્ન યોગ્ય નથી.

૫. અનુભવ અને અનુભવની ઉપપત્તિ એટલે ભાષા દ્વારા સમજાવટ અને સજાવટ એક નથી. એક જ અનુભવ છતાં જુદા જુદા અનુભવનારાઓની સમજાવટ અને સજાવટમાં ફેર હોય, અથવા ઊલટું, એક જ ભાષાપ્રયોગ છતાં તેમના અનુભવમાં ફેર હોય. આથી, એક જ વિષયના નિરૂપણમાં પરિભાષાનો તથા મંડનનો ફરક પડે

છે, અથવા એક જ પરિભાષા અને મંડનમાંથી અનેક અર્થો નીપજે છે.

૬. ખાસ કરીને જ્યારે મૂળ વસ્તુ અદૃશ્ય હોય અને તેનાં પરિણામો જ દૃશ્ય હોય, ત્યારે તે વસ્તુના સ્વરૂપ વિષે તેમ જ તેની અને પરિણામની વચ્ચે બનેલા વ્યાપારો વિષે આવી ઉપપત્તિની બાબતમાં વારંવાર ફરક પડવાનો સંભવ છે.

૭. જ્ઞાનતંતુઓ દ્વારા થતા, (જેવા કે જ્ઞાનેંદ્રિયો, ષડૂર્મિઓ, ભાવનાઓ વગેરેના) સર્વે અનુભવો ભાષા દ્વારા પૂર્ણપણે વર્ણવી શકાતા નથી, માત્ર તેનો અંગુલિનિર્દેશ જ કરી શકાય છે. જેમ કે, ગળપણ અથવા દયા, એ બન્નેનો આપણને સૌને અનુભવ છે એમ માનીને જ તે શબ્દોનો આપણે સફળ ઉપયોગ કરી શકીએ છીએ. વળી એવું પણ બને છે કે એક માણસને અમુક અનુભવ હોય છતાં એ પ્રત્યે એનું ધ્યાન જતું ન હોય. એને માટે પણ ભાષા દ્વારા નિરૂપણ ઉપયોગી થઈ શકે છે. પણ જે વેદનાનો એક માણસને કદી અનુભવ જ થયો ન હોય, તેને શબ્દથી સમજાવવામાં પૂરી સફળતા મળે નહીં. જેમ કે, જેને મહારોગ થયો ન હોય તેને વર્ણનથી મહારોગીની વેદનાનો પૂરો ખ્યાલ આવી શકે નહીં.

૮. અદૃશ્ય પદાર્થોનાં સ્વરૂપને, દૃશ્ય પરિણામોનાં અદૃશ્ય કારણોના સ્વરૂપને, કારણ અને કાર્યની વચ્ચેના વ્યાપારોના સ્વરૂપને તેમ જ જે અનુભવ પ્રત્યે ધ્યાન ગયું ન હોય તથા જે અનુભવ થયો જ ન હોય તેને, માણસ ઉપમા કે રૂપકો દ્વારા સમજવા—સમજાવવા પ્રયત્ન કરે છે. એટલે કે તેને કોઈ સ્થૂળ પદાર્થ કે સ્થૂળ વ્યાપાર સાથે સરખાવે છે અને તેના જેવો જ એ પદાર્થ કે વ્યાપાર હશે એમ કલ્પના કરે છે. આ રીતે અદૃશ્યની દૃશ્યની પરિભાષામાં સમજાવટ – સજાવટને 'વાદ' કહી શકાય. આવા વાદોનો વિજ્ઞાન-શાસ્ત્રો તેમ જ તત્ત્વજ્ઞાન બંનેમાં ઉપયોગ થાય છે. વિશ્વના મૂળ તત્ત્વના અદૃશ્ય સ્વરૂપ વિષે તથા તેની અને દૃશ્ય વિશ્વની વચ્ચેના સંબંધ વિષે આમ વાદો રચવામાં આવે છે. માયાવાદ, લીલાવાદ, પુનર્જન્મવાદ વગેરે આ જાતના વાદો છે.



૯. વાદ એ સિદ્ધાન્ત — નિયમ અથવા અટળ કાયદો નથી પણ એક કામચલાઉ સમજણ છે. પેઢી દર પેઢી જેમ જેમ જીવનમાં અનુભવો અને અવલોકન વધે અને સૂક્ષ્મ થાય તથા વિજ્ઞાન-શાસ્ત્રોનું ખેડાણ થાય તેમ તેમ વાદોનાં સ્વરૂપમાં ફેરફાર થયા કરે છે. ગઈ કાલની ઉપપત્તિ આજે છોડી દેવાય છે અને નવી ઉપપત્તિ રજૂ કરવામાં આવે છે. એ વાદ દ્વારા જેટલે અંશે આપણે અદૃશ્ય પદાર્થો કે વ્યાપારોને સમજાવી શકીએ તેટલે અંશે તે એક ઉપયોગી સાધન થાય છે. જ્યારે કોઈ અનુભવની સમજૂતી એ વાદ દ્વારા બંધ-બેસતી ન આપી શકાય, ત્યારે એને છોડી દેવો પડે છે. અત્યાર સુધીના સર્વે અનુભવોને એ દ્વારા સમજવામાં સફળ થઈએ તો તે વધારે શ્રદ્ધાયોગ્ય થાય છે. એમ કરતાં કોઈક વાદ સિદ્ધાન્ત અથવા નિયમરૂપે પણ સાબિત થઈ જાય છે. પણ ત્યાં સુધી અમુક જ વાદને પકડી રાખવાનો આગ્રહ એ સત્યશોધનમાં વિઘ્નરૂપ છે.

૧૦. તત્ત્વજ્ઞાનનો વધારે નિકટ સંબંધ વિજ્ઞાન સાથે છે. વિજ્ઞાનનો વિચાર સૂક્ષ્મ થતાં તત્ત્વજ્ઞાનમાં પહોંચી જાય છે અને તત્ત્વજ્ઞાનનો વિચાર વિગતોમાં ઊતરતાં ઊતરતાં વિજ્ઞાનના ક્ષેત્રમાં પહોંચે છે. તત્ત્વજ્ઞાન વિજ્ઞાનનો નિચોડ અને વિજ્ઞાન તત્ત્વજ્ઞાનનો પુરાવો બને, તો તે પરસ્પર પૂરક થયા ગણાય.

૧૧. અનુભવોને ખોળવા, સુધારવા, વિચારવા, તોળવા તથા ભાષા દ્વારા પ્રગટ કરવા માટે તર્કશાસ્ત્ર બન્નેને મદદરૂપ થઈ શકે છે.

૧૨. પણ આપણા દેશમાં તત્ત્વજ્ઞાનને વિજ્ઞાનથી અળગું પાડી જાણે તે તર્કશાસ્ત્રનું એક પરિશિષ્ટ હોય એવી રીતે તેનો અભ્યાસ કરવાની રીત પડી ગઈ છે. વળી, વાદોને સિદ્ધાન્ત અથવા નિયમોનું મહત્ત્વ આપવામાં આવ્યું છે અને તે સાંપ્રદાયિક મમત્વનો વિષય બન્યા છે. અનુભવોને વાદોની મદદથી સમજાવવાને બદલે માત્ર વાદોને સમજાવવા માટે મોટી મોટી કથાઓ રચવામાં આવી છે. આથી તર્કશાસ્ત્રનો તેમ જ કલ્પનાશક્તિનો ખોટો ઉપયોગ થયો છે, અને તત્ત્વજ્ઞાન ઘણે અંશે તાર્કિક અને કાલ્પનિક બની ગયું છે.

૧૩. પરિણામ એ આવ્યું છે કે જિજ્ઞાસુને માટે તત્ત્વજ્ઞાનનું પાંડિત્ય મદદરૂપ થવાને બદલે વિઘ્નરૂપ થાય છે.

૧૪. વળી, તત્ત્વજ્ઞાનનો જીવનના સામાન્ય વ્યવહારો સાથે—એટલે કે ધર્મ, અર્થ અને કામના પુરુષાર્થો સાથે—નિકટ સંબંધ છે. એ ચારે એકબીજા પર આધાર રાખનારા અને પરસ્પર ઉપકારક પુરુષાર્થો છે.

૧૫. પણ એ ત્રણની અને તત્ત્વજ્ઞાનની વચ્ચે રાત અને દિવસ જેવો વિરોધ છે એમ સમજાયાથી જ્ઞાનની સાધના અવળા માર્ગોમાં ચડી ગઈ છે, અને ક્યારેક ક્યારેક આળસ, સ્વાર્થ અને દુરાચારમાંયે ઢળી પડી છે.

૧૬. વળી, સત્યની શોધમાં અનેક માણસોએ આપણા દેશમાં પુષ્કળ ત્યાગપૂર્વક અપાર પરિશ્રમ લીધેલો હોવા છતાં ઉપલી સમજણને પરિણામે તત્ત્વજ્ઞાને મોટે ભાગે વ્યક્તિવાદને જ પોષ્યો છે.

૧૭. વળી, તેને જ પરિણામે, વેદાંતના લેખકોએ બાલ, ઉન્મત્ત અને પિશાચવૃત્તિના જ્ઞાનીઓનો એક વર્ગ ઊભો કર્યો છે. આમાં વિચારદોષ રહેલો છે. આવી વૃત્તિને આચાર, વિચાર કે સાધનામાં થયેલી કોઈ ભારે ભૂલનું પરિણામ સમજવું જોઈએ, અને તેવા લોકોની તે અપૂર્ણતા માનવી જોઈએ.

૧૮. એવી જ બીજી ભૂલ જ્ઞાનીઓને ચારિત્ર અને સચ્છીલના નિયમોથી પર ગણવાની થયેલી છે. જ્ઞાનીનાં ચારિત્ર અને શીલ સામાન્ય માણસોથી બહુ ઊંચા પ્રકારનાં હોવાં જોઈએ અને તેના દ્વારા ભૂતમાત્રનું હિત થાય એ રીતે સંશોધન અને માર્ગદર્શન થવું જોઈએ.

## પરમેશ્વર

૧૯. પોતાના અસ્તિત્વ વિષેના, અને જગતમાં મળતા અનુભવોના સ્વરૂપને ઝીણવટથી તપાસતાં સર્વેના મૂળમાં એક જ તત્ત્વ રહેલું છે એવી નિઃસંશય પ્રતીતિ થાય છે. જગતના સર્વે ગોચર અને અગોચર પદાર્થો તથા શક્તિઓ એ તત્ત્વમાંથી જ ઊપજ્યાં છે, એમાં જ રહે છે અને જ્યારે લય પામતાં દેખાય છે ત્યારે એનાં જ



કોઈ કાર્યોમાં—એટલે એક પ્રકારનાં દશ્યોમાંથી બીજા પ્રકારના દશ્યોમાં—માત્ર રૂપાંતર પામે છે.

૨૦. એ પરમતત્ત્વને ક્રિયાશૂન્ય, ચેતનાશૂન્ય, જ્ઞાનશૂન્ય, પ્રેમશૂન્ય, સુખશૂન્ય અથવા જડ કે વિનાશી કહી શકાતું નથી. એને જડ અથવા આદિ-અંતવાળું સમજવામાં વિચાર અને અવલોકનની પૂરતી સૂક્ષ્મતા નથી. એ સૂક્ષ્મ તત્ત્વનું સ્વરૂપ બીજી ગમે તે રીતે વર્ણવવામાં આવે, આટલું તો એ વિષે કહી જ શકાય કે એની અવિનાશી સત્તા છે, તથા એનામાં ક્રિયા, જ્ઞાન, પ્રેમ અને સુખની શક્તિમત્તા અથવા બીજરૂપ શક્તિ છે.

૨૧. પોતાના અસ્તિત્વ વિષેના સર્વે અનુભવોનું વિશ્લેષણ કરતાં કરતાં આત્માનું સ્વરૂપ અનુભૂતિમાત્ર, જ્ઞપ્તિમાત્ર, ચિન્માત્ર અને નિરહંકાર, એટલે વ્યક્તિત્વશૂન્ય માલૂમ પડે છે. એ વિશ્લેષણ જરા ઓછું સૂક્ષ્મ કરીને બોલીએ તો તે અનુભવિતા, જ્ઞાતા, ચૈતન્ય, સાક્ષી અને સતવ્યક્તિ (એટલે સદા એક રૂપે રહેનાર) છતાં અહંતા-યુક્ત પ્રત્યગાત્મા લાગે છે. એથીયે જરા ઓછી સૂક્ષ્મતાથી કહીએ તો તે કર્તા, ભોક્તા, તથા ઉન્નતિ-અવનતિને પામનારો જીવ લાગે છે.

૨૨. એ જ પ્રમાણે જગતમાં મળતા અનુભવોના સ્વરૂપને બહુ સૂક્ષ્મતાથી તપાસીએ તો તેના મૂળતત્ત્વનું સ્વરૂપ અનુભૂતિમાત્ર, જ્ઞપ્તિમાત્ર, ચિન્માત્ર અને વ્યક્તિત્વશૂન્ય માલૂમ પડે છે. પોતાના તેમ જ જગતના અતિસૂક્ષ્મ પરીક્ષણમાં વ્યક્તિત્વ નજરે પડતું ન હોવાથી, બન્નેની એકતાની પ્રતીતિ થાય છે. પણ એ સૂક્ષ્મતાને જરા ઓછી કરીને બોલીએ તો જગતમાં કોઈ સર્વજ્ઞ, સર્વસાક્ષી, સર્વવ્યાપક, કર્મફળપ્રદાતા અને તટસ્થ સત્ત્વ હોય એમ લાગે છે. એથીયે ઓછી સૂક્ષ્મતાથી કહીએ તો તે ઉત્પત્તિ-પાલન-સંહારકર્તા, સર્વનો ભોક્તા અને સર્વનો સ્વામી તથા નિયામક હોય એમ લાગે છે.

૨૩. એ પરમ તત્ત્વને ભગવાન, પરમાત્મા, પરમેશ્વર, બ્રહ્મ, અલ્લાહ, ખુદા વગેરે નામે ઓળખીએ, અને કહીએ કે એક પરમેશ્વરને જ સનાતન અસ્તિત્વ છે અને જે કોઈ જુદું જુદું દેખાય છે તેમાંયે તેના સિવાય કોઈ નિરાળું તત્ત્વ ભળેલું નથી.

૨૪. સર્વ સંતોની આ નિશ્ચિત પ્રતીતિ છે. પણ પરમેશ્વરના સ્વરૂપની ઉપપત્તિ આપવામાં સંતોના નિરૂપણમાં ભેદ પડી જાય છે. કેટલાક સંતો પરમેશ્વરને જ્ઞપ્તિમાત્ર, અનુભૂતિમાત્ર, ચિન્માત્ર અને સત્તામાત્ર કહે છે. કેટલાક એને સત્યકામ, સત્યસંકલ્પ, સર્વકલ્યાણકારી ગુણોનો ભંડાર અને આનંદઘન કહે છે, અને કેટલાક એને સર્વનો સ્વામી, સર્વનો કર્તા, નિયામક, પાલક અને સંહારક કહે છે. જેમ સિનેમાને કોઈ ઝપાટાબંધ ચાલતી ચિત્રમાળાથી નેત્રને થતો આભાસ કહે અને કોઈ ગતિમાન પદાર્થોની ચિત્રપરંપરા કહે અને કોઈ હાલતાં ચિત્ર કહે, તેમ આ નિરૂપણોનો ભેદ છે. જેમ સામાન્ય માણસોને હાલતાં ચિત્ર એટલું નિરૂપણ પૂરતું લાગે છે, તેમ તેમને પરમેશ્વરને સર્વવ્યાપક, સર્વજ્ઞ, સૃષ્ટિનો ઉત્પત્તિ–પાલન–પ્રલય કરનાર, અને સર્વનો સ્વામી એ રીતે કરેલું નિરૂપણ પૂરતું લાગે છે. આ નિરૂપણોમાં સર્વથી પર એક સચ્ચિત્ પરમેશ્વર તત્ત્વ જ છે એવો અનુભવ સરખો છે, પણ તે વિષે વિચાર કે નિરૂપણની સૂક્ષ્મતામાં ફરક છે.

૨૫. મારી દૃષ્ટિએ પરમેશ્વર એ આ વિશ્વનું સનાતન અને સર્વત્ર ફેલાયેલું ચૈતન્યબીજ છે. ચૈતન્ય એટલે ઇચ્છા (અથવા સંકલ્પ)-શક્તિ, જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ. પરમેશ્વરનું અસ્તિત્વ કાલ્પનિક નહીં પણ સત્ય હોવાથી જ એની સંકલ્પશક્તિ પણ સત્ય નીવડે છે, એટલે કે સંકલ્પ પ્રમાણે જગતમાં પરિણામો ઊપજે છે.

૨૬. જેમ સોનાના અનેક ઘાટો ઘડાય તેથી તેનું સુવર્ણપણું બદલાતું નથી, તેમ વિશ્વમાં થતી સર્વે ભાંગફોડ, જન્મ–મરણ અને ઉત્પત્તિ–પ્રલયની ઘટનાઓથી પરમેશ્વર સિવાય કોઈ નવું કે જુદું તત્ત્વ આવતું–જતું નથી.

૨૭. આ રીતે પરમેશ્વર નિર્વિકાર અને અકર્તા (એટલે પોતા સિવાય અન્યને ન ઉપજાવનારો) છે પણ તે નિષ્ક્રિય, કે સ્થૂળ દૃષ્ટિએ અપરિણામશીલ નથી.

૨૮. પરમેશ્વરની ઇચ્છા, જ્ઞાન અને ક્રિયાશક્તિઓના વ્યાપાર નિરંતર અને સર્વત્ર ચાલ્યા કરે છે. આથી જગતમાં એક વિપળ



પણ ફેરફાર વિનાની જતી નથી. વળી એ ફેરફારો અનંત પ્રકારના અને અનંત રીતે થતા હોવાથી, તેમાં સદા નવીનતા રહે છે. આથી જગતમાં કયારેક પણ ગઈ ક્ષણની સ્થિતિ તેવી ને તેવી ફરીને આવતી નથી. એ વ્યાપારો સર્વત્ર ચાલતા હોવાથી, દરેક વ્યાપારને કાંઈક વ્યક્તિત્વ અને મર્યાદા પણ આવી જ જાય છે. એ બન્ને મળી આપણને કાળ અને દેશનો અનુભવ કરાવે છે.

૨૯. પરમેશ્વર સંકલ્પ, જ્ઞાન અને ક્રિયાશક્તિરૂપ છે, અને વળી સર્વત્ર અને સત્ય છે. તેથી એક પ્રકારનાં ઇચ્છા–જ્ઞાન–કે–ક્રિયામાંથી બીજા કોઈ પ્રકારના ઇચ્છા–જ્ઞાન–ક્રિયા વગેરેમાં રૂપાન્તર પામવાનો વ્યાપાર કાંઈક વ્યવસ્થાપૂર્વક ચાલે છે, ગમે તેમ આડોઅવળો ચાલતો નથી. એ વ્યવસ્થાના બધા નિયમો આપણે ખોળી શકીએ કે ન ખોળી શકીએ અને જગતમાં આપણી અપેક્ષા મુજબ ઘટનાઓ થાય કે ન થાય, તેના વ્યાપારોમાં કયાંય નિયમશૂન્યતા નથી, એમ કહેવાને આપણી પાસે પૂરતો જગતનો અનુભવ છે.

૩૦. આમ કોઈ પ્રકારની વ્યવસ્થાવાળા, સર્વત્ર ફેલાયેલા, ઇચ્છા, જ્ઞાન કે ક્રિયાઓના વ્યાપારોના આપણને જે અનેક પ્રકારના અનુભવો થાય છે, તે આ જગત.

૩૧. ગઈ ક્ષણ પાછી આવતી નથી અને સ્વપ્નવત્ થઈ જાય છે, તથા ભવિષ્યકાળ કેવળ આશા જ છે અને સિદ્ધ થાય તોયે ક્ષણભર જ રહે છે, છતાં જગત રજ્જુમાં સર્પના જેવી, કે સ્વપ્નના ભોગો જેવી, કે ગંધર્વનગરી જેવી કેવળ મિથ્યા માયા અથવા કાલ્પનિક ભાસ નથી, પણ જેમ નદી પાણીની ખાસ પ્રકારની ગતિનો સાચો અનુભવ છે, તેમ જગત ચોપાસ સતત ચાલી રહેલા વ્યાપારોનો સાચો અનુભવ છે.

૩૨. વળી જગત કોઈ લાડથી બગડી ગયેલા, તોફાની, અટકચાળા કે મનસ્વી છોકરા જેવા, પણ અતિશક્તિમાન સત્ત્વની લીલા, એટલે રમત, નથી, પણ એક મહાન શક્તિમાં એના સ્વભાવની રૂએ નિયમપૂર્વક ચાલતા વ્યાપારો છે.

## જીવ અને જડ

૩૩. અનાદિ અને અવિનાશી માત્ર પરમેશ્વર જ છે. એના સિવાય બીજું કશું અત્યંત અનાદિ કે અત્યંત અવિનાશી નથી. એટલે, જીવ કે જડ તત્ત્વો ગમે તેટલો લાંબો કાળ એકરૂપ રહેલાં લાગે, તેમનાં આદિ તેમ જ અંત છે. પણ આદિ એટલે શૂન્યમાંથી ઉત્પત્તિ નહીં, અને અંત એટલે શૂન્ય થવું નહીં પણ એક પ્રકારના દશ્યોમાંથી બીજા પ્રકારનાં દશ્યોમાં ફેરવાવું.

૩૪. જીવ અને જડ વચ્ચે પણ કોઈ સનાતન અને નિત્ય ભેદ હોય એમ જણાતું નથી અર્થાત્ જીવમાંથી જડ, અને જડમાંથી જીવનાં પરિવર્તન થાય એ અસંભવનીય નથી.

૩૫. જેને અલગ ઓળખી શકાય છે એવો કોઈ પણ જડ કે ચેતન પદાર્થ કે વ્યાપાર એવું અલગપણું રહે ત્યાં સુધી જુદી જુદી વ્યક્તિ છે. એ રીતે દરેક વ્યક્તિને સાચું અસ્તિત્વ છે.

૩૬. એવી કોઈ પણ વ્યક્તિ વિશ્વથી સાવ અળગી અને સ્વતંત્ર થઈ શકતી નથી. બધી એકબીજા સાથે અને જગત સાથે કોઈ ને કોઈ રીતે સંકળાયેલી છે.

૩૭. પણ વ્યક્તિમાત્રનું ઉપાદાન કારણ પરમેશ્વર જ હોવાથી એ સૌ પરમેશ્વરનાં રૂપો છે અને પરમેશ્વરથી કોઈ જુદાં નથી એમ કહી શકાય. પણ એવી કોઈ પણ વ્યક્તિ એક જ સમયે પરમેશ્વરની સમગ્ર પ્રકારની શક્તિઓ કે વ્યાપારો પ્રગટ કરી શકતી નથી. તેથી કોઈ પણ જડ કે ચેતન વ્યક્તિને તે પરમેશ્વર એટલે સમગ્ર બ્રહ્મ છે એમ કહેવું યોગ્ય નથી. પણ પોતે કે કોઈ બીજો બ્રહ્મથી અળગો નથી કે તત્ત્વતઃ બ્રહ્મ છે, એમ કહેવું બરાબર છે.

૩૮. બ્રહ્મને વિષે 'હું'નો પ્રયોગ થઈ શકતો નથી. આ રીતે પ્રત્યગાત્માને વિશિષ્ટ બ્રહ્મ કહેવાની રીત વધારે ઠીક લાગે છે.

૩૯. આપણામાં જે કાંઈ ઇચ્છાઓ, જ્ઞાનો અને ક્રિયાઓ માલૂમ પડે છે, અને જેને આપણે આપણાં ઇચ્છા, જ્ઞાન તથા ક્રિયા માનીએ છીએ, તે ખરેખર તેમ ન હોઈ વિશ્વમાં વ્યાપેલાં અનેક પ્રકારનાં ઇચ્છા–જ્ઞાન–ક્રિયાના તરંગોને ઝીલનારા અને પ્રગટ કરનારા



આપણે જુદી જુદી રીતે રચાયેલા દ્રષ્ટા અથવા સાક્ષી, અને કદાચિત્ તેને કોઈ જુદી દિશા આપનારાં નિમિત્તો જ હોઈએ એવો સંભવ છે.

૪૦. આથી દેહ વિના અથવા જુદા જુદા દેહોને ધારણ કરી પોતાનું વ્યક્તિત્વ કાયમ ટકી રહે, અથવા આખા જગતનું ગમે તે થાય અને તે ગમે તેટલું પરિવર્તનશીલ હોય પણ પોતાનું વ્યક્તિત્વ અપરિવર્તનશીલ અને નિત્ય ટકનારું થાય, અથવા જગતથી નિરાળું, સ્વતંત્ર અને પર થાય, અથવા જગતમાં પોતાનું વ્યક્તિત્વ બીજાઓથી નિરાળો માર્ગ કાઢી પોતાની વિશેષતા પ્રગટ કરવાનો પોતાને સંતોષ આપે,—આ સર્વે ઇચ્છાઓમાં વ્યક્તિવાદ છે, અને એમાં આત્માનું અશુદ્ધ અભિમાન છે.

૪૧. પરમેશ્વરમાં વિશ્વરૂપે ચાલતા ઇચ્છા–જ્ઞાન–ક્રિયાના અનંત વ્યાપારોમાંથી કેટલાકને પ્રગટ થવાનું, રૂપાન્તર પામવાનું અને ઓળખવાનું પોતે એક ખાસ રચનાવાળું સાધન અથવા યંત્ર છે. એ યંત્ર જગતના મહાયંત્રનું એક અંગ છે, અને એની સાથે સંકળાયેલું છે. જગતમાં ચાલતા વ્યાપારોની એ યંત્ર પર અસર ઊઠે છે, અને એમાં ચાલતા વ્યાપારોની જગત પર અસર પડે છે. પોતામાં જણાતા વ્યક્તિપણાના ભાનનો યોગ્ય ઉપયોગ એ છે કે પરમેશ્વર અર્થે, એટલે જગતના હિતાર્થે, એ યંત્ર કરી રાખવું. એની વિશેષતાઓ સ્વાર્થે નહીં, પણ પરાર્થે હોય. એમાં પ્રગટ થતી ઇચ્છા–જ્ઞાન–ક્રિયાઓમાં પોતાના લાભ કે સંતોષની વૃત્તિ નહીં, પણ જેટલી અને તેટલી જગતના હિતની વૃત્તિ હોય. એ દિશાનો પ્રયત્ન એ વ્યક્તિત્વની શુદ્ધિ, અથવા આત્માનું શુદ્ધ અભિમાન અને નિરહંકારિતા પ્રત્યે પ્રયાણ છે.

૪૨. મરણ પછી પોતામાં દેખાતા વર્તમાન વ્યક્તિત્વનું શું થશે તેની ચિંતા, અથવા તેને ટકાવવાની ઇચ્છા યોગ્ય નથી. સંભવ છે કે, છાંદોગ્યોપનિષદમાં કહ્યા પ્રમાણે, જેમ જુદાં જુદાં ફૂલોનું મધ મધપૂડામાં એકત્ર થયા પછી, અથવા જુદી જુદી નદીઓનાં પાણી સમુદ્રમાં ભળ્યા પછી તેમાં આ આ ફૂલનું મધ છે, અથવા

આ આ નદીનું પાણી છે, એવી વ્યક્તિ માલૂમ પડતી નથી, અથવા જેમ પાણીનું ટીપું વરાળ થઈને ઊડી ગયા પછી એ ટીપાના અંશોનો ઇતિહાસ શોધી શકાતો નથી, તેમ इमाः सर्वाः प्रजाः सति संपद्य न विदुः सति संपद्यामह इति ૧૬–૯–૨ (સર્વે પ્રજાઓ સત્‌માં ગયા પછી અમે સત્‌માં ગયાં છીએ એમ જાણતી નથી; એટલે કે પોતાનું નિરાળું નિરાળું વ્યક્તિત્વ રાખી શકતી નથી.)

## ૨

## ધર્મ

### (અ) સામાન્યપણે

૧. પ્રાણીમાં વિચાર અને વિવેક ઉત્પન્ન થતાંની સાથે જ ધર્મ ઉત્પન્ન થઈ આવે છે.

૨. ધર્મ એટલે આચારના નિયમો — વિધિનિષેધ; શું, ક્યારે, કેમ, કેટલું, કઈ રીતે અમુક કરવું કે ન કરવું — આ બધો ધર્મવિચાર છે.

૩. જે વચનો સર્વ મનુષ્યોનાં સર્વ પ્રકારનાં શ્રેય અને પ્રેયનો સમવૃત્તિએ વિચાર કરી તથા અન્ય ભૂતોનાં હિતોનોયે સમભાવપૂર્વક વિચાર કરી આચારવ્યવહાર અને પ્રાયશ્ચિત્તનાં નિયમોને સૂચવે તે ધર્મશાસ્ત્ર. તે વચનો આ દેશના પુરુષનાં હોય કે પરદેશનાંયે હોય; પ્રાચીન હોય કે અર્વાચીન પણ હોય; અને ધાર્મિક પુસ્તકોને નામે તેની ખ્યાતિ હોય કે નયે હોય. એથી ઊલટું, ધર્મ-શાસ્ત્રને નામે ઓળખાતાં પ્રાચીન કે અર્વાચીન પુસ્તકોમાં તથા સંતોની વાણીમાં ધર્મશાસ્ત્ર ન ગણવા જેવાં વચનો પણ હોય એમ બને. જેટલે અંશે તે વચનો મનુષ્યમાં સદ્વૃત્તિ અને સત્પ્રવૃત્તિને પ્રેરે તથા સર્વ ભૂતો પ્રત્યે સમભાવને પ્રગટ કરે તેટલે અંશે તે ધર્મશાસ્ત્ર ગણાય.



૪. એકલા રહેનારનેયે પોતાના શ્રેય (ચિત્તનો સંતોષ) અને પ્રેય (ભૌતિક સુખ) માટે ધર્મનું પાલન કરવું પડે છે. પણ વિશાળ દૃષ્ટિએ કોઈ પ્રાણી સાવ એકલું રહેતું જ નથી. સજાતીય જીવો ન હોય તો વિજાતીય જીવો સાથે હોય છે, અને તેની સાથેયે કોઈક પ્રકારનો સમાજ અને તેનો ધર્મ ઉત્પન્ન થઈ આવે છે.

૫. ધર્મનું પાલન પોતાના તેમ જ સમાજ બન્નેના સુખ માટે છે. તેમાં થતા ભંગનું પરિણામ બન્નેને ભોગવવું પડે છે. કોઈ વાર ભંગ કરનારને વધારે ભોગવવું પડે છે, કોઈ વાર સમાજને.

૬. આથી, સજાતીય સમાજોમાં દરેક જણ પાસે તેના કર્તવ્યોનું પાલન કરાવી લેવા માટે જુદી જુદી વ્યવસ્થાઓ ઉત્પન્ન થાય છે.

૭. માનવ સિવાયનાં બીજાં પ્રાણીઓમાંયે આવી વ્યવસ્થાઓ જોવામાં આવે છે. એને આપણે ધર્મનું નામ આપતા નથી તે જુદી વાત છે.

### (આ) માનવસમાજ અને ધર્મ

આપણે માનવસમાજ અને ધર્મનો વિચાર કરીએ.

૮. સમાજની વ્યવસ્થાઓ અને નિયમો પાછળ એના પાયારૂપે જીવન તથા જગતનાં સ્વરૂપ અને સંબંધ વિષે, જીવનના આદર્શો વિષે, જેણે નિયમ પાળવાના છે અને જેને તે પળાવવાના છે તેમની વચ્ચેના સંબંધ વિષે, વ્યક્તિ તથા સમાજના સંબંધ વિષે, તથા સમાજની વ્યાપ્તિ તથા મર્યાદા વિષે, કાંઈક ઓછીવત્તી ખીલેલી દૃષ્ટિ તથા ભાવના રહે છે; એટલે કે તત્ત્વજ્ઞાન, ભૌતિક તથા સામાજિક વિજ્ઞાન, અને બુદ્ધિ તથા હૃદયનો (એટલે દૃષ્ટિ તથા ભાવનાની વિશાળતાનો) ઓછોવત્તો વિકાસ છે.

૯. આમ તત્ત્વજ્ઞાનની, બુદ્ધિની અને હૃદયની જુદી જુદી ભૂમિકા પ્રમાણે જુદા જુદા નિયમોનો ધર્મ માનતા જુદા જુદા સમાજો છે.

૧૦. ધર્મના પાયા ઊંડા હોય કે છીછરા, મજબૂત હોય કે નબળા, વ્યાપક ક્ષેત્રમાં પસરેલા હોય કે ટૂંકામાં, ધર્મનો હેતુ તેના ક્ષેત્રમાં આવતા સમાજનું શ્રેય અને પ્રેય કરવાનો હોય છે.

૧૧. કેટલાક ધર્મો પ્રધાનપણે શ્રેયદૃષ્ટિએ વિચારેલા હોય છે, કેટલાક પ્રેયદૃષ્ટિએ. બન્નેમાં કેટલીક વાર પ્રધાનપણે તત્ત્વદૃષ્ટિ હોય છે, કેટલીક વાર વિજ્ઞાનદૃષ્ટિ.

૧૨. જે સમાજની રચનામાં તત્ત્વદૃષ્ટિ અને વિજ્ઞાનદૃષ્ટિ, અથવા શ્રેયદૃષ્ટિ અને પ્રેયદૃષ્ટિ, બધી એકબીજી સાથે ખૂબ મિશ્ર થઈ ગઈ હોય છે, તે સમાજ અને તેનો ધર્મ બન્ને એકરૂપ થઈ જાય છે; જેમ કે હિંદુ સમાજ અને હિંદુ ધર્મ, મુસલમાન સમાજ અને ઇસ્લામ. આવા સમાજોને આપણે કોમી સમાજને નામે ઓળખીએ છીએ.

૧૩. જે સમાજ પ્રધાનપણે તત્ત્વદૃષ્ટિ દ્વારા શ્રેય અને પ્રેય બન્ને માટે બંધાય છે, તે ધાર્મિક મત, પંથ, સંપ્રદાયનું રૂપ ધારણ કરે છે. કાળાન્તરે, તેમાંથી ઉપલી જાતનો સમાજ પણ થઈ આવે. એને આપણે સાંપ્રદાયિક સમાજ કહેશું.

૧૪. જે સમાજ પ્રધાનપણે તત્ત્વદૃષ્ટિ કે વિજ્ઞાનદૃષ્ટિ દ્વારા કેવળ શ્રેયપ્રાપ્તિ (માનસિક સંતોષ) માટે બંધાય છે તે જુદાં જુદાં દર્શનો (schools, academies)નું રૂપ લે છે. એને દાર્શનિક સમાજ કહેશું.

૧૫. જે સમાજ પ્રધાનપણે વિજ્ઞાનદૃષ્ટિ દ્વારા કેવળ પ્રેયપ્રાપ્તિ માટે રચાય છે, તે ભૌતિક, રાજકીય, આર્થિક, સામાજિક વગેરે સમાજો બને છે, અને પ્રજાઓ, વર્ણો, વર્ગો, પક્ષો ઇત્યાદિને નામે ઓળખાય છે. એને ભૌગોલિક સમાજ કહેશું.

૧૬. એ ચારે જાતના સમાજમાં પરસ્પર સંઘર્ષ અને કલહની તેમ જ સંપ અને ભાઈચારાની શક્યતા છે.

૧૭. આમાંથી અહીં ભૌતિક સમાજોનો વિચાર છોડી દીધો છે. માત્ર એટલું કહેવું જોઈએ કે એ સમાજોમાંયે વહેમ, અંધશ્રદ્ધા અજ્ઞાન, ઇરાદાપૂર્વક ગેરદોરવણી વગેરે પહેલા ત્રણ પ્રકારના સમાજો કરતાં ઓછાં હોય છે એમ માનવાને કશું કારણ નથી.

૧૮. કોમી સમાજ, સાંપ્રદાયિક સમાજ અને દાર્શનિક સમાજોમાં સાચી કે ભૂલભરેલી કાંઈક શ્રેયદૃષ્ટિ રહેલી જ હોવાથી, અને ધર્મ શબ્દના રૂઢ અર્થમાં શ્રેયનો ભાવ સમજાતો હોવાથી, સગવડ



માટે એ ત્રણેને આપણે ધાર્મિક સમાજ, અથવા ધર્મો (બહુવચનમાં) ને નામે ઓળખશું. અનુગમ એ એનું યોગ્ય નામ થાય.

## (ઇ) ધાર્મિક સમાજો

૧૯. મનુષ્યનો સ્વભાવ એવો બનેલો છે કે કેવળ પ્રેયોની પ્રાપ્તિથી એને પૂરાં સંતોષ અને શાંત થતાં નથી. સર્વ જાતનાં પ્રેયો હોય છતાં એને જીવનમાં કાંઈક એવી ન્યૂનતા લાગ્યા કરે છે કે તેને પરિણામે તે સંતોષ અને શાંતિ અનુભવતો નથી. સંતોષ તથા શાંતિની શોધ તે શ્રેયની શોધ છે.

૨૦. કેટલાક માણસોમાં આ ઇચ્છા એવી તીવ્ર હોય છે કે તે પ્રેયને શોધતો નથી એટલું જ નહીં, પણ પ્રાપ્ત થયેલાં પ્રેયોને પણ છોડી દે છે. પણ ઘણી વાર એવું બને છે કે જેમણે શ્રેય માટે પ્રેય છોડી દીધું હોય તેઓ અમુક કાળ પછી પાછા પ્રેયાર્થી બની જાય છે. ધર્મોમાં પાખંડનો પ્રવેશ, ઘણુંખરું આ વર્ગના માણસો દ્વારા થાય છે. આ બે સિવાયનો મોટો જનસમુદાય શ્રેય અને પ્રેય બન્નેની ઇચ્છા કરનારો હોય છે.

૨૧. ઘણાખરા ધર્મો અને સંપ્રદાયોનો ઉદ્‌ભવ અને પ્રચાર પહેલા બે વર્ગના માણસો કરે છે, અને બહુજનસમાજમાંથી તેમના અનુયાયીઓ થાય છે. જેમ સામાન્ય માણસો પોતાનાં વહેવારનાં કામોમાંયે દાક્તર, વકીલ, ઇજનેર જેવા જુદા જુદા ધંધાના નિષ્ણાતો પર તે તે કામો માટે વિશ્વાસ મૂકે છે, તેમ તેઓ શ્રેયની બાબતમાં ઉપલા બે વર્ગના માણસોને અનુસરે છે. જેમ સ્વાર્થી નિષ્ણાતો પોતાના અસીલોના વિશ્વાસ અને તે વ્યવહાર વિષેના ઓછા જ્ઞાનનો ગેરલાભ લે છે, તેમ જ ધાર્મિક નિષ્ણાતોનુંયે થાય છે.

૨૨. વળી, મનુષ્યનું ચિત્ત એવી રીતે ઘડાયેલું માલૂમ પડે છે કે એક વસ્તુ અસત્ય અથવા ઓછી સત્ય છે એમ જાણ્યા છતાં એને સત્ય અથવા પૂરી સત્ય તરીકે રજૂ કરતો રહેનાર માણસ ધીમે ધીમે એમ જ માનતો થઈ જાય છે. આ રીતે અસત્યમાં સત્યાગ્રહનિષ્ઠા બંધાવાનો સંભવ થાય છે. એમ પાખંડ પણ ધાર્મિક બની જાય છે, અને તેમાં જો દેખીતી અનીતિ ન હોય તો તેને સહિષ્ણુવૃત્તિથી

જોવાના પ્રસંગો આવે છે. ધર્મોની અનેક રૂઢિઓ અને માન્યતાઓ વગેરેની બાબતમાં આ મુજબ થયું છે. પરધર્મસહિષ્ણુતા, પર-અધર્મ-સહિષ્ણુતા તથા જૂના અન્યાયો પ્રત્યે ક્ષમાદૃષ્ટિની પાછળ આવી ઉદારતા રહેલી હોય છે.

૨૩. સામાન્યપણે ધર્મોનું સ્વરૂપ તપાસતાં તેમાં નીચે પ્રમાણે અસત્ય કે અર્ધસત્ય બાબતોમાં સત્યનિષ્ઠાથી પ્રચાર અને પોષણ થયેલાં જોવામાં આવે છે.

(૧) પરમેશ્વરના સગુણ નિરૂપણમાં;

(૨) કોઈક વ્યક્તિને તારણહાર તરીકે રજૂ કરવામાં;

(૩) કોઈક વાદને અચલ સિદ્ધાંત તરીકે રજૂ કરવામાં;

(૪) સમીપવર્તી સમાજની તત્કાલીન સ્થિતિમાંથી ઉદ્ભવેલા આચારના નિયમોને સર્વવ્યાપક અને સમકાલીન ગણવામાં;

(૫) કોઈક ગ્રંથને વિવેકબુદ્ધિથી પર ગણી પ્રમાણભૂત માનવામાં;

(૬) સામાન્યપણે જ્ઞાન, આલંબન (ઉપાસના અથવા આશ્રય) ભક્તિ, સાધના, તપ અને ધર્મ (એટલે આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત્ત) તથા સદ્વર્તનનાં મૂળોને પોષવાને બદલે કેવળ શાખાઓને સંભાળવામાં;

(૭) વામમાર્ગ અથવા દુરાચાર ઉત્પન્ન કરવામાં.

૨૪. પરમેશ્વર વિષેના સૂત્રમાં કહ્યા પ્રમાણે, પરમેશ્વરનું સર્વવ્યાપક, સર્વજ્ઞ, સર્વ સૃષ્ટિના ઉત્પત્તિ–પાલન–પ્રલયકર્તા, સર્વનો સ્વામી અને સર્વશ્રેષ્ઠ ગુણોનો ભંડાર, એ રીતે વર્ણન કરેલું સ્વરૂપ સામાન્ય માણસોને પૂરતું અને સમજવા માટે સહેલું લાગે છે. આ નિરૂપણમાં પરમેશ્વર વિષે કોઈ આકારનું આરોપણ કે સૃષ્ટિની રચનામાં કોઈ બીજા ઉપાદાન કારણની કલ્પના નથી. પરંતુ, જુદા જુદા ધર્મોમાં પરમેશ્વર માટે રાજા કે યોગીનાં રૂપકો ગોઠવવામાં આવ્યાં છે. એટલે કે સમાજમાં એકાદ ચક્રવર્તી રાજા કે યોગીશ્વર અને તેના વૈભવ વિષે જે કલ્પના હોય તેની અનેક ગણી વધારેલી કલ્પના પરમેશ્વર તથા તેનાં ધામ, વૈભવ અને વ્યવસ્થા વિષે કરવામાં આવે છે. એ કલ્પનાઓ માટે આગ્રહબુદ્ધિ એ ધર્મો વચ્ચેનો કલહનું



એક કારણ થાય છે. આ કલ્પનાઓને પરિણામે પરમેશ્વર એ જગતનું નિમિત્તકારણ જ છે, અથવા માણસના જેવી યોજના અને વિચાર કરવાની પદ્ધતિએ જગતની વ્યવસ્થા ચાલતી હશે, એવી સમજણ મોટા મોટા પંડિતો અને ધર્માચાર્યોમાંયે જોવામાં આવે છે, અને સામાન્ય લોકોને પરમેશ્વરને જગતનું ઉપાદાનકારણ સમજવાની કલ્પના સરખી ઊઠતી નથી.

૨૫. રાજારૂપ કે યોગીરૂપ પરમેશ્વરવાદમાંથી જ તેના અવતાર, પુત્ર, પ્રતિનિધિ, પેગંબર તથા તેના વિરોધી સેતાન, માર, કલિ વગેરેની કલ્પનાઓ થઈ છે. સમાજને ઊંચે ચડાવનાર કોઈક લોકોત્તર પરાક્રમી અથવા સંતપુરુષને પરમેશ્વરનું પૂર્ણ સ્વરૂપ કે તેના તરફથી નિમાયેલા તારણહાર તરીકે રજૂ કરી, તેની આજુબાજુ એક સમાજની રચના કરવી એ જુદા જુદા ધર્મોની વિશેષતાઓ છે. ધર્મો ધર્મો વચ્ચેના ઝઘડાઓમાં આ તારણહારો પ્રત્યેનું અઘટિત અભિમાન ઘણો ભાગ ભજવે છે.

૨૬. એક નવો સમાજ રચનાર પુરુષ પોતાના કાળના અને આજુબાજુના લોકો કરતાં ગમે તેટલો ઉન્નત થયેલો હોય, અને તે પોતાના નવ સમાજમાં તે વખતે ગમે તેટલાં ભારે પરિવર્તનો કરતો જણાય; છતાં ઝીણવટથી તપાસતાં એ પોતાના કાળની સેંકડો રૂઢિઓમાંથી આંગળીના વેઢા પર ગણાય એથી વધારે રૂઢિઓમાં ભાગ્યે જ મૂળથી પરિવર્તન કરી શકે છે. બીજી રૂઢિઓને તે જેમની તેમ રાખી, તે પર પોતાની સ્વીકૃતિની મહોર કરી, કદાચ વધારે મજબૂત પણ કરી જાય છે. આ રૂઢિઓ પણ તેની આજુબાજુના અને તેના જ કાળના સમાજ માટે અયોગ્ય ન હોવાનો સંભવ હોય છે. પણ જ્યારે એ પુરુષની પાછળ એક ધાર્મિક સમાજ ઉત્પન્ન થાય છે, ત્યારે તે રૂઢિઓ તેમ જ તેણે કરેલાં પરિવર્તનોને સર્વકાલીન અને સર્વદેશી બનાવવાનો, અને તેમાં પરિવર્તન ન થવા દેવાનો આગ્રહ બંધાય છે. સનાતની વૃત્તિ તથા આ ધર્મો વચ્ચે કલહોનું અને ધર્મના વિકાસને અટકાવનારું આ પણ એક કારણ છે. જ્યારે

એ રૂઢિઓની પાછળ કોઈક વર્ગનાં શ્રેયો પણ જોડાયેલાં હોય ત્યારે તે કલહ અને પ્રગતિવિરોધનું વધારે બળવાન કારણ થાય છે.

૨૭. મનુષ્યોની બુદ્ધિઓ અને વૃત્તિઓ વિવિધ પ્રકારની છે. પણ તે સાથે જ તેમાં સમાનતાઓ પણ છે. આથી, થોડીવત્તી સમાન બુદ્ધિ અને વૃત્તિવાળા માણસોનાં જુદાં જુદાં જૂથો બંધાઈ જાય છે. કેટલાંક જૂથો વીખરાઈ જાય છે, તો પાછાં થોડા જ સમયમાં નવાં ઉત્પન્ન થાય છે. એકે જૂથમાં ન હોય એવો સમાજની વચ્ચે રહેનાર માણસ ભાગ્યે જ મળી આવે છે. વળી, મનુષ્યોની બુદ્ધિ અને તે પ્રમાણે આચરણ કરવાની શક્તિમાં ઘણું અંતર રહે છે. આ રીતે, આખી માનવજાતિ માટે એક જ બંધારણ હોવું કઠણ છે. માણસો જુદી જુદી જાતના, ક્યાંક પરસ્પરસંકળાયેલા અને ક્યાંક સ્વતંત્ર, સમાજો કરીને રહેશે એમ માનીને જ ચાલવું જોઈએ. આ વાત ધાર્મિક તથા બીજી જાતના સમાજોને પણ લાગુ પડે છે. આખો માનવસમાજ કોઈ એક જ ધર્મ કે મતનો કરી શકાય એમ માનવું, અથવા દરેક વ્યક્તિનો સ્વતંત્ર જ ધર્મમત હોય એમ માનવું, બન્ને અવ્યવહાર્ય છે.

૨૮. માટે, જગતના વર્તમાન હિંદુ–મુસલમાન વગેરે ધર્મો નામશેષ થઈ જાય તોયે, માણસ વિચારી પ્રાણી છે ત્યાં સુધી, જુદી જુદી જાતના ધર્મમતો નિર્માણ થવાના જ. એ બધા માનવ-સમાજનાં સુખ અને શાંતિ માટે થાય અને સર્વોદયને વધારવામાં ફાળો આપે એવી જ શરતો શોધવી ઘટે, અને એ શરતોનું પાલન થાય એ રીતે પ્રચલિત ધર્માનુ સંશોધન કે નવા થનારા ધર્મોની રચના થવાં જોઈએ.

## (ઈ) ધર્મોનું સંશોધન

૨૯. મનુષ્યના શ્રેયસ્સાધનના પ્રયત્નોને પોષવા માટે જુદા જુદા ધર્મોએ જુદી જુદી બાબતો પર ભાર મૂક્યો છે ખરો. છતાં, બધા ધર્મોમાં નીચેનાં છ અંગો સામાન્યપણે દેખાય છે. તત્ત્વજ્ઞાન, આલંબન (ઉપાસના અથવા આશ્રય), ભક્તિ, સાધનમાર્ગ, તપ અને સદાચાર.



૩૦. દરેક ધાર્મિક સમાજ એ અંગોને ખાસ ખાસ રીતે પોષે એમાં દોષ નથી. પણ એ પોષણમાં નીચેના નિયમો પાળવા જોઈએ, અને જેટલે અંશે કોઈ ધર્મ કે તેના ગ્રંથોમાં તે નિયમોનો ભંગ થતો હોય, તેટલે અંશે તેમાં સંશોધન કરી તે દોષો કાઢી નાખવા જોઈએ.

૩૧. પહેલો નિયમ માનવ–અહિંસાનો. સર્વે ધર્મોએ ઓછાવત્તા પ્રમાણમાં અહિંસાવૃત્તિને પોષી છે તથા તેના પર ભાર મૂક્યો છે ખરો. પણ માનવહિંસાનો પૂરો નિષેધ ભાગ્યે જ કોઈ પ્રાચીન ધર્મોએ કર્યો છે. એ ધર્મોની ઉત્પત્તિ થઈ તે કાળમાં માનવોની પરસ્પર હિંસા લગભગ રોજની વસ્તુ હોવાથી પ્રાણીહિંસા કરતાંયે માનવહિંસાનો નિષેધ કરવો એ વધારે કઠણ માલૂમ પડ્યું હશે. આથી, તે દિશામાં વિચાર મૂકવાનુંયે ધર્મપ્રવર્તકોને ભાગ્યે જ સૂઝ્યું છે. પરિણામે, અહિંસાવાદી કે ભૂતદયાવાદી ધર્મોમાંયે માનવહિંસા પર ભાગ્યે જ લક્ષ અપાયું છે; ઊલટું, કેટલીક વાર તેને ઉત્તેજન પણ મળ્યું છે. ખુદ ધર્મના પ્રચાર માટેયે માનવહિંસા થઈ છે અને તે પુણ્યકર્મ પણ લેખાયું છે. ધર્મોની આ ખામી સુધારવી જોઈએ. અને, અહિંસાના પાલનમાં માનવહિંસાના નિષેધને પ્રથમ અને બીજાં પ્રાણીઓની હિંસાને બીજું સ્થાન આપવું જોઈએ. પોતાના ધર્મના પાલન, પ્રચાર કે વિકાસમાં ક્યાંયે માનવહિંસા કરવાની પરવાનગી ન હોવી જોઈએ. આમાં, આતતાયી સામે પોતાનું કે બીજાનું પ્રત્યક્ષ રક્ષણ કરવામાં જે હિંસા અનિવાર્યપણે કરવી પડે તેટલો જ અપવાદ યોગ્ય ગણાય. એક અપરાધ થઈ ચૂક્યા પછી, ગુનેગારને સજારૂપે દેહાન્ત દંડ કે અંગોચ્છેદ કરવાની પ્રથા સાવ નીકળી જવી જોઈએ.

૩૨. બીજો નિયમ સર્વધર્મસમભાવનો. એટલે કે, માણસ ભલે પોતાની બુદ્ધિ કે વૃત્તિ પ્રમાણે જુદા જુદા ગુરુઓ, સંતો, માર્ગદર્શકો, વીરો, ઐતિહાસિક, પૌરાણિક કે રૂપકાત્મક વ્યક્તિઓ પ્રત્યે ભક્તિભાવ ધરાવે અને તેના ઉપદેશોને અનુસરે, પણ કોઈ પણ ધર્મનો અનુયાયી એમ ન કહે કે તે વ્યક્તિ સમગ્ર પરમેશ્વર છે,

અથવા પરમેશ્વરનો અવતાર, પેગંબર કે બીજો પ્રતિનિધિ છે, કે તેવી વ્યક્તિઓમાં સર્વશ્રેષ્ઠ છે. તેમ જ એમ પણ ન કહે કે તેના જ આલંબન વિના કોઈનો ઉદ્ધાર નથી. પણ, પોતાના જેવી વૃત્તિના માણસો માટે તે યોગ્ય માર્ગદર્શક હોય, તોપણ બીજી વૃત્તિના માણસો માટે બીજાયે એટલા જ યોગ્ય માર્ગદર્શક હોઈ શકે છે એમ સમજી સર્વે ધર્મો અને તેના પ્રામાણિક અનુયાયીઓ પ્રત્યે આદર રાખે અને એવા આદરપૂર્વક પોતાના માર્ગદર્શક પ્રત્યેની પોતાની ભક્તિ અને સમજણ બીજાની આગળ પ્રગટ કરવાની જરૂર જણાતી હોય તો કરે.

૩૩. ત્રીજો નિયમ, પાખંડનિષેધનો. સર્વે ધર્મોમાં અનેક બાબતોમાં અશુદ્ધિ, મૂઢતા, ખામી વગેરે છે. દરેકમાં કાંઈક પાખંડ, દેખીતો દુરાચાર વગેરે પણ પેઠેલા છે. એમ કહી શકાય કે દરેક ધાર્મિક સમાજમાં દક્ષિણમાર્ગી અને વામમાર્ગી પંથો છે. વળી, કેટલાક દક્ષિણમાર્ગી હોવાનો દંભ કરે છે, અને કેટલા પ્રામાણિક નિષ્ઠાથી વામમાર્ગી હોય છે. સર્વધર્મસમભાવનો અર્થ એ નથી કે પોતાના કે બીજાના ધર્મમાં દેખાતી ખામી, અશુદ્ધિ કે મૂઢતાની ટીકા જ ન કરી શકાય, દંભ કે સ્વાર્થને ઉઘાડા ન પડાય, અથવા પાખંડ અને દુરાચારોનો વિરોધ ન થાય; પણ ટીકા અને વિરોધ તીવ્ર છતાં અહિંસાત્મક રીતે જ હોય, અસત્ય કે અતિશયોક્તિભર્યાં આક્ષેપ, વિડંબના, ગાળાગાળી, તોછડાઈ કે અસભ્યતાને સ્થાન ન હોવું જોઈએ. સત્યાગ્રહ આચરી શકાય, પણ બળાત્કાર વાપરી ન શકાય.

૩૪. ચોથો નિયમ સમાજવ્યવસ્થાના પાલનનો અને પડોશી ધર્મનો. એટલે કે કોઈ માણસ ભલે પોતાની રુચિ પ્રમાણે ભક્તિના કે અનુષ્ઠાનના વિધિ રાખે, કે વ્રતોનું પાલન કે ઉજવણી કરે, પણ તે બધું સાર્વજનિક હિતને અવિરોધીપણે અને પડોશીની યોગ્ય લાગણીઓને સાચવીને જ થવું જોઈએ.

૩૫. પાંચમો નિયમ સદાચારનો. દુરાચારનો બચાવ કરવાની કોઈ પણ ધર્મને છૂટ ન હોઈ શકે. જેમ સત્ય, અહિંસા, નિયતાચાર,* 

* પતિ-પત્ની સુધ્ધાં સ્ત્રી-પુરુષ સંબંધોમાં આચારમર્યાદા.



સ્વચ્છતા, અમત્તતા (non-drunkenness) વગેરે સાર્વજનિક સભ્યતાઓ છે. આથી વિશ્વાસઘાત, વ્યભિચાર, અત્યાચાર, ચોરી, લૂંટ વગેરે આતતાયી કર્મો, સાર્વભૌમ અધર્મો અથવા દુરાચારો છે, અને અવિનય, ગંદકી, મદ્યાવસ્થા વગેરે સાર્વજનિક અસભ્યતાઓ છે. એવાં કર્મો કે ટેવોમાં ધાર્મિકતાનો ખ્યાલ પોષનાર ઉપદેશો ત્યાજ્ય સમજી કાઢી નાખવા જોઈએ.

૩૬. છઠ્ઠો નિયમ, સાર્વજનિક પ્રેયસિદ્ધિનો. રાજ્ય, સમાજ, કુટુંબ, લગ્ન, વારસા, ઉદ્યોગ, નગર વગેરેની વ્યવસ્થાઓમાં જુદા જુદા ધર્મો પોતાના અનુયાયીઓ માટે ખાસ નિયમો ઠરાવે કે પ્રચલિત રૂઢિઓમાં પરિવર્તન કરે, તો તે એવી મર્યાદામાં થવાં જોઈએ કે જેથી તે એ ધર્મના અનુયાયીઓ કરતાં વધારે વિશાળ સમાજને હિતકારી થાય અથવા અનુકરણીય લાગે, પણ તે ધર્મના અનુયાયીઓનું જ પ્રેય વધારનારા અથવા વિશાળ સમાજ પર બોજો વધારનારા ન થાય. દાખલા તરીકે, આજુબાજુના સમાજમાં અનેક સ્ત્રી પરણવાની પ્રથા હોય તો કોઈ ધર્મ પોતાના અનુયાયીઓ પર એક પત્નીવ્રતનો નિયમ મૂકી શકે, પણ આજુબાજુના સમાજમાં એકપત્નીપ્રથા હોય તો તે બહુપત્નીત્વનો હક રજૂ ન કરી શકે. અથવા આજુબાજુના સમાજમાં સ્ત્રીઓનો વારસાહક ઓછો હોય, તો કોઈ ધર્મ તે વધારે, પણ આજુબાજુના સમાજમાં જેટલો હક પ્રચલિત હોય તેને ઓછો કરવાનો હક ન કરી શકે. એ જ રીતે ધર્મોનું ક્ષેત્ર આ બાબતમાં એટલું મર્યાદિત સમજવું જોઈએ કે વિશાળ સમાજ આ બાબતમાં સાર્વજનિક હિત વધારવા માટે જે ફેરફાર કરવા માગે તેમાં ધાર્મિક સમાજો તરફથી અડચણ બતાવી શકાય નહીં. આ નિયમ નવા ધર્મોને તેમ જ બહારથી આવી નવા ક્ષેત્રમાં પ્રવેશ કરનાર ધર્મોને તથા ધર્માન્તર કરતા ત્રણેને લાગુ પડે. મતલબ કે ધાર્મિક સમાજો પ્રેયોના ક્ષેત્રમાં જે વિશેષતા પોતાના અનુયાયીઓ માટે દાખલ કરે તે શ્રેયદૃષ્ટિએ અને સંયમની દિશામાં હોય, ભોગવૃદ્ધિની કે પોતાના જ અનુયાયીઓના અધિકારોની વૃદ્ધિની દિશામાં ન હોય.

૩૭. આ દૃષ્ટિએ સર્વ ધર્મમતોનું સંશોધન અને નવું વિવરણ થવાની જરૂર છે. ઉદાર ધાર્મિક વૃત્તિવાળા, સર્વધર્મસમભાવી, ધર્મ અને તત્ત્વજ્ઞાનના અભ્યાસીઓ આ રીતે જુદા જુદા ધર્મોનું સંશોધિત સ્વરૂપ પ્રજા આગળ મૂકે તો તે સરસ સેવા થાય.

૩૮. એવું સંશોધિત વિવરણ એ રીતે થવું જોઈએ કે બહુ જ સંકુચિત દૃષ્ટિએ ન જોનાર અનુયાયીને પણ એ માન્ય થાય, અને અન્ય ધર્મીઓને એમાં કશું ખટકે નહીં. એ કેવળ તે તે ધર્મોની પ્રશસ્તિઓ જ ન હોય. એમાં પેઠેલા દોષોનું તથા છોડી દેવા યોગ્ય અંશોનું નીડરતાથી છતાં સમભાવથી નિરૂપણ પણ તેમાં હોવું જોઈએ.

૩૯. તે તે ધર્મના અનુયાયીઓનો આ કામ કરવાનો સ્વાભાવિક રીતે વધારે અધિકાર છે. તેમને તે માટે વધારે અનુકૂળતા પણ હોવાથી તેમનું કર્તવ્ય પણ ગણાય. પણ બીજા ધર્મના હોવા છતાં અધિકારી પુરુષો તેમ ન કરી શકે એમ માનવું ન જોઈએ.

૪૦. સંકુચિત દૃષ્ટિના અનુયાયીઓ તથા જેમના સ્વાર્થ અને વામાચારને ધક્કો પહોંચે એમ હોય તેમના તરફથી આ પ્રયત્નનો વિરોધ થવા સંભવ છે. પણ જો એ ગ્રંથો સામાન્ય જનોની પોતપોતાના ધર્મમાં કેળવાયેલી ધાર્મિક વૃત્તિને યોગ્ય રીતે પોષનારા અને એમનાં જ્ઞાન, આલંબન, ભક્તિ, તપ, સાધન અને સદાચારને યોગ્ય વલણ આપનારા હશે તો તે માન્યતા અને પ્રતિષ્ઠા મેળવ્યા વિના રહેશે નહીં.

૪૧. આને જ અંગે પ્રાચીન કે અર્વાચીન બહુમાન્ય થયેલા ધર્મગ્રંથોની સંશોધિત (expurgated) આવૃત્તિઓ તથા તેનાં પ્રમાણભૂત થઈ શકે એવાં સરળ અને શુદ્ધ ભાષાંતરો થવાની પણ જરૂર છે. જેમ ભારે વિદ્વાનો સિવાય કોઈ બાઇબલને હિબ્રૂ, ગ્રીક કે લૅટિનમાં વાંચતું નથી, તેમ ઉપનિષદો, ગીતા, કુરાન, ઝંદ અવસ્તા વગેરેનાં મૂળ જેટલાં જ પ્રમાણભૂત ગણાય એવા વર્તમાન લોકભાષાઓમાં ભાષાંતરો મળવાં જોઈએ.



## (૭) લોકધર્મ

૪૨. ઉપલા વિચારો અને સૂચનાઓ જુદા જુદા પ્રચલિત ધર્મો વિષે થયાં. પણ જેમ રાજકીય બાબતોમાં કેટલાક લોક મક્કમપણે એક પક્ષ અથવા બીજા પક્ષના આગ્રહી હોય છે, પરંતુ સામાન્ય જનતા કોઈ પણ પક્ષ માટે બહુ અભિમાન રાખ્યા વિના દરેક પ્રસંગે પોતાની સમજણ પ્રમાણે જે પક્ષ સારો લાગે તેને પોતાનો ટેકો આપે છે, તેમ ધાર્મિક બાબતોમાંયે બને છે. ધર્મના આગ્રહી અનુયાયીઓ થોડા જ હોય છે. સામાન્ય જનસમાજ જન્મધર્મને સાધારણ રીતે અનુસર્યા કરે છે, છતાં એ વિષે અત્યંત અભિમાન રાખતો નથી. ધર્માન્તર કરનારાઓનો મોટો ભાગ આ લોકોમાંથી જ નીકળે છે.

૪૩. તેથી, સર્વ જાણીતા ધર્મોથી તટસ્થ રહી પ્રજાની ધાર્મિક અને સદાચારપ્રિયવૃત્તિને કેળવે એ રીતે તત્ત્વજ્ઞાન અને ધર્મના સરળ નિરૂપણની જરૂર છે. એમાં તત્ત્વજ્ઞાનની સાદામાં સાદી સમજ, આલંબન (ઉપાસના)નું શુદ્ધ સ્વરૂપ, ભક્તિની અસાંપ્રદાયિક અને અકર્મકાંડી રીત, સાધના અને તપના બુદ્ધિગમ્ય પ્રકારો તથા સામાન્ય માણસોની નૈતિક કૌવતને બેમાલૂમ રીતે વધારે એ રીતે સદાચારના સરળ નિયમોનું નિરૂપણ હોય, તથા જગતમાં થઈ ગયેલા ધાર્મિક પુરુષોના જીવનમાંથી ચમત્કારોને અલગ કરી તેમની ધર્મભાવના, ઈશ્વરપરાયણતા તથા ઉચ્ચ ચારિત્રને દેખાડનારાં ચરિત્રો હોય. આમ વર્ગ અને શુદ્ધ જિજ્ઞાસુઓ માટે તો આ જ ધર્મ અને ધર્મગ્રંથો થઈ જશે.

૪૪. ધર્મ અને તત્ત્વજ્ઞાનના ચારિત્રવાન અભ્યાસીઓ અને ધાર્મિક વૃત્તિઓના પ્રબુદ્ધ કવિઓ તથા લેખકો આ જાતના સાહિત્ય દ્વારા પ્રજાની સારી સેવા કરી શકે.

૩૧-૧૨-'૩૭

# परिशिष्ट

## સ્વકર્મયોગ

ગીતાના કેટલાક શ્લોકોમાં થોડો ફેરફાર કરી તથા કેટલાક નવા જોડી સ્વકર્મયોગ વિષેના મારા વિચારો નીચે રજૂ કરવા પ્રયત્ન કર્યો છે: (ટિપ્પણો માટે જુઓ પાનું ૨૨૪)

§ यतः प्रवृत्तिर्भूतानां येन सर्वमिदं ततम् ।
स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानवः ॥ १ ॥
सहजं कर्म मेधावि सदोषमपि न त्यजेत् ।
सर्वारम्भा हि दोषेण धूमेनाग्निरिवाऽऽवृताः ॥ २ ॥
स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः ।
युक्तं स्वभावजं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् ॥ ३ ॥

§ न्याय्यं वा विपरीतं वा पुरुषस्येह कर्मणः ।
अनिष्टमिष्टमिश्रं च भवति त्रिविधं फलम् ॥ ४ ॥
नेह देहभृता शक्यं प्राप्तुमिष्ट ह्यशेषतः ।
अनिष्टफलसंयोगे ह्यनुद्विग्नमना वशी ॥ ५ ॥
कर्मण्येवाऽधिकारस्ते साफल्ये न तु कर्मणः ।
मा दुःखेनाऽभिभूतो भूर्मा ते सङ्गोऽस्त्वकर्मणि ॥ ६ ॥

§ संनियतेन्द्रियग्रामा दक्षा ब्रह्मविहारिणी ।
सर्वत्र समदृष्टिर्या सर्वभूतहिते रता ॥ ७ ॥
लोकसंग्रहं संपश्यत् सदा कर्मण्यतन्द्रिता ।
हर्षामर्षभयोद्वेगैर्मुक्ता प्रसादसंयुता ॥ ८ ॥
सत्यं भूतहितं ज्ञानं विज्ञानं च समाश्रिता ।
भक्त्या चाव्यभिचारिण्या पूता कर्तव्यनिश्चया ॥ ९ ॥
एतैर्लक्षणैर्युक्ता बुद्धिः शुद्धा स्थिरा भवेत् ।
अधीताऽप्यविशुद्धास्यादन्यथालक्षणा हि या ॥ १० ॥



જેથી પ્રવર્તતાં ભૂતો, જે વડે વ્યાપ્ત આ બધું;
તેને સ્વકર્મથી પૂજી મેળવે સિદ્ધિ માનવી. ૧
સહજ કર્મમાં દોષ હોય તોયે ન છોડવું;
સર્વ કર્મે રહે દોષ, ધુમાડો જેમ અગ્નિમાં. ૨
સ્વકર્મમાં રહી મગ્ન માનવી સિદ્ધિ મેળવે;
સ્વભાવજન્ય કર્મોમાં દોષ ના યોગથી કર્યે. ૩

* * *

અન્યાયી હોય કે ન્યાયી, માનવી કર્મનું જગે,
સારું, માઠું તથા મિશ્ર ત્રિવિધ નીપજે ફળ. ૪
માત્ર ઇષ્ટની પ્રાપ્તિ દેહીને શક્ય ના જગે;
અનિષ્ટ ફળ સંયોગે યોગી ઉદ્વેગ ના કરે. ૫
કર્મે જ અધિકારી તું, કર્મસાફલ્યનો નહીં;
હારી જા દુઃખથી મા તું, મા હો પ્રીત અકર્મમાં. ૬

* * *

ઇંદ્રિયો નિયમે રાખે, દક્ષ, બ્રહ્મવિહારિણી;[1]
સર્વત્ર સમદર્શી જે, સર્વભૂતહિતે રત. ૭
લોકકલ્યાણને જોતી સદા કર્મે નિરાલસ,
હર્ષ–ક્રોધ–ભય–ક્ષોભે મુક્ત, નિત્ય પ્રસન્ન જે. ૮
સત્ય–ભૂતહિત–જ્ઞાન–વિજ્ઞાન–આશ્રયે રહી,
અનન્ય ભક્તિથી પૂત, કર્તવ્યે દૃઢનિશ્ચયી. ૯
આવાં જે લક્ષણે યુક્ત, બુદ્ધિ તે સ્થિર, શુદ્ધ છે;
ઊલટાં લક્ષણો વાળી, ભણેલીયે અશુદ્ધ તે. ૧૦

अवरं सहजं कर्म दुर्बुद्धयाऽविद्यया कृतम् ।
फलं चैव समुद्दिश्य यत्तत् शान्तिप्रदं न हि ॥ ११ ॥
सद्धेतुश्रद्धया युक्तमज्ञानेनाऽविधिना कृतम् ।
सहजमपि तत्कर्म कुर्वन्प्राप्नोति किल्बिषम् ॥ १२ ॥
यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥ १३ ॥
तस्माद्विद्यां समाश्रित्य कार्याऽकार्यव्यवस्थितौ ।
जोषयेत् सर्वकर्माणि विद्वान्युक्तः समाचरन् ॥ १४ ॥
बुद्धया विशुद्धया दृष्टो नियतो विद्यया कृतः ।
स्वभावजः सदाचारः स्वकर्मयोग उच्यते ॥ १५ ॥
स धर्म इति संप्रेक्ष्य समाचरितुमर्हसि ।
स्वकर्माचरणाच्छ्रेयोऽन्यन्मनुष्यस्य न विद्यते ॥ १६ ॥
मा स्वधर्मणि भीतो भूर्मा ह्यनिष्टफलोद्गमे ।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥ १७ ॥
योगस्थः कुरु कर्माणि भयं त्यक्त्वा फलस्य च ।
सिद्ध्यसिद्ध्योः समो भूत्वा समत्वं योग उच्यते ॥ १८ ॥
सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ ।
ततो धर्माय युज्यस्व नैवं पापमवाप्स्यसि ॥ १९ ॥
स्वकर्मणि भयं त्यक्त्वा बुद्धियुक्ता मनीषिणः ।
सर्वबन्धविनिर्मुक्ताः पदं गच्छन्त्यनामयम् ॥ २० ॥
बुद्धियुक्तो जहातीह उभे सुकृतदुष्कृते ।
बुद्धौ शरणमन्विच्छ कृपणाः फलदुःखिनः ॥ २१ ॥
एषा तेऽभिहिताः बुद्धिर्वत्स योगे स्वकर्मणः ।
बुद्ध्यायुक्तो यया तात कर्मबन्धं प्रहास्यसि ॥ २२ ॥
नेहाभिक्रमनाशोऽस्ति प्रत्यवायो न विद्यते ।
स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् ॥ २३ ॥
मृतो वा प्राप्स्यसि शान्तिं जीवन्वा भोक्ष्यसे यशः ।
तस्मादुत्तिष्ठ मेधावि धर्माय कृतनिश्चयः ॥ २४ ॥



સહજ કર્મ તે હીન, અજ્ઞાને, દુષ્ટ બુદ્ધિથી,
ફળેચ્છાથી જ જે કીધું, કર્યે તે શાંતિ ના થતી. ૧૧
શ્રદ્ધા–સુહેતુથી કીધું, વિધિ કે જ્ઞાનના વિના;
તેવું સહજ કર્મેય કરતાં દોષ લાગતો. ૧૨
શ્રેષ્ઠ નરો કરે જે જે, તે જ અન્યજનો કરે;
તે જેને માન્યતા આપે, લોક તેને જ આચરે. ૧૩
તે માટે આશરી વિદ્યા, કાર્યાકાર્ય ઠરાવવા,
શોધવાં સર્વ કર્મોને જ્ઞાનીએ યોગથી કરી. ૧૪
વિશુદ્ધ બુદ્ધિથી શોધ્યો[2], નિયમે[3], જ્ઞાનથી કર્યો,
સ્વભાવજ[4], સદાચાર, સ્વકર્મયોગ તે કહ્યો. ૧૫
"તે ધર્મ" એમ જોઈને ઠીક આચરવું ઘટે;
સ્વકર્માચારથી બીજું દેહીને શ્રેય તો નથી. ૧૬
મા હો સ્વધર્મમાં ભીતિ, અનિષ્ટ ફળ વા થયે;
સ્વધર્મે મૃત્યુમાં શ્રેય, પરધર્મ ભયે ભર્યો. ૧૭
કર કર્મો રહી યોગે, ફળના ભયને ત્યજી,
યશાયશ સમા માની, સમતા તે જ યોગ છે. ૧૮
લાભહાનિ, સુખોદુઃખો, હારજીત કરી સમ,
પછી ધર્માર્થ થા સજ્જ, તો તને પાપ ના થશે. ૧૯
સ્વકર્મે ભયને ત્યાગી બુદ્ધિયોગી મુનીશ્વરો
સર્વ બન્ધો થકી છૂટી નિર્દોષ પદને લહે. ૨૦
બુદ્ધિયોગી જગે છોડે પાપ ને પુણ્ય બેઉયે,
શરણું બુદ્ધિમાં શોધ, દીન છે ફળદુઃખિયા. ૨૧
આ મેં બુદ્ધિ કહી રૂડી સ્વકર્મયોગની તને;
જે બુદ્ધિથી થયે યુક્ત તોડીશ કર્મબન્ધનો. ૨૨
આદર્યું વણસે ના ને વિઘ્ન ના ઊપજે અહીં;
સ્વલ્પે આ ધર્મનો અંશ ઉગારે ભયથી વડા. ૨૩
કરતાં જો મરે શાંતિ, કરી જીવ્યે મળે યશ;
માટે, શાણા, ખડો થા તું ધર્માર્થે દૃઢ નિશ્ચયે ૨૪.

## ટિપ્પણો

૧. મુદિતા, મૈત્રી, કરુણા અને ઉપેક્ષા, એટલે ગુરુજનો અને સુખી જનો પ્રત્યે હર્ષની, સમાન પ્રત્યે મિત્રતાની, દુઃખી પ્રત્યે કરુણાની અને દુરાગ્રહી પ્રત્યે ઉપેક્ષાની ભાવના બ્રહ્મવિહાર કહેવાય છે.

૨. ખોળેલો અને શુદ્ધ કરેલો.

૩. નિયમમાં રહીને.

૪. સ્વભાવ – પોતાની પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલો.

# સંસાર અને ધર્મ

## ખંડ ૪ થો

### પૂ. નાથજીની પૂર્તિ

## ૧

# તત્ત્વજ્ઞાનનું સાધ્ય

આપણા દેશમાં તત્ત્વજ્ઞાનની અનેક વિચારપ્રણાલીઓ છે. તે પ્રણાલીઓમાં મૂળ શોધકોનો ભાગ કેટલો છે અને તે પર તર્ક અને અનુમાનથી રચેલો ભાગ કેટલો છે એ શોધી કાઢવું કઠણ છે. પણ મૂળ દાર્શનિકો વિષે વિચાર કરતાં તેમની સત્યજ્ઞાન વિષે જિજ્ઞાસા, ઉત્કંઠા અને વ્યાકુળતા, તે વિષે તેમણે લીધેલો પરિશ્રમ, તેમની સૂક્ષ્મ, કુશાગ્ર, મર્મસ્પર્શી અને વ્યાપક બુદ્ધિમત્તા, વિષયને આરપાર ભેદીને છેવટે સત્ય સુધી પહોંચનારી તેમની દીર્ઘ, ભેદક અને પવિત્ર દૃષ્ટિ વગેરે બાબતો ધ્યાનમાં લઈએ તો તેમને વિષે પરમ આદર થયા વગર રહેતો નથી. ભૌતિક ઇંદ્રિયજન્ય સુખ વિષે તેમનો વૈરાગ્ય, નિસર્ગ–પંચ મહાભૂતોથી શરૂ કરીને માનવી શરીર, જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ, મન, પ્રાણ, ચિત્ત વગેરે સર્વ ચરાચર સૃષ્ટિનું તેમનું સૂક્ષ્મ અવલોકન, નિરીક્ષણ અને પરીક્ષણ અને તે સાથે એ બધાના ગુણ, ધર્મ અને સંસ્કારનું જ્ઞાન વગેરે બાબતો અત્યંત આશ્ચર્યકારક લાગે છે. આખું જગત મોહ અને અજ્ઞાનમાં પડેલું હોવા છતાં તત્ત્વ-શોધનની પાછળ લાગીને જે વિભૂતિમાન પુરુષોએ સત્યની ઉપાસના કરી અને પોતાને જોઈતું જ્ઞાન પ્રાપ્ત કર્યું તે ધન્ય થયા એમાં શંકા નથી. તે મહાન — શોધકોને દર્શનકારોને તેમના પરિશ્રમનું, તેમના વૈરાગ્યનું અને જ્ઞાન વિષે તેમની વ્યાકુળતાનું ફળ તેમના જીવનમાં જ સદૈવ શાંતિ અને પ્રસન્નતા રૂપે મળ્યું હોવું જ જોઈએ એમાં પણ શંકા નથી. માનવજાતિ પર તેમનો ઘણો મોટો ઉપકાર થયેલો છે. આખી માનવજાતિએ આ બાબતમાં તેમનું સદૈવ ઋણી રહેવું જોઈએ.

પરંતુ તત્ત્વશોધનમાં ભારતવર્ષનો આ પ્રયત્ન તેવો જ ચાલુ રહ્યો નહીં. કોઈક સમયે તે અટકી ગયો. આથી તત્ત્વજ્ઞાનનો જેવો

વિકાસ આગળ આગળ થતો રહેવો જોઈએ તેવો આપણા દેશમાં થઈ શક્યો નથી એમ જણાય છે. એનાં કારણોનો વિચાર કરતાં લાગે છે કે તત્ત્વજ્ઞાન અને મોક્ષનો સંબંધ છે એમ કોઈક કાળે આપણે માનવા લાગ્યા અને ત્યારથી આપણું શોધકપણું નાશ પામ્યું અને કેવળ શ્રદ્ધાળુપણું વધ્યું તથા જ્ઞાનની ઉપાસના બંધ પડી. મૂળ શોધકો અને દાર્શનિકોને તેમની જિજ્ઞાસા અને પરિશ્રમનું ફળ, જ્ઞાન, શાંતિ અને પ્રસન્નતારૂપે મળ્યું. તે પરથી તેમની તત્ત્વજ્ઞાન વિષેની વિચારસરણી કેવળ માનીને આપણને પણ તેવું જ જ્ઞાન, તેવી શાંતિ અને પ્રસન્નતા મળશે એવી ખોટી સમજણ, ઇચ્છા અને શ્રદ્ધા આપણામાં કોઈક કાળે નિર્માણ થઈ અને તેનું જ આ બધું પરિણામ છે એવી શંકા આ વિષે વિચાર કરતાં આવે છે. દર્શનકારોને તેમના તત્ત્વજ્ઞાનથી આનંદ અને ધન્યતા લાગી હશે તે તેમને તેમની શોધમાં મળેલી સફળતાને લીધે લાગી હશે. તેવા પ્રકારની શોધકવૃત્તિ અને શોધનો પ્રયત્ન બીજાઓ ન કરે અને કેવળ શ્રદ્ધાળુપણાથી તત્ત્વજ્ઞાન માન્ય કરીને જ્ઞાનથી પ્રાપ્ત થનારા આનંદ અને ધન્યતાની ઇચ્છા તેઓએ કેમ કરી હશે એ જ એક મોટો પ્રશ્ન છે. આ પ્રશ્ન પર વિચાર કરતાં જણાય છે કે તત્ત્વજ્ઞાનનો સંબંધ બ્રહ્મજ્ઞાન સાથે અને બ્રહ્મજ્ઞાનનો સંબંધ મોક્ષ સાથે જોડી દેવાનું આ પરિણામ હોવું જોઈએ. જીવનનું ધ્યેય મોક્ષ છે એમ આપણે ઠરાવેલું છે. જ્ઞાન સિવાય મોક્ષ નથી એવી સમજણ અને શ્રદ્ધા આપણામાં પ્રચલિત છે. પરંપરાથી આજ શ્રદ્ધા ચાલતી આવેલી હોવાથી તેના સાચા ખોટાની તપાસ કરવાની કલ્પના જ આપણા મનમાં કદી આવતી નથી. તત્ત્વજ્ઞાન અને મોક્ષનો સબંધ આપણે જોડી દીધો ત્યારથી તત્ત્વજ્ઞાન એ શોધનો, જિજ્ઞાસાનો, સાચુંખોટું પારખવાનો વિષય ન રહેતાં તે એક માન્યતા અને શ્રદ્ધાનો વિષય બની ગયો અને તે બાબત જે શોધ અને વિકાસ થતાં રહેવાં જોઈએ તે, તે વખતથી અટકી ગયાં. જે પ્રમાણે ભૌતિક વિજ્ઞાનમાં ઉત્તરોત્તર નવી શોધો થતી રહે છે અને તેનું જ્ઞાન જગતને કેટલીક બાબતોમાં ઉપયોગી થાય છે તે પ્રમાણે આપણા તત્ત્વજ્ઞાનનો ઉપયોગ થતો નથી એનાં



અનેક કારણો પૈકી તે વિષેની ખોટી માન્યતા અને શ્રદ્ધા એ પણ એક કારણ હશે એમ લાગે છે.

* * *

બીજાં પ્રાણીઓ કરતાં માણસમાં વધારે વિચારશક્તિ છે. દરેક માણસ તેનો ઉપયોગ યોગ્ય દિશામાં જ કરે છે એમ કહી શકાતું નથી તોયે માણસ બીજાં પ્રાણીઓ કરતાં વિચારશીલ પ્રાણી છે એવું આપણે બધા સમજીએ છીએ. આ વિચારશીલતામાંથી — બૌદ્ધિક સામર્થ્યમાંથી — જ અનેક શાસ્ત્રો, વિદ્યા અને કલાની ઉત્પત્તિ થયેલી છે. દુઃખનો નાશ કરી સુખની વૃદ્ધિ કરવાનો ઉપાય માણસે પોતાની બૌદ્ધિક શાક્તમાંથી જ નિર્માણ કરેલો છે. સુખદુઃખનો કાર્યકારણસંબંધ જાણવો અને તે જ્ઞાનની મદદથી સુખ વધારી દુઃખનો નાશ કરવા માટે ઉપાય શોધી કાઢવો અને તેને અમલમાં લાવવા પ્રયત્ન કરવો — એ વિચારમાંથી જ અનેક શાસ્ત્રો અને કલાની વૃદ્ધિ થતી આવી છે. માણસજાત પ્રાથમિક કાળથી જ આ હેતુની પાછળ લાગેલી છે એમ જણાઈ આવે છે. માનવ શરીરમાં જે જે નવી નવી શક્તિઓ પ્રકટ થઈ તે બધી શક્તિઓ દ્વારા આજ સુધી આ જ હેતુ સિદ્ધ કરવાનો માણસ પ્રયત્ન કરતો આવ્યો છે. કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયો દ્વારા જુદા જુદા વિષયોનો જેટલી જુદી જુદી રીતે રસ લઈ શકાય તેટલી રીતે લેવાનો અને દરેક બાજુથી દુઃખનો સંબંધ ટાળવાનો તેનો હમેશાં પ્રયત્ન ચાલુ રહ્યો છે. આ પ્રયત્નમાંથી વિચારી માણસના મનમાં શંકા ઉત્પન્ન થઈ કે આ શાસ્ત્રો, વિદ્યા અને કલા માણસનાં દુઃખ અને ભય ટાળીને તેને ખરેખર કાયમ સુખી કરી શકશે કે? ગમે તેટલા પ્રયત્નોના અંતે પ્રાપ્ત કરેલું સુખ અશાશ્વત છે — સુખાનુભૂતિ ક્ષણિક છે અને એક જાતનાં દુઃખ તથા ભય ટાળ્યાં તોયે બીજાં આગળ ઊભાં જ છે એવી જાતનાં માનવી જીવનમાં અને પરિસ્થિતિમાં માણસ ક્યારેય કાયમનો સુખી અને દુઃખ વગરનો થઈ શકશે કે? ગમે તેટલો પ્રયત્ન કર્યો હોય અને અનેક જાતની શોધો અને ઉપાય કર્યા હોય તોયે માણસને ઘડપણ ટળતું નથી, વ્યાધિ ટળતી નથી અને મૃત્યુ

તો કોઈને કદાપિ ટળતું જ નથી. તે કઈ ક્ષણે ઝડપ મારશે તેનો કશો ભરોસો નથી. જીવવાની આશા માણસને કદી જ છૂટતી નથી. ઉપભોગની — ઇંદ્રિયગ્રાહ્ય રસની ઇચ્છા કદી જ ક્ષીણ થતી નથી. શરીર-સ્વાસ્થ્યની ઇચ્છા હંમેશાં કાયમ રહે છે. એવી સ્થિતિમાં જરા, વ્યાધિ અને મૃત્યુનો ભય માણસને હંમેશાં લાગવાનો જ. આ બાબતમાં વિદ્વાન–અવિદ્વાનનો ભેદ નથી; સબળ–નિર્બળ, શ્રીમંત–ગરીબ, રાય–રંકનોયે ફરક નથી. આખી માનવજાત આ દુઃખ અને ભયમાં કાયમની પડેલી છે. આ જાતની શંકા અને પ્રશ્નને લીધે વિચારી માણસનું મન વધારે વિચારી બને છે. સુખ કરતાં દુઃખના પ્રસંગે માણસનું મન અધિક જાગ્રત બને છે અને તેનાં કારણોની શોધ કરવા તરફ વળે છે. આમ જરા, વ્યાધિ અને મૃત્યુ વિષે વિચારી માણસ સૂક્ષ્મપણે વિચાર કરવા લાગ્યો. તેનાં કારણોની તે શોધ કરવા લાગ્યો. મૃત્યુ સાથે તે સહેજે જ જન્મનોયે વિચાર કરવા લાગ્યો. જન્મ, મૃત્યુ, જરા અને વ્યાધિ આ ચાર બાબતો પૈકી જન્મ અને મૃત્યુનો જ વિશેષપણે તેને વિચાર કરવો પડ્યો હશે; કારણ, એક માનવી જીવનનો પ્રારંભ હોઈ બીજો તેનો છેડો છે. જરા અને વ્યાધિ એ અવસ્થાઓ જન્મને લીધે માણસ પર આવેલી છે. તે અવસ્થાઓની પાછળની અને આગળની અવસ્થાઓ સ્પષ્ટ છે. પરંતુ જન્મ પહેલાંની અને મૃત્યુ પછીની એમ બંને અવસ્થાઓ ગૂઢ છે. મૃત્યુની અવસ્થા જન્મને લીધે જ માણસને આવે છે. માટે જરા, વ્યાધિ અને મૃત્યુ એ અવસ્થાઓ ન જોઈતી હોય તો જન્મ જ ટાળવો જોઈએ. પણ જન્મમરણનું ગૂઢ ઉકેલ્યા સિવાય અને તેનાં કારણો જાણ્યા સિવાય એ વાત સિદ્ધ નહીં થાય એવું વિચારી માણસને માલૂમ પડ્યું હશે. દુઃખ, હાનિ, ભય, ચિંતા, શોક અને અનેક આપત્તિ એ બધાંમાંથી કાયમનો છુટકારો જોઈતો હોય, જરા, વ્યાધિ અને મૃત્યુમાંથી મુક્ત થવું હોય તો જન્મ જ ટાળવો જોઈએ. તેથી વિચારી માણસ જન્મમૃત્યુનાં કારણોની શોધ તરફ લાગ્યો. માનવી જીવનમાં મૃત્યુ જેટલી ભયાનક, દુઃખરૂપ અને ટાળવાને અશક્ય એવી બીજી કોઈ આપત્તિ નથી. મૃત્યુએ જ



માણસને સૂક્ષ્મ અને ઊંડો વિચાર કરતો કર્યો હોવો જોઈએ. મૃત્યુનાં કારણોનો અને ત્યાર પછીની સ્થિતિનો વિચાર કરતાં કરતાં, જન્મ અને તેનાં કારણોનો, માનવી શરીર અને તેની જુદી જુદી અવસ્થાઓનો, સૃષ્ટિ, પંચ મહાભૂતો, મન-બુદ્ધિ-ચિત્ત-પ્રાણ, ચૈતન્ય, કર્મેન્દ્રિયો, જ્ઞાનેન્દ્રિયો, તેનાં કાર્યો, માનવી સ્વભાવ, વિકાર, ભાવના, સંસ્કાર, ગુણધર્મ, જાગૃતિ-સ્વપ્ન-સુષુપ્તિ, ત્રિગુણ, પ્રાણી તથા વનસ્પતિવર્ગના ભેદો, અવસ્થા, જીવમાત્રના પરસ્પર આકર્ષણ-અપકર્ષણ વગેરે — બધી સચેતન-અચેતન વસ્તુઓનો શોધ લેતાં લેતાં તેને પોતાનો માર્ગ કાઢવો પડ્યો. શરીરની સુખદુઃખાત્મક ઘટના-વિઘટના, સૃષ્ટિના આપણને લાગનારા પ્રિય-અપ્રિય ફેરફારો, અને વિશ્વનો અવ્યાહતપણે ચાલનાર પ્રચંડ કારોબાર — આ બધાનો કર્તા કોણ? જન્મ અને મૃત્યુ કોની આજ્ઞાથી થાય છે? એ વિષેના વિચાર અને પ્રશ્ન વિચારી લોકોના મનમાં સહેજે જ ઊઠેલા હોવા જોઈએ. તેમનાં વિચાર, પ્રશ્ન, શંકા અને શોધમાંથી જ તત્ત્વજ્ઞાન નિર્માણ થયું છે. તેમાંથી જ ઈશ્વર, પરમેશ્વર, પ્રકૃતિ-પુરુષ, બ્રહ્મ-પરબ્રહ્મ, આત્મા-પરમાત્માની શોધ લાગેલી છે. દરેક વિચારકની જ્ઞાન વિષેની જિજ્ઞાસા, ઉત્કંઠા અને વ્યાકુળતા, તેમનો વૈરાગ્ય, સચેતન-અચેતન સૃષ્ટિનું તેમનું અવલોકન, નિરીક્ષણ અને પરીક્ષણ, તેમની બૌદ્ધિક સૂક્ષ્મતા અને વ્યાપકતા અને છેવટે તેમની નિર્ણયશક્તિ પ્રમાણે તેમની શોધમાં તેમને સિદ્ધિ પ્રાપ્ત થઈ હશે. તે પરથી તેમણે જન્મમૃત્યુ વિષે અને એકંદરે જગત વિષે સિદ્ધાંત ઠરાવ્યા હશે. તેમાં જ તેમને તૃપ્તિ, સમાધાન, પ્રસન્નતા અને જીવન વિષે કૃતાર્થતા જણાઈ હશે. વધતા જતા અનુભવ અને જ્ઞાનથી, નિરીક્ષણથી અને નિર્ણયશક્તિ વડે પોતાની પહેલી સમજણમાં કાળ જતાં શંકા ઉત્પન્ન થઈ હશે અને તે પોતે કોઈ નવી શંકાથી ફરીને શોધ તરફ લાગ્યો હશે. અથવા આગળના વિચારકને પહેલો સિદ્ધાંત સ્વીકારવા યોગ્ય ન જણાતાં તે પોતાની શંકાથી અધિક સૂક્ષ્મતા અને વ્યાપકતાથી તે જ શોધની પાછળ લાગ્યો હશે. બધાં સચેતન-અચેતન તત્ત્વોની શોધ લેતાં લેતાં સૃષ્ટિના આદિ કારણ સુધી કોઈ વિચારકનો તર્ક પહોંચ્યા પછી બધાનું આદિ

કારણ એવું એક જ સનાતન અવિભાજ્ય તત્ત્વ છે એમ તેને ખાતરીપૂર્વક જણાયું હશે અને તેની સૂક્ષ્મતા, વિશાલતા અને વ્યાપકતા પરથી તેને જ તેણે બ્રહ્મતત્ત્વ કહ્યું હશે. અને સૃષ્ટિના સજીવ-નિર્જીવ, અણુથી માંડીને બ્રહ્માંડ સુધી જે જે કાંઈ દૃશ્ય-અદૃશ્ય, ગોચર-અગોચર, જ્ઞાત-અજ્ઞાત, કલ્પનામાં આવનાર ન આવનાર બધું, આપણે પોતે પણ, તે મહાન અને મૂળ તત્ત્વનો આવિર્ભાવ છે એવા દૃઢ તર્ક કે અનુમાન પર તે ચોક્કસપણે આવ્યો. પછી તે જ્ઞાનને તેણે બ્રહ્મજ્ઞાન કે આત્મજ્ઞાન, ઇત્યાદિ કહ્યું. વિચારક જે તત્ત્વમાં સ્થિર થયો, વિચાર કરવાની તેની ગતિ જ્યાં બંધ પડી, જ્યાં તેની વ્યાકુળતા શાંત થઈ તે તત્ત્વને કે તર્કને પ્રધાન માનીને પોતાના છેવટના નિર્ણયને તેણે તે તત્ત્વનું બોધક નામ આપ્યું. સૃષ્ટિના આદિ કારણમાં જેને નિયામકપણું અને શક્તિ પ્રધાનરૂપે લાગ્યાં તેણે તેને ઈશ્વર કહ્યું; જેને વ્યાપકતા અને અનંતતત્વ લાગ્યાં તેણે તેને જ બ્રહ્મ કહ્યું અને પોતાના જ્ઞાનને બ્રહ્મજ્ઞાન માન્યું. આપણે પણ તે વિશાલ તત્ત્વના આવિર્ભાવ છીએ એમ જેને લાગ્યું — શરીરનું મુખ્ય તત્ત્વ તે જ છે એવો નિશ્ચય જેને થયો તેણે તેને આત્મતત્ત્વ માનીને તેના જ્ઞાનને આત્મજ્ઞાન કહ્યું. અત્યંત પરિશ્રમ, સતત સૂક્ષ્મ અવલોકન અને અભ્યાસ વગેરેની મદદથી જેણે પોતાની શોધના પ્રયત્નમાં યશ મેળવ્યો હોય, જેને જીવનમાં સત્યજ્ઞાનની શોધ સિવાય બીજો કોઈ હેતુ રહ્યો ન હોય, જે વાસનાતૃપ્ત, ભૌતિક વિષયો પ્રત્યે જે અનાસક્ત અને જ્ઞાન માટે જે અત્યંત વ્યાકુળ હોય, તથા સમર્થ છતાં જે વિરક્ત હોય, તેને પોતાની શોધમાં છેવટે મળેલી સફળતાથી કેટલો આનંદ, કેટલી પ્રસન્નતા અને કૃતકૃત્યતા જણાઈ હશે તેની કલ્પના આપણા જેવાને કેમ થઈ શકે? એક જ ઉચ્ચ હેતુ પાછળ તન મનથી લાગ્યા પછી તે જ એકમાત્ર જીવનનો હેતુ હોઈને તે માટે અપાર પરિશ્રમ કર્યા બાદ તેની સિદ્ધિ મેળવ્યા પછી તેમને શું લાગ્યું હશે? જીવનનું સાર્થક થયું; હવે જીવનમાં કોઈ હેતુ બાકી રહ્યો નથી; કોઈ પણ કાર્ય કે કર્તવ્ય રહ્યું નથી એમ જાણીને તેમને પરમાનંદ થયો હોય તો તેમાં આશ્ચર્ય શું?



સૃષ્ટિમાં કે આપણા પોતામાં અંતર્બાહ્ય જાણવાનું કાંઈ રહ્યું નથી એમ તેમને લાગતાં પરમ કૃતાર્થતા જણાઈ હોય તેમાંયે શું આશ્ચર્ય? જ્ઞાન વડે પરિપૂર્ણ થઈ આગળ જીવવાની ઇચ્છા રહી નથી અને મૃત્યુનોયે ભય નથી એવી તેમની સ્થિતિ થઈ હોય તો તે સ્વાભાવિક જ છે. કોઈ જાતનું બંધન નથી, કોઈ પ્રકારની ઇચ્છા નથી એવી સ્થિતિમાં મોક્ષની કલ્પના તેમના મનમાં આવી હોય તો તે પણ સહજ જ છે. સત્યની શોધનો હેતુ, તે માટે કરેલો પરિશ્રમ, ચિંતન, મનન, નિદિધ્યાસન, વિરક્ત સ્થિતિ, સ્વાર્થનો પરિપૂર્ણ અભાવ, બધા તત્ત્વોનો લાગેલો શોધ, પ્રયત્નમાં આવેલો યશ, અને તેમને પ્રાપ્ત થયેલી જ્ઞાનાવસ્થા એ બધાનું તે સ્વાભાવિક પરિણામ હતું એ વિષે શંકા જણાતી નથી. આ રીતે ઉત્તરોત્તર અધિક સૂક્ષ્મ અને ગાઢ વિચારવંત સંશોધકોએ કરેલા પ્રયત્નમાંથી નિર્માણ થયેલું તત્ત્વજ્ઞાન આપણને મળેલું છે. તે મહાભાગ્યશાળીઓની આ બધી કમાણી છે.

* * *

પરંતુ તત્ત્વોનો શોધ લાગ્યા પછી તે વિષે તેમણે માંડેલી વિચારસરણી આપણે કેવળ માન્ય કરીએ તો તેથી આપણને તેવો જ આનંદ અને પ્રસન્નતા લાગે અને આપણે પણ જન્મમરણમાંથી મુક્ત થઈએ એવી કલ્પના આપણને કેમ થઈ? અને તે પરથી જન્મમરણમાંથી મુક્ત થવાનો તેં માર્ગ છે અને તે વિચારસરણી મોક્ષનું સાધન છે એવી કલ્પના આપણને ક્યાંથી થઈ? ક્યાંથી આવી એ આપણે શોધી ન શકીએ તોપણ કોઈ કાળે તે વિચારસરણીને જ જ્ઞાન સમજીને આપણે તેનો મોક્ષ સાથે ખાતરીથી સંબંધ જોડી દીધેલો છે. અને એક વાર સંબંધ જોડ્યા પછી તેમાંથી જ બ્રહ્મજ્ઞાન, આત્મજ્ઞાન, બ્રહ્મસાક્ષાત્કાર, આત્મસાક્ષાત્કાર વગેરે કલ્પનાઓ નિર્માણ થઈ, અને તત્ત્વશોધક દાર્શનિકોના આનંદ પરથી બ્રહ્માનંદ, આત્માનંદ, નિત્યાનંદ, સચ્ચિદાનંદ, અભેદાનંદ, અદ્વૈતાનંદ વગેરે જુદા જુદા આનંદ કલ્પીને આપણે આનંદની ઉપાસના ચાલુ કરી. જ્ઞાન, આનંદ, કૃતાર્થતા તથા બંધનરહિતપણું એ શાનું પરિણામ છે એનો વિચાર ન કરતાં દાર્શનિકો અને વિચારવંતોએ

માંડેલી વિચારસરણી એ આ બધી બાબતોનું સાધન છે એમ આપણે માન્યું. અનેક પ્રકારના પરિશ્રમો સહન કરતાં અને હેતુ સિદ્ધ થઈ શોધકના જ્ઞાનની વ્યાકુળતા શાંત થતાં તેના ચિત્તની જે સ્વાભાવિક અવસ્થા થઈ તે, પ્રયત્ન, પરિશ્રમ, વ્યાકુળતા, તેમાં છેવટનો યશ અને જ્ઞાન એ બધાના પરિણામરૂપ હતી; આ બધી વાતો લક્ષમાં ન લેતાં કેવળ વિચારસરણી તેમ જ કેવળ આનંદની કલ્પનાથી આપણે કૃતાર્થતા માનવા લાગ્યા અને મોક્ષ સાધવાનો પ્રયત્ન કરવા લાગ્યા. કોઈ કાળે આ જાતનો ભ્રામક વિચાર આપણામાં નિર્માણ થયો, અને પરંપરાથી દૃઢ થતાં તેણે શ્રદ્ધાનું સ્વરૂપ ધારણ કર્યું.

* * *

અમેરિકાનું પ્રથમ દર્શન થતાં કોલંબસને અતિશય આનંદ થયો અને તે ભૂમિ પર પહેલો પગ મૂકતાં જ તેને કૃતાર્થતા જણાઈ. ન્યૂટનને તેની શોધમાં યશ મળતાં આનંદ અને ધન્યતા લાગી અથવા આજે પણ મોટા શોધકોને — મોટા વૈજ્ઞાનિકોને પોતપોતાની શોધમાં અને પ્રયત્નમાં યશ મળ્યા પછી આનંદ અને કૃતાર્થતા જણાય છે. તે પરથી અમેરિકાના દર્શનમાં અને તે ભૂમિ પર પગ મૂકવામાં જ આનંદ અને કૃતાર્થતા લાગવાનો ગુણ છે અથવા ન્યૂટનનો સિદ્ધાંત સમજી લેવામાં તેને મળેલો આનંદ આપણને પ્રાપ્ત થાય છે અથવા આજના શોધકોના શોધોની ઉપપત્તિ સમજી લેવાથી તે શોધકોને થનારો આનંદ અને કૃતાર્થતા આપણને મળશે એમ કોઈ માને અને તે પ્રમાણે પ્રયત્ન કરવા લાગે તો તે યોગ્ય થશે શું? આપણે તે બધું યોગ્ય માનીશું? જ્ઞાનના બીજા ક્ષેત્રોમાં આપણે જે યોગ્ય માનતા નથી અને કદી માનીશું નહીં તે, તત્ત્વજ્ઞાનની બાબતમાં તેને આપેલા આધ્યાત્મિક સ્વરૂપને લીધે યોગ્ય માનીએ છીએ — તે પર શ્રદ્ધા રાખીએ છીએ. તે પર જ આજ મોટા મોટા સંપ્રદાયો ચાલે છે.

આ બધાનો વિચાર કરતાં લાગે છે કે જ્ઞાન કોને કહેવું? આનંદ અને કૃતાર્થતાનું સ્વરૂપ શું? આ ભાવ અથવા એ અવસ્થા શામાંથી નિર્માણ થાય છે? એ શાનું પરિણામ છે? એ બધાનો આપણે સૂક્ષ્મતાથી વિચાર કર્યો નથી. આપણે તત્ત્વશોધક નથી,



શોધની — જિજ્ઞાસાની આપણને વ્યાકુળતા નથી; આપણને આનંદની ઇચ્છા છે, મોક્ષની પણ ઇચ્છા કોઈને હશે. પરંતુ મૂળ શોધકને થયેલા આનંદની કે કૃતાર્થતાની આપણને ઇચ્છા નથી. પણ શોધકની શોધ જ્યાં પૂરી થઈ અને તે પૂરી થતાં તેને જે વસ્તુ નિર્ણય તરીકે મળી તે નિર્ણય આપણા ચિત્ત પર અનેક પ્રકારે ઠસાવતાં આપણે જન્મમરણમાંથી મુક્ત થઈશું એમ આપણે માનતા આવ્યા. તે નિર્ણયને ચિત્ત પર ઠસાવવો એ સાધ્ય અને તેની બનાવેલી તાત્ત્વિક વિચારસરણી એ સાધન છે એમ માનીને તેને જ જુદા જુદા રૂપકોથી, આલંકારિક ભાષાથી, વિદ્વત્તાપ્રચુર તર્કવાદથી માંડીને, ગ્રંથો લખીને, કાવ્યો કરીને આપણે પોતા પર અને બીજા પર ઠસાવવા લાગ્યા. આ હિપ્નોટિઝમનો પ્રકાર છે, પણ તે જ્ઞાન નથી અને તેમાં કૃતાર્થતા નથી. તે તે કલ્પનાઓને જુદી જુદી રીતે રંગીને આપણે પોતે કલ્પનામાં રંગાયા અને બીજાઓને રંગવા અને રમમાણ કરવા લાગ્યા. એમાં આપણને આનંદ મળતો નથી એમ નહીં. પરંતુ તે, શોધ પછી થયેલા જ્ઞાનનો નથી પણ આપણા ચિત્ત પર ઠસાવેલી કલ્પનાનો, પોતાને કાંઈ દિવ્ય, અજર, અમર ઠસાવવાનો અને આનંદની ધારણા ધરીને લાવવામાં આવેલો તે આનંદ છે. પ્રત્યક્ષ શોધમાંથી થનારા જ્ઞાનનો આનંદ અને શોધની વિચારસરણીમાંથી અને આનંદની ધારણા ધરવાને લીધે થનારો આનંદ એમાં ઘણો ફરક હોય. આપણા તત્ત્વજ્ઞાનની બાબતમાં આવું જ કાંઈ થયું હોય એવી પ્રબળ શંકા આવે છે. જીવનનું આપણું ધ્યેય મોક્ષ છે; તત્ત્વજ્ઞાનીને મોક્ષ મળેલો છે; જ્ઞાનથી મોક્ષ મળે છે; તત્ત્વજ્ઞાનીનું જ્ઞાન આપણે માન્યું; તે આપણા ચિત્ત પર ઠસાવ્યું કે આપણનેયે મોક્ષ મળશે એવી આપણી કલ્પના; એ કલ્પના દૃઢ થઈ એટલે મોક્ષની ખાતરી. આ ક્રમે આપણામાં એક પ્રકારની જે શ્રદ્ધા નિર્માણ થઈ તે પરંપરાથી આજ એટલી દૃઢ થઈ ગઈ છે કે હું આ લખું છું એ દૃષ્ટિએ આ બાબતમાં વિચાર કરવાને કોઈ ભાગ્યે જ તૈયાર થશે.

* * *

તત્ત્વજ્ઞાનની અનેક જુદી જુદી પ્રણાલીઓ છે. એ બધામાં એકવાક્યતા છે એવુંયે નથી. છેવટના સિદ્ધાંતમાં તો દરેકનો પરસ્પર વિરોધ પણ જણાશે. તોપણ જે મનુષ્ય જે મતને એક વાર અનુસરે છે તે એ મતને એટલો પકડીને બેસે છે કે તેને ગમે તેટલું સમજાવવામાં આવે તોયે તે પોતાની વિચારસરણીને છોડતો નથી; કારણ કે તે શોધક નથી, પણ શ્રદ્ધાળુ છે. અને પોતાના તત્ત્વજ્ઞાનમાં ભૂલ છે એમ માનવાથી કે ઠરવાથી પોતાનું તત્ત્વજ્ઞાન અપૂર્ણ જણાશે; તેથી પોતાના મોક્ષમાં અને સદ્‌ગતિમાં વ્યત્યય આવશે એટલું જ નહીં, પણ જે સંપ્રદાયના આપણે છીએ તેમાં અને તેના મૂળ પ્રવર્તકમાં ઊણપ આવશે; તેથી તે મૂળ પ્રવર્તકના દિવ્યપણા વિષે અથવા અવતારીપણા વિષે શંકા ઉત્પન્ન થતાં તેમના પરની શ્રદ્ધા ઓછી થશે અને પોતે તથા પોતાની પરંપરાના બધા સાંપ્રદાયિક અજ્ઞાની ઠરશે; વગેરે અનેક ભય અને શંકાને લીધે આધ્યાત્મિક દૃષ્ટિએ માનેલા તત્ત્વજ્ઞાનને તપાસી જોવાને તે તૈયાર થતો નથી. આવી જાતના શ્રદ્ધાળુ કેવળ સાંપ્રદાયિક જ હોય છે એમ નથી. કોઈ પણ સંપ્રદાય સ્વીકાર્યો ન હોય તોયે આધ્યાત્મિક હેતુ માટે તત્ત્વજ્ઞાન માનનારા લોકો પૈકી ઘણા જણ કોઈ ભૂતકાળના મહાપુરુષની દૃષ્ટિએ જ તત્ત્વજ્ઞાનનો વિચાર કરનારા હોય છે. તેઓ પણ શ્રદ્ધાળુ હોવાથી પોતાની વિચારસરણી માટે અશ્રદ્ધા ઉત્પન્ન ન થતાં તે પર શ્રદ્ધા વધતી રહે એ જ દૃષ્ટિએ વિચાર કરતા હોય છે. સાંપ્રદાયિક કે અસાંપ્રદાયિકોમાં કોઈ અભ્યાસી નથી હોતું એમ નથી. પરંતુ તેમના અભ્યાસનું ધોરણ નક્કી થયેલું હોય છે. તે અભ્યાસી હોય છે પણ શોધક નથી હોતા. જે ખરેખર શોધક હોય છે તે કેવળ શ્રદ્ધાથી કોઈ પણ વસ્તુ માનવાને તૈયાર નથી હોતા. તે દરેક વાતને અનુભવસિદ્ધ કરવાના પ્રયત્નમાં હોય છે. જેટલી શંકાઓ — તર્ક ઊઠે તે બધાને દૂર કરી તેમને સત્યજ્ઞાન મેળવવાનું હોય છે. તેથી તેઓ શંકા કે તર્કથી બીતા નથી. પરંતુ જેમના તત્ત્વજ્ઞાન પરની શ્રદ્ધા પાછળ મોક્ષની આશા હોય છે તે, ભાવિક ભક્ત જેમ પોતાની પૂજ્ય મૂર્તિને સંભાળે છે તે પ્રમાણે, તેને સંભાળતા હોય છે. તે જે પ્રમાણે પોતાની



મૂર્તિને જુદી જુદી રીતે શૃંગારીને — શોભાવીને પોતામાં આનંદ નિર્માણ કરવાનો પ્રયત્ન કરે છે તે પ્રમાણે આ તત્ત્વજ્ઞાની પણ પોતાના માનેલા તત્ત્વજ્ઞાનને જુદા જુદા રૂપકોથી અને આલંકારિક ભાષાથી રસપ્રદ કરીને આનંદ નિર્માણ કરે છે અને તે આનંદ પરથી આત્મા, બ્રહ્મ આનંદરૂપ છે વગેરે વર્ણન કરે છે.

તત્ત્વજ્ઞાનનો વિષય સાચું પૂછતાં શોધનો છે. તેમાં રૂપક, કાવ્ય, અલંકાર, શોભા, રંગ અને રસની જરૂર નથી. સત્યશોધન એ તેનો મુખ્ય હેતુ છે. તેમાં આનંદ છે તે સત્યજ્ઞાનનો જ છે. તે સત્યને શબ્દોથી સજાવવું પડતું નથી. ઉપમા, અલંકાર વડે તેમાં રસ લાવવો પડતો નથી. જ્ઞાનમાંથી આનંદ થવા માટે પ્રથમ જ્ઞાન માટે વ્યાકુળતા જોઈએ. તે મેળવવા માટે પરિશ્રમ કરવો જોઈએ. જીવનનો તે જ એક હેતુ રાખીને સર્વસ્વનો ત્યાગ કરીને તેની પાછળ લાગવું જોઈએ. પ્રખર બુદ્ધિની તેમ જ અત્યંત ચીવટની આ માર્ગમાં જરૂર છે. એટલું છતાંય સત્યની પારખ અને નિર્ણયશક્તિ હોવી જોઈએ. આ બાબતો જેટલા પ્રમાણમાં આપણામાં હોય તેટલા પ્રમાણમાં આપણને જ્ઞાનમાંથી આનંદ થાય છે. વેદાંત અથવા બીજી કોઈ વિચારસરણી કેવળ માનવાથી, વિશ્વની ઉત્પત્તિ અને સંહારનો ઊલટોસૂલટો ક્રમ ગ્રંથમાંથી સમજી લેવાથી, પંચીકરણ પદ્ધતિ પરથી પંચમહાભૂતોની જુદી જુદી પદ્ધતિની વહેંચણી સમજવાથી અને છેવટે "આત્મા કિંવા બ્રહ્મ હું જ છું" એ ધારણા સદૈવ ચિત્ત પર ઠસાવતા રહેવાથી પેલો આનંદ — જે શોધને અંતે, યશપ્રાપ્તિમાંથી થાય છે તે — આપણને મળી શકશે નહીં. મોક્ષની આશાથી "હું કોણ છું" એની તપાસ કરવાનો પ્રયત્ન કરનાર શ્રદ્ધાળુ, ઉપર જણાવેલી વિચારસરણીથી પોતાના મનને સમજાવતો અને મનાવતો છેવટે "હું જ આત્મા હું જ બ્રહ્મ છું, બાકી સર્વ કારોબાર — શરીર મન બુદ્ધિ વગેરે પ્રકૃતિનો ખેલ છે" એ સમજણ પર આવીને 'अहं ब्रह्मास्मि' એ મહાવાક્ય ઉપર ચિત્તવૃત્તિ દૃઢ કરવાનો પ્રયત્ન કરે છે. સતત અભ્યાસથી તે ચિત્તવૃત્તિ એટલી દૃઢ થઈ જાય છે કે તે જ સત્યનો અનુભવ છે અને તે જ આત્મબોધ છે એવી તેની બુદ્ધિ થાય છે. પરંતુ તે આત્મબોધ નથી

પણ વેદાંતપ્રણાલી પરથી પોતે જ બનાવેલી તે એક ચિત્તવૃત્તિ છે એ તેના ધ્યાનમાં આવતું નથી. જન્મમૃત્યુના ભયથી ‘હું કોણ’ તેની તપાસ થવી જોઈએ એ વ્યાકુળતાને લીધે અને સાધક દશાની વૈરાગ્ય નિષ્ઠાને લીધે તેનામાં કાંઈક સંયમ અને સદ્‌ગુણ આવેલા હોય છે. પછી તત્ત્વજ્ઞાનના એક સિદ્ધાંતને પકડીને ‘તે જ હું’ એવી સમજણ દૃઢ કરી લેવાથી ચિત્તની વ્યાકુળતા શાંત થઈ ગયેલી હોય છે. એવી સ્થિતિમાં શ્રદ્ધાળુ અભ્યાસીને પોતાને આત્મસાક્ષાત્કાર થયો એમ સમજણ થવાથી સમાધાન લાગે છે. લોકો પણ તેમ જ સમજે એમ તેને લાગે છે; અને પછી મોક્ષની તો તેને ખાતરી જ હોય છે. તત્ત્વજ્ઞાનનો મોક્ષ સાથે સંબંધ માનવાથી જ આ બધું બને છે એમાં શંકા નથી. કોઈ એકાદું તત્ત્વજ્ઞાન, તેમાંથી આત્મા–બ્રહ્મ વિષેની માન્યતા અને તે જ ‘આત્મા — બ્રહ્મ હું’ એવી વૃત્તિ જે દૃઢપણે પોતામાં ધારણ કરી શકે છે તે મુક્ત થાય છે એવી આપણી શ્રદ્ધા. આ ભૂલભરેલી શ્રદ્ધાને લીધે તત્ત્વજ્ઞાનનો વિકાસ અટકી ગયો. તત્ત્વ-જ્ઞાન અને મોક્ષનો સંબંધ જ્યારે તૂટશે અથવા ધ્યેય વિષેની આપણી કલ્પના જ્યારે બદલાશે ત્યારે જ આપણે આ વિષયમાં વધારે ચિકિત્સક અને શોધક બનીશું અને ત્યારે તત્ત્વજ્ઞાન વિકસિત થશે અને ચાલુ જીવનમાં તેનો ઉપયોગ થતાં આપણું જીવન સમૃદ્ધ તથા સફલ થઈ શકશે.

* * *

તત્ત્વજ્ઞાન એ શોધનો વિષય છે એમ સમજીને આપણે તત્ત્વોના શોધક અને અભ્યાસી થઈશું ત્યારે પંચભૂતાત્મક સૃષ્ટિના બધા સ્થૂળ-સૂક્ષ્મ પદાર્થોનું તેમ જ તેના ગુણધર્મોનું જ્ઞાન આપણને થયા વગર રહેશે નહીં. ધ્વનિ, પ્રકાશ, વિદ્યુત જેવા ગૂઢ અને મહાન તત્ત્વોના કાર્યકારણભાવોનું જ્ઞાન આપણને થશે. મનુષ્ય અને બીજા પ્રાણીના ગુણધર્મ, સંસ્કાર, સ્વભાવ વગેરેનુંયે જ્ઞાન થશે. મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, ચૈતન્ય એ બધાં વિષેનું સૂક્ષ્માતિસૂક્ષ્મ જ્ઞાન આપણામાં પ્રકટ થશે. સચેતન–અચેતન સૃષ્ટિના તેમ જ તેના સૂક્ષ્મ તત્ત્વના આપણે જ્ઞાતા થઈશું. આ પ્રમાણે બધા તત્ત્વોનો શોધ લેતાં લેતાં આપણે



તત્ત્વજ્ઞાનના છેવટ સુધી પહોંચીએ તો આ વિશ્વમાં આપણને અજ્ઞાત એવું કશું રહેશે નહીં. અને પછી તે સર્વ જ્ઞાનનો માનવજાતિના ઉત્કર્ષ અને કલ્યાણ માટે ઉપયોગ કરવાનુંયે આપણને સહજ સિદ્ધ થશે. તે જ્ઞાનથી ભૂતમાત્રનું હિત સાધવા તરફ જ આપણા જીવનનું સહજ ધોરણ રહેશે. પરંતુ આ પૈકી કોઈ પણ તત્ત્વની — જ્ઞાનની શોધ આપણને લાગી ન હોય અને એમાંથી કશું માનવજાતિનું કલ્યાણ — ભૂતમાત્રનું હિત આપણને સિદ્ધ થયું ન હોય છતાં, કેવળ આત્મતત્ત્વનું જ્ઞાન થઈને બ્રહ્મસાક્ષાત્કાર થઈ શકે છે એ બાબત જ્ઞાનમાર્ગમાં સંભવનીય લાગતી નથી. સત્યદૃષ્ટિએ તપાસતાં આ પ્રકાર માન્યતા અને શ્રદ્ધાનો જ ઠરે છે. તેને જ્ઞાનની સિદ્ધિ કહી શકાય નહીં.

પરંતુ આપણામાં શોધકપણું ન હોવા છતાં આપણે પોતાને તત્ત્વજ્ઞાની માનવા લાગ્યા. જન્મમરણના ભયથી મોક્ષની ખાતરી થવા માટે અથવા આધ્યાત્મિક જ્ઞાનની સર્વોચ્ચ મહત્ત્વાકાંક્ષાને લીધે આપણે કોઈ પણ એક તત્ત્વજ્ઞાન માનતા રહ્યા. તેથી આપણામાં શોધકપણું ન આવતાં કેવળ શ્રદ્ધાળુપણું કે સાંપ્રદાયિક યા વૈયક્તિક દુરાગ્રહ વધતો ગયો. કોઈ પણ તત્ત્વજ્ઞાનનો છેવટનો સિદ્ધાંત મન પર ઠસાવવા માટે તેનું વાચન, મનન, ચિંતન આપણે કરતા રહ્યા, તેને જ દૃઢ કરવા માટે તેનો જ જપ કરી તેનું જ રટણ કરતા રહ્યા. તે મન પર ઠસ્યો કે જન્મમરણમાંથી મુક્તિ થઈ એમ આપણે માન્યું. તે સ્થિતિમાં જ આધ્યાત્મિક મહત્ત્વાકાંક્ષાની પૂર્તિ માનીને, જીવનમાં છેવટે જે સાધવાનું તે સિદ્ધ થયું એવા સમાધાનમાં આપણે રહ્યા. જાણે કે આ વાત સિદ્ધ થઈ એટલે જીવનમાં બીજું કાંઈ જાણવાનું કે કરવાનું બાકી જ રહ્યું નથી, એવી ભ્રામક સમજણને લીધે આપણે માનેલા શ્રેષ્ઠ સિદ્ધાંતને જુદા જુદા રૂપકોથી શોભાવીને આપણે પોતાને માનસિક રીતે રંગવા લાગ્યા તથા તેમાંથી જ જુદા જુદા રસો ઉત્પન્ન કરીને આનંદ લેવા લાગ્યા અને આપણી ચારે બાજુ ભેગા થનારા ભાવિકોના મનમાં તેવી જ આનંદની ઇચ્છા ઉત્પન્ન કરવા લાગ્યા. ભૂતકાળમાં અધ્યાત્મમાર્ગમાં શ્રેષ્ઠ મનાયેલી વિભૂતિ કિંવા અવતારી મનાયેલા પુરુષો આપણે જ પોતે છીએ એમ કલ્પીને કે માનીને કોઈ

પોતામાં મસ્તીનો અને કોઈ પોતામાં શ્રેષ્ઠતાનો આવિર્ભાવ માનવા લાગ્યા. આ પ્રમાણે પોતાની ભ્રામક વૃત્તિનું જ આપણે તત્ત્વજ્ઞાનની મદદથી પોષણ કરવા લાગ્યા, અને તે માટે તેમાંથી માર્ગો કાઢવા લાગ્યા. જો આપણામાં શોધકપણું હોત તો આવા ભ્રામક પ્રકારો તત્ત્વજ્ઞાનના નામે ન થાત પણ આપણાથી તે શાસ્ત્રનો વિકાસ થયો હોત અને તેથી આપણને અનેક ભૌતિક તથા સાત્ત્વિક લાભો થયા હોત અને આપણી ઉન્નતિ થઈ હોત. પણ તત્ત્વજ્ઞાનનો સંબંધ મોક્ષ સાથે જોડવામાં આવેલો હોવાથી તેવા લાભો થયા નહીં. દરેક સંપ્રદાયે કોઈ ને કોઈ તત્ત્વજ્ઞાન — તેની વિચારસરણીનો અંગીકાર કરેલો છે. એનું કારણ એ જ કે તત્ત્વજ્ઞાન સિવાય મોક્ષ નથી એવી આપણા મહાપુરુષોની અને સર્વસાધારણ લોકોની શ્રદ્ધા છે, અને તેથી જ આ માર્ગમાં જ્ઞાનનો વિકાસ ન થતાં શ્રદ્ધાળુપણું વધતું ગયું છે.

* * *

આ બધા પરથી વિચાર કરતાં લાગે છે કે તત્ત્વજ્ઞાનનો સંબંધ મોક્ષ સાથે ન માનતાં આપણી જીવનશુદ્ધિ અને સિદ્ધિ સાથે જોડવો જોઈએ. માનવ્યને આવશ્યક જણાતી દરેક બાબતને અધિક શુદ્ધ, અધિક તેજસ્વી અને પ્રભાવશીલ કરવાનું સામર્થ્ય તત્ત્વજ્ઞાનમાં હોવું જોઈએ. માનવીજીવનમાં ધર્મ, અર્થ અને કામ એ ત્રણ મોટા પુરુષાર્થો છે. માણસમાત્રનું આખું જીવન આ ત્રણ પુરુષાર્થોમાં વહેંચાયેલું છે. આ ત્રણેની શુદ્ધિથી જ જીવનશુદ્ધિ અને જીવનસિદ્ધિ સાધી શકાશે. જ્ઞાન સિવાય તે સિદ્ધ થવી શક્ય નથી. માટે ધર્મ, અર્થ અને કામને શુદ્ધ કરવાનું સામર્થ્ય જ્ઞાનમાં હોવું જોઈએ. વ્યક્તિ અને સમષ્ટિનું કલ્યાણ પરસ્પર વિરોધક — વિઘાતક ન થતાં એકબીજાને સહાયક થતું રહે એ દૃષ્ટિએ ધર્મ, અર્થ અને કામનો વિચાર થવા માટે તત્ત્વજ્ઞાનની ખાસ જરૂર છે. એ આવશ્યકતા પૂરી કરવાની શક્તિ તત્ત્વજ્ઞાનમાં હોય તો જ ધર્મ, અર્થ અને કામની શુદ્ધિ થતાં માનવધર્મની સિદ્ધિ પ્રાપ્ત થશે. આપણે જેને તત્ત્વજ્ઞાન તરીકે માનીએ તેમાં તે શક્તિ ન હોય તો તે તત્ત્વજ્ઞાનને વિકસિત કરીને આપણે તેમાં તે શક્તિ લાવવી જોઈએ. જ્ઞાનમાં જો કર્તૃત્વ ન હોય,



શક્તિ નિર્માણ કરવાનો ગુણ જો તેમાં ન હોય તો તે જ્ઞાન અને અજ્ઞાનમાં કશો ફરક નથી. દીવામાં કે અગ્નિમાં પ્રકાશ આપવાની શક્તિ છે જ. તે શક્તિ દીવામાં કે અગ્નિમાં નથી એમ અનુભવાતું હોય તો ત્યાં દીવો કે અગ્નિ નથી પણ તે વિષે કાંઈ ભ્રમ જ હોવો જોઈએ એમ નિઃશંકપણે માનવું જોઈએ.

સારાંશ, તત્ત્વજ્ઞાનના આભાસ પર વિશ્વાસ ન રાખતાં, માનવી જીવન સર્વ બાજુએ સફળ કરવાનું સામર્થ્ય જેમાં હોય એવા તત્ત્વજ્ઞાનનો આપણે આશ્રય લેવો જોઈએ. ભ્રમની પાછળ ન પડતાં આપણે સાચે જ જ્ઞાનની પ્રાપ્તિ કરીએ તો તેની પાછળ આપણામાં કર્તૃત્વ આવવું જ જોઈએ. જ્ઞાનની પછી તેનો ઉપયોગ કરવો એ તે જ્ઞાનનું સ્વાભાવિક પરિણામ જ છે.

ફેબ્રુઆરી, ૧૯૪૮

## ૨

## ઈશ્વરની ભાવના

તત્ત્વતઃ ઈશ્વર શું છે તે બાબતની ચર્ચા ન કરતાં માનવી-જીવનમાં ઈશ્વરનિષ્ઠાની આવશ્યકતા શા માટે જણાય છે અને તે સાથે તે નિષ્ઠા પ્રભાવશાળી થવા માટે તેની મદદ કઈ રીતે જીવનમાં લેવી તે વિષે કેટલાક વિચારો આ લેખમાં દર્શાવેલા છે.

મનુષ્ય જાતિમાં જેમ જેમ માનવીસદ્ગુણ પ્રકટ થતા જાય છે તેમ તેમ તેની ઈશ્વર વિષેની કલ્પના બદલાતી ગઈ છે એવું આજ સુધીનો તે કલ્પનાનો ઇતિહાસ જોતાં જણાઈ આવે છે. ઈશ્વરની મૂળ કલ્પના માનવીદૌર્બલ્ય અને માણસની કાંઈક બૌદ્ધિક વૃદ્ધિમાંથી ઉત્પન્ન થઈ હશે. દૌર્બલ્ય સાથે કલ્પના-તર્ક કરવાની શક્તિ માણસમાં ન હોત તો તેને ઈશ્વર વિષેની કલ્પના સૂઝી હોત એ શક્ય જણાતું નથી. પશુપક્ષી દુર્બલ છે તેથી તેમનામાં ઈશ્વરવિષયક કલ્પના હશે એમ લાગતું નથી. મનુષ્ય પર પડનારાં સુખદુઃખ, સંકટ, અડચણ અને આપત્તિના નિવારણ માટે, પોતાની સુરક્ષિતતા માટે તેમ જ

પોતાની કામના-ઇચ્છા પૂર્ણ કરવા માટે અને સુખની શાશ્વતતા માટે તેને કોઈ પણ દિવ્ય અને મહાનશક્તિ પર શ્રદ્ધાનો આધાર લેવો પડે છે. દાર્શનિક, તત્ત્વજ્ઞ, વિચારક, ચિકિત્સક કિંવા નાસ્તિક ઈશ્વર વિષે ગમે તે કહે—કોઈ પોતાના સચોટ કોટિક્રમથી, કોઈ તર્કવાદથી, કોઈ તાત્ત્વિક દૃષ્ટિથી અથવા કોઈ ગમે તે રીતે ઈશ્વરનું અસ્તિત્વ નથી એમ સિદ્ધ કરી બતાવે તોયે જ્યાં સુધી મનુષ્યપ્રાણી આજે જે સ્થિતિમાં છે અને ઓછેવત્તો આ જ માનસિક સ્થિતિમાં રહેશે એમ લાગે છે ત્યાં સુધી કોઈના કોઈ સ્વરૂપમાં તેને ઈશ્વર વિષેની કલ્પનાની જરૂર લાગવાની. તે સિવાય તેને ચાલશે નહીં. જીવનના દરેક દુઃખનો નાશ કરવાનો સ્વાધીન ઉપાય જ્યાં સુધી તેને માલૂમ પડ્યો નથી, આજના સુખનું કાયમપણું કેવળ પોતાના પુરુષાર્થ પર અવલંબેલું નથી પણ પોતાની શક્તિ બહારના અનેક બાહ્ય સંયોગો પર અવલંબેલું છે એમ માણસને લાગે છે અથવા શેના પર અવલંબેલું છે તે એ જાણતો નથી, અને ખરેખર વસ્તુસ્થિતિ તે જ છે ત્યાં સુધી માણસને કોઈ પણ મહાન આલંબનની જરૂર ભાસવાની. દુઃખના પ્રસંગે નિશ્ચિંત, નિર્ભય અને અનુદ્વિગ્ન તથા સુખના સમયમાં જાગ્રત અને સંયમશીલ રહેવા માટે જે પ્રકારની ચિત્તની પવિત્ર અવસ્થા જોઈએ એમ લાગે છે તે જ્યાં સુધી માણસને સિદ્ધ થઈ નથી—ચિત્તવૃત્તિ પર જ્યાં સુધી માણસ સહજપણે પોતાનો કાબૂ રાખી શકતો નથી ત્યાં સુધી કોઈ પણ મહાન શક્તિનો આધાર લેવો જોઈએ એમ તેને લાગશે. જે સુખદુઃખની પાર ગયા હશે, જે દરેક બાબતમાં પોતાના સામર્થ્ય પર આધાર રાખવા જેટલા શક્તિશાળી બન્યા હશે એવા થોડાને છોડી દઈએ તો બાકી સર્વ મનુષ્યસમાજને ઈશ્વર વિષેની કલ્પનાની જરૂર છે. અજ્ઞાનીથી લઈને વિદ્વાન સુધી, રંકથી માંડીને ધનિક પર્યંત—બધાને આ કલ્પનાની જરૂર છે. એમાં કલ્પનાના સ્વરૂપનો જ ફરક રહેવાનો; બાકી કલ્પના તે જ. મનુષ્યની ઈશ્વર વિષેની કલ્પનામાં જુદો જુદો ફરક હોય તોપણ તેનામાં માનેલી મહાન શક્તિ વિષે તેમ જ તેનું ન્યાયીપણું, દયાળુપણું તેની દીન-વત્સલતા, તેની સર્વત્ર વ્યાપકતા, તેની સર્વજ્ઞતા વગેરે બાબતોમાં



બધામાં એકવાક્યતા છે. તે શરણાગતોનો રક્ષક, પતિતોનો ઉદ્ધારક, અનંત વિશ્વની ઉત્પત્તિ સ્થિતિ લયનો કર્તા એ બાબતોમાં પણ બધા એકમત છે. જગતમાં બધા લોકોની બુદ્ધિ, પરિસ્થિતિ, સંસ્કાર અને સામાજિક રીતરિવાજમાં સરખાપણું ન હોવાથી બધાની ઈશ્વર વિષેની કલ્પનામાં પૂરેપૂરું સરખાપણું ન હોય એ સ્વાભાવિક છે; અને તેથી જ ઈશ્વરને પ્રસન્ન કરવાની વિધિ અને માર્ગ દરેકના જુદા જુદા છે એમ દેખાઈ આવે છે. તે ભેદો દેશ, કાળ, પરિસ્થિતિ, સંસ્કાર વગેરેના જ છે. તે છોડી દઈએ તો બાકી બધાની ઈશ્વર વિષેની કલ્પનામાં ઘણો જ મેળ છે એમ જણાઈ આવશે.

* * *

ઈશ્વર વિષેની કલ્પના અને ઈશ્વર કે પરલોક સાથે જોડેલા ધર્મને કેટલાક અફીણની ગોળીની ઉપમા આપે છે. તેમાં કંઈક અંશે સત્ય છે પણ સંપૂર્ણ સત્ય નથી. ઈશ્વર વિષેની કલ્પનાથી જગતમાં જે જે અનિષ્ટો થયેલાં છે તે ધ્યાનમાં લઈને તે ઉપમા આપેલી છે. ઉપમા કાયમ રાખીને કહેવું હોય તો એમ કહી શકાય કે ઈશ્વર વિષેની કલ્પના અફીણ જેવી હોય તોપણ તેમાં તે કલ્પનાનો દોષ નથી. અફીણનો સારો અને નરસો એમ બે પ્રકારનો ઉપયોગ થઈ શકે છે. ઔષધ તરીકે યોજનાપૂર્વક યોગ્ય ઉપયોગ કરવાથી તે પ્રાણદાયી નીવડે છે અને રોજ ખાવામાં વાપરવાની ટેવ પાડવાથી કે એકદમ પ્રમાણ ઉપરાંત તેનો ઉપયોગ કરવાથી તે જ નુકસાનકારક અને પ્રાણઘાતક થાય છે. એ પરથી ઈશ્વર વિષેની કલ્પના જ અહિતકર નથી. પણ તે કલ્પનાનો કેટલો, કેટલા પ્રમાણમાં અને કયે વખતે ઉપયોગ કરવો એના અજ્ઞાનને લીધે નુકસાન થાય છે. અફીણ જ નહીં પણ બીજી કોઈ પણ વસ્તુ અજ્ઞાનથી વાપરવામાં આવે તો તેનાંયે પરિણામ સહન કરવાં પડે છે. ખોરાક જેવી હંમેશાં જરૂરી અને ઉપયોગી વસ્તુ પણ અયોગ્ય રીતે, અયોગ્ય પ્રમાણમાં અને અયોગ્ય સમયે લેવામાં આવે તો તેનાથીયે અનેક રોગો થાય છે અને કોઈક વાર જીવનની પણ હાનિ થાય છે. તેથી સમજવું જોઈએ કે કોઈ પણ વસ્તુના સદુપયોગ

કે દુરુપયોગ પર આપણું હિતઅહિત અવલંબેલું છે; કેવળ તે વસ્તુ પર નહીં.

માનવી ઉત્કર્ષ અને ઉન્નતિ માટે ઈશ્વર વિષેની કલ્પના, ભાવના, ભક્તિ, નિષ્ઠા એ બાબતો જરૂરી છે. તે, માણસને અવનતિ તરફ લઈ જનારી નથી. તેથી મળનારી શાંતિ અને પ્રસન્નતાની માનવી મનને ભૂખ છે. માનવી મનને આધાર આપીને તેને ઉન્નત કરવા માટે તે પરમ સહાયક છે. તેમાં મુખ્ય અને મહત્ત્વની બાબત એ જ છે કે આપણી ઈશ્વર વિષેની કલ્પના બને તેટલી શુદ્ધ, સરલ અને ઉદાત્ત હોવી જોઈએ. તેમાં ગૂઢતા કે ગુપ્તતા ન જોઈએ. તે કલ્પનામાંથી આપણા ચિત્તને આશ્વાસન – આધાર મળે તે માટે તેમાં કોઈ પણ જાતના કર્મકાંડની ખટપટ ન જોઈએ. ઊલટું શ્રદ્ધા, વિશ્વાસ અને નિષ્ઠા ચિત્તમાં વધતાં રહે એવા સ્વાધીન અને સાદા ઉપાય તેમાં જોઈએ. તેમાં મધ્યસ્થ, માર્ગદર્શક કે ગુરુની જરૂર ન હોવી જોઈએ. તે કલ્પનાને માનનારાનું વલણ સ્વાભાવિક રીતે નીતિ અને પવિત્રતાપરાયણ હોવું જોઈએ. તેમાં સદાચારનું પ્રાધાન્ય જોઈએ. દયા, સત્ય, પ્રામાણિકતા, ધૈર્ય, નિર્ભયતા, ઉદારતા, નિશ્ચિંતતા, શાંતિ અને પ્રસન્નતા એ તેમાંથી મળનારા સહજ લાભો હોવા જોઈએ. મનુષ્યમાત્ર પર પ્રેમ વધતો રહે, સમુદાયના કલ્યાણની ઇચ્છા હંમેશાં જાગ્રત રહે અને કર્તવ્ય કરવાની સ્ફૂર્તિ સતત કાયમ રહે એ તે કલ્પનાનાં સ્વાભાવિક પરિણામો હોવાં જોઈએ. અજ્ઞાન, અને ભોળપણ જાય, વિકારોનું બળ નાશ પામે, આશા–તૃષ્ણા–લોભ–દંભ વિલય પામે, ચિત્ત સ્વાધીન અને શુદ્ધ બને, બુદ્ધિ વ્યાપક અને તેજસ્વી થાય, ધર્મને પ્રોત્સાહન મળે, અને અહંકાર દૂર થાય એવો પ્રભાવ એ કલ્પનામાં હોવો જોઈએ. આપણી પામરતા અને ક્ષુદ્રતા, આપણી પંગુતા અને દૌર્બલ્ય, આપણું આળસ અને જડતા એ બધાનો નાશ કરીને આપણી કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયોની શુદ્ધિ કરે અને આપણામાં આત્મવિશ્વાસ પેદા કરે, તેમ જ આપણાં શરીર, બુદ્ધિ અને મનમાં નિત્ય નવા ચૈતન્યનો સંચાર કરે એવો દિવ્ય ગુણ તે કલ્પનામાં હોવો જોઈએ. સારાંશ, માણસને સર્વ પ્રકારે મનુષ્યત્વ તરફ લઈ જઈને



તેના જીવનની સંપૂર્ણ સિદ્ધિ તેને મેળવી આપી કૃતાર્થ કરે એવું સામર્થ્ય તે કલ્પનામાં જોઈએ. આવી જાતની ઈશ્વર વિષેની કલ્પના મનુષ્યમાત્રનું કલ્યાણ જ કરશે. તેથી કોઇનુંયે અહિત થાય એ કદાપિ શક્ય નથી.

* * *

દરેક સમયે યોગ્ય એવી ઈશ્વર વિષેની કલ્પના માણસને પ્રાપ્ત થાય તો માનવજાતિના કેટલાયે અનર્થો ટળી જાય. પરંતુ માનવ-જાતિના દુર્ભાગ્યને લીધે હજુ સુધી આ વાત માણસના લક્ષમાં આવતી નથી. આજના સમયે પણ કોઈ પાંચ હજાર તો કોઈ બે હજાર, કોઈ એક હજાર તો કોઈ પાંચસો કે સો વર્ષ પહેલાંની ઈશ્વર વિષેની કલ્પના અને તેની આજુબાજુ રચેલી ધર્મકલ્પનાને દૃઢ પકડીને બેઠેલા છે. માનવજાતિનું કલ્યાણ કઈ બાબતોમાં છે એનો વિચાર ન કરતાં જૂની કલ્પનામાં દિવ્યતા માનવાનો આપણા બધાનો સ્વભાવ છે. ભૂતકાળમાં અનેક વાર આપણે ઈશ્વર વિષેની કલ્પના બદલી શક્યા છીએ અને દરેક વખતે તેથી આપણું કલ્યાણ થતું આવ્યું છે તો આજ પણ ભૂતકાળની કલ્પના બદલવામાં શી અડચણ છે? આ રીતે આ બાબતમાં આપણે વિચાર કરતા નથી. કોઈ ભોળપણથી, કોઈ અજ્ઞાનથી, કોઈ ધાસ્તીથી, કોઈ લાલચથી અને કોઈ ઈશ્વર વિષેની ચાલુ કલ્પના બદલવાને લીધે પોતાનું આર્થિક નુકસાન થશે, પોતાની પ્રતિષ્ઠા નાશ પામશે એ ભયથી, એમ અનેક કારણોથી પૂર્વકલ્પના બદલવાને તૈયાર થતા નથી. સમાજની આજની સ્થિતિ અને તેની જરૂરિયાતોનો વિચાર કરવાથી જૂની કલ્પનાઓ ઘાતક થાય છે એમ જણાતાંયે કાળાનુરૂપ નવી કલ્પના આપણે ધારણ કરતા નથી; એટલું જ નહીં પણ ઊલટું તેનો વિરોધ કરીએ છીએ. સમાજ પોતે અજ્ઞાન અને શ્રદ્ધાળુપણાને લીધે પૂર્વ કલ્પના છોડવાને તૈયાર થતો નથી અને વિરોધક પણ પોતાનું મહત્ત્વ ટકાવી રાખવા માટે સમાજ પાસે તેની જૂની કલ્પના છોડાવતો નથી. અહીં જ ઈશ્વર વિષેની કલ્પના— શ્રદ્ધા એ અફીણનું કામ કરે છે. તે અફીણ ન બને માટે કાળાનુરૂપ તે કલ્પનામાં ઉપયુક્ત ફેરફાર થતો રહેવો જોઈએ, અને સમાજની

શક્તિ સદૈવ વૃદ્ધિંગત થતી રહેવી જોઈએ. જૂની કલ્પનાના ચાહનારા, તે કલ્પનાને લીધે મહત્ત્વ પામેલા મધ્યસ્થ, ગુરુ અને કર્મકાંડી પુરોહિત વર્ગ આ નવી કલ્પનાનો વિરોધ કરે છે. જૂની નિરુપયોગી અને અહિતકર કલ્પનાને છોડી દેવા તૈયાર ન થતાં નવાનો વિરોધ કરનારો વર્ગ દરેક સમાજમાં હંમેશાં હોય છે. ઈશ્વરના નામે તેમણે જ સૌથી વધારે અનર્થો કરેલા છે એમ વિચાર કરતાં જણાશે.

માનવજાતિમાં જેમ જેમ જ્ઞાનની અને સદ્‌ગુણોની વૃદ્ધિ થતી આવી છે, તેમ તેમ આપણી ઈશ્વર વિષેની કલ્પના સુધરતી આવી છે. એક વખતે યજ્ઞમાં માણસોનું—પશુઓનું બલિદાન લીધા સિવાય જે દેવતા અને જે ઈશ્વર સંતુષ્ટ થતો ન હતો તે જ ઈશ્વર બદલાતાં બદલાતાં કેવળ સદાચારથી અને ભાવભક્તિથી સંતુષ્ટ થાય છે એવી સ્થિતિ પર તે આવી પહોંચ્યો છે. 'દેવ ભાવનો ભૂખ્યો છે,' 'કેવળ તુલસીપત્ર, કેવળ નામસ્મરણથી ઈશ્વર સંતુષ્ટ થાય છે' એ કલ્પના માનવજાતિમાં સદ્‌ભાવનાઓને મહત્ત્વ મળ્યા પછી જ આવેલી છે. એનું તથ્ય ધ્યાનમાં લઈને આજના સમયે માનવમાત્રની પ્રગતિ, ઉત્કર્ષ, ઉન્નતિ અને સર્વ બાજુએથી કલ્યાણ સિદ્ધ થાય એવી જ ઈશ્વર વિષેની કલ્પના આપણે ગ્રહણ કરવી જોઈએ; વિવેકપૂર્વક આપણે તે કલ્પના ઠરાવવી જોઈએ. માણસમાત્રના શાશ્વત કલ્યાણનો વિચાર કરીને તદનુરૂપ આચરણ કરવામાં જેઓ પોતાની સર્વ શક્તિ-બુદ્ધિનો ઉપયોગ કરે છે, ભૂતમાત્ર વિષે જેમના ચિત્તમાં સહાનુભૂતિ છે, જે સદાચારી છે, જેમનું ચિત્ત નિર્મલ છે, જે નિસ્પૃહ છે, જે પૂર્વગ્રહ અને પૂર્વસંસ્કારોથી બદ્ધ નથી એવા પુરુષોના હૃદયમાં જે પ્રકારની ઈશ્વર વિષેની કલ્પના ઠસેલી હોય અને જે તેમના જીવનમાં તેમને ગતિ, ઉત્સાહ, બળ, પ્રેરણા, પ્રકાશ અને પવિત્રતા આપવામાં ઉપયોગી થતી હોય, જેનાથી તેમની પ્રજ્ઞા અને સાત્ત્વિકતા વધતી રહેતી હોય તે કલ્પના આજના સમયમાં ધારણ કરવાને યોગ્ય માનવી જોઈએ. તેને અનુસરવામાં આપણું તેમ જ માનવજાતિનું કલ્યાણ છે. એવા પુરુષોની કલ્પના સમજવી એ આપણે માટે શક્ય ન હોય તો દરેકે પોતાના સંસ્કાર—પોતાનું હૃદય—પોતાનું જીવન તપાસીને



જોવું અને તેમાંથી શોધી કાઢવું કે પોતાના જીવનમાં જે જે કાંઈ ઉદાત્ત, ભવ્ય અને પવિત્ર એવું આપણે સિદ્ધ કરી શક્યા—સંકટમાં, દુઃખમાં, અડચણમાં, ભયમાં જેના બળ અને શ્રદ્ધા પર આપણે ધૈર્ય રાખી શક્યા તથા શીલનું રક્ષણ કરી શક્યા, અગતિમાં ગતિ, પશ્ચાત્તાપમાં સાંત્વન, પતનાવસ્થામાં ઉત્થાન, મૂર્છાવસ્થામાં ભાન, અજ્ઞાન અવસ્થામાં જ્ઞાન, અસહાય સ્થિતિમાં સહાય, મોહમાં વિવેક અને સંયમ, કશું સૂઝતું નથી એવી મૂંઝાયેલી સ્થિતિમાં પ્રકાશ અને માર્ગ એ જેનાથી મળી શક્યાં; કર્તૃત્વમાં બળ અને ઉત્સાહ, કર્મ અને ભાવનામાં શુદ્ધતા અને વ્યાપકતા જેનાથી સિદ્ધ થયાં તે કઈ વસ્તુ? કઈ કલ્પના? કઈ ભાવના? જીવનમાં કઈ પવિત્ર શ્રદ્ધા આ બધી બાબતો સિદ્ધ કરવામાં કારણ બની તે શોધી કાઢ્યા પછી તે જ કલ્પનાને—ભાવનાને—શ્રદ્ધાને શક્ય તેટલી સરળ, પ્રભાવશાળી, નિરુપાધિક, સ્વાધીન, મહાન, ભવ્ય, વ્યાપક, કોઈ પણ બાહ્ય આડંબર રહિત, જેમાં દંભને દાખલ થવાને જગા નથી એવી, શુદ્ધમાં શુદ્ધ, મંગળમાં મંગળ, શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ એવી બનાવીને તેને આપણા હૃદયમાં દૃઢ કરવી જોઈએ. આ વાત જો માણસ સિદ્ધ કરી શકે તો તે પરમેશ્વર વિષેની શુદ્ધ અને સર્વશ્રેષ્ઠ કલ્પનાનો આરાધક બની શકશે—તે જીવનભર નિષ્ઠાવંત રહી શકશે.

પણ આ સાથે એ વાત યાદ રાખવી જોઈએ કે માણસના ચિત્તમાં ઈશ્વરનિષ્ઠા જાગ્રત રહે તે માટે પહેલાં તેના ચિત્તમાં પોતાના અભ્યુદય અને ઉન્નતિની ઇચ્છા તીવ્રપણે હોવી જોઈએ. તેનામાં વિવેક હોવો જોઈએ. આ વાતો સજ્જનના સહવાસથી સહેજે જ સિદ્ધ કરી શકાય છે. આપણે શ્રેયાર્થી હોઈએ તો વિવેકી અને પુરુષાર્થી સજ્જનની સંગતિનું અને તેમના ચારિત્રનું પરિણામ આપણા પર શુભપ્રદ થયા વગર રહેશે નહીં. આ બધાની મદદથી આપણે પોતાની માનવતા સિદ્ધ કરવી જોઈએ. તે સાધવા માટે શુદ્ધમાં શુદ્ધ અને પ્રભાવશાળી ઈશ્વર વિષેની કલ્પના અને શ્રદ્ધા આપણે ધારણ કરવી જોઈએ. તે વગર આપણે આપણું ધ્યેય સિદ્ધ કરી શકીશું નહીં. ઈશ્વરની પ્રાપ્તિ, ઈશ્વરનું દર્શન—સાક્ષાત્કાર, તેનો

આદેશ—એ બધામાં અનેક ભ્રમો હોવાથી તેમાંથી બીજા અનેક ભ્રમો નિર્માણ થાય છે. માટે આપણે તે વાતોની પાછળ ન લાગવું જોઈએ. જગતમાં નીતિયુક્ત વ્યવહાર તૂટે અને જેને લીધે ભ્રમ, દંભ અને આળસને આશ્રય મળે એવી કોઈ પણ ઈશ્વર વિષેની કલ્પના આપણે માન્ય ન કરવી જોઈએ. ધ્યેય બાબત એ નિશ્ચિતપણે સમજવું જોઈએ કે જે જે ભવ્ય લાગે તે તે આદરણીય કે અનુકરણીય નથી. આકર્ષક લાગે તે ધ્યેય નથી. કેવળ આનંદપ્રદ કે સુખકર લાગે, કેવળ શાંતિ અને પ્રસન્નતા આપનારું હોય તે પણ આપણું ધ્યેય નથી. દિવ્ય લાગે, રમ્ય લાગે તે પણ ધ્યેય નથી. પણ જે માનવતાને લક્ષમાં રાખે, જે સદ્‌ગુણોને પોષક, સંયમને સહાયક, ધર્મ અને કર્તવ્યને પ્રેરક તથા પોષક હોય—જેને પ્રાપ્ત કરવા માટે પ્રામાણિક માનવી વ્યવહાર, અને પરિશ્રમનો ત્યાગ કરવો પડતો ન હોય—જેની પ્રાપ્તિની ઇચ્છા બધા કરે અને બધાને તેની પ્રાપ્તિ થવાથી માનવી વ્યવહાર અધિક સરળ, પવિત્ર અને વ્યવસ્થિત થાય એ સિદ્ધ કરવાનું આપણું ધ્યેય છે. તે ધ્યેય સિદ્ધ કરવું કઠણ હોય પણ તેમાં ભ્રમ નથી. તેમાં અડચણો હોય પણ દંભ નથી. તેમાં સદૈવ આનંદ ન હોય પણ કૃતાર્થતા હશે. તે સિદ્ધ કરવું કઠણ હશે તેથી તેની કઠણતાની તીવ્રતા ઓછી લાગવા માટે, ભ્રમમાં ન પડવા માટે, અને દંભમાં ન ફસાવા માટે આપણને અત્યંત પવિત્ર અને મહાન શક્તિ પર શ્રદ્ધા અને નિષ્ઠાની જરૂર છે. બધાં અનિષ્ટો અને સંકટોમાંથી, બધાં પાપો અને અડચણોમાંથી, પાર પાડીને આપણા ધ્યેયપર્યંત લઈ જઈ ત્યાં પહોંચાડવાની શક્તિ તે નિષ્ઠામાં જ છે. ધ્યેય વિષેના આપણા દૃઢ સંકલ્પથી આપણી નિષ્ઠા જાગ્રત રહે છે. વિશ્વમાં અપારપણે વ્યાપેલી મહાન શક્તિને આપણે માટે ઉપયોગી કરી લેવાનું સૂત્ર આપણા દૃઢ સંકલ્પમાં જ છે.

ફેબ્રુઆરી ૧૯૪૮

૩

# ધ્યેયનિર્ણય

જીવનનું ધ્યેય શું હોવું જોઈએ એ માનવી જીવનમાં સૌથી મોટો પ્રશ્ન છે. જીવનના ધ્યેય ઉપર માણસના વર્તનનું અને જીવનની નાની મોટી બાબતોનું વલણ, તે જ પ્રમાણે તેનું કર્તૃત્વ અને તેના સામાજિક સંબંધો પણ અવલંબેલાં છે. માટે ધ્યેય ઠરાવવામાં ભૂલ કે સદોષતા ન હોવી જોઈએ.

જેમ જેમ સમય જાય છે, જેમ જેમ જગત વિષેનો આપણો અનુભવ વધતો જાય છે તેમ તેમ અનેક બાબતોમાં આપણી કલ્પના અને વિચારોમાં ફેરફારો થતા જાય છે. તે જ પ્રમાણે જીવન વિષેના ધ્યેય બાબતમાં યોગ્ય એવો ફેરફાર થવો જરૂરી છે. આ ફેરફાર યોગ્ય સમયે ન થાય તો તેના પરિણામ વ્યક્તિ અને સમાજને અસહ્ય રીતે ભોગવ્યા સિવાય છૂટકો નથી. તેથી જીવનનું ધ્યેય ઠરાવતાં માણસે દેશ, કાળ, પરિસ્થિતિ, તેની જરૂરિયાતો, તેની ભાવનાઓ, તેનું મન અને છેવટે તેનું અને માનવજાતિનું સર્વતોપરી કલ્યાણ એ બધાનો જેટલો વ્યાપક, દીર્ઘ અને સૂક્ષ્મ વિચાર કરી શકાય તેટલો કરીને તે નક્કી કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

સુખ વિષે પ્રીતિ અને દુઃખ વિષે અપ્રીતિ આ ભાવનાઓ માનવજાતિમાં પ્રથમથી તે અત્યાર સુધી એમ જ ચાલુ છે. માણસને સુખની ઇચ્છા સહજ છે; અને તે ઇચ્છા પૂરી કરવા માટે તે અનેક સંકટોનો સામનો કરે છે. અત્યંત દુઃખમય સ્થિતિમાં પણ માણસ કાંઈ ને કાંઈ સુખની આશા પર જ જીવે છે. ચાલુ કે ભવિષ્યના કોઈ પણ સુખ સાથે ચિત્તનો સંબંધ જોડ્યા વગર માનવી જીવન ચાલવું જ શક્ય નથી. ભવિષ્યના સુખ સાથે ચિત્તનો જોડેલો સંબંધ એટલે જ આશા. ક્યાંક અને ક્યારેક સુખ સાથે માનવી મનનો સંબંધ હોય છે જ. મનનો તે ધર્મ જ છે. તે ધર્મમાંથી જ સ્વર્ગની, સુખમય પરલોકની અને પુનર્જન્મની કલ્પના નિર્માણ થયેલી છે. અને અન્યાય, દુષ્ટતા અને દુરાચરણ કરનારને ક્યારેક પણ દંડ મળવો જ જોઈએ આ ન્યાયવૃત્તિમાંથી નરકની કલ્પના ઉત્પન્ન થયેલી છે. દુઃખનાશ,

સુખની પ્રાપ્તિ વગેરે બાબતો આપણી ઇચ્છા પ્રમાણે આ જન્મમાં બનતી નથી, તે પ્રમાણે જ સત્કર્મનાં સારાં અને દુષ્કર્મનાં માઠાં ફળો આ જગતમાં મળતાં રહે છે એવું બધે દેખાઈ આવતું નથી; એ પરથી આ બધી બાબતો વિષે સ્વર્ગ, પુણ્યલોક, નરક, પુનર્જન્મ વગેરે કલ્પનાઓ દ્વારા માણસે પોતાના મનથી વ્યવસ્થા અને ન્યાય લગાડી દીધો છે. આ વ્યવસ્થા પછી પણ ક્યારેક માણસના ધ્યાનમાં આવ્યું કે જીવમાત્રને સુખદુઃખ લાગેલાં છે, ગમે તેટલી ઉત્તમ સ્થિતિમાં જન્મ થયો હોય તોયે સંપૂર્ણ દુઃખનાશ અને બધી રીતે સુખપ્રાપ્તિની સ્થિતિ માણસને પ્રાપ્ત થવી શક્ય નથી. દુઃખ ન જોઈતું હોય તો સુખ પણ છોડવું જોઈએ. એક ન જોઈએ તો બીજી પ્રિય વસ્તુનોયે ત્યાગ કરવો જોઈએ. જન્મ સાથે જ સુખદુઃખ પણ માણસની પાછળ લાગેલાં છે. તેથી દુઃખમાંથી છૂટવા માટે સુખ છોડવાને તૈયાર થવા સિવાય બીજો ઉપાય નથી. અને તે બંને ટાળવાં હોય તો જન્મ ટાળવા સિવાય આ વાત સિદ્ધ થવી શક્ય નથી. તે માટે જન્મ ન લેવો એટલે મોક્ષ સાધવો એ વાત મનુષ્યના સુજ્ઞ મને સ્વીકારી અને મોક્ષ એ જ જીવનનું ધ્યેય બન્યું. જન્મ પ્રાપ્ત થયો છે પણ હવે પછી જન્મ ન લેવો એ જ વાત જીવનમાં સિદ્ધ કરવી એ જ મનુષ્યનું ધ્યેય ઠર્યું. મનુષ્યનું ધ્યેય આ જ છે અને તે યોગ્ય છે એ નક્કી કરવાના પ્રયત્નમાંથી જુદાં જુદાં શાસ્ત્રો નિર્માણ થયાં, પ્રવૃત્તિનિવૃત્તિના વાદો નિર્માણ થયા, કર્મવાદ તેમાંથી જ નિર્માણ થયો અને તત્ત્વજ્ઞાનનોયે ત્યાંથી જ પ્રારંભ થયો. તે ધ્યેય પ્રાપ્ત કરવાના સાધનોના વિચારમાંથી કર્મક્ષય, કર્મસંન્યાસ વગેરે બાબતો એક પછી એક નિર્માણ થઈ અને તે ધ્યેય સશાસ્ત્ર ઠર્યું. તે સાથે જ સંન્યાસી, ત્યાગી અને જ્ઞાની લોકોના સદ્વર્તન પરથી તેમ જ સંયમશીલ અને શાંત જીવન પરથી બહુજનસમાજમાં મોક્ષ વિષે અને તેના સાધનો વિષે શ્રદ્ધા પ્રસરી અને પરંપરાથી તે દૃઢ થઈ.

જે કાળે સમાજમાં સદાચારી વ્યક્તિઓએ મોક્ષની કલ્પના કે ધ્યેય સ્વીકાર્યું તે કાળે વ્યક્તિ અને સમાજનું કાંઈ કલ્યાણ તેનાથી સિદ્ધ થયું હશે એમાં શંકા નથી. પરંતુ એ કલ્પનાને લીધે જ્યારથી



ગૃહસ્થાશ્રમ અને તેનાં કર્તવ્યો વિષે અનાદર થવા લાગ્યો અને કર્મ-માર્ગ વિષે સમાજમાં શિથિલતા આવી ત્યારથી આપણી અવનતિની શરૂઆત થઈ એવી કલ્પના આ વિષે વિચાર કરતાં આવે છે. મોક્ષની કલ્પના બહુજનસમાજના મનમાં દૃઢપણે બેઠી ત્યારે વ્યક્તિ અને સમાજ પર તેનાં પરિણામ અનિષ્ટ પડતાં જોઈને ધ્યેય વિષે સમજુ લોકોએ વધારે વિચાર કરવો જોઈતો હતો. પરંતુ તે પ્રમાણે તે કાળે બન્યું નહીં. તેથી ગૃહસ્થાશ્રમ વિષે ઉત્પન્ન થયેલો અનાદર તેમ જ રહ્યો. પ્રજાને તે અનિષ્ટમાંથી બચાવવા માટે નિષ્કામ કર્મયોગનો સિદ્ધાંત અને વિચારસરણી કોઈ મહાત્માએ સમાજ પર ઠસાવવા પ્રયત્ન કર્યો. પરંતુ તેમનું પણ અંતિમ ધ્યેય મોક્ષ જ હોવાથી ગૃહસ્થાશ્રમ વિષે અને કર્મમાર્ગ વિષે આવેલી ઉદાસીનતા ઓછી થઈ નહીં, અને તેનું ગયેલું મહત્ત્વ ફરીને પાછું આવ્યું નહીં. આજે આપણી રીતભાત, વર્તન વગેરે સંન્યાસના આધારે નથી તોપણ ગૃહસ્થાશ્રમ વિષે આપણા મનમાં આદર અને સદ્ભાવ નથી. આપણે ગૃહસ્થાશ્રમમાં છીએ છતાં તે દોષમય અને પાપમય છે અને તેવો જ રહેશે એવી આપણા બધાની તે વિષે સમજણ છે. ગૃહસ્થાશ્રમના સુખની આસક્તિ આપણને છૂટી નથી. તેનો કોઈ પણ રસ આપણામાંથી ઓછો થયો નથી. આપણી આસક્તિથી આપણે પોતામાં અને સમાજમાં કેટલાયે દોષ અને દુઃખ વધારતાં હોઈએ છીએ છતાં સંસાર દોષ અને દુઃખ રૂપ જ હોવાનો એવી સમજણને લીધે તે વિષે કાંઈ દુઃખ ન લાગનારી વૃત્તિ આપણામાં દૃઢ થઈ ગઈ છે. ગૃહસ્થી જીવન આવું જ રહેશે એવી આપણી માન્યતા હોવાથી તે વિષે વિચાર કરવાનું આપણને સૂઝતું નથી, એટલી જડતા આપણામાં આવી ગઈ છે. ગૃહસ્થી જીવનમાં પવિત્રતાથી, પ્રામાણિકતાથી, સત્યથી, ઉદારતાથી, સંયમથી, નિઃસ્પૃહ-તાથી વર્તવાની કલ્પના જ સમાજમાંથી લગભગ નાશ પામી ગઈ છે. વ્યક્તિગત સ્વાર્થસાધન એ જ ગૃહસ્થાશ્રમનું ધ્યેય બની ગયું છે. કાંઈ દુઃખથી, આઘાતથી અને અપયશથી સંસારમાંથી વૈરાગ્ય કે કંટાળો આવવાને લીધે સંન્યાસ લઈને મોક્ષની પાછળ લાગવું, એવી

જનસમાજમાં સાધારણ રીતે સમજણ અને મનોવૃત્તિ હોવાથી આપણે નૈતિક અને ભૌતિક દૃષ્ટિએ ઘણી જ હીન દશાએ આવી પહોંચ્યા છીએ. ભક્તિમાર્ગી સંતોએ સમાજમાં ભક્તિનો પ્રસાર કરીને લોકમાનસ શુદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો; પરંતુ તેમનું ધ્યેય પણ મોક્ષ પ્રમાણે ઈશ્વર સાથે તદ્રૂપ થવાનું નિવૃત્તિપરાયણ જ હોવાને લીધે ગૃહસ્થાશ્રમનું ગયેલું પાવિત્ર્ય અને પુરુષાર્થનું બળ પણ તેથી જ ફરીને આવી શક્યું નહીં.

* * *

મોક્ષ જેવું વૈયક્તિક કલ્યાણપ્રદ ધ્યેય માનેલું હોવાને લીધે સામુદાયિક લાભ અને કલ્યાણ માટે જે સામુદાયિક વિચાર, વૃત્તિ અને સદ્‌ગુણોની જરૂર છે તે આપણામાં હજુ આવ્યાં નથી અને અંકુરિત થયાં નથી. દરેક જણ પોતપોતાના કર્મ પ્રમાણે સુખદુઃખ ભોગવે છે, આપણે કોઈને સુખી કે દુઃખી કરી શકતા નથી, સુખી કે દુઃખી કરીએ છીએ એ ભ્રાંતિ છે એવી જાતનું શિક્ષણ આપણને કેટલાયે વખતથી મળેલું છે. ગમે તેટલા ઉચ્ચ વ્યક્તિગત હેતુ માટે તે શિક્ષણ આપવામાં આવ્યું હોય પણ તે, આપણને અત્યંત સ્વાર્થી બનવામાં કારણભૂત થયેલું છે. આજનાં અનર્થોનાં ઘણાં બીજો આ શિક્ષણમાંથી જ આવ્યાં હોય એમ લાગે છે. ધન, વિદ્વત્તા, વૈભવ કે બીજી કોઈ પણ વિશેષ પ્રાપ્તિથી પોતે સુખી થવું અને તે જ પ્રમાણે મોક્ષ પ્રાપ્ત કરીનેયે પોતાનું કલ્યાણ કરવું; આ બધામાં કોઈ પણ રીતે સામુદાયિક કલ્યાણનો પ્રશ્ન, વિચાર કે હેતુ જણાતો નથી. આ પરથી એમ જણાય છે કે આપણામાં સામાજિક કે સામુદાયિક વૃત્તિનો અભાવ જણાઈ આવવાનાં કારણો આપણામાં પ્રવર્તેલા વૈયક્તિક લાભની દૃષ્ટિ કેળવનારા આ શિક્ષણમાં હશે. આપણા વિચાર-આચારમાં વ્યાપકપણું ન જણાતાં બધે જ સંકુચિતતા દેખાઈ આવે છે એનાં બીજાં અનેક કારણો હોય તોપણ આ એક મહત્ત્વનું કારણ છે એમ ખાતરીપૂર્વક લાગે છે.

આનું પરિણામ આપણી આજની વૈયક્તિક, કૌટુંબિક, સામાજિક અને રાષ્ટ્રીય સ્થિતિ પર અનિષ્ટ રીતે થયેલું છે એમ વિચાર કરતાં



દેખાઈ આવે છે. અથવા તો એ બધાનું પરિણામ એટલે આજની આપણી સ્થિતિ છે. આપણા ધ્યેય વિષેની કલ્પનામાં સમય પ્રમાણે જે ફેરફાર થતો આવવો જોઈએ તે, તે તે સમયે થતો આવ્યો નહીં એ દુઃખની વાત છે. મોક્ષનું ધ્યેય જે કાળે માનવામાં આવ્યું તે કાળે તે જ યોગ્ય લાગ્યું હશે. તે વખતની વૈયક્તિક–સામાજિક સ્થિતિ, ધાર્મિક અને આધ્યાત્મિક કલ્પના એ બધામાંથી તે જાતની ધ્યેયની કલ્પના સૂઝી આવી એ સ્વાભાવિક હશે. પરંતુ તે બધી બાબતોમાં કાળાંતરે ફેરફાર થતો આવ્યો છતાં તે જ કલ્પના અને તે જ ધ્યેય આપણે માનતા રહીએ અને તેનાં દુષ્પરિણામ સહન કરતા રહીએ તો આજની આપણી સ્થિતિમાંથી ઉદ્ધાર થવાની કદી આશા નથી એમ કહેવું જોઈએ.

આ સ્થિતિ અવનતિદર્શક અને શોચનીય છે એવું આપણને ખરેખર લાગતું હોય તો તે બદલવાનો આપણે નિશ્ચયપૂર્વક પ્રયત્ન કરવો જોઈએ. તે માટે આપણે ઉદાત્ત અને યોગ્ય એવું ધ્યેય ધારણ કરવું જોઈએ. તે સિવાય છૂટકો નથી. આપણે માણસ છીએ અને માણસ તરીકે આપણે જીવવું હોય તો સદ્‌ગુણસંપન્ન થયા સિવાય તે વાત સિદ્ધ થાય એ કદી શક્ય નથી. આ હકીકત પહેલાં આપણા હૃદયમાં પૂર્ણપણે ઠસવી જોઈએ. માણસ એકલું રહેનારું પ્રાણી નથી. તે સમુદાયમાં અને એકબીજાના સાહચર્યથી રહેનારું પ્રાણી છે. તેથી વ્યક્તિગત કલ્યાણ કે હિતની કલ્પનાને આપણે દોષાસ્પદ માનવી જોઈએ. વ્યક્તિનું હિત તે ખરેખરું હિત ન હોઈને તે વ્યક્તિગત સ્વાર્થ વિષેની ક્ષુદ્ર કે મહાન અભિલાષા જ હોવી જોઈએ; અને તેનાથી આજ નહીં તો કાલે સામુદાયિક દૃષ્ટિએ હાનિ થયા સિવાય રહેશે નહીં એમ આપણે ખાતરીપૂર્વક સમજવું જોઈએ. ધન, વિદ્યા, સત્તા એ કોઈ એકના હાથમાં આવે તોપણ તેનો ઉપયોગ બધાના હિત માટે કરવામાં આવે તો જ તેનો સદુપયોગ કે ધર્મ્ય ઉપયોગ થયો એવું આપણે સમજવું જોઈએ. આપણે બધી બાજુએ—બધી દૃષ્ટિથી સામાજિક થયા વગર આપણામાં માનવતા આવશે નહીં. જેથી માનવમાત્રનું કલ્યાણ સિદ્ધ કરી શકાય એ જ આપણો

ધર્મ છે. માનવમાત્રમાં આપણે પણ છીએ જ, એટલે આપણો તે ધર્મ. તે આપણું અહિત ન કરતાં બધા સાથે આપણું પણ હિત જ કરે એવી શ્રદ્ધા આપણામાં હોવી જોઈએ. માનવી સદ્‌ગુણો પર જ માણસનું — આપણા બધાનું જીવન ચાલેલું છે. સદ્‌ગુણોની જ્યાં જ્યાં આપણામાં ઊણપ હોય, ત્યાં ત્યાં દુઃખનો પ્રસંગ આવે છે; પછી તે સદ્‌ગુણોની ઊણપ આપણી પોતાની હોય કે તે બીજાઓની હોય. અને તે ઊણપથી આપણે કે બીજા કોઈ દુઃખી થવાના જ. જ્યાં સદ્‌ગુણનો અભાવ છે ત્યાં તેનું પરિણામ કોઈએ પણ ભોગવવું પડે છે. આ નિયમ જ છે. માટે આપણે અને બીજા સુખી થઈએ એમ લાગતું હોય તો આપણે બધાએ સદ્‌ગુણી જ બનવું જોઈએ. આ વાત દૃઢપણે માનવી જોઈએ અને તે જાતનો આપણો સતત પ્રયત્ન હોવો જોઈએ. આપણે સમાજના એક ઘટક છીએ અને આપણે બધા મળીને જ સમાજ બનેલો છે. આપણા એકબીજાના સારાનરસા વર્તન-ઇચ્છા અને ભાવનાનું પરિણામ આપણા બધા પર સારુંનરસું થતું રહે છે. દરેકના દરેક કર્મનું સારુંનરસું પરિણામ જેને તેને જુદું જુદું ભોગવવું પડે છે એવો નિયમ આ જગતમાં નથી. આપણા બધાનાં કર્મોનું પરિણામ આપણે બધાએ ભોગવવું પડે છે એવા એકત્રપણાના — સામાજિક સંબંધથી અને ન્યાયથી આપણે બંધાયેલા છીએ. અસ્વચ્છતા —અવ્યવસ્થિતતા એ દોષ છે અને તેનાં પરિણામ રોગ કે અન્ય રીતે માણસને ભોગવવાં પડે છે. માણસ સમાજ બાંધીને એકત્રપણે રહે છે એવી સ્થિતિમાં આપણે સ્વચ્છ રહીએ અથવા આપણે આપણા એકલાનું ઘર સ્વચ્છ રાખીએ તેટલાથી જ આપણે રોગથી સુરક્ષિત રહીએ એવું નથી. આપણે, આપણું ઘર, તે સાથે બીજા માણસો અને આપણું ગામ એ બધું સ્વચ્છ ન હોય તો તેમાંથી ઉત્પન્ન થનારા રોગરૂપી અનર્થમાંથી આપણે બચી શકીશું નહીં. ગામમાં રોગચાળો ફેલાતાં તેનાં દુષ્પરિણામ બધાને ભોગવવાં પડે છે. આ જેવો નિસર્ગનો નિયમ છે તેવો જ નિયમ માણસના બીજા વ્યવહારમાં પણ છે. માણસે વિચાર કરીને માનવી પરસ્પર સંબંધ, માનવી કર્મ અને



તેના પરિણામના નિયમો શોધવા જોઈએ; કાર્યકારણભાવ તપાસવા જોઈએ. એમ કરવામાં આવે તો તેની ખાતરી થશે કે આપણે બધા એકબીજાના કર્મથી બંધાયેલા છીએ. આજે સમાજમાં જે મોટા મોટા ઝઘડા ચાલે છે તેમાં પણ ઝઘડા ઉત્પન્ન કરનારા કોણ છે અને તેનાં પરિણામ અતિશય દુઃખદાયીપણે કોને ભોગવવાં પડે છે? યુદ્ધો કોણ નિર્માણ કરે છે અને તેમાં પ્રાણ સુધ્ધાં સર્વનાશ કોનો થાય છે? આ બધાનો વિચાર કરતાં કર્મનું પરિણામ જેને તેને જ ભોગવવું પડે છે એમ નથી પણ એકનું બીજાને — અનેકોને અથવા બધાનાં કર્મોનું બધાને એ ન્યાયે ભોગવવું પડે છે. જગતમાં આ જ વ્યવસ્થા કિંવા ન્યાય ચાલુ છે. પરંતુ જીવનનું વ્યક્તિગત ધ્યેય એક વાર આપણે શ્રદ્ધાપૂર્વક માન્યું હોવાથી તે છોડવાને આપણે તૈયાર થતા નથી. જગતનો પ્રત્યક્ષ ચાલુ ન્યાય લક્ષમાં ન લેતાં પૂર્વજન્મ-પુનર્જન્મની કલ્પનાથી કર્મવાદનો આશ્રય લઈને આપણી પૂર્વશ્રદ્ધા કાયમ રાખવાનો પ્રયત્ન આપણે કરતા આવ્યા છીએ. પરંતુ વ્યક્તિગત ધ્યેયની કલ્પનાથી આજપર્યંત થયેલા અને તે કલ્પનાને લીધે આપણા બનેલા એકાંગી સ્વભાવને લીધે આજે પણ આપણા અને આપણા સમાજને થતા અહિતને ધ્યાનમાં લઈને આપણે આપણું જીવન, આપણો સમાજ, રાષ્ટ્ર, માનવજાત વગેરે સર્વના હિતની દૃષ્ટિએ આપણા ધ્યેયનો વિચાર કરવો જરૂરી છે.

માણસ સામાજિક પ્રાણી હોવાથી બધાના હિતની દૃષ્ટિએ ધ્યેયનો વિચાર કરવો એ જ નિશ્ચયપૂર્વક તેને માટે ઉચિત થશે. ધ્યેયની યોગ્યાયોગ્યતાનો કિંવા શ્રેષ્ઠતાનો વિચાર કરતાં આ જ વસ્તુને આપણે મહત્ત્વ આપવું જોઈએ. તેને જ માનવધર્મ કહેવાય. આ માનવધર્મથી જ આપણે માનવતા પ્રાપ્ત કરી શકીશું. તે માનવધર્મ પ્રમાણે આચરણ કરતાં કરતાં આપણે બધાએ માનવતા સિદ્ધ કરવાની છે. તે જ આપણા જીવનનું ધ્યેય છે. તે જ ધ્યેય માટે આપણે બધાએ સદ્‌ગુણોના ઉપાસક બનવું જોઈએ.

પ્રચલિત ધર્મની યોગ્યતા તેના સદ્‌ગુણોના મહત્ત્વ ઉપરથી ઠરાવવાની હોય છે. સદ્‌ગુણો સિવાય ધર્મ નથી; સદ્‌ગુણો સિવાય

માનવતા નથી. કોઈ ધર્મની યોગ્યતા તેમાં પરમેશ્વરને શરણે જવાની પદ્ધતિ પરથી કિંવા તેની આરાધના કરવાના કર્મકાંડ પરથી, પુણ્ય-પાપની સૂક્ષ્મ ચિકિત્સા પરથી અગર મરણોત્તર મળનારી ગતિ પરથી અથવા લોકસંખ્યા પરથી ઠરાવવાની નથી; પરંતુ તેમાં સદ્‌ગુણોનું, સંયમનું અને માનવતાનું કેટલું મહત્ત્વ છે એ પરથી ઠરાવવાની છે. માણસે જીવનભર પ્રયત્ન કરીને અને સહન કરીને પોતાનું 'આત્મત્વ' વિકસિત કરવાનું છે, અને એ જ મનુષ્યજન્મની પરમ સિદ્ધિ છે. પ્રાપ્ત કરેલા શરીરમાં જ બધે 'આત્મત્વ' માનીને તેનું દરેક રીતે રક્ષણ કરવાનો સ્વભાવ પ્રાણીમાત્રમાં છે; પરંતુ બધે આત્મભાવ અને સમભાવ જોવો અને અનુભવવો તથા તે પ્રમાણે વર્તન કરવું એ કોઈ પણ કાળે માણસને જ સિદ્ધ થાય એવું છે. જે આચરણથી આ સિદ્ધિ મેળવી શકાય તેને જ માનવધર્મ કહી શકાય. માનવધર્મનો આધાર સમતા પર છે. જેટલા પ્રમાણમાં આ ધર્મનું આપણે આચરણ કરી શકીએ તેટલા પ્રમાણમાં આપણામાં માનવતા પ્રકટ થશે અને તેટલા પ્રમાણમાં જ આપણો આત્મભાવ વ્યાપક થશે. ધર્મબુદ્ધિથી માનવજાત અને આપણા સહવાસના પ્રાણીવર્ગ સુધી આપણે આપણું 'આત્મત્વ' વિશાળ કરવું જોઈએ. તે આત્મત્વ વિશાળ કરવા માટે અને સમભાવ કેળવવા માટે આપણે સદ્‌ગુણોનું અનુશીલન કરવું જોઈએ. સદ્‌ગુણો સિવાય સમભાવ આવશે નહીં અને તે ટકી શકશે નહીં. દયા, મૈત્રી, બંધુતા, વાત્સલ્ય, સત્ય, પ્રામાણિકતા, ઉદારતા, ક્ષમા, પરોપકાર, વગેરે સદ્‌ગુણોથી સમભાવ ઉત્પન્ન થાય છે અને વધી પણ શકે છે. સદ્‌ગુણ સદ્‌ગુણોના આશરે વધી શકે છે અને ટકી શકે છે, તેથી માણસે અનેક સદ્‌ગુણોનો આશ્રય લેવો જોઈએ. બધા સદ્‌ગુણોની ઉપાસના સિવાય મનુષ્યતા આવી શકતી નથી. દયા, મૈત્રી આદિ ગુણો સંયમ, ત્યાગ, વૈરાગ્ય, નિર્ભયતા, નિઃસ્પૃહતા વગેરે સદ્‌ગુણો સિવાય રહી શકશે નહીં. પ્રેમભાવ હોવા સિવાય સદ્‌ગુણોમાં માધુર્ય આવશે નહીં. માટે બધા સદ્‌ગુણોને આપણે આપણાં હૃદયમાં આશ્રય આપીને તે વધારવા જોઈએ.



વિવેક અને ચિત્તશુદ્ધિના પ્રયત્નમાંથી માનવતાનો પ્રારંભ થાય છે, અને સદ્‌ગુણોની પરિસીમામાં તેનો અંત છે. ચિત્તશુદ્ધિ માટે સંયમની જરૂર છે, અને સદ્‌ગુણોની પરિસીમા માટે પુરુષાર્થની જરૂર છે. માનવી સદ્‌ગુણોમાં કયા ગુણની ક્યારે, ક્યાં અને કેટલી જરૂર છે તેનો નિર્ણય કરનાર વિવેકની આવશ્યકતા પ્રારંભથી માંડીને છેવટ પર્યંત હંમેશાં જ છે.

વિવેક, સંયમ, ચિત્તશુદ્ધિ અને પુરુષાર્થ એ મુખ્ય સાધનોથી આપણું અને સમાજનું કલ્યાણ સિદ્ધ કરીને માનવ્યની પરમ સિદ્ધિ પ્રાપ્ત કરવી એ જ માનવી જીવનનું ધ્યેય છે.

ફેબ્રુઆરી, ૧૯૪૮

## ગાંધીજીનાં પુસ્તકો

| | |
|---|---|
| આત્મકથા | ૨-૦-૦ |
| એક સત્યવીરની કથા | ૦-૨-૦ |
| ગામડાંની વહારે | ૦-૨-૦ |
| ગાંધી-વાઇસરૉય પત્રવ્યવહાર | ૨-૮-૦ |
| ગીતાબોધ | ૦-૩-૦ |
| गीतापदार्थकोष | ૦-૪-૦ |
| ત્યાગમૂર્તિ | ૧-૦-૦ |
| દિલ્હી ડાયરી | ૩-૦-૦ |
| દેશી રાજ્યોનો પ્રશ્ન | ૧-૮-૦ |
| ધર્મમંથન | ૧-૮-૦ |
| 'નીતિનાશને માર્ગે' | ૦-૬-૦ |
| મંગળપ્રભાત | ૦-૩-૦ |
| રચનાત્મક કાર્યક્રમ—તેનું રહસ્ય અને સ્થાન | ૦-૬-૦ |
| રાષ્ટ્રભાષા વિષે વિચાર | ૦-૧૨-૦ |
| વર્ણવ્યવસ્થા | ૦-૧૨-૦ |
| વ્યાપક ધર્મભાવના | ૨-૦-૦ |
| સર્વોદય | ૦-૩-૦ |
| સો ટકા સ્વદેશી | ૧-૪-૦ |
| હિંદ સ્વરાજ | ૦-૬-૦ |
| હિંદ સ્વરાજ (હસ્તાક્ષરમાં) સાદું પૂઠું | ૧-૪-૦ |
| ખાદી પૂઠું | ૧-૧૨-૦ |

અનાસક્તિયોગ
અહિંસા
આશ્રમવાસી પ્રત્યે
કેળવણીનો કોયડો
ખરી કેળવણી
ગોસેવા
દ. આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ ૧-૨
યરવડાના અનુભવ

## કેટલાંક ઉપયોગી પુસ્તકો

| | |
|---|---|
| સમૂળી ક્રાન્તિ | ૧-૮-૦ |
| ઊધઈનું જીવન | ૧-૦-૦ |
| કેળવણીના પાયા | ૧-૮-૦ |
| ગાંધીવિચારદોહન | ૦-૧૪-૦ |
| ગીતામંથન | ૨-૮-૦ |
| જીવનશોધન | ૧-૧૦-૦ |
| સહજાનંદ સ્વામી | ૦-૧૦-૦ |
| પ્રેમપન્થ - ૨ | ૦-૪-૦ |
| યંત્રો સામે બળવો | ૦-૧૦-૦ |
| મંદિરપ્રવેશ અને શાસ્ત્રો | ૩-૦-૦ |
| માનવી ખંડિયેરો | ૨-૮-૦ |
| જગતનો આવતી કાલનો પુરુષ | ૧-૪-૦ |
| કલ્કી અથવા સંસ્કૃતિનું ભાવિ | ૦-૧૪-૦ |
| અપંગની પ્રતિભા | ૧-૮-૦ |
| ઇન્દુને પત્રો | ૧-૦-૦ |
| જગતના ઇતિહાસનું રેખાદર્શન ખંડ-૧ | ૫-૦-૦ |
| ,, ,, ,, ખંડ-૨ | ૬-૦-૦ |
| જીવનનાં ઝરણાં | ૨-૮-૦ |

## શિક્ષણ અને સાહિત્ય

શિક્ષણ તથા સાહિત્ય અને રાષ્ટ્રની સમગ્ર પુનર્ઘટનાના પ્રશ્નોનો વ્યાપક દૃષ્ટિએ વિચાર અને ચર્ચા કરનારું માસિક પત્ર.

વાર્ષિક લવાજમ રૂ. ૪-૦-૦

જાન્યુઆરી કે જુલાઈથી ગ્રાહક શરૂ કરવામાં આવે છે. એટલે વર્ષ વચ્ચે ગમે ત્યારે ગ્રાહક થનારને તે તે મહિનાથી ચડેલા અંકો એકસાથે મોકલીને શરૂઆત કરવામાં આવે છે.

This book may be kept a fortnight

B
29
·M2 S2
મશરૂવાળા, કિ. ઘ.
સંસાર અને ધર્મ

| Signature | Issue Date |
| --- | --- |
| | |

B
29
·M2 S2

BK-3066